

મૂળ માધવપુર-ઘેડના મંદિરની મુખચોકીના વિતાનમાંનું એક સુંદર શિલ્પ **નાગદમન**
પશ્ચિમ સૌરાષ્ટ્રનાં આ વિષયનાં વિવિધ શિલ્પના પરિચય માટે જુઓ આ અંકની 'કલાવાર્તા'
(ફોટો : કેશવભાઈ રોડિયા, પુરાતત્ત્વ સંશોધન મંડળ પોરબંદર)


આવતી કાલનાં નાગરિકોનું માસિક

વર્ષ ૫૭મું · અંક ૨જો · માહે ફેબ્રુઆરી · ઈ. સ. ૧૯૮૦ · સળંગ અંક ૬૭૪મો

કુમાર

તંત્રી · બચુભાઈ રાવત

સંસ્થાપક
સ્વ. રવિશંકર
રાવળ



રતનબાઈની મસ્જિદ - જામનગર　　　　કલાકાર: મગનલાલ ત્રિવેદી

સ્થાન પર કરેલાં આવાં આંખેદેખ્યાં ત્વરિત આલેખનોમાં સ્થાનની વિગતોની સચ્ચાઈ સાથે વાતાવરણની સજીવતા ઉતારવાની શક્તિ દાખવતાં, કલાકાર શ્રી મગનલાલ ત્રિવેદીનાં જલરંગી ચિત્રોથી 'કુમાર'ના વાચકો પરિચિત છે. વર્ષો પહેલાં કલાકારે જોએલા આ સ્થાનનું સૌંદર્યસ્વરૂપ આજે તો તેની આસપાસ મંડાઈ ગએલી હાટડીઓ અને ફેરિયાઓની ભીડમાં તદ્દન બદલાઈ ગયું છે. એ રીતે આ આલેખનનું મૂલ્ય પણ ખરું. પરંતુ આ બધાંમાં મહત્ત્વનું તો છે સ્થળનું સૌંદર્ય, તેને પારખવાની કલાકારની દૃષ્ટિ અને તેને ફલક પર ઉતારવાની કલાશક્તિ. અહીં એ ત્રણેની પ્રતીતિ મળે છે.

કુમાર

ફેબ્રુઆરી ૧૯૮૦ • અંક ૬૭૪

તંત્રી: બચુભાઈ રાવત • ઉપતંત્રી: બિહારીલાલ ટાંક

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો

'કુમાર' સામાન્યતઃ દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે. તે પછી અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી પહોંચી વળવાનો પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા અંકો ભરપાઈ કરી આપવાનું બંધન અમારે માથે રહેતું નથી.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક: બચુભાઈ પોપટભાઈ રાવત • મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિમિ. ૧૪૫૪ રાયપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧, ફોન નં. ૩૬૩૭૪૫ • વાર્ષિક લવાજમ: રૂ. ૨૪-૦૦; પરદેશ: રૂ. ૪૮ અથવા પાઉન્ડ ૩ અથવા ડૉ. ૬-૦૦; છૂટક નકલ: રૂ. ૨-૫૦

વાચકો લખે છે...

शतं जीव शरदः

એક વિશ્વવિખ્યાત સેવાસંઘના ભીષ્મ પિતામહ સમા વડીલના જન્મદિને, સંસ્થાના મુખપત્રમાં છાપેલી એમની છબિનું મથાળું : शतं जीवेम शरदः (ધ્યાન દોરવા છતાં બીજે વરસે પણ આની આવૃત્તિ થએલી.)

નિઃશંક આના લેખક એકાદ 'વિપ્ર' હશે योऽधीत्य वेदं न विजानात्यर्थम्. કહેવું હતું शतं जीव शरदः ('આપ' સો વરસના થાઓ) પણ કહી નાખ્યું शतं जीवेम शरदः ('અમે' સો વરસના થઈએ.)

આ जीवेम કથન બ્રાહ્મણોના સન્ધ્યોપાસન કર્મના પ્રધાન અંગ સૂર્યોપસ્થાનના એક મંત્રનો અંશમાત્ર છે :

'तच्चक्षुर्देवहितं पुरस्ताच्छुक्रमुच्चरत्।
पश्येम शरदः शतम्
जीवेम शरदः शतम्
शृणुयाम शरदः शतम्
प्रब्रवाम शरदः शतम्
अदीनाः स्याम शरदः शतम्
भूयश्च शरदः शतात्॥'

—શુ. યજુ. ૩૬. ૨૪

ઉપાસક પ્રાર્થના કરે છે: 'દેવોએ પૂર્વ દિશામાં સ્થાપેલું એ શુક્લ (પાપોથી અસ્પૃષ્ટ, शोचिषम् ઉજ્જ્વલ) (જગતનું નેત્ર બનેલું આદિત્યરૂપી) ચક્ષુ ઊગે છે. (એના પ્રસાદથી અમે) 'સો શરદ પર્યંત અવ્યાહત ચક્ષુ-ઇન્દ્રિયવાળા થઈએ, સો શરદ પર્યંત અ-પરાધીન જીવનવાળા થઈએ, સો શરદ પર્યંત સ્પષ્ટ શ્રોત્ર-ઇન્દ્રિયવાળા થઈએ, સો શરદ પર્યંત અસ્ખલિત વાક્-ઇન્દ્રિયવાળા થઈએ, સો શરદ પર્યંત કોઈની પણ સમક્ષ દૈન્ય ન દાખવીએ –(આ સર્વ) સો શરદોથી પણ અધિક, બહુકાલ પર્યંત (થાઓ)'

અહીં 'શરદ' પદ એના રૂઢ અર્થ-'સંવત્સર'-માં નહિ પણ યૌગિક અર્થ-'શરદ ઋતુ'-માં વપરાયું છે. વર્ષાના અંતે શરદ અનેક રોગોથી ભરેલો હોવાથી એમાં જીવવું કઠિન છે. એમાંથી ઊગરી જવાય તો વર્ષનો અવશેષ સુખમાં જીવાય એ હેતુને અનુલક્ષીને કહ્યું છે: 'સો શરદ ઋતુઓ જીવો' (યથા 'સો દીવાળીઓ જોઈ છે') અર્થાત્ દીર્ઘાયુ થાઓ. વેદપુરુષ તો એથીય આગળ વધીને કહે છે : 'शतं जीव शरदो वर्धमानः' સો વરસના થાઓ-અશ્મીભૂત અવશેષો પેઠે કેવળ જડ રૂપે (બગીચાના બાંકડા શોભાવવા) નહિ પણ-નિરન્તર વિકાસ પામતા રહીને. એવી જ આશા અન્ય ઋતુઓ વિષે પણ રખાઈ છે : 'शतं हेमन्ताञ्छतमु वसन्तान्' (ઋગ્ ૧૦. ૧૦. ૪)

સામાન્ય રીતે જ–ક્વચિત્ હેમન્ત શિશિરનો એકમાં સમાવેશ કરીને પાંચ–ઋતુઓનું વર્ષ ગણાય છે. એમાંના બે બે ઋતુઓ સમાન સ્વભાવવાળા હોવાથી સંવત્સર 'त्र्यृतुः' ત્રણ ઋતુઓ-ગ્રીષ્મ, વર્ષા, હેમન્ત-વાળો પણ ગણાયો છે.

આ ઋતુઓનાં નામ એમના વિશિષ્ટ સ્વભાવને અનુલક્ષીને પાડવામાં આવ્યાં છે : ગ્રીષ્મ : જેમાં સર્વ રસો સૂર્યદ્વારા ચૂસાય છે; વર્ષા : જેમાં મેઘ વરસે છે; હેમન્ત : જેમાં ભારે હિમપ્રપાત થાય છે, એનાથી યવાદિ પોષાય છે; શરદ : જેમાં ઓષધિઓ પાકે છે અને ખાબોચિયાંનાં પાણી શોષાય છે; શિશિર : જેમાં અપ્રતિબદ્ધ દાવાગ્નિ શુષ્ક વનસ્પતિઓને દહે છે. એનાં ગુણગાન પણ થયાં છે :

'निष्ट्वक्रासश्चिन्नरो भूरितोका वृकादिव।
बिभ्यस्यन्तो ववाशिरे शिशिरं जीवनाय कम्'॥

(વસ્ત્રહીન અને બહુ સન્તાનવાળો કોઈક પુરુષ વરૂ પેઠે હિમથી વારંવાર બીનારો (હેમન્તમાં) પોકારે છે : અમારાં જીવન અર્થે શિશિર હવે આવશે.) અર્થાત્ અલ્પતર શીતવાળો હોવાથી એ ઋતુમાં અમે સુખથી જીવીશું.

(અમદાવાદ) —હરિનારાયણ આચાર્ય

ક્રૌંચ

એકદા સ્નાનાદિ કર્મ અર્થે તમસા નદીએ જવા નીકળેલા વાલ્મીકિ ઋષિએ માર્ગમાં આવતા વિપુલ વનમાં મધુર સ્વરે ગાતા રતિક્રીડામાં મગ્ન ક્રૌંચ દમ્પતીમાંના નરપક્ષીનો [રાજશેખર (કા. મી. પૃ. ૭)ના મતે કણાતું પક્ષી ક્રૌંચી અને ક્રન્દન કરતું પક્ષી ક્રૌંચ યુવાન] વ્યાધના હાથે વધ થતો જોયો ને એમના હૃદયમાં દારુણ વેદના પ્રકટી ઊઠી, જે 'શોક શ્લોક રૂપે નીકળી આવ્યો' (शोकः श्लोकत्वमागतः):

मा निषाद प्रतिष्ठां त्वमगमः शाश्वतीः समाः।
यत्क्रौञ्चमिथुनादेक मवधीः काममोहितम्॥

—વા. રામા. બાલ. ૨-૧૫

રામાયણની રચનાનું આ બીજ.

પરંપરાથી આ કથા ચાલતી આવી છે. પરંતુ એના નાયક 'ક્રૌંચ'નો નિશ્ચયાત્મક પરિચય કરી શકાતો નથી.

લોકમાન્યતા અનુસાર ક્રૌંચ એટલે સારસ-જેનું આજીવન એકપત્નીવ્રત, પરસ્પરનું ગાઢ સ્નેહબંધન અને નરના અવસાને નારી પક્ષીનો અનશન દ્વારા દેહત્યાગ ('કદી સારસ જોડ જુદી કરતાં રવડી મળશે તનને ઘસતાં') પ્રસિદ્ધ છે. શહેનશાહ જહાંગીરના જીવન વૃત્તાંતમાં આવા બે વિશ્વસનીય પ્રસંગો–એક અમદાવાદના પરિસરે દહેગામમાં ને અન્ય પંચમહાલના દાહોદમાં નો ઉલ્લેખ છે. વળી સારસની વૈજ્ઞાનિક સંજ્ઞા Antigone (ગ્રીક) = Ideal Womanhood 'આદર્શ નારીત્વ' પણ આની સાક્ષી પૂરે છે.

પરંતુ સારસ એ જ 'ક્રૌંચ' એવું માનવામાં મોટી બાધા ઊભી કરે છે સંસ્કૃત સાહિત્ય ને કોષો, જેમાં સારસ અને ક્રૌંચને ભિન્નભિન્ન જાતિનાં પક્ષી ગણાવ્યાં છે :

અ) કાવ્યમીમાંસા :

(૧) (सा शरद्) कादम्बकारण्डवचक्रवाकससारसक्रौञ्चकुलानुयाता !

(૨) (कवेः भवनं) ससारसचक्रवाकहंससचकोरक्रौञ्चकुररशुकसारिकम्।

આ) અમરકોષ :

क्रुङ् क्रौञ्चः। पुष्कराह्वश्च सारसः॥ ૫-૨૨

સુશ્રુતના ટીકાકાર ડલ્હણ અને યાદવ, શબ્દાર્થચિન્તામણિ તથા વાનસ્પત્યમ્ જેવા કોષકારોના મતે 'ક્રૌંચ' એટલે 'બક'-એક જાતનું બગલું : ગૌડ ભાષામાં પ્રસિદ્ધ 'કાંચબક'. (જો કે અમરકોષ તો બગલું અને ક્રૌંચ ભિન્ન જાતિનાં ગણાવે છે). સુખ્યાત પક્ષિતત્ત્વવિદ્ ડૉ. સત્યચરણ લાહા એમના બંગાળી ગ્રન્થ 'કાલિદાસેર પાખી'માં આ મતનું સમર્થન કરે છે અને બંગાળના પરિચિત 'કાંચબક'ને Paddy Bird કે Pond Heron રૂપે ઓળખાવે છે. (રઘુવીરના મતે ક્રૌંચ એટલે Crane - સારસના વર્ગનું પક્ષી). બૌદ્ધ સાહિત્ય પણ આની સાક્ષી

પૂરે છે : ધમ્મપદ ૧૫૫

अचरित्वा ब्रह्मचरियं अलद्धा योब्बने धनं।
जिण्णकोञ्चा व झायन्ति खीणमच्छेवपल्लले॥

અહીં રાધાકૃષ્ણને કૉંચા (ક્રૌંચ)નો અર્થ Crane–સારસના વર્ગનું પક્ષી કર્યો છે, જ્યારે રૂહીસ ડેવિસના પાલિ-અંગ્રેજી કોશમાં એનો અર્થ Heron–'બક' આપ્યો છે. (જો કે સુત્ત પિટકના ખુદ્દનિકાયના વિમાનવત્થુમાં ક્રૌંચને સારસ ગણાવ્યું છે.)

અમરકોષના ટીકાકાર ભાનુજી દીક્ષિતે ક્રૌંચનું દેશી નામ 'કરાંગુળ' આપ્યું છે પણ એ કયી ભારતીય ભાષાનો શબ્દ છે, એ જાણી શકાયું નથી.

તદ્વિદોનો આવો અભિપ્રાય હોવા છતાં 'બગલું' એ જ 'ક્રૌંચ' એવું માનવાનું મન થતું નથી. ચારુનિસ્વન–કામમોહિત વિશેષણો બક-દંપતીના સંબંધમાં કેટલાં અનુરૂપ છે, એ વિચારણીય છે.

ક્રૌંચ પક્ષીના પરિચયનું અન્ય એક શક્ય સાધન છે જૈન શિલ્પ. ચોવીસ તીર્થંકરોમાંના પ્રત્યેકનો પરિચય આપનારું વિશિષ્ટ ચિહ્ન–લાંછન મૂર્તિના પાદપીઠ ઉપર કોતરવામાં આવે છે. પાંચમા તીર્થંકર શ્રી સુમતિજીનું લાંછન 'ક્રૌંચ' છે. આવું કોઈ ચિહ્ન મને જોવા મળ્યું નથી. જો કે આવાં ચિહ્નોના સહાયથી 'ક્રૌંચ' પક્ષીની અસંદિગ્ધ પ્રતીતિ થવાનો પૂરો સંભવ નથી છતાં સૂક્ષ્મદર્શી મૂર્તિવિધાયકના હાથે ઉત્કીર્ણ રેખાઓના આધારે 'ક્રૌંચ'ની જાતિની કલ્પના તો સહેજે કરી શકાય.

વડોદરાના પ્રાચ્ય વિદ્યામંદિરે પ્રસિદ્ધ કરેલી વાલ્મીકિ રામાયણની critical (સંશોધિત) આવૃત્તિમાં 'ક્રૌંચવધ'નું રંગીન ચિત્ર આપ્યું છે. એમાં 'ક્રૌંચ'ને 'કુંજ' પક્ષી રૂપે ચીતર્યું છે. એમાં નથી વર્ણોની યથાર્થ પ્રતીતિ કે નથી દેહરેખાઓમાં સંવાદિતતા. લાગે છે કે ચિત્રકારને 'કુંજ' પક્ષીનો પ્રત્યક્ષ પરિચય નહિ હોય. વળી આ ચિત્રનું એક વિસંવાદી તત્ત્વ છે : પક્ષીના માથા ઉપરનું 'લાલ' રંગનું તાલકું. રામાયણના જે શ્લોક

वियुक्ता पतिना तेन ताम्रशीर्षेण मत्तेन पत्रिणा

માં ક્રૌંચનો શિરોભાગ રક્ત વર્ણનો હોવાનો ઉલ્લેખ છે, એ શ્લોકને તો વડોદરા આવૃત્તિમાં પ્રક્ષિપ્ત ગણ્યો છે, છતાં ચિત્રકારે એનો આશ્રય લીધો છે! ચિત્રનો સ્વીકાર કરનાર વિદ્વાન સંપાદકોના લક્ષમાં આ વિસંવાદ કેમ નહિ આવ્યો હોય? (વસ્તુતયા કુંજના દેહમાં લાલ વર્ણની છાંટ પણ નથી હોતી.) સાચું પૂછો તો આવી વિદ્વદ્ભોગ્ય આવૃત્તિમાં આવાં રેઢિયાળ ચિત્રોનું સ્થાન જ ન હોય. લોકભોગ્ય ભાષાન્તર ગ્રન્થોમાં એ શોભે.

ચિત્રની ઊણપો પ્રત્યે દુર્લક્ષ કરીએ તો પણ 'ક્રૌંચ' એટલે 'કુંજ' માન્યતા નિરાધાર છે. 'કુંજ' ભારતવર્ષનું સ્થાયી અધિવાસી નથી, પણ યાયાવર પક્ષી છે. શીતકાલે એનાં ટોળાં યુરોપમાંથી ઊતરી આવી ભારતવર્ષના વિશિષ્ટ પ્રદેશોમાં ફેલાઈ જાય છે. આપણે ત્યાં પ્રધાનતયા સૌરાષ્ટ્રમાં એ દૃષ્ટિગોચર થાય છે. ભારતવર્ષ એની પ્રજનનભૂમિ નથી એટલે આપણા દેશમાં એનું સંવનન, તત્કાલીન એની સંમોહિત દશા ને કલાલાપ આદિ દેખાવાનું સંભવિત નથી.

(અમદાવાદ) —હરિનારાયણ આચાર્ય

'સ્વાન' એટલે

કુમાર ૬૬૩. ૬૧. કિશોર ગોહિલ - 'હંસ (Geese)' સાચું, કિન્તુ 'રાજહંસ (Swans)' નહિ. એ આ રીતે :

'સ્વૉન' એવા સાધારણ નામે ઓળખાતાં જલચારિ પક્ષીઓની નવ જાતો પૃથ્વી પર આજે વિદ્યમાન છે. એક દક્ષિણ અમેરિકામાં, ત્રણ ઉત્તર અમેરિકાની ધારે ધ્રુવપ્રદેશમાં, ત્રણ રશિયાની ઉત્તરે ધ્રુવપ્રદેશમાં–એક ઇંગ્લૅન્ડ અને યુરોપમાં અને એક ઑસ્ટ્રેલિયામાં. એમાંની એક પણ જાત, ઓછીવત્તી સંખ્યામાં પણ, ભારતવર્ષની નથી સ્થાયી અધિવાસી કે ઋતુભેદે નથી યાયાવર. છેલ્લાં દોઢસો વર્ષના ગાળામાં કોઈ કોઈ વરસે અત્યંત કઠોર શીતકાલે 'સ્વૉન' જાતોનાં જે અતિ વિરલ પક્ષીઓ ભારતવર્ષના ભિન્નભિન્ન પ્રદેશમાં, સ્વૈરવિહારી રૂપે નહિ પણ પથભ્રષ્ટ દશામાં આવી ચડી દૃષ્ટિગોચર થયાં છે તે આટલાં જ : The Bewick's Swan, The Jankowski's Swan: સિન્ધુ, બલુચિસ્તાન, ઉત્તર પ્રદેશ, સરહદ પ્રાંત ને દિલ્હી–એમાંથી ચાર, બધાં ડિસેમ્બરમાં. પાંચમું કચ્છમાંથી, ફેબ્રુઆરીમાં; એમનું સ્થાયી નિવાસસ્થાન અને પ્રજનનક્ષેત્ર ઉત્તર ધ્રુવપ્રદેશ : રશિયાની ધારે.

The Whooper Swan : નેપાળ, કાશ્મીર, પંજાબ, સિન્ધ, ઉ. સરહદ પ્રાન્ત અને રાજસ્થાનની મોટી નદીઓ અને સરાણોમાં. બધાં થઈને એક ડઝનથી યે ઓછાં; રશિયાના ઉત્તર પ્રદેશનું અધિવાસી.

The Mute Swan : પશ્ચિમ પાકિસ્તાન, ઉ. બલુચિસ્તાન, સિન્ધ, ઉપસરહદપ્રાન્ત, પંજાબમાંથી એક ડઝન જેટલાં છૂટાંછવાયાં: મોટા ભાગનાં સિન્ધુ અને પંજાબની નદીઓમાંથી તેમ જ સિન્ધનાં સરોવરોમાંથી. દક્ષિણ ભારતમાં એકમાત્ર પૂણેના પરિસરે દૃષ્ટિગોચર થએલું; ઇંગ્લૅન્ડ ને યુરોપના વિશિષ્ટ પ્રદેશોનું સ્થાયી અધિવાસી: એ જ એની પ્રજનન ભૂમિ.

આ પરિસ્થિતિમાં 'સ્વૉન'ને ભારતીય પક્ષી માનીને 'રાજહંસ' નામ આપવું એ નિરાધાર અને ભ્રાન્તિમૂલક છે. એટલે સામાન્ય વ્યવહાર અર્થે એના અંગ્રેજી નામ–Swan સ્વૉન–થી સંબોધવામાં આવે તેમાં કંઈ જ અજુગતું નથી. જેમ ઝિબ્રા, જિરાફ, હિપોપોટેમસ આદિ નામો વપરાય છે એ રીતે. પ્રાણિસંગ્રહોદ્યાનોમાં એકાન્ત શુભ્રવર્ણની દેહલતાવાળું Mute Swan અને ચકચકિત કૃષ્ણવર્ણથી વિભૂષિત Black Swan જાતોથી અતિરિક્ત અન્ય કોઈ પણ જાતનું સ્વૉન પક્ષી ભારતવર્ષમાં કદિ પણ દૃષ્ટિપથે ચડતું નથી. છતાં જો 'સ્વૉન' પક્ષીને ભારતીય નામથી અલંકૃત કરવાનો આગ્રહ હોય તો હંસ જાતિનાં પક્ષીઓ સાથેના એના વૈજ્ઞાનિક સંબંધને અનુલક્ષીને એને 'મહાહંસ' કે 'બૃહદ્ હંસ' કહી શકાય. અન્યથા સ્વૉનને 'રાજહંસ' નામે ઓળખાવવું નિરર્થક છે. કારણ 'રાજહંસ' પારિભાષિક સંજ્ઞા છે અને પરાપૂર્વથી એ 'હંસ' (geese)ની એક વિશિષ્ટ જાતિને આપવામાં આવી છે. એનું અંગ્રેજી નામ The Bar-headed Goose એના માથા પાછળની બે આડી કાળી રેખાઓના લીધે. એના દેહની વિશિષ્ટ વર્ણવ્યવસ્થા : પગ અને ચાંચ લાલ ને દેહ સિત–એકાન્ત શ્વેત કે શુભ્ર નહિ પણ કૃષ્ણ કે પીત વર્ણની આભાવાળો શ્વેત ભસ્માંગરાગ

राजहंसास्तु ते चञ्चुचरणै र्लोहितैः सिताः।

સ્વૉનની અશેષ જાતોના પગ કાળા હોય છે. અપરંચ, રાજહંસનું સ્થાયી નિવાસસ્થાન અને પ્રજનનક્ષેત્ર તિબેટમાં માનસ સરોવરની તટવર્તી ભૂમિ છે. (માનસ રાજહંસી, માનસૌકાઃ) ભારતવર્ષમાં યાયાવર રૂપે એ શરદ્દનાં આવે છે અને વર્ષાઋતુના આરંભે હિમાલયમાં પાછું ફરે છે :

संपत्स्यन्ते नभसि भवतो राजहंसा सहायाः।

—મેઘદૂત.

उद्वेजिता जलधरैरिव राजहंसी। पादताडितकम्

એક પ્રસંગે દેહરાદૂનમાં સૂર્યની પ્રકાશછબીમાં ૧૭ રાજહંસ ઊડતા જોવામાં આવ્યા હતા જેની ઊંચાઈ ૨૫૦૦૦ થી ૫૬૦૦૦ ફૂટના ગાળામાં આંકવામાં આવી હતી.

હંસની અન્ય એક જાત–The Greylag Goose–પણ તિબેટવાસી અને ભારતવર્ષમાં યાયાવર છે. સંસ્કૃત સાહિત્યમાં એ कादम्ब નામે ઓળખાય છે :

क्वचित्खगानां प्रियमानसानां कादम्बसंसर्गवतीव पङ्क्तिः।

—રઘુવંશ

આ જ જાતના હંસોને તિબેટમાં મધ્યરાત્રીએ આકાશમાંથી ઊડતા સાંભળ્યાનું મનોરમ વર્ણન સ્વેન હેડિને કર્યું છે (Trans Himalaya, II–118). સ્વૉનની કોઈ પણ જાતિનું રડ્યું-ખડ્યું પક્ષી–મૃત કે જીવિત દશામાં–હિમાલયના

આ પ્રદેશોમાં અદ્યાવધિ દૃષ્ટિગોચર થયું નથી.

વસ્તુસ્થિતિ આવી છે છતાં આપણા એક સુવિખ્યાત સૂક્ષ્મદર્શી વાયોલિવિધિક સ્વૉનને 'રાજહંસ' નામે ઓળખાવવાનો આગ્રહ સેવે છે અને એના સમર્થનમાં હવામાનનિષ્ણાતોનો મત ટાંકે છે કે પૂર્વે એક કાળે ભારતવર્ષનું હવામાન, આજના હવામાનથી ભિન્ન પરંતુ, સ્વૉન પક્ષીના જીવનને સર્વથા અનુકૂળ હતું એટલે એ કાળે સ્વૉન પક્ષી (કયી જાતિનું? કે નવે જાતિનાં?) ભારતવર્ષનાં અધિવાસી હતાં ને પાછલા કાળમાં પ્રતિકૂળ હવામાન આવવાથી એ વિલુપ્ત થયાં. કલ્પના આકર્ષક છે, પરંતુ ભારતવર્ષમાં સ્વૉનના અસ્તિત્વને સિદ્ધ કરવા પૂરતી સબળ નથી. કેવળ કલ્પી લીધેલા સંયોગોમાં વિશિષ્ટ પ્રાણીઓની હસ્તીની કલ્પના વધુપડતા આશાવાદની નિદર્શક છે. કયા કાળે આ બન્યું એનાં નિશ્ચિત પ્રમાણ ન મળે ત્યાં સુધી આનો આધાર ન લઈ શકાય. ભારતવર્ષનું પ્રાચીનતમ સાહિત્ય વેદત્રયી, એમાં અને એનાં ઉપાંગો બ્રાહ્મણો અને ઉપનિષદોમાં 'હંસ' શબ્દ આવે છે, પરંતુ 'સ્વૉન' જાતિ સૂચક કોઈ પણ ઉલ્લેખ નથી. આ દેશના પ્રાચીનતમ શિલ્પસ્થાપત્યના અવશેષો અને એ પછીના કાળનાં શિલ્પ અને ચિત્રસામગ્રીમાં 'હંસ'નાં આલેખન છે પણ 'સ્વૉન'ની દેહયષ્ટિને મળતી કોઈ પણ આકૃતિ જોવામાં આવતી નથી.

(અમદાવાદ) —હરિનારાયણ આચાર્ય

સૂર્યમૂર્તિમાં તલવાર

'કુમાર' સપ્ટે. '૭૯માં શ્રી કંચનપ્રસાદ કે. છાયાએ 'ઉત્તર ગુજરાતમાં સૂર્યની મૂર્તિમાં બૂટ ઉપરાંત બીજી એક વિશિષ્ટતા છે, જે તરફ કોઈનું લક્ષ જવું નથી—સૂર્યની કમ્મર પાછળ તલવાર બાંધી હોય છે.' એવી જે માહિતી આપી તે ગુજરાતમાં નવી છે; જો કે શ્રી કનૈયાલાલ દવેએ વડનગરના ચિત્રેશ્વરી માતાના મંદિરની, ધનુષબાણયુક્ત એક સૂર્યમૂર્તિની નોંધ લીધી છે. ('ગુજરાતનું મૂર્તિવિધાન' પૃ. ૩૯૪) પરંતુ શ્રી કંચનપ્રસાદભાઈ જણાવે છે તેવી રીતે તલવારનો ઉલ્લેખ ગુજરાતીમાં કોઇએ કર્યો નથી.

આમ જુઓ તો ગુજરાતીમાં મૂર્તિકલા વિષયક, શ્રી દવેના ઉપર્યુક્ત ગ્રંથને બાદ કરતાં. અન્ય એક પણ કાર્ય થયું નથી. હમણાં હમણાં યુનિવર્સિટી ગ્રંથ-નિર્માણબોર્ડ તરફથી આવાં પ્રકાશનો થયાં છે, પરંતુ એ અંગ્રેજી ગ્રંથોના સીધા અનુવાદો વિશેષ છે, તેમજ તેમાં 'ગુજરાતની મૂર્તિકલા' પ્રધાન નથી. વળી દુ:ખદ પરિસ્થિતિ તો એ છે કે આ અનુવાદને અનુવાદ નહિ કહેતાં અનુવાદકોએ 'લેખક' તરીકે પોતાનાં નામો ચડાવી દીધાં છે અને તે પણ છેલ્લાં વીસ-પચીસ વર્ષોમાં થએલાં આવાં કાર્યોને બાજુપર રાખીને! આથી સૂર્યપ્રતિમામાં તલવાર ચર્ચાઈ નથી.

ભારતીય કલાનાં આવાં કાર્યોની સહેજ નોંધ લઇએ તો ૧૯૧૬માં શ્રી ગોપીનાથ રાવે ભારતીય મૂર્તિકલા વિષયક જબ્બર કાર્ય આપ્યું. એ પછી ઘણા પ્રયત્નો થયા. ઘણી યુનિવર્સિટીઓએ પોતાના અભ્યાક્રમમાં મૂર્તિકલાનો એક વિષય તરીકે સ્વીકાર કર્યો ને નવીનવી માહિતીઓ બહાર આવવા લાગી. છેલ્લાં વર્ષોમાં બહાર આવેલી આવી માહિતીઓની સૂચિઓ પણ પ્રસિદ્ધ થઈ, જેમાં ૧૯૭૩માં લખનૌ મ્યૂઝિયમે પ્રકાશિત કરેલી એક સૂચિમાં સૂર્યમૂર્તિમાં જોવા મળતી છરી અને તલવારની ચર્ચા થએલી છે. મથુરા મ્યૂઝિયમમાં આવેલી કુષાણકાળની એક સૂર્યમૂર્તિના હાથમાં છરી છે. ડૉ. એન. પી. જોશી એવું અનુમાન કરે છે કે કુષાણકાળની છરી ગુપ્તકાળમાં તલવાર બને છે અને હાથમાંથી તેનું સ્થાન કમ્મર ઉપર આવે છે. ('પ્રાચીન ભારતીય મૂર્તિવિજ્ઞાન'–પૃ. ૧૫૯)

જેમ આવી મૂર્તિઓના નમૂના પ્રાપ્ત થાય છે તેમ તેના વિધાનની વાઙ્મય–ખોજ પણ ચાલતી હોય છે. ડૉ. જોશીએ જ 'અગ્નિપુરાણ' અને 'બૃહત્સંહિતા'માં આવા ઉલ્લેખ હોવાની નોંધ લીધી છે. જેમ કે 'અગ્નિપુરાણ' ૫૧–૧૦માં 'पद्मखड्गभृत्' એમ પદ્મની સાથે ખડ્ગનો ઉલ્લેખ થએલો છે. અસ્તુ.

શ્રી કંચનપ્રસાદભાઈ તલવારને ઉત્તર ગુજરાતની વિશિષ્ટતા ગણાવે છે તે બરાબર નથી; તેમજ 'ઉત્તર ગુજરાતની સૂર્યમૂર્તિઓ દ્વિભુજ જ હોય છે' તે પણ યોગ્ય નથી. સંભવત: રોડામાંથી પ્રાપ્ત એક ચતુર્ભુજ સૂર્યમૂર્તિની ચર્ચા ડૉ. છાબડાએ ક્યાંક કરી હોવાનું યાદ છે.

અહીં એટલું ધ્યાનમાં રાખવું ઘટે કે બધી જ સૂર્યમૂર્તિઓમાં બૂટ અને તલવાર અનિવાર્ય નથી. એ વિનાની સૂર્યમૂર્તિ પણ હોઈ શકે અને છે; જેમ કે જેઈમ્સ બર્જેસે 'Antiquities of Kathiawad & Kachh' પ્લૅટ LXV-માં આપેલી ત્રણ સૂર્યમૂર્તિઓમાંથી એકેયમાં તલવાર નથી તેમ જ બે મૂર્તિઓમાં બૂટ નથી.

આ પત્ર નિમિત્તે શ્રી કંચનપ્રસાદભાઇએ રજૂ કરેલા 'કચ્છમાં દોલતપર પાસેથી સૂર્યમૂર્તિનું મસ્તક લગભગ બીજી કે ચોથી ઈસ્વી સનનું મળ્યું છે. ...આ મસ્તક ભુજ મ્યૂઝિયમમાં છે' એ વિધાનની ચર્ચા કરીએ તો અસ્થાને નહિ રહે. આપણને પ્રશ્ન થાય કે મસ્તક સિવાયનો બીજો ભાગ પ્રાપ્ત નથી તો એ મસ્તક સૂર્યનું છે એમ શા આધારે નક્કી થયું હશે? મારો ખ્યાલ એવો છે કે એ મસ્તકની ચર્ચા કરનાર પ્રથમ વિદ્વાન ડૉ. ઉમાકાન્ત શાહે પણ એ મસ્તકને સ્પષ્ટત: સૂર્યનું કહેલું નથી. આવું જ ગોપના પ્રાચીન મંદિર વિષે પણ થાય છે. એ મંદિરને સૂર્યમંદિરના વર્ગમાં મૂકવાનો કોઈ સ્પષ્ટ પુરાવો છે ખરો?

અગાઉ નક્કી થએલી માહિતીની ચકાસણીનું કાર્ય, જે નવી ઉપલબ્ધિ જેટલું જ મહત્ત્વનું છે, હવે શરૂ થવું જોઇએ.

(પોરબંદર) —નરોત્તમ પલાણ

સિંહ સંવત

ગુજરાતના ઇતિહાસ વિષયક ગ્રંથો એક પછી એક પ્રસિદ્ધ થઈ રહ્યા છે અને લગભગ દરેક ગ્રંથકાર અગાઉની સમસ્યાને 'સમસ્યા છે' એમ કહીને આગળ વધે છે. આશ્ચર્ય એ છે કે કોઈ લેખક આ સમસ્યાઓની તપાસમાં ઊંડો ઊતરતો નથી! આમ ને આમ સમસ્યાઓ સહિત ગુજરાતનો ઇતિહાસ પુન:પુન: લખાયા કરે એવી સ્થિતિમાં 'સિંહ સંવત' વિષે 'કુમાર'-વાચકોએ જે ચર્ચા આરંભી તે ખૂબ જ આવકાર્ય બની રહેલી છે. આપણે જાણીએ છીએ કે ગુજરાતના ઇતિહાસની અનેક સમસ્યાઓમાંની એક સમસ્યા 'સિંહસંવત' છે.

ભાઈશ્રી રણજિતસિંહ ચાવડાએ 'કુમાર' ઑક્ટો. ૧૯૭૯માં સિંહસંવત વિષે જ્યોતિષી દૃષ્ટિબિંદુ રજૂ કરી વિચારની નવી દિશા ચીંધી છે. આ વિષે વિચાર કરતાં પ્રથમ પ્રશ્ન એ થાય છે કે અન્ય કોઈ પ્રદેશોમાં એની રાશિ ઉપરથી સંવતો ચાલેલા છે ખરા? જેમ કે શ્રી ચાવડા જણાવે છે તેમ દ્વારકાથી સોમનાથ સુધીનો પ્રદેશ સિંહ રાશિ નીચે આવે છે તેથી સિંહ સં. સંવત ચાલ્યો; તો જ્યોતિષ મુજબ કચ્છનો નારાયણ સરોવર વગેરે પ્રદેશ વૃશ્ચિક રાશિ નીચે અને જાફરાબાદ, રાજુલા, મહુવાનો પ્રદેશ મકર રાશિ નીચે મનાય છે તો ત્યાં શું વૃશ્ચિક સંવત કે મકર સંવત ચાલેલા છે ખરા? તપાસ કરતાં જણાય છે કે આવું બન્યું નથી.

વળી બીજો મુદ્દો એ છે કે વિક્રમ, ગુપ્ત, વલભી વગેરે સંવતો રાજસત્તા સાથે સંકળાએલા છે ને 'સિંહ સંવત' શરૂ થયો ત્યારે સૌરાષ્ટ્રના ઘૂમલીમાં સિંહ જેઠવો નામનો રાજા મળે છે એટલે જ્યોતિષી દિશા કરતાં આ સિંહ જેઠવાની દિશામાં વિચારવું વધારે તર્કસંગત જણાય છે. આમ બધી શક્યતાનો વિચાર કરતાં સિંહ રાશિ સાથે સિંહ સંવતનો મેળ યોગ્ય લાગતો નથી.

(પોરબંદર) —નરોત્તમ પલાણ

સંખ્યાઓનું ગુજરાતીકરણ

ઑગસ્ટ અંકમાં 'માધુકરી' વિભાગમાં સંખ્યાઓના અંગ્રેજી શબ્દોનું ગુજરાતી ભાષાંતર–વાળા લેખમાં થોડી ક્ષતિ હોવાનું જણાય છે. જે પાતાંકની રીતે તેમ જ અંગ્રેજી સૂત્રો પ્રમાણે જોતાં સ્પષ્ટ થશે :

(અનુસંધાન પૃષ્ઠ ૭૫)

પ્રતિ ચોમાસે / ઉશનસ્

· શિખરિણી સૉનેટ ·

પ્રતિ ચોમાસાની અશી જ કશી ફહાની, અનુભૂતિ;
અને જ્યાં ચોમાસું ગુજરી ગયું કે લુપ્ત જ સ્મૃતિ!
કશું કૈં જાણે કે બન્યું જ નથી ને, – એવી જ ગતિ;
અને જ્યાં ચોમાસું ફરી પુલકયું કે પાગલ રતિ!

પછીતે વાડામાં પ્રથમ બરખા બાદ જવું, તે
નથી સ્હેલું એવું; ફકત મુજ વાડે જ વળી શેં?
બધે: વાડે વાડે, જનપદ – સીમે – ખેત – વગડે
ઊગે ને આંખોને અખિલ ભરી દે સ્વર્ણફૂલડે!

ન જાણે, શું આવું અઢળક વવાયા વગરનું
અનામી ઊગે આ પ્રકૃતિધન સોનાવરણનું
ઉડાઉ પોશામાં ભરીભરી વિખેરેલું વનમાં
સીમે વાડે વાડે – જરીક દીઠી જ્યાં ભોંય – ક્ષણમાં!
છુપાઈ મારે એ અવ નિરખવી સોનલ પરી
વિખેરે આવું જે સ્વરણધન પોશો ભરી ભરી!

વાત પૂરી થઇ / શોભિત દેસાઈ

· ગઝલ ·

શકચતા પાન ઉપરનું ઝાકળ હતી, વાત પૂરી થઇ,
આંખમાં પણ નદીઓની ખળખળ હતી, વાત પૂરી થઇ.

એક વરસાદી સાંજે હવા લઇ ગઇ તારી ડેલી સુધી
બારણે કોઇ સ્મરણોની સાંકળ હતી, વાત પૂરી થઇ.

કોઈ અવસર હશે એમ તોરણ જડયાં બારસાખો ઉપર,
આગમન એમનું એક અટકળ હતી, વાત પૂરી થઇ.

સૂર્ય થઈને તિમિરનાં રહસ્યો ઉકેલત, પરંતુ અહીં
કાયને ભેદવાની જ ચળવળ હતી, વાત પૂરી થઇ.

સંતોષી જીવ / 'રાઝ' નવસારવી

· મુક્તક ·

આ મુફલિસીમાં કેમ હું સંતોષી જીવ છું?
એક વાત મારે કહેવી છે એના જવાબમાં:
'મારા ચરણને ચૂમે છે દુનિયાના વૈભવો,
એવાં અનેક દશ્યો મેં જોયાં છે ખ્વાબમાં.'

આવવા દઈએ ભાઇ / ધીરુ પરીખ

· ગાન ·

આવે તેને આવવા દઈએ ભાઇ!

આભઊંચી કંઈ પ્હાડની ટોચે ઢળતાં વાદળવૃંદ,
જોતજોતાંમાં શું ય થાતું તે ગળતાં બુંદેબુંદ,
એ...ઈ ઊછળતાં વાછરુંની જેમ ધસતાં છોને આવતી ઊંડી ખાઈ!
આવે તેને આવવા દઈએ ભાઇ!

રસ ધરાનો પાંદડે પ્હોંચી ઝૂલતો ઝાકમઝોળ,
હિમધખેલો વાયરો પીળા રંગની છાંટે છોળ,
પટ દઇને ખરવું, નભે ઝટ લઇને તરવું એવી સાંપડી છે સગાઈ!
આવે તેને આવવા દઈએ ભાઇ!

ઝંખના / મનસુખ વાઘેલા

· ગઝલ ·

રેતને પ્હાડો થવાની ઝંખના,
ફીણને મોજાં થવાની ઝંખના.

કંઠમાં સંગીતના પડઘા પડે,
મૌનને ગીતો થવાની ઝંખના.

તું મળે કે ના મળે એ ગૌણ છે,
શબ્દની સાથે થવાની ઝંખના.

પાનખરની સાવ પ્હેલી પળ અને
પર્ણને જંગલ થવાની ઝંખના.

મોતમાં પણ એકલા 'મનસુખ' નથી!
દર્દને સાથે જવાની ઝંખના.

બે હાઇકુ

રાજેશ ભટ્ટ

●

ગીચ ઝાડીઓ
બીએ પ્રવેશતાં ય
મૃદુ તડકો.

∞

હેલી વરસી
નીતરે છત્રી પણ
માનવી સુક્કાં.

અભય

બહાદુરશાહ પંડિત

નેપોલિયન બોનાપાર્ટે યુરોપ જીતી લીધા પછી રશિયા પર આક્રમણ કર્યું. એના સૈનિકો યુદ્ધથી કંટાળી ગયા હતા ને રશિયાની ઠંડી તો એમને અકળાવી નાખતી હતી. એથી સૈન્યના ચારેક સેનાપતિઓ ખુલ્લી તલવારો સાથે નેપોલિયનના તંબુમાં ગયાં અને એને ધમકી આપી. 'આ યુદ્ધ બંધ રાખો નહિતર અમે તમને જાનથી મારી નાખીશું.'

'દોસ્તો' નેપોલિયને અવાજમાં જરા પણ ધ્રુજારી વિના જવાબ આપ્યો: 'મને મારી નાખવા માટે તો તમારાથી અર્ધા પણ પૂરતા છો, પણ મને ડરાવવા માટે તમે છો એનાથી ત્રણગણા પણ સમર્થ નથી.'

નેપોલિયનની આ નિર્ભયતા એ એનો જન્મજાત ગુણ હતો, એથી એ વૃત્તિને નિર્ભયતા કે નીડરતા કહેવા કરતાં 'અભય' નામે ઓળખવી વધારે સમુચિત ગણાશે.

નિર્ભયતા એટલે જેમાંથી ભય ચાલ્યો ગયો છે એવી મનઃસ્થિતિ; પણ એવી સ્થિતિમાં ભયનો પુનઃપ્રવેશ શક્ય છે. અભય એવી સ્થિતિ છે કે જેમાં ભયનું અસ્તિત્વ આરંભથી જ નથી. ભગવાન મહાવીર નાના હતા ત્યારે એક દિવસ ઉદ્યાનમાં બીજાં બાળકો સાથે આમલીપીપળીની રમત રમતા હત. પીપળાને લક્ષ્ય બનાવી બધા છોકરા દોડવા લાગ્યા પણ વર્ધમાન સૌથી આગળ દોડી ઝાડ પર ચડી ગયા. તેઓ પાછા ઊતરી રહ્યા હતા ત્યારે એમણે જોયું કે એક ભયાનક સાપ થડને વીંટળાઇને ફૂંફાડા મારી રહ્યો હતો. સાપને જોઈ બીજાં બધાં બાળકો તો ગભરાઇને ભાગવા લાગ્યાં પણ વર્ધમાન જરા પણ ગભરાયા નહિ. એમણે સાપને પકડીને દૂર ફેંકી દીધો. આમ ભગવાન મહાવીર બાળપણથી અભય હતા. એમને નિર્ભય બનવાની સાધના કરવાની જરૂર નહોતી.

અભય એ માનવીનો એકમાત્ર સદ્‌ગુણ નથી. વાસ્તવમાં અભય ઘણા બધા સદ્‌ગુણોનો જનક છે. જે અભય છે એ હમેશાં નિર્દંભ હોય છે. જેને બીક લાગતી હોય એને બીક નથી લાગતી એવો દેખાવ કરવો પડે છે. જેનામાં અભયપણું છે, એ સમાજની ટીકા, પ્રતિષ્ઠા ગુમાવવાની ચિંતા કે બેઆબરૂ થવાના ભયથી પણ પીડાતો નથી. એથી એને નીડરતાનો પણ દંભ કરવાનો હોતો નથી.

ઈ. ૧૯૧૭ની વાત છે. સત્યાગ્રહ આશ્રમમાં મહાત્મા ગાંધીજી સાંજની પ્રાર્થના બાદ તકિયાને અઢેલીને બેઠા હતા. એમને ઠંડી ના લાગે એ માટે બાએ એક ચાદર ઓવડી કરીને એમના વાંસા પર ઓઢાડી હતી. બાપુ શ્રી રાવજીભાઈ પટેલ સાથે વાતો કરતા હતા ત્યાં એમને ચાદર પર કાળા લીટા જેવું દેખાયું. જરા ધ્યાનથી જોતાં રાવજીભાઇને ખબર પડી કે એક મોટો કાળો સાપ પાછળથી આવીને બાપુના ખભા સુધી ચડી ગયો છે ને આગળ જવા આમતેમ જુએ છે. સ્વાભાવિક રીતે જ રાવજીભાઈનું ધ્યાન વાતોમાં ના રહ્યું એટલે ગાંધીજીએ પૂછ્યું: 'શું છે, રાવજીભાઈ?' રાવજીભાઈમાં સમયસૂચકતા સારી હતી. એમણે બૂમાબૂમ કરવાના બદલે એકલા બાપુને સંભળાય એમ કહ્યું: 'કંઈ નહિ બાપુ, એક સાપ આપની પીઠ પર છે. આપ બિલકુલ સ્થિર બેસી રહેજો'. બાપુ સ્થિર બેસી રહ્યા અને રાવજીભાઈ ચારે બાજુથી ચાદર પકડીને દૂર લઈ ગયા અને સાપને બહાર ફેંકી દીધો.

આ બનાવ અંગે કાકાસાહેબે પાછળથી એક વાર બાપુને પૂછ્યું; 'આપના શરીર પર સાપ ચડયો ત્યારે આપના મનમાં કેવી લાગણી થઈ હતી?'

બાપુએ જવાબ આપ્યો: 'એક ક્ષણ તો હું ગભરાઈ ગયો, પણ કેવળ તે એક ક્ષણ પૂરતો જ. પછી તરત જ સ્વસ્થ થઈ ગયો. પછી વિચાર આવ્યો કે આ સાપ મને કરડશે તો હું સૌને કહીશ કે આ સાપને તો ન જ મારશો. કોઈ પણ સાપને જોતાં તમે તેને મારવા તૈયાર થઈ જાઓ છો; મેં પણ આજ સુધી કોઇને તેમ કરતાં રોક્યા નથી. પણ આ સાપ મને કરડયો છે માટે તેને તો અભયદાન મળવું જ જોઇએ'.

આવી અભયવૃત્તિ ધરાવનાર હમેશાં નિઃસ્વાર્થી, ક્ષમાશીલ, ઉદાર અને સહિષ્ણુ હોય છે. સમાજસેવક બનવા ઈચ્છનારે અભય બન્યા વિના છૂટકો જ નહિ. અન્યાયની સામે થનાર માટે પણ અભયવૃત્તિ અનિવાર્ય છે. ગાંધીજી ચંપારણમાં ચાના બગીચાના મજૂરોની વહારે ધાયા ત્યારે ચાના બગીચાના માલિકોનો કેટલો મોટો ડર હતો! એક નીલવરે તો એમને મારી નાખવાની ધમકી પણ આપી હતી. એમની જગ્યાએ બીજો કોઈ માણસ હોત તો ચંપારણ છોડી ગુજરાતમાં પાછો ફરી જાત પણ ગાંધીજી એ તો એક રાતે એકલા પેલા ગોરાના બંગલે જઈ કહ્યું: 'મેં સાંભળ્યું છે કે મને મારી નાખવા માટે તમે મારાઓ રોક્યા છે, એટલે કોઇને કહ્યા વિના એકલો આવ્યો છું' ગોરો તો આ અદ્‌ભુત નીડરતા જોઈ સ્તબ્ધ જ થઈ ગયો!

ઈ. ૧૯૪૭માં નોઆખલીનાં ભયાનક હુલ્લડો વચ્ચે ગાંધીજી જે તાકાતથી પ્રવાસ ખેડતા હતા એ એમની અભયવૃત્તિની તાકાત હતી.

આ અભયવૃત્તિ એ મનનો ગુણ નથી, આત્માનો સ્વભાવ છે. માણસ ધારે તો મનને નિર્ભય બનાવી શકે પણ મનની નિર્ભયતા સાપેક્ષ હોય છે. એક માણસ કૂતરાથી ડરતો ના હોય એટલા પૂરતો એ નિર્ભય છે પણ એ જ માણસ ભૂતથી ગભરાતો હોય એમ બને. યુદ્ધના મેદાનમાં તોપનો નિર્ભયતાથી સામનો કરનાર સૈનિક ઘરમાં ઉંદરથી ગભરાઈ જાય એ સંભવિત છે. આમ નિર્ભયતા પ્રસંગોચિત છે, અભયતા સર્વકાલીન અને સર્વ સ્થળ માટે છે.

આપણે બાળકોને બાળપણથી અભય કેળવવા માટેનું વાતાવરણ પૂરું પાડતા નથી પણ એમને બીકણ બનાવવાનો જ પ્રયત્ન કરીએ છીએ. રડતા બાળકને શાંત પાડવા માટે આપણે એને ઘોઘર બિલાડાની, બાવાની ને પોલીસની બીક બતાવીએ છીએ. એ જરા મોટું થાય ને નિશાળે જતું થાય ત્યારે મા એને જે સલાહ-સૂચનો આપે છે એમાં પણ એને ડરપોક બનાવવાના જ પરોક્ષ પ્રયાસો હોય છે: 'જો બેટા, રસ્તાની બાજુએ ચાલજે. ઝાડ ઉપર ચડીશ નહિ,' બાળકને આપણે સાહસિક બનવાની પ્રેરણા ન આપી શકીએ તો કંઈ નહિ પણ એની બીકણવૃત્તિ જાગ્રત ન કરીએ તો ય ઘણું છે.

માણસનો સૌથી મોટો ડર મૃત્યુ છે. આ મૃત્યુ તો એના જન્મથી એની સાથે જોડાએલું છે. ગમે તેટલા પ્રયત્નો કરવા છતાં એક દિવસ તો એ એને આ પૃથ્વી પરથી લઈ જવાનું જ છે. તો પછી એ મૃત્યુથી ક્ષણે ક્ષણે ડરીને જીવનને ઝેર બનાવી દેવાનો શો અર્થ?

વાસ્તવમાં ભય એ મૃત્યુ છે. મહાન નાટ્યકાર શેક્સપીઅર કહે છે કે 'કાવર્ડ્ઝ ડાઈ મૅની અ ટાઈમ્સ બિફોર ધેર ડેથ.' (ડરપોકો તો મરતા પહેલા અનેક વાર મરી રહે છે)

આધ્યાત્મિક દૃષ્ટિએ વિચારીએ તો ભય અહમ્‌માંથી ઉદ્‌ભવે છે. પોતાના અસ્તિત્વની સભાનતામાં જ એના નાશનો ડર રહેલો છે. જે 'અહમ્'ને ઓગાળી શકે એ ડરને પણ દબાવી શકે. આથી ઊલટું જે લોકોનો અહમ્ ભારે એ લોકોમાં ડર પણ વધારે હોય. હિટલર, મુસૉલિની અને સ્ટાલિન જેવા ગર્વિષ્ઠ સરમુખત્યારો એટલા ભયભીત રહેતા કે તેઓ કદી એક જ રૂમમાં સતત બે રાત્રિઓ સૂતા નહિ ને હિટલરને તો પોતાના જેવા બીજા પાંચ હિટલરો સાથે રાખવા પડતા હતા! ગાંધીજીએ કહ્યું છે 'તલવાર શૂરની સંજ્ઞા નથી, ભયની નિશાની છે,' એ આ ગર્વિષ્ઠ (અનુ. પૃ. ૫૯)

નેપથ્યમાં જ આસનબદ્ધ થઈ સતત અરધી સદી સુધી પત્રકારત્વના ક્ષેત્રે પોતાની મૂક, નિસ્પૃહ સેવા અને શાંત નિર્મળ દ્યુતિ વડે એક વર્તમાનપત્ર જ નહિ, પણ એક પ્રદેશવિશેષના જનસમાજના જીવનઘડતરમાં સઘન સુદીર્ઘ યોગદાન આપી જનાર આદરણીય અને અનુકરણીય પત્રકાર



સ્વ. બટુકભાઈ દીક્ષિત

—ને છેલ્લા દોઢેક દાયકાથી એમના એક સહકાર્યકર ભગવતીકુમાર શર્માની અંજલિ

સુરતના હવાડિયા ચકલાથી સોનીફળિયા સુધીના સીધા પણ સાંકડા રસ્તા પર વસતા લોકો આજકાલ કે વરસ પાંચ વરસથી નહિ. પણ છેલ્લાં ઓગણપચાસ વરસથી શ્રી બટુકભાઈ ત્રૈલોકનારાયણ દીક્ષિતને જોઇને દિવસમાં પાંચ વાર પોતપોતાની ઘડિયાળનો સમય મેળવતા, ને કોઈક કોઈક વૃદ્ધજન કે અભ્યાસપરાયણ વિદ્યાર્થીઓ જાગતાં હોય તો રોજ રાત્રે બે વાગ્યે પણ, શિયાળા-ચોમાસાની દરકાર કર્યા વિના કે રવિવારની રજાને લક્ષમાં લીધા વગર આ ઊંચા, સુકલકડી માણસને, હાફકોટનાં બંને ખિસ્સાંમાં બે હાથ નાખી, કંઈક ઝડપી, એકધારી ચાલે ઘર ભણી જતો જોતા.

હવે એ ક્રમ તૂટી ગયો છે, કારણ કે તા. ૨૭મી સપ્ટેમ્બરે ૭૧ વર્ષની વયે શ્રી બટુકભાઈ દીક્ષિતનું ટૂંકી માંદગી બાદ મુંબઈની નાણાવટી હૉસ્પિટલમાં અવસાન થયું છે. તેમની ચિર-વિદાયની સાથે ગુજરાતી પત્રકારત્વે એક અનન્ય નિષ્ઠાવંત, સમાચાર-સંપાદનની અદ્ભુત સૂઝ ધરાવનાર, અત્યંત અનુભવી ને નિરપેક્ષ પત્રકાર ગુમાવ્યો છે. શ્રી બટુકભાઈ દીક્ષિત છેલ્લાં ૪૯ વર્ષથી સૂરતના ૧૧૬ વર્ષ જૂના વર્તમાનપત્ર 'ગુજરાતમિત્ર'ના (જે પહેલાં સાપ્તાહિક હતું ને છેલ્લાં ૪૪ વર્ષથી દૈનિક સ્વરૂપે પ્રકટ થાય છે) મદદનીશ તંત્રી હતા. માત્ર ગુજરાતના જ નહિ, ભારતભરના પત્રકારત્વમાં પણ એક જ પત્રને અરધી સદી સુધી એકધારી સેવા આપનાર કદાચ શ્રી બટુકભાઈ એક જ હશે. ગુજરાતી પત્રકારત્વમાં 'કુમાર'ના તંત્રી શ્રી બચુભાઈ રાવત તથા 'નવચેતન'ના સ્થાપક તંત્રી અને માલિક સ્વ. ચાંપશીભાઈ ઉદ્દેશીની આવી સંનિષ્ઠ સેવાઓ તરત જ સ્મરણે ચડે, પણ આ બંને વડીલો માસિક પત્રના સંપાદન સંચાલન સાથે સંલગ્ન— જેમાં સ્વ. ચાંપશીભાઈ તો એ પત્રના માલિક હતા —જ્યારે સ્વ. બટુકભાઈ દીક્ષિત એક દૈનિક પત્રના પગારદાર કર્મચારી હોવા છતાં તેની ક્ષણેક્ષણની ચર્યા સાથે પ્રાણપણે ગૂંથાએલા રહ્યા—અરધી સદી પર્યંત.

દાયકાઓથી તેમનો નિત્યક્રમ આ પ્રમાણે રહેતો: સવારે સાડા નવને સુમારે તેઓ 'ગુજરાતમિત્ર' કાર્યાલયમાં આવતા (પહેલાં તો સવારે આઠ-સાડા આઠે હાજર થઈ જતા, પણ પછી ટપાલ મોડી આવવા માંડતાં નિરૂપાયે તેમને તેમનો સમય કલાકેક પાછળ ઠેલવો પડતો), બપોરે બાર વાગ્યે ઘેર પાછા જતા, બે કોળિયા (તેઓ અનહદ મિતાહારી હતા; સાંજે તો માત્ર બે'ક બિસ્કિટ જ લેતા! હા, ચાનો એમને ભારે શૉખ હતો, પણ આખો કપ ચા કદી ન પીતા, કાર્યાલયના નાનામાં નાના કર્મચારીને સામે ચાલીને અરધો કપ ચા આપી આવે પછી જ પોતે ચા પીતા!) જમીને દોઢ વાગ્યે ફરીથી કાર્યાલય પર આવતા; કાર્યાલયમાં એમના ટેબલ પર માથું મૂકીને તેઓ અરધોક કલાક વામકુક્ષી કરી લેતા; સાંજે છ વાગ્યે ઘેર જઈ સાડા સાતે ફરીથી કાર્યાલય પર હાજર થઈ જતા તે રાત્રે છેક બે વાગ્યે ઘેર પાછા ફરતા! ઘેર જઇને ય તેઓ તરત સૂતા નહિ; એમને કાયમી અનિદ્રા હતી. આથી મળસ્કે ચાર પાંચ વાગ્યા સુધી તેઓ ગુજરાતી સાહિત્યનાં પુસ્તકો કે સામયિકો વાંચ્યા કરતા; પછી સૂઈ જતા. સાત વાગ્યે ફરીથી ઊઠી જતા ને...રોજિંદા ક્રમમાં ગૂંથાઈ જતા! આમ ૨૪ કલાકમાંથી લગભગ સોળ સત્તર કલાક તેઓ પત્રકારત્વને આપતા; માંડ ત્રણેક કલાકની ઊંઘ લેતા. અરે પંદરમી ઑગસ્ટ કે છવ્વીસમી જાન્યુઆરીએ છાપું બંધ હોય ને કાર્યાલયમાં રજા હોય તો યે દિવસમાં એકાદ વાર તો તેઓ ત્યાં બે'ક કલાક ગાળી જ આવતા. 'ગુજરાતમિત્ર' જ એમનું જીવન હતું. વર્ષોથી એમણે સર્વ પ્રકારના સભા-સમારંભોમાં, લગ્ન-જનોઈ જેવાં સામાજિક કાર્યોમાં જવાનું છોડ્યું હતું. સગેવહાલે પણ ભાગ્યે જ જતા. એમનાં માતાની લાંબી માંદગી વખતે ય તેમણે એક દિવસની યે રજા પાળી નહોતી. પહેલાં એમને નાટક સિનેમા જોવાનો ખૂબ શૉખ હતો; એમાં એમની દિલચસ્પી સાચી અને ઊંડી હતી. પણ ફરજને મુખ્ય સ્થાન આપી એ બધું પણ ત્યજી દીધું હતું. તબિયતના ખૂબ નબળા, પણ એક-બે અપવાદો સિવાય લાંબી માંદગી એમણે

ભોગવી ન હતી. શરીરમાં બત્રાણુ ડિગ્રી તાવ હોય કે બ્લડ પ્રેશર ખૂબ ઘટી ગયું હોય તો યે ટેબલના ખાનમાં રાખેલી બાટલીમાંથી દવા પીતાં-પીતાં યે તેઓ હમેશની જેમ અચૂક પોતાની ફરજ બજાવ્યે જતા. સહકાર્યકરો તેમને ઘેર જઈને આરામ લેવાનું જણાવતા, પણ એ સલાહને ય તેઓ કદી ગણકારતા નહિ. પત્રકારત્વ સાથેની લગનીને કારણે તો તેઓ આજન્મ અપરિણીત રહ્યા હતા. 'ગુજરાતમિત્ર' જ એમનું ઘર ને એમનો સંસાર. ને તેમાં યે સખ્ત, નિતાંત પરિશ્રમ એ જ એમનું સૂત્ર. એ પત્રના તેઓ મદદનીશ તંત્રી—એટલે કે ડી ફેક્ટો એડિટર હોવાથી આમ તો તેઓ માત્ર તંત્રીલેખો લખે, દેખરેખ રાખે, હાથ નીચેના માણસો પાસેથી કામ લે તો યે તે પર્યાપ્ત લેખાય, પણ તેમની પ્રકૃતિમાં જ એવી સખ્ત પરિશ્રમવૃત્તિ હતી કે તેઓ કાર્યાલયમાં મોટામાં મોટા અધિકારી હોવા છતાં વધારેમાં વધારે કામ કરતા ને તેમાં કોઈ કામને હલકું ન ગણતા. પટાવાળો આવ્યો હોય કે ન આવ્યો હોય, પણ સહકાર્યકરોનાં ટેબલો પર કાગળ અને વજનિયાં તેઓ પોતે જ સવારે મૂકી આવતા; જેને જે ખુરશી ફાવતી હોય તે પણ તેઓ જ ઊંચકીને ગોઠવી દેતા! પત્રકારચર્યામાં યે તંત્રીલેખ ને નિયમિત કટારોનું લેખન તો ખરું જ, તે ઉપરાંત દિવસ રાતનું સમાચાર સંપાદન, અંગ્રેજી તારોના તરજૂમા અને જરૂરી માણસો ન આવ્યા હોય તો પ્રૂફ વાચન સુધ્ધાં તેઓ કરી લેતા. તેઓ પ્રકૃતિથી જ 'હાર્ડ ટાસ્કમાસ્ટર' ન હતા; બીજા પાસે કામ લેવાની તેમને બહુ ફાવટ ન હતી; અંગત જીવનમાં તેમ પત્રકારચર્યામાં તેઓ લગભગ પૂરેપૂરા સ્વાવલંબી હતા; મોટા ભાગનું કામ જાતે જ કરી લેતા.

તેઓ અણીશુદ્ધ સમાચારના માણસ હતા. તેમની 'ન્યૂઝ સેન્સ' અદ્ભુત હતી. ક્યા સમાચાર કઈ રીતે ચમકાવવા તેની તેમને પાકી હથોટી હતી. સમાચારોને લગતા ઝડપી નિર્ણયો લેવાની એમની સૂઝ વિસ્મયપ્રેરક હતી. એક પ્રસંગ યાદ આવે છે: ઈ. ૧૯૬૮ના ડિસેમ્બરમાં આપણા સુવિખ્યાત સાહિત્યકાર શ્રી ચૂનીલાલ મડિયાનું યુવાન વયે અમદાવાદ સ્ટેશને અણધાર્યું અવસાન થયું. મડિયા જેવા મડિયા આમ આઘાતજનકરીતે અવસાન પામે એ હકીકતનું મહત્ત્વ ગુજરાતનાં બીજાં અખબારોને તો તત્કાળ ન સમજાયું, પણ સ્વ. બટુકભાઈ દીક્ષિતે સમાચારને તત્ક્ષણ પારખવાની તેમની સૂઝ તથા સાહિત્ય ને સાહિત્યકારો પ્રત્યેના તેમના અનુરાગને કારણે મડિયાના અવસાનના સમાચાર 'ગુજરાતમિત્ર'માં પહેલે પાને બે કૉલમના મથાળા ને સ્વ. મડિયાની છબી સાથે ચમકાવ્યા હતા! 'ગુજરાતમિત્ર'ને માત્ર કમર્શિયલ ન બનવા દેતાં, રાજકારણની ઘટ્ટ છાયાને તેના પર ન પથરાવા દેતાં તેને સાહિત્ય, સંસ્કાર, શિક્ષણ, કળા, સમાજ આદિ અન્ય ક્ષેત્રો પ્રત્યે પણ અભિમુખ અને પ્રત્યક્ષ રાખવામાં સ્વ. બટુકભાઈની સાહિત્યપ્રીતિનું ખાસ્સું પ્રદાન રહ્યું છે. અમદાવાદ મુંબઈના સાહિત્યકારો તેની સાખ પૂરશે.

સ્વ. દીક્ષિતની તટસ્થતા એક સાચા પત્રકારને છાજે તેવી હતી. ભલભલા રાજકીય પ્રવાહો ધૂમરીઓ લઈ રહ્યા હોય, તંત્રી મંડળના બીજા યુવાન સભ્યો તેને કારણે આ કે તે દિશામાં ખેંચાઈ ન જવામાં મુશ્કેલી અનુભવતા હોય ત્યારે ય તેઓ જળકમળવત્ રહી સમાચાર, લેખ આદિને કેવળ તેની યોગ્યતા તથા ગુણવત્તા અનુસાર જ ન્યાય આપતા. પત્રકાર તરીકે તેઓ ધરમના કાંટા જેવા ગણાતા. તેમને મન કોઈ વહાલું ન હતું, કોઈ દવલું ન હતું. ઈ. ૧૯૭૨ની મધ્યાવધિ સંસદીય ચૂંટણીમાં સૂરતની બેઠક પર શ્રી મોરારજી દેસાઈ અને શ્રી ગોરધનદાસ ચોખાવાળા વચ્ચે રસાકસીભર્યો જંગ જામ્યો હતો અને રાજકીય કાર્યકરો હત્યા પર ઊતરી પડયા હતા ત્યારે, કે નવનિર્માણ આંદોલનના ઉદ્વેગપૂર્ણ દિવસોમાં યે સ્વ. બટુકભાઈની સ્વસ્થતા અને તટસ્થતા જોખમાઈ ન હતી. તેઓ તો દરેક ઘટનાની સમાચારના રૂપમાં કેવીક માવજત કરવી તેના વિચારમાં જ ડૂબેલા રહેતા. આમ અત્યંત શાંત, ગંભીર અને અતડા લાગે, પણ ધડાકાબંધ સમાચાર આવે એટલે તેમનામાં અજબ ચેતન અને સ્ફૂર્તિ આવી જતાં. સમાચારોમાં પણ શુદ્ધ ઘટનાઓમાં એમને વિશેષ રસ પડતો, રાજકીય પક્ષોની આંટીઘૂંટીઓથી તેઓ આકર્ષાતા નહિ; તેને પ્રાધાન્ય આપવાનું યે પસંદ ન કરતા. નવનિર્માણ આંદોલનમાં અવારનવાર ઉશ્કેરાએલા યુવાનોનાં ટોળાં કાર્યાલય પર ધસી આવતાં, પણ બટુકભાઈની સ્વસ્થતા જોઈને ઠંડાં પડી પાછાં ફરી જતાં. એનો અર્થ એ નથી કે તેઓ લાગણીશૂન્ય હતા. ના, મોટી રાજકીય ઘટના બને કે કશીક દુર્ઘટનામાં અનેક માનવીઓ મૃત્યુ પામે તો તેમનું ભીતરી જ્ઞાનતંત્ર વલોવાઈ જતું, પણ એ લાગણીને તેઓ ક્યારે ય વ્યક્ત ન કરતા, કેમકે તેમ કરવાથી સમાચાર સંપાદનના કાર્યમાં અવરોધ સર્જાવાની તેમને સતત ચિંતા રહેતી; નહિતર એક વાર 'ગુજરાતમિત્ર' કાર્યાલયના કમ્પાઉન્ડમાંનું ગુલમહોરનું એક પુરાણું વૃક્ષ વાવાઝોડામાં પડી ગયું ત્યારે જાણે એક સ્વજનનું અવસાન થયું હોય તેવો વિષાદ દિવસો સુધી તેમના ચહેરા પર લીંપાઈ ન ગયો હોત, કે તેમના વર્ષોજૂના સહકાર્યકર એક એવા જ બીજા પ્રખર 'ન્યૂઝ સેન્સ' ધરાવનાર સ્વ. ઠાકોરભાઈ દેસાઈનું અવસાન થતાં કાર્યાલયમાં તેઓ નાના બાળકની જેમ છુટ્ટે મોઢે રડી ન પડયા હોત.

સ્વ. બટુકભાઈએ લક્ષ્મી કે કીર્તિની કદી ખેવના કરી નહોતી. ટ્રેડ યુનિયનિયમના આ જમાનામાં પણ તેમણે પગારવધારાની કે એવીતેવી કોઈ માગણી તો ઠીક, પટાવાળાની કે એવી બીજી કોઈ સામાન્ય સગવડોની યે તેમણે ક્યારે ય માગણી કરી નહોતી. 'ક્યારે ય કોઈની પાસે કશું માગવું નહિ' એ તેમનો સિદ્ધાંત હતો ને તેમાં તેમણે કદી અપવાદ સર્જાવા દીધો ન હતો. આજકાલ પત્રકારો સામાન્ય ભેટ-સોગાદથી લોભાઈ જાય છે ત્યારે સ્વ. બટુકભાઈએ કેટલાક દાયકાઓ પહેલાં એક શાહ સોદાગરે આપેલી સોનાની બંગડીનો યે સ્વીકાર કર્યો ન હતો. બોનસની કે એવી બીજી રકમો તેઓ સામે ચાલીને નકારતા. તેઓ કાંઈ શ્રીમંત ન હતા, પણ એમની પ્રકૃતિમાં જ ઔદાર્ય ને ધન પ્રત્યેની અનાસક્તિ હતાં. નિમ્ન સ્તરના કેટલા યે કામદારોને તેમની ઉદારતાનો વારંવાર લાભ મળતો ને તેની આપનાર-લેનાર સિવાય કોઈને જાણ ન થતી. એવી જ અનાસક્તિ તેમણે કીર્તિ પ્રત્યે કેળવી હતી. 'ગુજરાતમિત્ર'ના મદદનીશ તંત્રી હોવાથી તેમણે ધાર્યું હોત તો તેઓ એ વર્તમાનપત્ર પર પોતાનું નામ હોદ્દાના નિર્દેશ સાથે મુકાવી શકયા હોત, અથવા તેઓ નિયમિતપણે જે કટાર લખતા તેની સાથે પણ તેઓ પોતાનું નામ પ્રકટ કરી શકયા હોત કે પોતાની લેખનશક્તિને આધારે પત્ર પત્રિકાઓમાં લેખો લખીને નામ કમાઈ શકયા હોત, પણ આત્મ-પ્રસિદ્ધિથી પૂરેપૂરા દૂર રહી, નેપથ્યમાં એક-આસન બેસી મૂક ભાવે અવિરત ફરજ બજાવવી એ જ એમનું લક્ષ્ય રહ્યું. ન કદી કોઈ સભા-સમારંભોનાં પ્રમુખસ્થાન શોભાવ્યાં કે ન ઉદ્ઘાટનો કર્યાં—એ બધું, તેમણે ધાર્યું હોત તો, તેમને માટે ખૂબ સુલભ હતું. છતાં તેમની આવી સંનિષ્ઠ અને સુદીર્ઘ પત્રકારચર્યાથી પ્રભાવિત થઈને દોઢેક વર્ષ પહેલાં સૂરત મહાનગર પાલિકાએ તેમનું નાગરિક સન્માન કર્યું તેનો યે તેમણે ખૂબ સંકોચપૂર્વક સ્વીકાર કર્યો હતો, એટલું જ નહિ, તે પ્રસંગનો બઢાવેલો-ચઢાવેલો અહેવાલ કે તસવીર 'ગુજરાતમિત્ર'માં પ્રકટ ન થાય તેની તેમણે ખાસ કાળજી રાખી હતી. તેમની સમાચાર-સંપાદનની સૂઝ અને નિષ્ઠા જોઈને તેમને ઊંચે પગારે મોટો હોદ્દો આપવાનાં ઘણાં પ્રલોભક નિમંત્રણ બીજાં પત્રોએ તેમને આપ્યાં હતાં. પરંતુ તેમણે 'ગુજરાતમિત્ર'ને જ પોતાની જાત સમર્પિત કરી દીધેલી હોવાથી તેમણે એ નિમંત્રણોને સવિનય પાછાં વાળેલાં. વર્ષમાં માત્ર આઠ-દસ દિવસ

મુંબાઈ જઈ આવતા તે સિવાય એક પણ રજા નહિ—રવિવારની સુધ્ધાં નહિ—એ એમનો દાયકાઓનો ક્રમ હતો. વર્ષો સુધી તેમને માથાના દુખાવાનો વ્યાધિ રહ્યો હતો. માથું વેદનાથી ફાટી જતું હોય તો ય પી. ટી. આઈ.ના તારનાં ગૂંચળાં ફાડીફાડીને સમાચાર-સંપાદનની કે તંત્રીલેખ લખવાની તેમની કામગીરીમાં વિરામ આવતો નહિ, અવસાનના ત્રણેક મહિના અગાઉથી તેમનું સ્વાસ્થ્ય કથળેલું હતું. ડૉક્ટરનાં ઈન્જેક્શન્સ અને દવા લઈને તેઓ સીધા કાર્યાલય પર આવતા, હાંફી જતા, અશક્તિ વર્તાતી, છતાં ક્યારે ય વેદનાનો એક ઊંહકારો નહિ, ફરિયાદનો એક શબ્દ નહિ; પૂર્વવત્ કામ કર્યે જ જતા. છેવટે સહકાર્યકરોથી એમની અશક્તિ વેઠાઈ નહિ એટલે બળજબરીથી તેમને શહેરના એક મોટા કન્સલ્ટન્ટની પાસે લઈ ગયા. તબીબે તપાસીને કહ્યું કે હૃદય સુધી લોહી પૂરતા પ્રમાણમાં પહોંચતું નથી જેથી સંપૂર્ણ આરામ આવશ્યક છે. તબીબની આ સલાહ સાંભળીને બટુકભાઈ સીધા કાર્યાલય પર આવ્યા ને કામે વળગ્યા! તેઓ સુરતમાં હશે ત્યાં સુધી આરામ નહિ જ કરે એવા ખયાલથી તેમના નાના ભાઈ મુંબાઈ લઈ ગયા. મુંબાઈમાં માંદગીને બિછાને પડ્યાપડ્યા પણ તેમની રટણા તો 'ગુજરાતમિત્ર'ની જ રહી ને એ જ સ્થિતિમાં તેમનો દેહાંત થયો.

ગુજરાતી પત્રકારત્વમાં તેમનું નામ કદાચ બહુ જાણીતું ન હતું—દક્ષિણ ગુજરાત બહારની દુનિયા તો તેમને લગભગ મુદ્દલ ન ઓળખતી. પણ જેઓ તેમને અને તેમની નિષ્ઠાપૂર્ણ પત્રકારચર્યાને જાણતા હતા તે સર્વ તેમની પ્રત્યે ઊંડા આદરની લાગણી ધરાવતા હતા; કેમકે પદ, પ્રસિદ્ધિ અને પૈસાનો રજમાત્ર મોહ રાખ્યા વિના નિતાંત નિરપેક્ષ ભાવે આ તપસ્વી માણસે ગુજરાતી પત્રકારત્વ માટે પોતાની જાત ઘસી નાખી હતી. 'ગુજરાતમિત્ર' આજે એક તટસ્થ, સમતોલ, સૌમ્ય, વૈચારિક-સાહિત્યિક-સાંસ્કૃતિક અભિમુખતા ધરાવતું દૈનિક બન્યું છે ને એ દ્વારા ગુજરાતી પત્રકારત્વને ક્ષેત્રે એક આગવી કેડી અંકાઈ છે તેની પાછળ સ્વ. બટુકભાઈની દૃષ્ટિ, ભાવના અને શ્રમનો સિંહફાળો રહેલો છે.

ઈ. ૧૯૦૮ની બીજી ઑક્ટોબરે જન્મ. (ગાંધીજી ને લાલબહાદુર શાસ્ત્રીના જન્મની પણ એ જ તારીખ!) સુરતના વડનગરા નાગર બ્રાહ્મણ કુટુંબમાં શ્રી બટુકભાઈ કુલ ૧૪ ભાઈ-બાંડુઓમાંના એક હતા, પણ છેવટે તો ત્રણ ભાઈઓ જ શેષ રહેલા, જેમાં તેઓ જ્યેષ્ઠ હતા. એમના દાદાના કાકા સ્વ. પ્રાણનારાયણ માસ્તર, જ્યારે ટ્રેન કે મોટર જેવી મુસાફરીની સગવડ ન હતી ત્યારે સુરત બંદરેથી વહાણ મારફત ઘોઘા થઈ ભાવનગર જઈ ત્યાં શિક્ષક તરીકે સારી કીર્તિ પામ્યા હતા. સ્વ. બટુકભાઈના દાદા જ્યાં રહેતા હતા તે સુરતના બાલાજી રોડ પરનું મકાન ઘણા વખત સુધી 'પ્રાણનારાયણ માસ્તરની હવેલી' તરીકે ઓળખાતું હતું. સ્વ. બટુકભાઈના પિતાના માતૃપક્ષે જાણીતાં લેખિકા તથા કૉંગ્રેસ-કાર્યકર્તી સ્વ. જ્યોત્સ્નાબહેન શુક્લ એમનાં માસી થતાં હતાં. (જ્યોત્સ્નાબહેન વીર કવિ નર્મદના શિષ્ય કવિ વિજયાશંકરનાં ભત્રીજી થતાં હતાં.) સ્વ. બટુકભાઈના પિતાનું નામ ત્રૈલોક્યનારાયણ અને માતા સૂર્યવદનગૌરી. માતાને બાળકો જીવતાં ન હતાં. છેવટે એક સંન્યાસીએ પ્રસન્ન થઈ તેમને શ્રીચક્ર આપ્યું ને તેની ઉપાસના કરવા કહ્યું. તે પછી બટુકભાઈનો જન્મ આસો સુદ આઠમે—એટલે કે 'માતાની આઠમે' થયો. તેમનું મૂળ નામ તો ભદ્રવીર હતું, પણ 'માતાની આઠમે માતાનો બટુક આવ્યો' એ વિચારે એમનું લાડનામ 'બટુકભાઈ' પડ્યું ને તે જ છેવટ સુધી વળગેલું રહ્યું. પિતા ત્રૈલોક્યનારાયણ શિક્ષક હતા ને ભાવનગરમાં બાર વર્ષો સુધી ત્યાંના મહારાજાને ભણાવવા જતા. પછી ભાઈઓની પ્રેરણાથી શેરબજાર ભણી વળ્યા. પિતા પ્રામાણિક તો એવા કે એક ભાઈએ શેરના ધંધામાં મોટું દેવાળું કાઢ્યું ત્યારે તેને સાથ ન આપ્યો અને લેણદારોને કાંઈ પણ ભોગે નાણાં ચૂકવી દેવાનો આગ્રહ રાખ્યો. પિતાની એ પ્રામાણિકતા તથા ધન પ્રત્યેની નિસ્પૃહતાનો ગુણ બટુકભાઈમાં અદ્દલોઅદ્દલ ઊતરી આવ્યો. માતા સૂર્યવદનગૌરી અતિ ધાર્મિક હતાં; દાયકાઓ સુધી, શિયાળે-ચોમાસે સુધ્ધાં, દરરોજ તાપી-સ્નાન કરવાનો તેમનો નિયમ હતો ને તે તેમણે છેવટ સુધી જાળવ્યો હતો. બટુકભાઈને ધાર્મિક વિધિવિધાનોમાં શ્રદ્ધા ન હતી અને ધર્મને નામે આચરાતાં પાખંડોના તો તેઓ કટ્ટર વિરોધી હતા, છતાં માતૃભક્ત એવા કે માતાના હૃદયને ઠેસ ન લાગે તે માટે એકેએક ધાર્મિક આચાર-વિચારમાં તેમને સાથ આપતા ને તેનું પાલન કરતા.

સ્વ. બટુકભાઈએ શાળાનું રીતસરનું શિક્ષણ ઝાઝું લીધું ન હતું. પિતા વડોદરામાં સ્થિર થતાં તેઓ ત્યાંની શાળામાં થોડુંક ભણ્યા. પછી સુરતની સરકારી ને સાર્વજનિક હાઈસ્કૂલમાં જોડાયા. ને છઠ્ઠા ધોરણ સુધી પહોંચ્યા. અભ્યાસમાં બહુ રસ નહિ. ગણિત ને સંસ્કૃત આવડે નહિ—ગમે પણ નહિ. ક્રિકેટ ખૂબ રમતા; જો કે પત્રકાર તરીકે તેમને પોતાને રમતગમતના સમાચારોમાં બહુ રસ ન પડતો, છતાં તેનું મહત્ત્વ સ્વીકારતા. બાળપણથી જ ઈતર વાચનનો ભારે શોખ. વાચનાલયોમાં નિયમિતપણે જતા, એકેએક છાપું-ચોપાનિયું ઝીણવટથી વાંચતા, તેની

લઘુકથા

ચૌદ વત્તા એક

ઈરવીન એસ. બારૈયા

બીડીનો છેલ્લો દમ મારી અરજણે ભારે હૃદયે પગ ઉપાડ્યા. ડૉક્ટરના છેલ્લા શબ્દો હજુ તેના કાનમાં પડઘો પાડી રહ્યા હતા કે આ દર્દીનું પુષ્કળ લોહી વહી ગયું છે અને તેને બચાવવો હવે મારા હાથની વાત નથી.' આમે ય અરજણ પર ઈશ્વરની બહુ કૃપા ન હતી. તેના સાથીદાર કારીગરો કે જેમને અન્ય ટ્રાફિક પૉઈન્ટ પરના બોર્ડ દર મહિને બદલવાનું કામ સોંપાએલું હતું તેમને ઘેર ત્રણથી ચાર બાળકો રમતાં હતાં. જ્યારે અરજણના એકના એક દીકરાને આજે ખટારાએ અડફેટમાં લીધો હતો અને અરજણ હવે હૉસ્પિટાલનાં પગથિયાં ઊતરતાં ઊતરતાં ડૉક્ટરના શબ્દો વાગોળતો હતો. કંપની તરફથી અરજણને દર મહિને એક દિવસની કામગીરીના રૂપિયા પચ્ચીસ મળતા હતા, અને તે પણ બહુ સામાન્ય કામ માટે. ટાઉન હૉલ પાસેના કંપનીના બોર્ડ પર મહિના દરમિયાન ઘવાએલી અને મૃત્યુ પામેલી વ્યક્તિઓની સંખ્યાના આંકડા બદલવાનું તે કામ કરતો હતો.

દર મહિનાના છેલ્લા દિવસે રાતના બાર વાગ્યે પોલીસ કમિશનરને ટેલિફોન કરીને છેલ્લામાં છેલ્લા ખબર મેળવી તે બોર્ડ પર આંકડા બદલતો. આ કામગીરીની તેને હવે ફાવટ થઈ ગઈ હતી. આજે અગિયાર વાગ્યાનો તે બોર્ડ નીચે આવી ગયો હતો. ધીમે પગલે તે સીડી પર રંગનું ડબલું લઈને ચડ્યો અને ઉપરના પાટિયે બેસી ગયો. નવેમ્બરનો ડિસેમ્બર મહિનો કર્યો અને 'ઘવાએલ વ્યક્તિઓ'માં ૧૧૫નો આંકડો કર્યો ત્યાં તો દૂરથી તેને તેની વહુ રુખીને દોડતી આવતી જોઈ. તે શા માટે દોડતી આવે છે તે સમજતાં અરજણને વાર લાગી નહિ. મૃત્યુ પામેલી વ્યક્તિઓનો આંકડો ૧૪ને બદલે ૧૫ લખીને સીડી ઊતરતાં તો તે ફસડાઈ પડ્યો.

સવારે દવાખાનામાં જ્યારે તેની આંખ ઊઘડી ત્યારે સામે ધૂંઆફૂંઆ થતા બમનશેઠને જોઈ તુરત જ તે પાછી બંધ કરી દીધી. કારણ કે બમનશેઠ કંપનીના બોર્ડ પર મરણનો આંકડો ખોટો લખાએલો જાણી ગુસ્સે થઈ ગયા હતા.

બમનશેઠને ત્યારે રુખી સમજાવી રહી હતી કે તેમના પોપટને ભગવાને કેવી અદ્ભુત રીતે બચાવી લીધો હતો. □

ખૂબી-ખામીઓનો અભ્યાસ કરતા. કદાચ અહીંથી જ તેમની પત્રકારત્વ પ્રત્યેની પ્રીતિનું બીજ રોપાયું હશે. તેઓ પંદર વર્ષના થયા ત્યાં તેમના પિતાનું અવસાન થયું એટલે કુટુંબની સમગ્ર જવાબદારી એમને શિરે આવી પડી, પ્રૌઢ વિધવા મા અને બે નાના ભાઇઓનો તેઓ આધાર બની રહ્યા. અભ્યાસને તિલાંજલિ અર્પી સુરતના એક જરીવાળાને ત્યાં, મુંબાઈમાં એનો માળો બંધાતો હતો તેની દેખરેખ રાખવાની, અમદાવાદમાં કશીક, ફરી સુરતમાં આવી વસતિગણતરીની કચેરીમાં, એમ ત્રણેક પરચૂરણ નોકરીઓ કરી, પણ એમનો જીવ નખશિખ પત્રકારનો હતો, જે 'ગુજરાતી','હિન્દુસ્તાન-પ્રજામિત્ર', 'પ્રજામિત્ર-કેસરી', 'મુંબઈ સમાચાર', 'વીસમી સદી', 'કૌમુદી', 'કુમાર', 'સાહિત્ય', 'બે ઘડી મોજ' 'મોજમજાહ', 'ધ ટાઈમ્સ ઑાવ ઇન્ડિયા', 'બૉમ્બે ક્રોનિકલ' વગેરે ગુજરાતી-અંગ્રેજી દૈનિકો-સાપ્તાહિકોના સતત વાચનથી પરિપોષ પામ્યે જતો હતો. છેવટે ઈ. ૧૯૩૦માં માત્ર બાવીસ વર્ષની ઉંમરે તેઓ 'ગુજરાતમિત્ર'માં જોડાયા. અહીં તેમના જીવને તેમને મનગમતો એવો વળાંક લીધો જે છેવટ સુધી સ્થાયી રહ્યો. અહીં તેમને મનપસંદ કામ અને ક્ષેત્ર મળી ગયાં. 'ગુજરાતમિત્ર' ત્યારે સાપ્તાહિક હતું. ઘણા હાથોમાં તેની માલિકી બદલાયા પછી સ્વ. ઉત્તમરામ રેશમવાળાએ તેને હાથમાં લીધું હતું ને તેમના પછી તેમના મોટા પુત્ર સ્વ. ચંપકલાલ રેશમવાળા તેનું તંત્રીપદ સંભાળતા હતા. સુરતમાં આ સદીની પહેલી પચ્ચીસીમાં અખબારોની સ્થિતિ ઘણી ડામાડોળ હતી. મુંબાઈથી 'ટાઈમ્સ', 'બૉમ્બે ક્રૉનિકલ' વગેરે અંગ્રેજી તથા 'મુંબઈ સમાચાર', 'સાંજ વર્તમાન' વગેરે ગુજરાતી દૈનિકો બપોરે ટ્રેનમાં આવે અને વહેંચાય—વેચાય. સુરતની દેસાઈ પોળ, વિસ્તારના મૂળ રહેવાસી સ્વ. ઈચ્છારામ સૂર્યરામ દેસાઈનું અઠવાડિક 'ગુજરાતી' ત્યારે ઘણો પ્રચાર પામેલું. સુરતમાં ઘણાં સાપ્તાહિકો નીકળતાં ને ચોમાસાનાં જંતુઓની માફક નાશ પામતાં. ગુજરાતી દૈનિકની તો કલ્પના પણ સુરતમાં હાસ્યાસ્પદ લાગતી, છતાં સ્વ. કાલિદાસ શેલતે 'પ્રતાપ', સ્વ. રમણલાલ ઉત્તમભાઈ દેસાઇએ 'ગુજરાત', સ્વ. ઈશ્વરલાલ ઈચ્છારામ દેસાઇએ 'લોકવાણી' જેવાં દૈનિકો સુરતમાં પ્રકટ કરવાની હિંમત બતાવી હતી. સ્વ. કાલિદાસ શેલત પત્રકારત્વની 'સૌરાષ્ટ્ર' સ્કૂલની સરજત, જ્યારે સ્વ. રમણલાલ દેસાઈનું ઘડતર અંગ્રેજી અખબારોની શૈલી પર થએલું. સ્વ. ઈશ્વરલાલ દેસાઈ તેનની રાષ્ટ્રભક્તિ માટે વિખ્યાત. 'ગુજરાતમિત્ર' તેના વિનીત વલણને કારણે ત્યારે 'સરકારી છાપું' કહેવાતું. સુરતના ચોકબજાર અને સોની ફળિયા વિસ્તારોના સંગમસ્થાને, જૂની સિવિલ હૉસ્પિટલ, ગાંધીબાગમાંની ગાંધી-પ્રતિમા, સરદાર વલ્લભભાઈ પટેલ સંગ્રહસ્થાન, લાલા લજપતરાય ઉદ્યાન, રોટરી પ્લેનેટેરિયમ, જે. જે. ટ્રેઇનિંગ સ્કૂલ, સુરતનો ચારસો વર્ષ જૂનો ઐતિહાસિક કિલ્લો તથા તેને અડીને આવેલી સૂર્યપુત્રી તાપી નદીના સાંનિધ્યે ઊભેલું 'ગુજરાતમિત્ર' કાર્યાલયનું વિશાળ પણ જૂનું, ખખડધજ મકાન, વસ્તુતઃ અગાઉની નવાબી જાહોજલાલીવાળી અબ્દુલ્લા બેગની ઐતિહાસિક હવેલી હતી, જેમાં મુંબાઈ સરકાર સંચાલિત બૉમ્બે બૅન્કની કચેરી પણ એક વેળાએ હતી. આવા 'ગુજરાતમિત્ર' સાપ્તાહિકમાં ત્યારના રિવાજ અનુસાર અંગ્રેજીમાં તંત્રીનોંધો લખાતી ને પ્રકટ થતી. આવી તંત્રીનોંધો લખનારાઓમાં સ્વ. દી. બ. ચૂનીલાલ ગાંધી, કમળાશંકર તારાશંકર, વજેન્દ્ર છબીલાનન્દ પંડયા, દિનેન્દ્રશંકર લાલશંકર પંડયા વગેરે સાક્ષરોનો સમાવેશ થતો હતો. પત્રનો ફેલાવો ત્યારે બહુ જ થોડો. આવા પત્રમાં જોડાઇને સ્વ. બટુકભાઇએ તેમની દીર્ઘ કારકિર્દીનો આરંભ કર્યો. અહીં શરૂઆતમાં તેમને જાહેરખબરો લખવાનું અને મુદ્રણાલયમાં છપાએલાં હૅન્ડબિલો જે તે સ્થળે પહોંચાડી આવવાનું કામ સોંપાયું. થોડાક સમયમાં જ તેમણે એવું હીર બતાવવા માંડયું કે સ્વ. ચંપકલાલ એમને ઉત્તરોત્તર વધુ ને વધુ જવાબદારી સોંપતા ગયા.

ઈ. ૧૯૩૬માં સ્વ. ચંપકલાલે 'ગુજરાતમિત્ર'ને દૈનિક બનાવવા વિચાર્યું તે દરમિયાન તો પત્રના સંપાદનને સંબંધ છે ત્યાં સુધી બટુકભાઈ તેના સર્વેસર્વા બની ગયા હતા. પણ 'ગુજરાતમિત્ર' દૈનિક બન્યા પછી તેને તરત જ માનશુકન નડયાં. છ મહિનામાં જ તેના તંત્રી ચંપકલાલનું અકાળ અવસાન થયું. સ્વ. ચંપકલાલના લઘુ બંધુ શ્રી પ્રવીણકાંત રેશમવાળા ત્યારે સગીર વયના હતા ને અભ્યાસ કરતા હતા. તેમના પર પત્રના તંત્રીપદનો ભારે બોજ અને કપરી જવાબદારી આવી પડયાં. પત્રની આર્થિક સ્થિતિ ત્યારે ખૂબ ડામાડોળ હતી. પણ અહીં બટુકભાઈની હિંમત, ધૃતિ, નિષ્ઠા અને સૂઝ સોળે કળાએ ખીલી નીકળ્યાં. તેમણે 'ગુજરાતમિત્ર'ની પોતાના આયુષ્યના અંતિમ શ્વાસ સુધી સેવા કરવાની પ્રતિજ્ઞા લીધી, તરુણ પ્રવીણકાંતને એક વત્સલ વડીલ જેવી હૂંફ આપી, પત્રના સંચાલનનો સમગ્ર બોજ પોતાના ખભે લઈ લીધો. પોતે આજીવન અપરિણીત રહીને પણ 'ગુજરાતમિત્ર'ને જ પોતાનો સંસાર લેખવાનો નિર્ધાર કર્યો. હા, પોતાના બંને નાના ભાઈઓને, પોતે જે ઉચ્ચ શિક્ષણ લઈ શકયા ન હતા, તે આપવામાં કચાશ ન રાખી. વચેટ ભાઈ શ્રી કૃષ્ણવીર દીક્ષિત વડીલ બંધુને પગલે ચાલી પત્રકાર બન્યા ને ત્રીસેક વર્ષ સુધી મુંબાઈના સાંજના દૈનિક પત્ર 'જન્મભૂમિ'માં સેવા આપીને બે'એક વર્ષ પહેલાં નિવૃત્ત થયા. તેઓ જાણીતા વિવેચક છે અને 'જન્મભૂમિ'માં 'કલમ અને કિતાબ' વિભાગનું તથા 'ગુજરાતમિત્ર'માં 'પરંતપ'ના ઉપનામથી 'અક્ષરની આરાધના' વિભાગનું સંપાદન કરે છે. નાના ભાઈ શ્રી વામનભાઈ મુંબાઈની શ્રીરામ મિલમાં ઉચ્ચ ઓદ્ધો સંભાળી નિવૃત્ત થયા છે.

સ્વ. બટુકભાઈના તપથી 'ગુજરાતમિત્ર' ઉત્તરોત્તર વિકસતું ગયું ને આજે તે દક્ષિણ ગુજરાતનું સૌથી વધુ લોકપ્રિય, પ્રતિષ્ઠિત અને માતબર પત્ર છે, તેમ જ તેનો ફેલાવો રોજની ૬૫,૦૦૦ નકલથી વધુ છે. બટુકભાઈ જ્યારે આ પત્રમાં જોડાયા ત્યારે તેની માંડ દોઢ બે હજાર નકલો જતી હશે. તેમણે ઓછામાં ઓછાં સાધનોથી, અલ્પતમ માણસોથી, લગભગ 'વન મૅન શો' કરીને એક પત્રના વિકાસને આટલી ઉચ્ચ સીમા સુધી પહોંચાડયો—ને તેય કશા ભૌતિક કે કીર્તિવિષયક વળતરની ખેવના કર્યા વગર; માત્ર એક આત્મસંતોષ ખાતર, નિષ્ઠાની ભાવનાએ વશ થઈ ને. તેમનું પ્રભુત્વ સમાચાર સંપાદનનું એ ખરુ, પણ પત્રકારત્વની કોઈ શાખાને તેમણે અસ્પૃશ્ય રાખી ન હતી. સ્વાતંત્ર્યસંગ્રામની ઘટનાઓ કે સુરત સુધરાઈની સભાઓના રિપોર્ટિંગથી માંડીને તંત્રીલેખ-લેખન, તરજુમા, પ્રૂફ-વાચન અને જરૂર પડયે શેરબજારના પાનાનું સંપાદન સુધ્ધાં તેઓ કરી લેતા. જોકે છેલ્લાં પચાસેક વર્ષથી તેમણે કાર્યાલય બહારની—રિપોર્ટિંગ જેવી કામગીરી છાડી હતી ને બધું જ ધ્યાન કાર્યાલયમાંના કાર્ય પર કેન્દ્રિત કર્યું હતું.

સ્વ. બટુકભાઈની શાંત, વિનીત, બિનવિવાદાસ્પદ પ્રકૃતિ તેમની પત્રકારચર્યામાં યે સાંગોપાંગ પ્રકટ થતી. તેમની ભાષા કોઈ પણ પ્રકારના આડંબરથી રહિત છતાં કંઈક સાહિત્યસ્પર્શવાળી, સામાન્ય જનને પણ સુગમ એવી રહેતી. બે શબ્દથી વાત કહેવાતી હોય તો ત્રીજો શબ્દ તેઓ હરગીઝ ન વાપરતા. જેવા મિતભાષી તેવા જ લેખનમાં લાઘવના આગ્રહી. પત્રકાર હોવા છતાં પ્રસ્તાર કે વાગ્મિતા એમનામાં બિલકુલ નહિ. ગુજરાતી પત્રકારત્વની સૌરાષ્ટ્ર-સ્કૂલની તેઓ સરજત નહોતા. તેમનો પિંડ 'ટાઇમ્સ' અને 'ક્રૉનિકલ' જેવાં અંગ્રેજી તથા 'મુંબઈ સમાચાર' અને 'સાંજ વર્તમાન' જેવાં પારસીશાઈ અખબારોના વ્યાસંગથી ઘડાએલો, એટલે તે કાળે 'વન્દેમાતરમ્' જેવાં પત્રોમાં જે ઝડઝમક જોવા મળતી તેનો સ્વ. બટુકભાઈની લેખનશૈલીમાં સંપૂર્ણ અભાવ રહેતો. તેઓ હમેશાં ટાવકું, મધ્યમ (અનુ. પૃષ્ઠ ૫૦)

મને ચોમાસું બેઠું

—લેખક - રાજેન્દ્રસિંહ રાયજાદા—

શામગઢના સ્ટેશને હું પહેલી વાર નીચે ઊતરી. પાંચસાત ઉતારુઓ ઊતર્યા. મેં ઊડતી નજર નાખી દીધી. નાનકડું પતરાનું બનાવેલું સ્ટેશન. બાજુમાં પીપળ અને તેનાથી થોડે દૂર રાવણાનાં ત્રણ ઝાડ, રાવણા નીચે પાણીનો ગોળો રાખીને બેઠેલો વૃદ્ધ અને સ્ટેશનની બહાર ઊભો રહીને ટિકિટ ભેગી કરતો યુવાન સ્ટેશનમાસ્તર. મને આ દૃશ્ય ગમી ગયું. મેં માસ્તરના હાથમાં ટિકિટ મૂકતાં તેમને પૂછ્યું: 'શામગઢ કયે રસ્તેથી જવાય છે?' તેણે એક ક્ષણ મારી આંખોમાં જોયું પછી સમમાણુ અને ચોક્કસ અવાજમાં ચાલ્યા જતા માણસો તરફ આંગળી ચીંધતાં બોલ્યો: 'આ બધાં જાય છે એ રસ્તે...'

સ્ટેશને ઊતર્યા પછી તમારે શામગઢ જવું હોય તો રેલવેની સડક ઉપર ઉત્તર દિશામાં પાંચેક મિનિટ ચાલવું પડે. ત્યાં વચ્ચે એક પુલ આવે. એને ઓળંગો એટલે રેલવે સડકની પશ્ચિમ દિશાએ કેડી આવે. આ કેડી ઉપર આગળ વધો એટલે એક નાનકડી નદી આવે અને તેને પસાર કર્યા પછી તરત ગામ આવે. ગામ અને સ્ટેશન વચ્ચેનો રસ્તો લગભગ પંદર મિનિટનો હશે. ગામ નજીક આવતાં મેં મારી આગળ જતા ભાઈને પૂછ્યું: 'હાઈસ્કૂલ ક્યાં આવી?'

'ઈંગેજી નિહાળને? એ ઓલ્યા લીમડા પાંહે પાકું મકાન દેખાય ઈ.'

હું પાદરમાં પ્રવેશી ત્યારે મને કુતૂહલથી નાનાં બાળકો જોઈ રહ્યાં હતાં. લાજ ઊંચી કરીને હસતી હસતી સ્ત્રી પસાર થતી હતી. લીમડા નીચે તાજી વિયાયેલી ગાયના વાછરુને બે ચાર છોકરાં કંઈક વિસ્મય પામીને જોતાં હતાં. નિશાળના ચોગાનમાં પગ મૂક્યો ત્યારે ફૂલછોડ અને ઝાડ જાણે મને આવકારવા ઊભાં રહી ગયાં ન હોય તેમ લાઈનબંધ ઊભાં હતાં! મારી નોકરીનો આ પ્રથમ દિવસ હતો.

મને અહીં પાંચ વર્ષ વીતી ગયાં છે. રોજ દશ વાગ્યે ટ્રેઈનમાં આવું છું અને સાંજે ૭ વાગ્યે ટ્રેઈનમાં ચાલી જાઉં છું. આ ગામમાં સ્ટેશનમાસ્તર ગુપ્તાસાહેબ બીજા બધા.થી કંઈક જુદો માણસ લાગ્યો છે. એ યુવાન હોવા છતાં ઓછાબોલો, ગંભીર અને ઉમદા માણસ છે. વાચનનો ઊંડો શોખ ધરાવે છે. એમની પાસે એક વિશિષ્ટ સૂઝ અને સમજણ છે. ગામનો એ માનીતો, તટસ્થ અને ચોખ્ખો માણસ છે. તેમની સાથે ચાલવું ખરેખર ગમે. સામાન્યરીતે સાંજે પાંચ વાગ્યે અમે ઘણીવાર ભેગાં થઈ જતાં અને સ્ટેશન સુધી વાતો કરતાં જતાં. મને વિશેષ નવાઈ એ લાગી કે ગુપ્તાસાહેબ મારી સાથે ઘણી બધી વાતો કરે છતાં એમાં સભાનતા અને નિર્લેપતાનો એક ચોક્કસ તંતુ જળવાઈ રહે. આપણને એ આત્મીય લાગે છતાં વચ્ચે જાણે પારદર્શક પડદો અનુભવાય. એક વખત વાત કરતાં કહે: 'મને માણસો કરતાં પ્રકૃતિ વધારે ગમે. માણસોમાં દંભ છે, કૃત્રિમતા છે અને પરિણામે વિકૃતિ છે. પ્રકૃતિમાં સહજતા છે અને તેથી તેમાં આનંદ છલકે છે.' ખેતરની વાડમાં ઊગેલાં ફૂલો બતાવીને કહે: 'જુઓ બહેન, આ ફૂલો કેટલાં તાજાં કોમળ, પ્રેમપૂર્ણ છે અને છતાં ટટ્ટાર ઊભાં છે!' તે થોડીવાર ઊભા રહી જાય અને ફૂલો સાથે જાણે એકરૂપ બનીને તેને જોઈ લે. હું વાંધો ઉઠાવતી; તમને ફૂલો ગમે છે અને જીવતાં જાગતાં માણસો નથી ગમતાં! તરત તેનો જવાબ આપતા: 'માણસોમાં કૃત્રિમતા છે એટલે તમે તેમાં "ઈન્વૉલ્વ" ન થઈ શકો. માણસોમાં એકરૂપ થવા જાઓ તો તમારે કૃત્રિમ બનવું પડે. છતાં, મને માણસો તરફ ધિક્કાર પણ નથી. હું માનવીઓના સમગ્ર અસ્તિત્વને માત્ર જોઉં છું. આ 'જોવા'માં ય એક અદ્ભુત આનંદ છે.' હું તેની સામે માત્ર જોઈ રહેતી, સાંભળી રહેતી.

સ્ટેશને જતાં રસ્તામાં ઝાડી આવે છે. તેમાં કેટલાક મોર અને ઢેલ રહેતાં. ચોમાસામાં ખાસ જોવા મળે. હું મોરને જોઈ આનંદથી બોલી ઊઠતી: 'એ હા! મોર જોવા હોય તો!' ગુપ્તાસાહેબ ઊભા રહી જતા અને કહેતા: 'ઓહ, અદ્ભુત છે!' હું તો પછી રોજ એ જગ્યા આવે ત્યારે મોરને શોધીને બતાવું: 'જો એક મોર ઝાડ ઉપર... અને...બીજો વાડની આડે...!' એક વખત એવું બન્યું કે એકે ય મોર જોવા ન મળ્યો. હું કંઈક નિરાશ થઈને બોલી: 'આજે તો એકેય મોર નથી.' ગુપ્તા બોલ્યા: 'ઓહો બહેન! મને એનો ય આનંદ છે.' હું તેમના મોં સામે કંઈક આશ્ચર્યમિશ્રિત અણસમજના ભાવથી જોઈ રહી.

'મોર હોય તો ય મને ગમે અને ન હોય તો પણ મને ગમે, બહેન! આપણા અસ્તિત્વમાં એથી શો ફેર પડી જવાનો?' તે મારી સામે સ્મિત કરતા—જાણે કે મારા મગજમાં કંઈક રેડતા હોય એવી રીતે બોલતા. હું તેમને પૂછી બેઠી: 'પણ સુંદર અને અસુંદર દૃશ્યમાં તફાવત નહિ?'

તે ગંભીર થઈને બોલ્યા: 'હું દશ વર્ષથી આ રસ્તે રોજ બે વાર આવ-જા કરું છું. મને દરેક વખતે આ રસ્તો, ઝાડ, પથ્થર, નદી, માણસ, પશુ નવાં જ લાગ્યાં છે. હું દરેક વસ્તુને માત્ર જોઉં છું. એમાં મારી અપેક્ષાઓ, માન્યતાઓ કે પૂર્વગ્રહો ભેળવતો નથી.' પછી કંઈક અસમંજસમાં હોય એમ કહ્યું: 'જો કે એ શા માટે સુંદર લાગે છે તે હું તમને બરાબર સમજાવી શકતો નથી.' આવું આવું સાંભળી, વિચારીને હું કોઈ નવા જગતને સ્પર્શ કરતી હોઉં એમ લાગતું.

ચોમાસું અમને ખૂબ ગમતું. એમાં યે વરસતા વરસાદમાં ભીંજાવું એ અનેરી અનુભૂતિ બની જતી. ઘણી વાર છત્રી સાથે હોય તો પણ પલળતાં જ જઈએ. એક વાર મેં તેમને કહેલું કે પલળવાથી મને શરદી થઈ જશે, ત્યારે તેમણે કહેલું: 'પ્રકૃતિ સાથે સીધો સંબંધ બાંધો તો કદી બીમાર ન પડો. વરસાદમાં પલળવાથી પ્રકૃતિ સાથેનો સંબંધ જોડાઈ જાય છે—કદાચ ઈશ્વર સાથેનો સંબંધ જોડાઈ જાય છે. વરસાદની ધારાઓ વડે ઈશ્વર આપણા સમગ્ર દેહને સ્પર્શે છે. મારે જો ઈશ્વરની વ્યાખ્યા આપવાની હોય તો એમ કહું કે વરસાદ એ ઈશ્વર છે.' તે દિવસથી હું દર ચોમાસામાં પલળી છું છતાં શરદી નથી થઈ. વરસાદ આવે એટલે રસ્તામાં ચીકણો કાદવ થાય. આવા કાદવમાં ચાલવાની અનોખી મજા છે. એક વાર વરસાદ વરસતો હતો. અમે ભીંજાતાં સ્ટેશને જઈ રહ્યાં હતાં ત્યાં ગુપ્તા સાહેબ લપસ્યા અને પડ્યા! તે ખડખડાટ હસી પડતાં બોલ્યા: 'વાહ! ખરેખર મજા આવી! આવી દુર્લભ ક્ષણ કોઈકના નસીબમાં જ લખાએલી હોય છે!' આ સાંભળી હું મુક્ત રીતે હસી પડતાં બોલી: 'તમારો ઈશ્વર તમને પછાડે પણ છે!'

તે ઊભા થતાં બોલ્યા: 'ના, પછાડતો નથી. તે આપણને ચોમાસામાં જે રીતે ચાલીએ છીએ એ સિવાયની પણ એક શારીરિક સ્થિતિ હોય છે તેનો અનુભવ કરાવે છે!' અમે ફરી હસી પડ્યાં. આવું ચોમાસું અમને ખૂબ ગમતું. અમે રોજ ઈચ્છતાં કે વરસાદ આવે ને ભીંજાઈએ.

ફરી ચોમાસું બેઠું હતું. આજે વરસાદ અંધાર્યો હતો. સ્ટેશને ઊતરી. ગુપ્તા સાહેબ કહે: 'પાંચેક મિનિટ બેસો, પછી સાથે ગામમાં જઈએ.'

'મારે બેસવું નથી, હું અહીં ઠહેલું છું. તમે તમારું કામ પતાવીને આવો.' કહી હું રાવણાના ઝાડ નીચે ઊભી રહી. ઝીણો ઝીણો વરસાદ વરસતો હતો. લોકો આનંદમાં હતાં. પ્રકૃતિમાં એક નવી જ ચમક અને આકર્ષણ હતાં. ધરતીમાંથી માદકતા ફોરી ઊઠી હતી. મારું મન કંઈક આનંદથી અસ્વસ્થ હતું. એક પાંદડું તોડીને હું મારા ગાલ ઉપર ધીમે-ધીમે અવશપણે ફેરવતી ઊભી રહી. મને આજે 'કંઈક' ગમતું હતું. પશ્ચિમ દિશામાં કાળાં ડિબાણ વાદળો ચડી આવ્યાં હતાં. ત્યાં ગુપ્તા સાહેબ

બાલ્યા: 'ચાલો બહેન…' કહી તેમણે આકાશમાં ઝીણી આંખો ફેરવી. વૃક્ષો જોયાં, ચારે દિશામાં નજર નાખીને મારી આંખોમાં દૃષ્ટિ સ્થિર કરી. એક સેકંડ માટે જાણે મારી છાતીમાં સરસર કરતું કંઈક પસાર થઈ ગયું. મને કાંઈક ઈચ્છા વિરુદ્ધ ગમ્યું. મેં સહેજ શરમાતાં, આંખોમાં મસ્તી લાવીને પૂછ્યું: 'શું જુઓ છો આંખોમાં?' તે નજર ખસેડયા વિના જાણે કોઈ અતળ ઊંડાણમાંથી બોલ્યા: ''એ જ!' ત્યાં વાદળમાં ચમકારો થતાં તેમણે નજર ઊંચી કરતાં પૂછ્યું: 'વીજળી થઈ કે નહિ?'

'હા' — મારાથી સહજ બોલી જવાયું. એ અવાજમાં કંપ હતો. મારો અવાજે ય મને કોઈક બીજાનો હોય એવો લાગ્યો. અમે બંને ગામ તરફ ચાલવા લાગ્યાં. રેલવેનો પુલ આવ્યો. 'આજ તો અહીં આ ગાડીના પાટા ઉપર બેસીએ' — કહી હું પશ્ચિમ દિશા તરફ વાદળાં જોતી બેસી ગઈ. જાણે મારી લાગણીઓનો સમૂહ ઢગલો બનીને ઢળી પડયો. ગુપ્તા સાહેબ પણ મારી બાજુમાં બેઠા. તેમના બેસવાથી મને ઊંડે ઊંડે આનંદ થયો. તેમણે કાળાં વાદળાં તરફ જોતાં કહ્યું: 'આજ અનેરો રંગ છે પ્રકૃતિનો.' આંગળી ચીંધતાં બોલ્યા: 'ત્યાં…જુઓ, ઝાંખા ઝાંખા મેઘધનુષના રંગો ગૂંથાતા આવે છે…વરસાદે ય એવો બંધાયો છે કે હમણાં તૂટી પડશે.'

'તૂટી પડે તો બહુ મજા આવે!' હું પથ્થરોને હાથમાં ઉછાળતી બોલી. '—અને પવન કેવો શીતળ છે…' કહી મેં હાથમાંના કાંકરાનો ઘા કર્યો. તેમની આંખમાં મેં નજર પરોવી. મેં તેમની આંખોમાં પહેલીવાર લાગણીનો ભીનો સ્પર્શ જોયો. ફરી કંઈક ઊંડે ઊંડે સરસરાટી થઈ. મેં યાંત્રિકરીતે બીજો કાંકરો લીધો અને તે દૂર ફેંકયો.

'આ ચોમાસું, આકાશ, વૃક્ષો, રસ્તો, વરસાદ અને આપણું અહીં બેસવું એ બધું એકસાથે અનુભવાય છે ત્યારે ખૂબ જ આનંદ થાય છે…' તે બોલતા ગયા. તેમાં એક ડૂબાડી દે તેવો ભાવ ઉદ્ભવ્યો અને અવશપણે મારો જમણો હાથ તેમના હાથ ઉપર મુકાયો. તેમણે કશો વિરોધ ન કર્યો. માત્ર મારી આંખોનાં તળિયાને તપાસતા હોય તેમ એક ક્ષણ જોયું. એક ક્ષણ…બધું જ શાંત!……મૌન! પરંતુ, તે અચાનક ઊભા થતાં સ્મિત સાથે બોલ્યા: 'ચાલો, ગામમાં જઈએ.' હું વચ્ચેથી એકદમ તૂટી ગઈ. હોઠ ઉપર કંઈક પરાણે સ્મિત લાવતાં ઊભી થઈ અને અમે ચાલવા લાગ્યાં. નદીકાંઠે ચીકણો ગારો હતો. હું જાળવી જાળવીને ચાલતી હતી, છતાં સહેજ લપસી અને પડતાં પડતાં બચી ગઈ. ગુપ્તા સાહેબે પાછું વાળીને જોયું. સામેથી નદી ઊતરીને આવતી એક બાઈ આ જોઈને બોલી ઊઠી: 'હમણાં લપસી જાત……!'

—અને અમે બંને એકબીજા સામે જોઈને ખડખડાટ હસી પડયાં. □

હરિઃ ૐ આશ્રમ તરફનું રૂ. ૫૦નું


ચરિત્ર પારિતોષિક

અંક ૬૭૩ માટેનું 'લૉર્ડ લૂઇ માઉન્ટબૅટન'ના લેખક પ્રો. જયન્ત પંડયાને મળે છે.

સ્વ. બટુકભાઈ દીક્ષિત (અનુસંધાન પૃ. ૪૮થી) માર્ગી, વિવાદ ન જગાવે તેવું વલણ અખત્યાર કરતા. વિતંડાવાદના મુદ્દલ શોખીન નહિ, કડાકાભડાકા કરી ટૂંકા માર્ગે ઝડપથી છાપાને સસ્તી લોકપ્રિયતા અપાવવાના તેઓ વિરોધી હતા. સમાજમાં કટુતા, દ્વેષ ફેલાય એવું કાંઈ પણ છાપવાનું તેમને જરા યે રુચતું નહિ. અને બદલે તેઓ શુદ્ધ, પૂર્વગ્રહમુક્ત, અવિકૃત સમાચારો, ઠાવકા માર્ગદર્શક લેખો, સાહિત્યવિવેચન, હળવી કટારો વગેરે આપવાના હિમાયતી હતા ને 'ગુજરાતમિત્ર'ને તે ઢબ તેમણે ચલાવ્યું—વિકસાવ્યું. તેમના આ અભિગમને કારણે જ 'ગુજરાતમિત્ર'ની લોકોમાંની વિશ્વસનીયતા (ક્રેડિબિલિટી) ઉત્તરોત્તર વધતી ગઈ. એ પત્રમા ગપ્પાં, તોડેલા-મરોડેલા સમાચાર, નિન્દાકૂથલી, કોઇને ચડાવવો—કોઈને ઉતારવો એવું કશું આવે જ નહિ એવી લોકોને પ્રતીતિ થતી ગઇ તેની પાછળ સ્વ. બટુકભાઈનો નિરાડંબરી, સ્વસ્થ, તટસ્થ, રાગદ્વેષવિહીન, તંદુરસ્ત વિધાયક અભિગમ અને સ્વભાવની પ્રબળ ભૂમિકા રહેલી હતી. ગુજરાતી પત્રકારત્વનાં આજનાં દિશાદોરથી તેઓ ઘણા વ્યથિત રહેતા. એ ક્ષેત્રનું આજે જે રીતે નર્યું વ્યાપારીકરણ થઈ રહ્યું છે, તે ધર્મ મટીને ધંધો બન્યું છે તેનો તેઓ સતત રંજ અનુભવતા. પત્રકારત્વ એટલે તો કઠોર પરિશ્રમ જ—તે સિવાય ચાલે નહિ, પત્રકાર ઘડિયાળને કાંટે કામ કરી જ ન શકે એ બધી એમની દઢ અને આચારસ્થ કરેલી માન્યતાઓ હતી. પહેલી નજરે તેઓ અતડા ને મિતભાષી લાગે, પણ વસ્તુતઃ ખૂબ સ્નેહાળ, ઉદાર ને વિનોદી પ્રકૃતિના. કોઈ સહકાર્યકર અનિયમિતતા બતાવે તો યે કયારે ય તંત્રી-માલિક કે વ્યવસ્થાપક પાસે જઈને ફરિયાદ કરવાને બદલે એનું કામ પોતે જ કરી લે. આને પરિણામે તેમનો કાર્યબોજ ખૂબ વધતો રહેતો, પણ તે સાથે કાર્યાલયમાંનું વાતાવરણ સતત સૌહાર્દપૂર્ણ રહેતું. કયાંય ઉપરી અને તેની હાથ નીચેના કાર્યકરો જેવા સંબંધો પ્રતીત જ ન થતા અને છતાં કોઈ કયારે ય તેમની અદબ ન ઉથાપતું. પત્રકારો આ કે તે પ્રવાહમાં તણાઈ જાય, કોઈ વ્યક્તિ, જૂથ કે પક્ષના હાથા બને તેની સામે તેમનો ઉગ્ર વિરોધ રહેતો. પત્રકારે જાહેર જીવનમાં સક્રિય ભાગ લેવાથી અળગા રહેવું જોઈએ જેથી તેના રોજિંદા કાર્યમાં વિક્ષેપ ન આવે અને બીજું આંખની શરમને કારણે જાતજાતનાં દબાણોનો ભોગ ન બનવું પડે એવી તેમની દઢ માન્યતા હતી, જેને તેઓ તટસ્થ અને મુક્ત પત્રકારત્વ માટે આવશ્યક લેખતા.

સાહિત્યક્ષેત્રે તેઓ સ્વ. કનૈયાલાલ મુનશીની નવલકથાઓના ભારે રસિયા હતા. કવિતા તરફ એમની ખાસ રુચિ નહિ. સ્વ. મસ્તફકીર, શ્રી જ્યોતીન્દ્ર દવે, શ્રી હરિપ્રસાદ વ્યાસથી માંડીને શ્રી વિનોદ ભટ્ટ સુધીના હાસ્યલેખકોના તેઓ ચાહક. સ્વ. મડિયા અને સ્વ. જયંતી દલાલ સાથે તેમને ઘનિષ્ટ સંબંધો. 'કુમાર' આવે તેવું તરત વાંચી જાય. તેની મુદ્રણ-કલાના પ્રશંસક; જો કે પોતે સીધીસાદી મુદ્રણ-કલાના હિમાયતી; જેમાં વધારે સમય જાય એવી અટપટી મુદ્રણ અને લેઆઉટની વ્યવસ્થાથી તેઓ મહદ્ અંશે વેગળા રહેતા, કેમ કે ક્ષણેક્ષણ સાથે દોટ મૂકતા દૈનિક પત્રકારત્વમાં એ બધું બહુ પરવડે પણ નહિ. તેઓ અખબારના બાહ્ય દેહ કરતાં આંતરસત્વ પર વધારે ભાર મૂકતા.

આમ ગુજરાતના એક સંપૂર્ણ મૂક, પ્રસિદ્ધિના પ્રકાશથી જોજનો દૂર રહી, નેપથ્યે આસનબદ્ધ થઇ અરધી સદી સુધી પત્રકારત્વને ક્ષેત્રે શાંત, નિર્મળ દ્યુતિ પાથરી જનાર, તે દ્વારા માત્ર એક વર્તમાનપત્રની જ નહિ પણ એક પ્રદેશવિશેષના જનસમાજના જીવન-ઘડતરમાં સ્વસ્થ, રાગદ્વેષમુક્ત, સાહિત્યની આછેરી ઝાંયથી વિભૂષિત, વિવાદ-આડંબર-કટુરતાહિન જીવનાભિગમ ને તજ્જન્ય પત્રકારચર્યા વડે સઘન, સુદીર્ઘ યત્કિંચિત્ યોગદાન કરનાર સ્વ. બટુકભાઈ હવે આપણી વચ્ચે નથી. એમના જેવો નખશિખ ને નિષ્ઠાવંત પત્રકાર આ ભૂમિમાં ખરેખર સર્જાયો હતો તેનું યે કદાચ ભાવિ પેઢીઓને વિસ્મય રહેશે. □



ઑસ્ટ્રેલિયાની શોધ

લેખક · પ્રો. ડૉ. રમણલાલ ચી. શાહ

સોળમા સૈકાના અંતમાં ડચ લોકોએ ન્યૂ ગીની ટાપુ શોધી કાઢ્યા બાદ ઈ. ૧૬૦૬-૭માં પોર્ટુગીઝ શોધસફરી ટોરેસથી માંડી કૅપ્ટન કૂક પૂર્વે ઑસ્ટ્રેલિયાની સમગ્ર કંઠાર ખેડી ત્યાં સુધીમાં જુદાજુદા સાહસિક નાવિકો ને શોધસફરીઓએ તેની કંઠારના જે જે ભાગનાં જળ ખૂંદેલાં તે દર્શાવતો આ નકશો છે. તેમાં અ વ ક ડ એ કેટલાક નાવિકો અકસ્માત ઑસ્ટ્રેલિયાની કંઠારના જે ભાગ પાસે પહોંચી ગએલા તે દર્શાવ્યા છે. લેખમાં આ શોધસફરોનો આછેરો ખયાલ આપ્યો છે.

પ્રદેશો જય-વિજયનાના

રાજ્ય, વ્યાપાર અને ભૌગોલિક જ્ઞાનના વિસ્તાર-વિકાસ માટે યુરોપના વાસીઓએ જે શોધ-સાહસો કર્યાં તેની કથા ભવ્ય ને રોમાંચક છે. એ માટે ઇંગ્લૅન્ડ, ફ્રાન્સ, હોલૅન્ડ, બેલ્જિયમ, પોર્ટુગલ, સ્પેઈન, જર્મની, ઈટાલી વગેરે દેશોના સાહસિક નાવિકો યુરોપના સાગર વિસ્તારની બહાર અજાણ્યા મહાસાગરો ખૂંદવા લાગ્યા હતા. આફ્રિકા ખંડ તો તેમની નજીકમાં જ હતો, પરંતુ એશિયાના દેશો, અને ખાસ કરીને તો હિન્દુસ્તાન તરફ તેઓ સવિશેષ આકર્ષાયા હતા, કારણકે દુનિયાના અન્ય દેશોની સરખામણીમાં હિંદુસ્તાન ત્યારે સમૃદ્ધિની ટોચે હતું. આ સાહસવીરોના કાર્યને વ્યવસ્થિત અને પરિણામદાયી બનાવવાને, અને તેને જરૂરી આર્થિક ટેકો આપવા માટે બ્રિટન, હોલૅન્ડ વગેરે દેશોમાં વ્યવસ્થિત યોજનાઓ ઘડાવા લાગી હતી.

ભારતનો જળમાર્ગ શોધવા માટે નીકળેલા દરિયાખેડૂઓએ ભારત ઉપરાંત દુનિયાના બીજા પણ ઘણા દેશ-પ્રદેશોની શોધ કરી. તેમાં ઑસ્ટ્રેલિયાની શોધ પ્રમાણમાં ઘણી મોડી થઈ.

આમ, યુરોપના સાગર-સફરીઓ અને ભૂગોળશાસ્ત્રીઓ પૃથ્વીના ગોળાના નકશામાં નવીનવી વિગતો ઉમેરતા જતા હતા. ત્યારે તેઓએ એક એવું અનુમાન પણ કર્યું કે પૃથ્વીના ઉત્તર ગોળાર્ધમાં જમીનનો જે વિસ્તાર છે તેને સમતોલ રાખવા માટે પૅસિફિક મહાસાગરમાં પણ મોટો ભૂ ભાગ—કોઈ મોટો ખંડ હોવો જોઇએ. અલબત્ત, આ તો માત્ર તેઓનું એક અનુમાન હતું. ઈ. સ.ના તેરમા સૈકામાં માર્કો પોલોએ ચીનથી પાછા ફરતાં સુમાત્રાની સફર કરી ત્યારે તેણે નોંધ્યું હતું કે સુમાત્રાની દક્ષિણે સમુદ્રમાં વિશાળ ટાપુઓ હોવા જોઇએ. પરંતુ એ પણ તેનું એક અનુમાન જ હતું.

દરિયાઈ માર્ગે પૂર્વના દેશોમાં આવનાર યુરોપીય શોધસફરીઓમાં સૌથી પહેલા પોર્ટુગીઝો હતા. પંદરમા સૈકાના અંતભાગમાં તેઓ ભારતથી આગળ વધી છેક ચીન સુધી પહોંચ્યા હતા. તે પછી લગભગ સો વરસે હોલૅન્ડના ડચ લોકો આવ્યા. તેમણે જાવાના પ્રદેશ ઉપર કબજો જમાવ્યો. સોળમા સૈકાના અંત ભાગમાં તેઓએ ન્યૂ ગીની ટાપુ શોધી કાઢ્યો. પરંતુ ત્યારે તેઓને એ ખબર નહોતી કે જાવા અથવા ન્યૂ ગીનીની દક્ષિણે એક અત્યંત વિશાળ ટાપુ આવેલો છે. સત્તરમા સૈકાની શરૂઆતમાં એક ડચ ખલાસી વિલેમ જાન્ઝ પોતાના વહાણમાં ન્યૂ ગીનીના કિનારાની શોધ કરતોકરતો ઑસ્ટ્રેલિયામાં કેપ યૉર્ક સુધી પહોંચી ગએલો, પણ ત્યારે એ પોતે તો એવા જ ભ્રમમાં હતો કે એ ન્યૂ ગીનીની પાસેના કોઈ ટાપુમાં જ છે. ઈ. સ. ૧૬૦૬માં પોર્ટુગીઝ શોધસફરી ટોરેસે ન્યૂ ગીની ને ઑસ્ટ્રેલિયા વચ્ચેની સામુદ્રધુની શોધી કાઢી અને એને પોતાનું નામ આપ્યું ટોરેસ સામુદ્રધુની. તે જ વર્ષે સ્પેઈનની સરકારે મોકલેલા ડિ ક્વીરૉસ (De Quiros) નામના શોધસફરીએ એક ટાપુ શોધી કાઢ્યો. એને એમ લાગ્યું કે પૅસિફિકનો મોટામાં મોટો ખંડ શોધાઈ ગયો. એણે સ્પેઈનના રાજાની યાદગીરી રૂપે ને એના માનમાં એ ટાપુનું નામ આપ્યું 'ઑસ્ટ્રિયાલિયા ડેલ એસ્પિરિતુ સાન્તો.' સ્પેઈનના રાજા ત્રીજા ફિલિપ ઑસ્ટ્રિયાના રાજકુંવર હતા, એટલે નવા શોધાએલા ખંડનું ટૂંકું નામ 'ઑસ્ટ્રિયા-લિયા' અપાયું, જે આગળ જતાં 'ઑસ્ટ્રેલિયા' બની ગયું.

ડિ ક્વીરોસે તો ઑસ્ટ્રેલિયાની વિશાળ ધરતીના પૂર્વ કિનારાનો એક નાનકડો પ્રદેશ જ શોધ્યો હતો. પરંતુ જાવા સુધીની નિયમિત સફરો ચાલુ કરનાર ડચ લોકોનાં વહાણ સમુદ્રમાં વારંવાર પવનોના તોફાનોને કારણે ધસડાતાં ધસડાતાં એક નવા પ્રદેશમાં જઈ પહોંચતાં. એ હતો ઑસ્ટ્રેલિયાનો પશ્ચિમ કિનારો. તેઓએ કટકે કટકે એ કિનારાની શોધ કરી અને એ પ્રદેશને પોતાના નવા વતન તરીકે, ન્યૂ હોલૅન્ડના નામે ઓળખવા લાગ્યા. છેક ઓગણીસમી સદી સુધી ઑસ્ટ્રેલિયા માટે 'ઑસ્ટ્રિયાલિયા' અને 'ન્યૂ હોલૅન્ડ' એ બે નામો પ્રચલિત રહ્યાં.

સત્તરમા સૈકામાં ટાસ્માન નામના બીજા એક ડચ ખલાસીએ ઑસ્ટ્રેલિયાની દક્ષિણે આવેલો એક મોટો ટાપુ શોધી કાઢી તેને ટાસ્માનિયા નામ આપ્યું હતું. સત્તરમા સૈકાના અંત ભાગમાં એક અંગ્રેજ શોધસફરી વિલિયમ ડેમ્પિયરે ઑસ્ટ્રેલિયાના ઉત્તર કિનારાની શોધ કરી હતી. ઈ. ૧૭૭૦માં બ્રિટિશ નૌકાદળના કૅપ્ટન જેમ્સ કૂક ઑસ્ટ્રેલિયાના દક્ષિણ કિનારે 'બોટૅની' ઉપસાગરમાં આવી પહોંચ્યો. એણે ત્યાંથી ઉત્તર કિનારા સુધીની સફર કરી, અને પોતે જે પ્રદેશ મેળવ્યો તેને 'ન્યૂ સાઉથ વેલ્સ'ના નામે ઓળખાવ્યો. આમ બે સૈકામાં ઑસ્ટ્રેલિયાના પૂર્વ, પશ્ચિમ, દક્ષિણ અને ઉત્તર કિનારાની શોધ થતી ગઈ. જેમ્સ કૂકની સફર સાથે ઑસ્ટ્રેલિયાના વિશાળ ખંડની શોધ પૂરી થઈ.

જૂના સમયમાં દરિયાખેડુ શોધસફરીઓ આકાશના તારાઓને આધારે વિવિધ દિશાઓમાં ગતિ કરતા. ઑસ્ટ્રેલિયા અને એની આસપાસનો પ્રદેશ દક્ષિણ દિશાને છેડે સ્વસ્તિક (Southern Cross) અને જયવિજયના તારાઓની દિશામાં આવેલો છે. આથી યુરોપમાં ત્યારે એ પ્રદેશ The Land of the Southern Cross તરીકે ઓળખાયો. આપણી પૌરાણિક માન્યતા પ્રમાણે જય અને વિજય એ બે દક્ષિણ દિશાના દ્વારપાળ દેવો ગણાય છે. એટલે આપણે પૅસિફિક મહાસાગરના એ પ્રદેશને જયવિજયના પ્રદેશ તરીકે ઓળખાવી શકીએ.

વસવાટ

ઑસ્ટ્રેલિયાની ભૂમિ ઉપર વિદેશીઓના વસવાટનો ઇતિહાસ પણ

રસિક છે. ઑસ્ટ્રેલિયાની શોધ થઈ તે પછી પ્રથમ તો યુરોપથી અત્યંત દૂર આવેલા એ વિશાળ ખંડનો ઉપયોગ ભારાડી ગુનેગારોને રાખવા માટે વિચારાયો. એ મુજબ સીડનીમાં સૌ પ્રથમ ૭૦૦ જેટલા દેશનિકાલ કેદીઓને લાવવામાં આવ્યા. ત્યાર પછી પણ વહાણો ભરીને બ્રિટનમાંથી ગુનેગારોને અહીં લાવવામાં આવતા, અને આ પ્રથા બંધ થઈ ત્યાં સુધીમાં તો એક લાખ ત્રીસ હજાર જેટલા ગુનેગારોને ત્યાં વસાવવામાં આવ્યા હતા. અલબત્ત, આ બધા ગુનેગારો કંઈ ક્રૂર અને ઘાતકી ગુના માટે સજા પામેલા નહોતા. એમાં કેટલાક તો ઘેટાંની ચોરી માટે, ચોરીછૂપીથી શિકાર કરવા બદલ યા પોતાના માલિક પાસેથી પગારવધારો માગવા બદલ પણ આવી આકરી સજા પામેલા હતા. આ ગુનેગારોમાં સોળ ટકા જેટલી સ્ત્રીઓ પણ હતી. ગુનેગારોની આ વસાહતમાં સ્ત્રીપુરુષોનું પ્રમાણ સમતોલ નહોતું, એટલે નવી જન્મતી પ્રજાનું પ્રમાણ પણ ઘણું ઓછું હતું.

એ દિવસોમાં આંતરરાષ્ટ્રીય વ્યવહારના કાયદા આજના જેવા ચુસ્ત નહોતા. પાસપોર્ટ, વિઝા વગેરેની માથાકૂટ નહોતી, એટલે ઑસ્ટ્રેલિયા જઈને જેને વસવાટ કરવો હોય તેને માટે કોઈ રોકટોક નહોતી, બલકે તેને પ્રોત્સાહન પણ આપવામાં આવતું. પરંતુ એટલે દૂર અજાણી ભૂમિમાં જઈ વસવા ભાગ્યે જ કોઈ તૈયાર થતું. બીજી બાજુ ઓગણીસમી સદીના આરંભમાં બ્રિટન પોતાની વધતી જતી વસતી માટે ચિંતાતુર બનતું જતું હતું. ગરીબ અને મધ્યમ વર્ગના લોકોને ઑસ્ટ્રેલિયા અને અન્ય બ્રિટિશ સંસ્થાનોમાં વસાવવા માટે જાતજાતની યોજનાઓ તૈયાર કરવામાં આવતી હતી.

વળી, ઑસ્ટ્રેલિયાની વિશાળ ધરતી માટે માણસોની મોટી જરૂર તો હતી જ. પુરુષોના પ્રમાણમાં ત્યાં બહુ જ ઓછી સ્ત્રીઓ હતી તેથી બ્રિટનના અનાથાશ્રમોમાંથી ગરીબ છોકરીઓને ને કારખાનાંઓમાં કામ કરતી ગરીબ અપરિણીત એકલી સ્ત્રીઓને ઑસ્ટ્રેલિયા જવા માટે વિશેષ પ્રોત્સાહન અપાતું. આવી સ્ત્રીઓ ઑસ્ટ્રેલિયામાં આવીને નોકરી કરતી અને પરણતી. આમ, ઑસ્ટ્રેલિયાની આરંભકાળની વસ્તી બહુ ઊંચી કક્ષાની નહોતી, ને એથી એમની સંતતિ પણ એવી જ નીવડે એ સ્વાભાવિક હતું. પણ ઈ. સ. ૧૮૫૦માં ઑસ્ટ્રેલિયામાં સોનું મળ્યું અને લોકો ત્યાં દોડયા. આમાં સારા, સુશિક્ષિત, બાહોશ, શ્રીમંત ને સાહસિક લોકો પણ ઑસ્ટ્રેલિયામાં ઊતરી પડયા. પછી તો ધીરે ધીરે પેલા દેશનિકાલ ગુનેગારો કરતાં યે આ નવા વસાહતીઓની સંખ્યા વધી ગઈ. એમાંના કેટલાકે પાણીના મૂલે ત્યાંની વિશાળ જમીનો ખરીદી લીધી. અને આગળ જતાં એ શ્રીમંત જમીનદારોનું ત્યાંની અર્થવ્યવસ્થા ઉપર વર્ચસ્વ જામી ગયું.

સ્વચ્છ હવાપાણી, સારો ખોરાક અને છૂટીછવાઈ વસતી એટલે ઑસ્ટ્રેલિયામાં આરોગ્ય સારું રહે એ સ્વાભાવિક હતું. પરિણામે મરણપ્રમાણ ઘટતું અને જન્મપ્રમાણ વધતું ગયું. એથી પણ વસ્તીમાં સારો એવો વધારો થઈ ગયો. પરંતુ ૧૯૧૪ થી '૧૮ના પ્રથમ વિશ્વયુદ્ધની ખુવારીમાં ઑસ્ટ્રેલિયનોની સંખ્યા પણ મોટી હતી. એથી વસ્તી ઘટી જતાં માણસોની ફરી જરૂર વધી પડી. વળી આ દરમિયાન ત્યાં રંગદ્વેષની નીતિ પણ આવી ગઈ હતી. કાળા મજૂરો એમને જોઈતા નહોતા. આરંભના ગુનેગાર વસાહતીઓએ ઘણા આદિવાસીઓને મારી નાખ્યા હતા યા દૂર જંગલોમાં ધકેલી દીધા હતા. એથી પણ વસ્તીનો પ્રશ્ન ઘણો વિકટ બની ગયો હતો. એવામાં બીજું વિશ્વયુદ્ધ આવ્યું. તેમાં પણ ઑસ્ટ્રેલિયાની ઘણી ખુવારી થઈ. અંતે ૧૯૪૫માં નવી નીતિ અપનાવવી પડી. હવે માત્ર બ્રિટનના જ નહિ, ઇટાલી, ફ્રાંસ, ગ્રીસ, હોલૅન્ડના માણસોને પણ આવકારવામાં આવ્યા. અને એ રીતે કટકે-કટકે એવા વીસ લાખ માણસો ઑસ્ટ્રેલિયામાં આવીને વસ્યા. આજે ઑસ્ટ્રેલિયાની વસતી લગભગ દોઢ કરોડ જેટલી છે. અલબત્ત, એમાં અંગ્રેજોની બહુમતી છે ને અંગ્રેજી એની રાષ્ટ્રભાષા છે, પરંતુ ઑસ્ટ્રેલિયાની હાલની પ્રજા એ નિર્ભેળ બ્રિટિશ ન રહેતાં બ્રિટિશ બહુમતિવાળી ભિન્નભિન્ન યુરોપીય પ્રજામાંથી નીપજેલી વર્ણસંકર પ્રજા છે.

આમ ઑસ્ટ્રેલિયાનો ઇતિહાસ ઉખેળતા અમે પર્થ શહેર તરફ દોડી રહ્યા હતા. યોગેશે પૂછ્યું: 'કેટલા દિવસનો કાર્યક્રમ છે, પર્થનો?'

'બસ, કાલે સવારે બાર વાગ્યાની ફ્લાઈટ પકડી સીડની જવું છે.'

'એટલી શી ઉતાવળ છે? પર્થમાં ઓછામાં ઓછા ચારપાંચ દિવસ તો તમારે રહેવું જોઇએ. અમારે તો પોતાનો ઘરનો વેપાર છે એટલે સમયનું કોઈ બંધન નથી. વળી, અહીં પર્થમાં કોઈ ભારતીય મહેમાન આવે તો અમને બહુ જ આનંદ થાય છે. એને માટે તો અમે અહીં ઝંખતા હોઇએ છીએ.'

'પણ મારી પાસે સમય ઓછો છે. પરમ દિવસે સીડનીમાં અમારી પી ઈ એન કૉંગ્રેસના પ્રતિનિધિઓનું પહેલું મિલન છે. એ પહેલાં મારે ત્યાં પહોંચવું જોઇએ.'

'તો કાલે રાતની ફ્લાઈટમાં જાઓ. કાલે રવિવાર છે એટલે અમારે બીજું કંઈ રોકાણ પણ નથી. તમે આવવાના છો એમ જાણીને અમે અહીં ફરવાનો કાર્યક્રમ વિચારી રાખ્યો છે.'

રાતની ફ્લાઈટમાં ઉજાગરો થાય. વળી, અર્ધી રાતે હું સીડની પહોંચું ત્યારે એ અજાણ્યા શહેરમાં મારે એવે ટાણે એકલા અટવાવું પડે'.

'અરે અહીં ઑસ્ટ્રેલિયામાં અર્ધી રાતે યે ક્યાંય જોખમ નથી. ભારતમાં હોય છે તેવું અહીં નથી. અહીં સૌ ખાધેપીધે સુખી છે એટલે ગુનાખોરીનું પ્રમાણ ઓછું છે. અજાણ્યા માણસોને ઑસ્ટ્રેલિયામાં કંઈ તકલીફ ન પડે. વળી, ઑસ્ટ્રેલિયાના લોકો પણ મળતાવડા છે, બ્રિટિશો જેવા અતડા નહિ; તુરત તમને મદદ કરે.' યોગેશની ઘણી ઈચ્છા હતી કે હું પર્થમાં વધુ રોકાઉં પણ મારે માટે તે શક્ય નહોતું.

અમારી ગાડી પર્થ શહેરમાંથી પસાર થઈ. શનિવાર હોવાને લીધે નગર શાંત હતું. ઊંચાં બહુમાળી મકાનો તો હવે બધે જ જોવા મળે છે. પ્રમાણમાં પર્થમાં ઓછાં હતાં. નાનકડી સ્વૅાન નદી ઓળંગી અમારી ગાડી આગળ ચાલી.

પર્થ એ વેસ્ટર્ન ઑસ્ટ્રેલિયાનું મુખ્ય શહેર છે, પણ યુરોપ-અમેરિકાનાં શહેરો જેવું ગીચ નહિ. ગોરા લોકો ઘણા, પરંતુ ઋતુઓ ભારતના જેવી, એટલે ઑસ્ટ્રેલિયાના બીજા ભાગો કરતાં વેસ્ટર્ન ઑસ્ટ્રેલિયામાં ભારતની જેમ તડકો ઘણો પડે, આથી કેટલાક ગોરા લોકોની ચામડી પર નાનાંનાનાં રતુમડાં કે કાળાશ પડતાં ઘેરાં ટપકાં જોવા મળે.

પ્રાદેશિક દૃષ્ટિએ વેસ્ટર્ન ઑસ્ટ્રેલિયા એ આ ખંડનું સૌથી મોટું રાજ્ય છે. લગભગ દસ લાખ ચોરસ માઈલ એટલે કે ઑસ્ટ્રેલિયાનો લગભગ ત્રીજા ભાગનો પ્રદેશ આ રાજ્યમાં આવેલો છે. પણ આ પ્રદેશમાં રણવિસ્તાર ઘણો મોટો અને નદીઓ ઓછી અને નાની છે, ને ચોમાસા પછી તો એનાં પાણી પણ સુકાઇને છૂટાંછવાયાં તળાવડાં જેવાં બની રહે છે. સ્વૅાન એ અહીંની મુખ્ય નદી છે. વેસ્ટર્ન ઑસ્ટ્રેલિયાની પશ્ચિમનો સમુદ્રકિનારો હિંદી મહાસાગરમાં આવેલો છે. આ સમુદ્રકિનારો છીછરો અને રેતાળ છે. ખેતીમાં મુખ્યત્વે અહીં ઘઉં ઉગાડાય છે, અને ઘઉંની આ પેદાશમાં વેસ્ટર્ન ઑસ્ટ્રેલિયા દુનિયાનો એક મોટામાં મોટો પ્રદેશ ગણાય છે. બીજા વિશ્વયુદ્ધ વખતે અને ત્યાર પછી મુંબાઈમાં બ્રિટિશ સરકારે આણેલા ઑસ્ટ્રેલિયાના ઘઉં લોકોને માફક નહોતા આવ્યા ને એ ખાવાથી લોકોને ચામડીના રોગો થતા હતા તેની મને યાદ આવી ગઈ. પણ હવે તો આ ઑસ્ટ્રેલિયન ઘઉંની જાત ઘણી સુધરી ગઈ છે.

પર્થથી બારેક માઈલ દૂર સમુદ્રકિનારે આવેલું ફ્રીમૅન્ટલ બંદર એશિયા કે આફ્રિકાથી આવતાં જહાજો માટેનું આ ખંડનું પહેલું અને ઑસ્ટ્રેલિયાથી પાછા ફરતાં છેલ્લું બંદર છે. (ચાલુ)

અર્વાચીન ગુજરાતી સાહિત્યનો આસ્વાદ

લેખક : પ્રો. ડૉ. મધુસૂદન પારેખ

● પ્રકરણ ૩ (ચાલુ): અર્વાચીનોમાં આદ્ય દલપતરામ ●

પ્રકૃતિકાવ્યો

દલપતરામે ઈ. ૧૮૪૫માં 'બાપાની પીપર' લખી ત્યારથી અર્વાચીન ગુજરાતી કવિતાનો આરંભ થયો. કવિ યજમાનના કામે વઢવાણથી લીમડી જતાં વૈશાખના પ્રખર તાપથી ખૂબ સંતાપ પામ્યા. તે સમયે લીમડી પાસે વર્ષો પૂર્વે ભલગામડાના લોકબાપાએ વાવેલી પીપરે તેમના તનમનના થાક ઉતાર્યો. કવિએ શાંતિદાન આપનારી એ બાપાની પીપરને કવિતામાં અમર કરી. દલપતરામની અને ગુજરાતી ભાષાની પણ એ પહેલી પ્રકૃતિ-કવિતા. એમાં પીપરનું ઉપમાયુક્ત વર્ણન હોવા ઉપરાંત કવિચિત્તનાં આછાં સંવેદનો પણ છે—

> બાપાની પીપર બડી, પૃથ્વી પર પ્રખ્યાત,
> પ્રસિદ્ધ જેવો પ્રાગવડ, વિશ્વ વખાણે વાત;
> વિશ્વ વખાણે વાત, પીપળો પ્રભાસ પાસે,
> કદંબ જમુના કુલ, કલ્પતરુઓ કૈલાસે;
> દાખે દલપતરામ, ઉપમા એ આપ્યાની,
> ભલે થઈ ભૂ માંહી, બડી પીપર બાપાની.

કવિએ આ રચનાને 'ફારસ' કેમ ગણાવી હશે તેનું આશ્ચર્ય છે.

દલપત નર્મદ વચ્ચે કાવ્યની રચનાની બાબતમાં સ્પર્ધા ચાલી તે નિમિત્તે બંનેએ સંખ્યાબંધ પ્રકૃતિકાવ્યો રચ્યાં છે. પણ નર્મદમાં ઊર્મિનો અંશ વધુ પ્રબળ છે. પ્રકૃતિને વિષય કરીને એ પોતાના દિલનું દર્દ અથવા અંતરનો ઊછળતો ઉત્સાહ ગાય છે. શૃંગાર તેને ઇષ્ટ છે. અંગ્રેજી કવિતાનો તેનો અભ્યાસ પણ તેની રચનાઓમાં દેખાય છે. દલપતરામ ઊર્મિલ નથી. પ્રમાણમાં ઠંડી પ્રકૃતિ ધરાવનારા એ કવિમાં આત્મલક્ષિતા ઓછી છે. વસ્તુલક્ષિતામાં એમની કલમ વિશેષ રાચે છે. દલપતરામ એ સંક્રાન્તિકાળના અનેક મહાનુભાવો અને કવિઓની જેમ તાજા સ્થપાએલા અંગ્રેજી રાજ્યના પ્રશંસક હતા. ફાર્બસ, કર્ટિસ અને એવા અન્ય ઉદાર વૃત્તિવાળા અંગ્રેજોના સતત સંપર્કને કારણે દલપતરામ અંગ્રેજી રાજ્ય પ્રત્યે વધુ આસ્થાવાળા ને ગુણાનુરાગી બન્યા હોય તો તે સ્વાભાવિક છે. એમનાં પ્રકૃતિકાવ્યોમાં ઇષ્ટ રાજપલટો જ વારંવાર નિમિત્ત બને છે :

> જ્યાં બિંબમાં સૂરજ આવી પેઠો, તે જેમ સિંહાસન ભૂપ બેઠો;
> દશે દિશામાં કિરણો ચલાવ્યાં, સંગ્રામમાં લશ્કર શું સિધાવ્યાં :
> રંગે દીસે છે રવિદેવ રાતો, જાણે થયો છે ધરી ક્રોધ તાતો;
> અંધેર આ લોકનું ટાળવાને, આવ્યો પ્રતાપી નૃપ પાળવાને.

સૂર્યોદયનું વર્ણન કરતાં કવિ કહે છે :

> સુરાજને સર્વ જનો ચહાય, કુરાજનું નામ લીધે દુઃખાય,
> જે રાજમાં જ્ઞાન વિશેષ વાધ્યું, તે રાજમાં ઉત્તમ રાજ સાધ્યું;
> ઓ વિશ્વકર્તા, વરદાન દેજો, આવું રૂડું રાજ સદા રહેજો.

એ યુગમાં સુરાજ્યનો મહિમા હતો. સ્વરાજની કલ્પના હજુ લોકમાનસમાં ઊગી નહોતી. અંગ્રેજી રાજ્યમાં પથરાતાં જ્ઞાનકળાનાં અજવાળાં અને પ્રજાની સલામતી પ્રત્યક્ષ નિહાળી ગુજરાતના તે સમયના બંને અગ્રણી કવિઓએ પોરસાઈને અંગ્રેજી રાજ્યને વધાવી લીધું હતું. દલપતે 'હરખ હવે તું હિંદુસ્તાન'નું સુપ્રસિદ્ધ કાવ્ય આપ્યું. નર્મદે ગાયું કે—'દેશમાં આનંદ ભયો, જય જય વિક્ટોરિયા!' અલબત્ત નર્મદ–દલપત બંને થોડા સમયમાં 'સુરાજ્ય'નાં અનિષ્ટો પણ પ્રત્યક્ષ નિહાળી શક્યા હતા. નર્મદની પ્રજા પરાધીનતાની વેદના 'હિંદુઓની પડતી' જેવા કાવ્યમાં નીતરે છે. દલપતરામ પણ અંગ્રેજી રાજ્યના અંધેર પ્રત્યે સભાન છે :

> લાંચિયાનું ગયું રાજ્ય તો ય નથી ગઈ લાંચ,
> જુલમી રાજા ગયા ને જુલમ જાહેર છે.
> અને— આંધળો અમલ કાઢ્યો તથાપિ અંધેર છે.

તેમ છતાં સમગ્રપણે દલપતરામને અંગ્રેજી રાજ્યઅમલ ઈષ્ટ છે. એ યુગમાં સહુ કોઈને એ અમલ ઇષ્ટ લાગતો હતો. એટલે દલપતરામે પ્રકૃતિકાવ્યોમાં પણ અંગ્રેજોના સુરાજ્યનો મહિમા કર્યો. આ પ્રકારનાં ઋતુકાવ્યોમાં કેટલીક મનોહર ઉપમાઓ, સુરેખ ચિત્રો અને અભિવ્યક્તિની સરળતા ધ્યાન ખેંચી રહે છે. ચંદ્રોદય જોઈ કવિ કલ્પે છે :

> શશાંકનું સુંદર બિંબ જોઈ કહે વિચારી કવિ એક કોઈ,
> પાતાળમાં શું નટવો નચાવ્યો, તેણે જ આ થાળ ઊંચો ઉડાવ્યો!

એમનાં પ્રકૃતિ-કાવ્યોમાં 'રણમલસરનું વર્ણન', મુંબઈ વિષેના કાવ્યમાં સમુદ્રનું વર્ણન એમની પ્રકૃતિ-કવિ તરીકેની શક્તિ પ્રકટ કરનારાં કાવ્યો છે. રણમલસરમાં મંદિરો અને તેની ધજાઓનું પ્રતિબિંબ જોઈ કવિ કલ્પના કરે છે :

> દીસે દેવળોનાં પ્રતિબિંબ કેવાં,
> નિધિ તીર નાવો રહે સ્થિર એવાં;
> ધજાઓ દીસે નીરમાં દેવળોની,
> સજી જેમ સાક્ષાત શોભા સઢોની.

સરોવરના તરંગો જોઈ તે કલ્પે છે :

> કહું શોભિતા નીર કલ્લોલ કેવા,
> બને વાણી કેરા બહુ છંદ જેવા.

'સમુદ્રવર્ણન'માં ભરતીનું ચિત્ર કવિ આલેખે છે :

> ઘોડા સમાન ધૂમતા જળ-લોઢ આવે.

અને સમુદ્રમાં નૌકાઓ જોઈ કવિના ચિત્તમાં સુંદર ચિત્ર સ્ફુરે છે :

> નૌકાની માળ કરી કંઠ ધરી ઉમંગે,
> ઊર્મિ દીસે તિલકરેખ અનેક અંગે.

ઋતુવર્ણનોમાં વસંતનું વર્ણન ચિત્રાત્મક છે.

'રૂડો જુઓ, આ ઋતુરાજ આવ્યો, મુકામ તેણે વનમાં જમાવ્યો'

વિધાતાને ઠપકાની સુંદર પંક્તિઓ પણ આ વર્ણનમાં જ છે :

> 'અરે ન કાંધાં ફૂલ કેમ આંબે, કર્યાં વળી કંટક શા ગુલાબે?
> સુલોચનાને શિર અંધ સ્વામી, ખરે વિધાતા તુજ કૃત ખામી.'

આકાશ અને કાળની ગરબી, પૃથ્વી રૂપી નટડીની ગરબી અને બીજી સંખ્યાબંધ ગરબીઓમાં એમની મનોહર અને ક્યારેક તો સમર્થ કલ્પનાશક્તિનો આહ્લાદક પરિચય મળી રહે છે. અલબત્ત એમની બોધાત્મકતા, તુચ્છ પદાર્થોનાં અતિ સામાન્ય વર્ણનોમાં તેમની વૃત્તિ, ગદ્યનો અનુભવ કરાવે તેવી અનેક પદ્યપંક્તિઓ, વર્ણનોમાં દાદાશ અને વસ્તુલક્ષિતા—આ બધી તેમની તરી આવતી મર્યાદાઓ છે. તેમ છતાં કદીકદી એમની વર્ણનછટા અદ્ભુત રીતે પ્રકટ થાય છે. નીચેની એક કડી તેમના વૃત્તકૌશલનું, પદપસંગીનું તેમ જ ઉન્નત કલ્પનાનું સમર્થ ઉદાહરણ બની રહે તેવી છે :

> મેઘ તણી ઘનઘોર ઘટા, શિર શુદ્ધ જટાજુટ જેમ કરે છે,
> ઈન્દ્રધનુષ્ય ઉદ્યોત અમૂલ્ય ત્રિપુંડ્રક તુલ્ય ઠકાવ કરે છે;

ગંગા સહસ્રમુખી સમ શોભિત સર્વ દિશા જલઝર્ણું ઝરે છે,
આ ગિરનાર ગિરિ ગુણોનો નિધિ આનણમાં શિવરૂપ ધરે છે.

દલપતરામની દીર્ઘ કાવ્યકૃતિઓ

દલપતરામની દીર્ઘ કાવ્યકૃતિઓનાં પ્રયોજન અને પ્રકારની દૃષ્ટિએ ભાગ પડે છે. એમનામાં વ્રજભાષાના કાવ્યગ્રંથોની રીતિએ ઊંડાં મૂળ નાખ્યાં હતાં. એટલે શબ્દ-અર્થની તેમજ અલંકારની ચમત્કૃતિ, ઝડઝમક, આકારનું ચાતુર્ય આ બધાં લક્ષણો તેમની નાની-મોટી કવિતામાં ધ્યાન ખેંચી રહે છે. પોતાનો આ કસબ 'વિજયવિનોદ', 'હંસ કાવ્યશતક', 'ફારબસ વિલાસ' જેવાં દીર્ઘ કાવ્યોમાં તેમણે મોકળાશે પ્રકટ કર્યો છે. 'રાજવિદ્યાભ્યાસ' તથા 'વિજયક્ષમા' પણ તેમાં ઉમેરી શકાય.

કવિ શેરસટ્ટામાં સપડાએલા ત્યારે આર્થિક ભીંસના સમયે તેમણે સો કવિતાનું એક પુસ્તક રચીને ઠક્કર હંસરાજ કરમશીને ભેટ ધરેલું તે જ 'હંસ કાવ્યશતક'. તેમાં હંસરાજની પ્રશસ્તિ, શિક્ષણનો મહિમા, ઊખાણાત્મકતા, દૃષ્ટાંતકથાઓ ઇત્યાદિ શોભિતા મુજબનાં છે.

વાંચિ શકે ન નિચો પડી ચોપડિ, ચોપડિ રોટલિ ચોપડિ આવે.

અને

વાણીએ વેપાર થાય, વાણીએ ઉગાર થાય.

જેવી પ્રસિદ્ધ શ્લેષાત્મક પંક્તિઓ આ કાવ્યમાં છે.

'રાજવિદ્યાભ્યાસ' અને 'વિજયક્ષમા' રાજાઓને પ્રજાવત્સલ કરવા માટે અને રાજાઓને શિક્ષણનું મહત્ત્વ ઠસાવવા માટેનાં કાવ્યો છે. 'રાજવિદ્યાભ્યાસ'માં કવિ પાસેથી 'અંધેરી નગરી ને ગંડુ રાજા'ની પ્રસિદ્ધ કથા આપણને મળી છે. 'વિજય ક્ષમા'માં પણ ભોળા અભણ, વિવેક વિનાના કણબીઓની સુલતાન અને તેની બેગમ સાથેની મુલાકાતની કથા સારું એવું મનોરંજન પૂરું પાડે છે. દલપતરામની હાસ્યકાર તરીકેની શક્તિનો અને લોકસંપર્કમાંથી સંચિત કરેલી અનુભવકથાઓનાં રસપ્રદ દૃષ્ટાન્તો પણ અહીં મળે છે. હાસ્યરસ ઉપરાંત 'વિજય ક્ષમા'માં એમની વર્ણનશક્તિનો પણ ચમત્કાર વરતાય છે. રાજાના બગીચાને યજ્ઞભૂમિનું રૂપક આપી તેનું ચિત્રાત્મક વર્ણન કરતાં કવિ કલ્પે છે :

પક્ષીનો પોકાર ચાર વેદના ઉચ્ચાર છે.

એવું જ યથાર્થ વર્ણન પંખી ઉડાડતી ખેડૂત કન્યાનું છે :

કચિ લીધેલો કાછડો, છૂટો છેડો છેક;
પોચ્યો પગની પાનિયે, વરવો વસ્ત્ર વિવેક.
લટકે લીરા લૂગડે, અંગે અધમણ મેલ;
ચૉરી ચડતાં ચોટલે, ધર્યું હશે ધૂપેલ.

'ફાર્બસ વિલાસ' પણ કવિના અનુભવ-સમૃદ્ધ અને વિનોદી ચિત્તનો પરિચય આપનારી કૃતિ છે. ફાર્બસ વિષેનાં તેમનાં બે કાવ્યો તેમની કવિપ્રકૃતિનાં બે જુદાં પાસાં પ્રકટ કરે છે.

ફાર્બસ વિષેનાં બે કાવ્યો

ફાર્બસ અને દલપતરામ થોડાક માસ માટે સાબરકાંઠામાં સાથે હતા તે સમયે ઈડરમાં ફાર્બસે ગુજરાતનું પહેલું કવિ-સંમેલન યોજ્યું. એમાં પણ સહાયક દલપતરામ હતા. ઈ. ૧૮૫૨માં કવિએ એ સંમેલનનો કલ્પનામિશ્રિત હેવાલ 'ફાર્બસ વિલાસ' નામના દીર્ઘ કાવ્ય દ્વારા પ્રકટ કર્યો. એમણે યોગ્ય રીતે જ આ કાવ્યની 'કવિતા વિલાસ' તરીકે ઓળખ આપી છે. ફાર્બસને ગુજરાતના લોકસાહિત્ય ને ઇતિહાસ વિષેની માહિતી માટે આ સંમેલન આવકાર્ય બની રહ્યું. આ સમગ્ર કાવ્ય ફાર્બસના ઉમદા વ્યક્તિત્વ ને તેની કાવ્યરસિકતા પર પ્રકાશ નાખે છે. વદુપરાંત દલપતરામની કાવ્યચાતુરીનો, તેમની હાજરજવાબીનો અને તેમના માર્મિક વિનોદનો પણ આ દીર્ઘ કૃતિમાંથી પરિચય મળી રહે છે. આ કૃતિમાં વચમાં વચમાં ગદ્યનો પણ સયુક્તિક પ્રયોગ તેમણે કર્યો છે અને થોડીક નાટ્યાત્મકતા પણ આણી છે. 'શરણાઈવાળો', 'ઊંટ કહે', 'નમેલી ડોશી' જેવાં કાવ્યકથાનકો આ કાવ્યમાં કવિઓનાં દૃષ્ટાંત રૂપે રજૂ થયાં છે. 'શુક-સારિકા', 'ફેકડનું નાડું' વગેરે પણ આ જ પ્રકારનાં બોધક ને મનોરંજક કાવ્યકથાનકો છે. બાળકાવ્યોના સંગ્રહ માટે 'ફાર્બસ વિલાસ'માંથી ઘણી સામગ્રી મળી શકે. આ કૃતિ આજે પણ આસ્વાદ્ય બની રહે તેવી રસસમૃદ્ધિ તેમાં છે.

'ફાર્બસ વિરહ'માં કવિમિત્ર ફાર્બસના મૃત્યુ અંગેના શોકોદ્ગાર છે. ગુજરાતી કવિતામાં અનાયાસે અહીં પ્રથમવાર કરુણપ્રશસ્તિનું સ્વરૂપ પ્રકટયું છે. દલપતરામની સદ્ગત મિત્ર વિષેની સદ્ભાવના ને વિરહોર્મિ એમાં સચોટ અભિવ્યક્તિ પામી છે. દલપત–ફાર્બસ વચ્ચે આત્મીયતાનો સંબંધ હતો. ફાર્બસનો મુંબાઈમાં છેલ્લો મંદવાડ હતો. ત્યાંથી તે હવાફેર માટે પૂના જવાના હતા. દલપતરામને તેમણે અમદાવાદ જવા વિદાય આપવા માંડી. દલપતરામની આંખમાં આંસુ ઊભરાયાં ને ફાર્બસે તેમને દિલાસાનાં વેણ કહ્યાં : દિલગીર શાને થાઓ છો ? વળી વહેલા મળીશું. હું તમને તેડાવીશ. પણ એ મેળાપ છેલ્લો જ નીવડયો. દલપતરામ એ વેણ યાદ કરીને 'ફાર્બસ વિરહ'માં ઊંડો શોકજ્વાલામાં એ સન્મિત્રને આપે છે :

ઉચર્યો કદી ન એક, જૂઠો દિલાસો જીભથી,
છેલ્લી વારે છેક, ફોગટ બોલ્યો, ફારબસ !
'દિલ ન થશો દિલગીર, વ્હેલેરાં મળશું વળી;'
વદિને એવું, વીર ! ફરી ન મળિયો, ફારબસ !

ફાર્બસનું સ્મરણ સ્વપ્નમાં ય તેમને થયા કરે છે :

વા'લા તારાં વેણ સ્વપ્નામાં પણ સાંભરે;
નેહ ભરેલાં નેણ, ફરી ન દીઠાં, ફારબસ !

મિત્રવિયોગથી ઘાયલ એમનું ચિત્ત પ્રીતિની વિફલતાનો ઉદ્ગાર કરી ઊઠે છે :

પ્રીત કરી સુખ પામવા, ઊપજ્યો ખેદ ખચીત;
પ્રીત ન કરશો કોઈશું; પ્રીત-રીત વિપરીત.

અલબત્ત આ કાવ્યમાં પણ તેમની શબ્દચાતુરી, અપ્રસ્તુત વર્ણનવિગતો, પામર અર્થચમત્કૃતિ ઈત્યાદિ તેમની પ્રકૃતિગત મર્યાદા તો છે જ પણ એ બાદ કર્યા પછી પણ કાવ્ય કરુણપ્રશસ્તિનું એક સુંદર ઉદાહરણ બની રહે છે. દલપતરામ અહીં અજાણતાં કાવ્યસ્વરૂપનો એક નવો પ્રદેશ ખેડે છે. એમનું આ નવપ્રસ્થાન છે.

'વિજય ક્ષમા' અને 'રાજ વિદ્યાભ્યાસ'ની જેમ 'જાદવાસ્થળી', 'ગુર્જરી વાણી વિલાપ' ઈત્યાદિ દીર્ઘ હેતુપ્રધાન રચનાઓ છે. 'જાદવાસ્થળી'માં કેફને કારણે જાદવો કેવા કપાઈ મર્યા તેનું વસ્તુ નબળી રીતે રજૂ થયું છે. 'ગુર્જર વાણી વિલાપ' એ કવિની સ્મરણીય કૃતિ એટલા માટે છે કે તેમાં એમનો માતૃભાષા પ્રત્યેનો પ્રેમ અને પ્રજાના ઉત્થાન માટેનો ઉત્સાહ પ્રકટ થાય છે. કર્ટિસની પ્રેરણાથી ગુજરાતી ભાષાને તેનું યોગ્ય સ્થાન મળે તે માટે અને વિદ્યાવૃદ્ધિ કાજે કવિ મહારાજા ખંડેરાવ ગાયકવાડના દરબારમાં વડોદરા પહોંચ્યા. કવિતાથી મહારાજાને રીઝવ્યા અને કુશળતાપૂર્વક પોતાની કેફિયત રજૂ કરી :

ગિરા ગુજરાતી તણા પીયરની ગાદી પામી,
મુખ્ય તો મરાઠી માની, દેખી દુઃખી દિલ છું.
અરજી તો આપી, દીઠી મરજી તથાપિ નહિ,
આવ્યો આપ આગળે ઉચરવા અપીલ છું.
માંડતાં મુકદમાને ચાર જણ ચૂંથશે તો,
શું થશે તે શોચનાથી સાહેબ શિથિલ છું;
દાખે દલપતરામ ખુદાવંદ ખંડેરાવ,
રુડી ગુજરાતી વાણી રાણીનો વકીલ છું.

(અનુસંધાન પૃષ્ઠ ૬૧ પર)

સત્યજિત રાય રચિત એક ધારાવાહી રહસ્યકથા
અનુવાદક · સુકન્યા ઝવેરી

બાદશાહી અંગૂઠી

(ગતાંકથી સંપૂર્ણ)

બાપુજીએ પોતાના ટ્રાવેલિંગ ક્લૉકમાં પાંચ વાગ્યાનો ઍલાર્મ મૂક્યો હતો, પણ મારી ઊંઘ તો તે પહેલાં જ ઊડી ગઈ હતી. ધીરેધીરે સૌ જાગ્યા. વહેલા જ ઊપડી જવાનું હતું એટલે ઉતાવળે પરવારીને ચા-નાસ્તો કરી લીધો. સાથે કંઈક ખાવાનું લઈ જવાની વાત નીકળતાં શ્રીવાસ્તવે કહ્યું : 'લક્ષ્મણ ઝૂલામાં પુલની પાસે જ એક દુકાન છે ત્યાં ગરમાગરમ સરસ પૂરીશાક મળે છે એટલે સાથે કંઈ લેવાની જરૂર નથી.'

લક્ષ્મણ ઝૂલા વધુ ઊંચાઈ પર હોવાથી રસ્તામાં ઠંડી લાગશે જ એમ ધારી બધા ગરમ સ્વેટર વગેરે પહેરી લઈ તૈયાર થઈ ગયા. પોણા છએ બંને ટૅક્સી આવી ગઈ. વિલાસબાબુ પણ અમારી સાથે જ આવવાને તૈયાર થઈ ગયા હતા. બેમાંથી કઈ ટૅક્સીમાં બેસું તે હું વિચારતો હતો ત્યાં વનવિહારીબાબુએ મને કહ્યું : 'ત્રણત્રણ જણના ભાગમાં આપણે વહેંચાઈ જવું પડશે, તપેશબાબુ. તમારી જો ઇચ્છા હોય તો મારી સાથે ચાલો. રસ્તામાં જાનવરો વિષે હું તમને ઘણી નવીનવી વાતો કહી શકીશ.'

'હું એકલો જ કેમ? ફેલુદાને પણ એમાં રસ પડશે જ.'

ફેલુદાએ પણ એ કબૂલ્યું ને અમે ત્રણેય એક ગાડીમાં તથા બાપુજી, શ્રીવાસ્તવ તથા વિલાસબાબુ બીજી ગાડીમાં ગોઠવાઈ ગયા. શ્રીવાસ્તવ અને વિલાસબાબુ વચ્ચે તો જાણે દોસ્તી જામી ગઈ હતી.

વનવિહારીબાબુએ એમનું પેલું લાકડાનું મોટું બૉક્સ પણ ડ્રાઈવરની બાજુમાં મુકાવી દીધું. એમાં એમના પેલા અજગરને લાવવાનો એમનો ખયાલ હતો. પાછલી સીટમાં વચ્ચે ફેલુદા અને એની બંને તરફ હું તથા વનવિહારીબાબુ બેઠા. બરાબર સવા છ વાગ્યે અમારી બંને ટૅક્સી એકસાથે ઊપડી. પાંચેક મિનિટમાં તો અમે શહેર બહાર આવી ગયા. સામે દૂર પહાડો દેખાતા હતા. જમણી બાજુ વચ્ચે વચ્ચે ગંગા ડોકિયાં કરી રહી હતી. મારું મન ખુશખુશાલ થઈ રહ્યું હતું. વનવિહારીબાબુ પણ ખૂબ આનંદમાં આવી કોઈ ગીત ગણગણતા હતા. કદાચ એ પેલા અજગરની પ્રાપ્તિની આશામાં આનંદતા હતા.

પણ ફેલુદા ચૂપચાપ બેઠા હતા. શું યે વિચારતા હશે! પેલી અંગૂઠી એમની પાસે જ હશે? જાણી શકાય તેમ નહોતું. કારણ, વનવિહારીબાબુની સામે એ સિગારેટ નહિ પીએ તેની મને ખાતરી હતી.

બાપુજીની ટૅક્સી અમારી સાથે જ આગળ દોડી રહી હતી. એના પાછળના કાચમાંથી શ્રીવાસ્તવ અને વિલાસબાબુ વાતોમાં ગુલતાન દેખાતા હતા. કદાચ શ્રીવાસ્તવે વિલાસબાબુને પોતાની હસ્તરેખાઓ બતાવવાની તક ઝડપી લીધી હશે.

એકાએક વનવિહારીબાબુ બોલ્યા : 'અત્યારે તો ઝાકળથી ભીના આ રસ્તા પર ધૂળ ઊડતી નથી, પણ તડકો ચડતાં એ ઊડવા માંડશે. મને લાગે છે કે આગલી ગાડીને આપણે વધુ આગળ જવા દઈએ! ને પછી તુરત એમણે અમારી ગાડીને જરા ધીરી પાડી દેવા ડ્રાઈવરને સૂચના આપી.

પાઘડી પહેરેલા ને દાઢીવાળા અમારા ડ્રાઈવરે અમારી ગાડીની સ્પીડ ઘટાડી દીધી, અને પરિણામે બાપુજીની ગાડી ઘણી આગળ નીકળી ગઈ. ધૂળ ઊડે કે ન ઊડે, પણ મારા મનમાં આ જરા ખટક્યુ, પરંતુ હું ચૂપ રહ્યો. ફેલુદા પણ આ અંગે કંઈ બોલ્યા નહિ. વનવિહારીબાબુ હવે જાનવરોની વાત શરૂ કરે તેની હું રાહ જોવા લાગ્યો. એવામાં અમારી પાછળ એક ગાડી આવી ચડી, અને વારંવાર હૉર્ન મારવા લાગી.

'આ તો માથું પકાવી દેશે.' કહી વનવિહારીબાબુએ ડ્રાઈવરને સૂચના આપી : 'એને આગળ નીકળી જવા દે, નહિતર પેં પેં કરીને કાન બહેરા કરી મૂકશે.' અને ડ્રાઈવરે સાઈડ આપતાં જ એ ગાડી અમારી બાજુમાંથી હુશ કરતી આગળ નીકળી ગઈ. જૂની શેવરોલે ટૅક્સી હતી. બાજુમાંથી પસાર થતી વખતે તેમાં પાછળ બેઠેલા એક માણસે બારી બહાર માથું કાઢી અમારી તરફ નજર નાખી. હું એને ઓળખી ગયો. પેલો બરેલી સુધી અમારી સાથે આવેલો ભગવાંધારી સાધુ જ હતો.

અમે પહેલેથી જ નક્કી કર્યું હતું કે પ્રથમ સીધા લક્ષ્મણ ઝૂલા જવું અને બપોરનું ભોજન પણ ત્યાં જ પતાવીને પાછા વળતાં હૃષીકેશ જોવું. ખરું પૂછો તો હૃષીકેશ માટે મને બહુ ઉત્સાહ પણ નહોતો. તીર્થસ્થાન હોઈ ત્યાં પણ પંડાઓ, ગલીકૂંચીઓ, મંદિર વગેરે બીજાં સ્થળો જેવાં જ હશે. હા, ગંગા જરા જુદી જાતની ખરી.

વનવિહારીબાબુએ હવે સંભળાય તેમ ગાવા માંડ્યું હતું. એ જ પેલું ફેલુદાવાળું ગીત— જબ છોડ ચલે લખનૌ નગરી,
તબ હાલ આદમ પર ક્યા ગુજરી!

એકાએક ગીત અટકાવી એમણે પૂછ્યું : 'આ ગીતના સૂર ઉપરથી જ્યોતિ ઠાકુરે એક બંગાળી ગીત લખ્યું છે એ જાણો છો?'

'હા. કતો કાલ રૉ'બે બોલો ભારત હે' (કેટલો કાળ રહેશે બોલો ભારત હે), ફેલુદાએ કહ્યું.

'બરાબર.' પછી મારા તરફ જોઈ વનવિહારીબાબુ બોલ્યા : 'સ્ટૅગ (stag) એટલે હરણ (બંગાળી ઉચ્ચાર હૉરન), હૉર્ન (horn) એટલે સીંગ (શીંગડું), સિંગ (sing) એટલે ગાન. ગન (gun) એટલે કામાન (બંગાળી અર્થ બંદૂક). કમ ઑન (come on) એટલે આઈ સો (બંગાળી અર્થ આવો) અને આઈ સૉ (I saw) એટલે મેં જોયું. આ તમને ખબર હતી તપેશબાબુ?' સમાન ઉચ્ચારના બે ભાષાના શબ્દોની આ અર્થચાતુરીમાં મને મજા પડી ગઈ. મનોમન મેં એ ગોખી લીધું.

ત્યાં વનવિહારીબાબુ બોલ્યા : 'આટલા માટે જ મને 'ગાન' (અંગ્રેજી 'ગન' શબ્દનો બંગાળી ઉચ્ચાર લગભગ 'ગાન' જેવો છે.) ગાતાં જ બંદૂક યાદ આવે છે. અને બંદૂક કહેતાં જ જિમ કૉર્બેટ. કૉર્બેટ એક ઉસ્તાદ શિકારી હતો એ તો ખબર છે ને?'

'ખબર છે.' ફેલુદાએ ક

'એ કૉર્બેટે આ તરફના પ્રદેશોમાં માણસખાઉ વાઘ માર્યા હતા. મને કૉર્બેટ કેમ બહુ ગમે છે, જાણો છો? કારણ એ પણ મારી જેમ જાનવરોનો સ્વભાવ ઓળખતો હતો, એમના પ્રત્યે એને પ્રેમ હતો.'

આટલું કહી ફરી વનવિહારીબાબુ ગીત રટવા લાગ્યા. ગાડી લક્ષ્મણ ઝૂલા ભણી દોડી રહી હતી. ડાબી બાજુ પહાડ ઝળુંબતા દેખાતા હતા. જમણી બાજુ વચ્ચે વચ્ચે ગંગા દેખાતી જતી હતી. આકાશમાં વાદળો હોઈ જ્યારે એ સૂરજને ઢાંકી દેતાં હતાં ત્યારે ત્યારે હવા જાણે વધુ ઠંડી લાગતી હતી. મારા મનમાં લક્ષ્મણ ઝૂલાનો વિચાર ચાલતો હતો તેમાં વચ્ચે વચ્ચે પેલી અંગૂઠીની ઘટના પણ યાદ આવ્યા કરતી હતી. આ બે દિવસમાં એના વિષે ઘણું નવું જાણવા મળ્યું. પણ એથી વધુ જાણવાનું તો હજી બાકી હતું. મહાવીર એવું શા પરથી માને છે કે પ્યારેલાલનું મૃત્યુ સ્વાભાવિક રીતે નહોતું થયું? મરતાં પહેલાં પ્યારેલાલે કેમ ચીસ પાડી હતી? અને કયા સ્પાઈની એ વાત કહેવા માગતા હતા? કોણ હશે એ સ્પાઈ? અમારા પરિચિત બનેલા સૌમાંનો જ એ કોઈ હશે, કે પછી કોઈ અજાણ્યો જ હશે?

આ બધા વિચારો વચ્ચે એકાએક મારી નજર ડ્રાઈવર સામે ઉઠ-

કતા આયના પર પડી. એમાં ફેલુદાનો ચહેરો દેખાતો હતો. એકીટશે એ પોતાની સામેની તરફ કંઈ જોઈ રહ્યા હતા. આડી નજરે મેં એની આંખ ભણી દૃષ્ટિ કરી તો લાગ્યું કે એ આગળ બેઠેલા ડ્રાઈવર તરફ તાકી રહ્યા હતા. સ્વાભાવિક રીતે મારી નજર પણ એ તરફ વળી અને મારી છાતી ધડકી ઊઠી. પાઘડીની નીચે ડ્રાઈવરની ગરદન ઉપર તેના કોટના કોલરની ધાર પાસે એક ડાઘ દેખાયો-નમોરિયાનો ડાઘ. આવો જ ડાઘ મેં અગાઉ જોયો હતો. ગણેશ ગુહની ગરદન પર. ફરી મેં ફેલુદા ભણી જોયું તો નજર ફેરવી લઈ એ બારી બહાર જોઈ રહ્યા હતા. જવલ્લે જ જોવા મળે એવી ગંભીરતા એના ચહેરા પર છવાઈ ગઈ હતી.

લખનૌથી પેલી ક્વૉલિટી રેસ્ટોરાંમાં મળ્યો ત્યારે આ ગણેશ ગુહે જ કહેલું કે વનવિહારીબાબુની નોકરી છોડીને એ તે જ દિવસે કલકત્તા ચાલ્યો જવાનો હતો. અને આજે એ પંજાબી ડ્રાઈવરના છૂપા વેશમાં અમને લક્ષ્મણ ઝૂલા લઈ જતો હતો! અચાનક મને યાદ આવ્યું કે આ ટૅક્સી પણ વનવિહારીબાબુએ જ બાંધી આપી હતી. તો પછી...?

હું વધુ વિચારી ન શક્યો. મારું માથું ભમવા લાગ્યું હતું. આ ગણેશ ગુહ અમને ક્યાં લઈ જતો હતો? લક્ષ્મણ ઝૂલા કે બીજે ક્યાંય? વનવિહારીબાબુનો કંઈ બીજો જ ઇરાદો તો નહિ હોય ને? પણ એમના ભણી જોતાં એમના મનમાં કોઈ ઉત્તેજના દેખાતી નહોતી. એમના ચહેરા પરથી તો કોઈ બૂરો મતલબ હોવાનું કળાતું નહોતું.

એકાએક એ બોલ્યા: 'આપણે ડાબી બાજુના એક રસ્તા પર વળવાનું છે. આ જંગલમાં થઈને જ એ રસ્તો જાય છે. થોડે દૂર જતાં એક મકાન આવશે. ત્યાં જ મારા અજગરને રાખવાની વાત હતી. જતાંજતાં એને એક વાર જોઈ લઈએ. પાછા વળતાં એને બૉક્સમાં નાખીને સાથે લેતા જઈશું.' અને પછી ફેલુદાને પૂછ્યું: 'તમારો શો અભિપ્રાય છે, ફેલુબાબુ?'

'બરાબર છે.' આશ્ચર્યકારક શાંતિથી ફેલુદાએ જવાબ આપ્યો.

જો કે હું બોલ્યા વિના ન રહી શક્યો: 'તમે તો કહેતા હતા ને કે અજગર લક્ષ્મણ ઝૂલામાં છે?' 'હો હો' કરી વનવિહારીબાબુ ખડખડાટ હસતાં બોલ્યા: 'અને આ લક્ષ્મણ ઝૂલા નથી એમ તમને કોણે કહ્યું, તપેશબાબુ? હાવડા કહો એટલે કેવળ હાવડાનો પુલ અને તેની આજુબાજુ જ સમજવાનું? લક્ષ્મણ ઝૂલા અહીંથી જ શરૂ થઈ ગયું. ગંગાનો બ્રિજ અહીંથી દોઢેક માઈલ જ દૂર છે.'

એવામાં તો શાલવનની અંદર ઝાડીઝાંખરાથી લગભગ અદૃષ્ટ ડાબી બાજુના એક રસ્તા પર અમારી ગાડી વળી ગઈ. ડ્રાઈવરને જાણે કે ખબર જ હતી કે ક્યાં વળવાનું છે. વનવિહારીબાબુના સૂચનની પણ એણે રાહ જોઈ નહોતી. 'કેમ લાગે છે, ફેલુબાબુ?' વનવિહારીબાબુનો અવાજ જાણે હવે જુદો જ લાગતો હતો.

'દારુણ! ટેરિફિક!' આટલું કહી ફેલુદાએ મારો હાથ જરાક દબાવ્યો. મનમાં કોઈ ડર નહિ રાખવાનું એ સૂચન હતું એ હું તુરત સમજી ગયો.

'રૂમાલ છે ને તારી પાસે, તોપસે?'

ફેલુદાના આવા કોઈ સવાલ માટે હું જરાય તૈયાર નહોતો. હાંફળા ફાંફળા બની મારાથી બોલાઈ ગયું: 'રૂ...રૂમાલ?'

'હા. રૂમાલ એટલે શું એ નથી જાણતો?'

'હા, હા...પણ...ભૂલી ગયો છું.'

'ધૂળ માટે કહો છો ને?' વનવિહારીબાબુ વચ્ચે બોલી ઊઠ્યા: 'જો કે અહીં એટલી ધૂળ નહિ ઊડતી હોય.'

'ના ધૂળ માટે નહિ...' આટલું કહી ફેલુદાએ કોટમાંથી એક રૂમાલ કાઢી મારા ખિસ્સામાં ખોસી દીધો. એણે શા માટે આમ કર્યું તે હું સમજી શક્યો નહિ.

વનવિહારીબાબુએ પોતાનું પેલું ટેપ રેકૉર્ડ ખોળામાં લઈને ચાલુ કર્યું. શાલવનમાં જાણે હાર્દના હસી ઊઠ્યું. જંગલ હવે વધુ ને વધુ ગાઢ થતું જતું હતું. સૂર્યનો તડકો યે હવે ક્યાંક ક્યાંક જ એ દેખાતો હતો. વાદળો પણ ઠીકઠીક ઘેરાયાં હતાં. બાપુજીની ગાડી અત્યારે ક્યાં પહોંચી હશે? કદાચ તેઓ લક્ષ્મણ ઝૂલા પહોંચી પણ ગયા હશે. અમને જો કંઈ થશે તો એ લોકોને એની ખબર પણ નહિ પડે. આ માટે જ વનવિહારીબાબુએ એમની ગાડીને આગળ મોકલી દીધી હશે?

મનમાં જે તાકાત કે સાહસ હતાં તે એકઠાં કરવા હું મથી રહ્યો હતો. ફેલુદા પર ભલે ભરોસો હોય, પણ આજે અમે જે સ્થિતિમાં મુકાવાનો મને ભય હતો તેમાં એને પોતાની બુદ્ધિ અને સાહસની પૂરેપૂરી જરૂર પડવાની એમ મને લાગતું હતું. ગીચ જંગલમાં ગાડી હજી આગળ ઊંડે જઈ રહી હતી. વનવિહારીબાબુ હવે ગીત ગાતા નહોતા. ગાડીનાં પૈડાં તળે કચરાતાં ઝાંખરાંનો અવાજ અને ક્યાંક ક્યાંક બોલતાં તમરાંનો સૂર માત્ર આ નીરવ ગાઢ જંગલમાં સંભળાતો હતો.

દસેક મિનિટ પછી ગીચ ઝાડી વચ્ચે દૂર એક મકાન દેખાયું. આવા નિર્જન સ્થળે કોણે એ બાંધ્યું હશે? અચાનક યાદ આવ્યું. મારા એક દૂરના કાકા સુંદરવનમાં ફૉરેસ્ટ ઑફિસર છે, તેમનું ઘર પણ આમ ક્યાંક જંગલ વચ્ચે જ છે અને એની આસપાસ ઘણી વાર વાઘ આંટાફેરા કરતા હોય છે. આ પણ એવું જ કોઈ ઘર હશે.

નજીક પહોંચતાં જોયું કે એ એક જૂનું પુરાણું લાકડાનું ઘર હતું, એટલું જ નહિ, પણ એ એકાદ માથોડું ઊંચા માંચડા પર બનાવેલું હતું. લાકડાની એક સીડી દ્વારા ઉપર ચડાતું હતું. બહારથી જોતાં ત્યાં કોઈ રહેતું હોય તેવું જરાય લાગતું નહોતું.

અમારી ટૅક્સી ત્યાં જઈ ઊભી રહી. વનવિહારીબાબુ બોલ્યા: 'પાંડેજી હોય એવું લાગતું નથી. પણ અહીં સુધી આવ્યા જ છીએ તો ચાલો ઉપર જઈ થોડીવાર એની રાહ જોઈએ. આટલામાં જ ક્યાંક ગયો હશે. એકલા આદમી, બધું કામ જાતે કરવું પડે. પણ માણસ હિંમતવાળો છે. જાનવરોથી ડરે એવો નથી. આવો ફેલુચંદ્ર, તપેશબાબુ, અંદર જઈને બેસીએ. બનાવટી સાધુ તો બહુ જોયા, આ વખતે એક ખરો સાધુપુરુષ કઈ રીતે રહે તે જોઈએ.'

ફેલુદા સાથે ન હોત તો મારા મનની હાલત કેવી હોત તેની તો હું કલ્પના પણ કરી શકતો નથી. પણ ફેલુદાના સાથ અને તેના નિર્વિકાર ભાવ જોઈ હું હિંમત બાંધી રહ્યો હતો. મનમાં વળી એમ પણ થયું કે આ બધો માત્ર માનસિક ભય જ હોય, ટૅક્સીનો ડ્રાઈવર કદાચ ગણેશ ગુહ ન પણ હોય અને વનવિહારીબાબુ હું માનું છું તેવા બૂરા માણસ ન યે હોય તથા એ ખરેખર અહીં રહેતા સાધુપુરુષ પાસે બાર ફૂટ લાંબો અજગર જોવા જ આવ્યા હોય.

સીડી ચડીને અમે જે ઘરમાં દાખલ થયા તેનું કદ રેલના ડબા જેટલું માંડ હતું. અંદર પાર્ટિશન જેવું કરીને એ ઘરના બે ખંડ પાડ્યા લાગતા હતા. એનું બારણું બહારથી બંધ હતું. બારણાની સામે બે નાની બારીઓ હતી, જેમાંથી બહારનું જંગલ દેખાતું હતું. ઓરડામાં એક ભાંગેલું ટેબલ, એક ખખડધજ બાંકડો અને પતરાની એક ખુરશીથી વિશેષ ખાસ કંઈ નહોતું.

'પાંડેજીની જીવનયાત્રા કેવી સરળ છે એ તો હવે સમજાઈ ગયું હશે.' વનવિહારીબાબુએ ખભે લટકાવેલું ટેપ રેકૉર્ડર નીચે મૂકતાં કહ્યું.

ફેલુદાએ પેલા બાંકડા પર બેઠક લીધી. હું પણ એમની બાજુમાં બેસી ગયો. વનવિહારીબાબુએ પોતાની પાઈપમાં તમાકુ ભરી, પેટાવી અને દીવાસળી બારી બહાર ફેંકી દઈ, પેલી ખુરશી પૂરતી મજબૂત છે કે નહિ તે હાથેથી દબાવીને જોઈ અને પછી પાઈપમાંથી એક લાંબો સટ

લઈ મોંમાંથી ધુમાડો કાઢતા હાશ કરીને તેના પર બેઠા. થોડી પળ આમ શાંતિથી ધૂમ્રપાન કરી એમણે એ આખો ખંડ લગભગ ધુમાડાથી ભરી દીધો. પછી ધીમેથી, પણ બહુ સાફ અવાજે બોલ્યા : 'તો પછી ફેલુબાબુ, મારી અંગૂઠી હવે પાછી આપી દો.'

'તમારી અંગૂઠી?' વનવિહારીબાબુના વાક્યથી ફેલુદાને નવાઈ લાગી હતી એ સમજાઈ ગયું. વનવિહારીબાબુ હોઠના ખૂણે પાઈપ રાખી મોં મલકાવતા મૂંગે મોંએ એ સાંભળી રહ્યા. 'અને એ અંગૂઠી મારી પાસે છે એમ તમે શા ઉપરથી માનો છો?' ફેલુદાએ પૂછ્યું.

'અનુમાન તો ઘણા સમયથી કર્યું હતું. બહારનો આદમી ધીરુબાબુના ખંડ સુધી ઘરમાં પેસી જાય, કબાટ ખોલે ને તેમાંથી અંગૂઠી કાઢી જાય એ કંઈ ગળે ઊતરે તેવું લાગતું નહોતું. તોય તારા પર સંદેહ આવવા છતાં મારી પાસે એનો કોઈ પુરાવો નહોતો. પણ હવે એ મળી ગયો છે.' 'શો પુરાવો છે તમારી પાસે, વનવિહારીબાબુ?'

વનવિહારીબાબુએ ફેલુદાના પ્રશ્નનો જવાબ ન દેતાં નીચે પડેલું ટેપ-રેકૉર્ડ ઉપાડીને પોતાના ખોળામાં ચાલુ કર્યું : 'પેલી અંગૂઠી જ હતીને?'

'તું જ્યારે જાણી જ ગયો છે તો હવે તારાથી છુપાવાનો કોઈ અર્થ નથી. અંગૂઠી મારી પાસે જ છે, છેક પહેલેથી જ...'

ગઈ કાલે રાતે શીતલદાસની ધર્મશાળામાં ઊંઘતાં પહેલાં મારી ને ફેલુદાની વચ્ચે થએલી વાતચીતની આ ટેપ સાંભળીને મારું તો લોહી જ થીજી ગયું.

ટેપ રેકૉર્ડરની સ્વિચ દાબી દઈ એને બંધ કરતાં વનવિહારીબાબુ બોલ્યા: 'જો કે તમે લોકો આ જ વાત કરશો એવો તો મને ખયાલ જ નહોતો, પણ છતાં લાગ જોઇને તમારા ખાટલા નીચે છુપાવી રાખેલા માઇક્રોફોન દ્વારા મને લાભ જ થયો છે. બોલ, હવે આનાથી વધુ સચોટ કયો પુરાવો જોઇએ તારે, ફેલુબાબુ?'

'પણ એ અંગૂઠી તમારી છે એમ તમે કઈ રીતે કહી શકો?'

ટેપ રેકૉર્ડરનો નીચે મૂકી પગ પર પગ ચડાવી આરામથી ખુરશીને ટેકો લઈ બોલતાં વનવિહારીબાબુ બોલ્યા: 'આજથી અઢારેક વર્ષ પહેલાં કલકત્તામાં નૌલખા કંપનીમાંથી બે લાખ રૂપિયા આપીને એ અંગૂઠી મેં ખરીદી હતી. પ્યારેલાલ સાથે તો તે પછી ઓળખાણ થઈ. એને આવી ચીજોનો શૉખ હશે એ મને ખબર નહોતી, પણ મેં એને આ અંગૂઠી બતાવી. એ જોતાં જ એની આંખમાં જે ચમકારો દેખાયો તે જોઇને મારા મનમાં શક પેદા થયો. એ પછી બે દિવસ બાદ અંગૂઠી ગુમ થઈ ગઈ મેં પોલીસને ખબર આપી હતી, પણ ચોર પકડાયો નહોતો. ત્યાર બાદ હું લખનૌ આવીને રહ્યો. થોડાં વર્ષ પછી એક દિવસ શ્રીવાસ્તવ પાસે એ અંગૂઠી જોઈ અને ખબર પડી કે પ્યારેલાલે એને એ આપી હતી પ્યારેલાલને ખયાલ નહોતો કે પોતે પહેલા હાર્ટઍટૅક પછી બચી જશે, એટલે પોતે ચોરેલી અંગૂઠી એણે શ્રીવાસ્તવને આપી દીધી. પણ પછી તો એ સાજા થઈ ગયા. એક દિવસ તક ઝડપી હું એમને મળવા ગયો. પોતાની ચોરી કબૂલ કરી લઈ શ્રીવાસ્તવને આપેલી અંગૂઠી પાછી લઈ મને સોંપી દે તો સારું એવો મારો ખયાલ હતો. આ બદલ શ્રીવાસ્તવને સારી પેઠે પૈસા આપવા પણ તૈયાર હતો. પણ પ્યારેલાલ તો ચોરીની વાતમાં તદ્દન નામુકર રહ્યા, એટલું જ નહિ, પણ પોતે એ અંગૂઠી જોઈ પણ નથી એમ કહ્યું. મારી પાસે એ અંગૂઠી ખરીદ્યાની રસીદ પણ છે હજી.'

આ સાંભળી ફેલુદા બોલ્યો, અને એના અવાજમાં ભયનો પડકારો સુધ્ધાં નહોતો : 'વનવિહારીબાબુ, હું તમને એક સવાલ પૂછવા ઇચ્છું છું. આશા છે કે તમે એનો જવાબ દેશો.'

'પહેલાં તો મને એ કહે કે અત્યારે એ અંગૂઠી તારી પાસે જ છે કે બીજે ક્યાંય છુપાવી આવ્યો છે? મારી એ ચીજ હું કોઈ પણ હિસાબે પાછી મેળવવા માગું છું.'

આ વખતે ફેલુદાના અવાજમાં કટાક્ષનો સ્પર્શ મને લાગ્યો. એણે કહ્યું: 'પણ આટલા દિવસ તો તમે બીજા માણસ દ્વારા એ અંગૂઠી ચોરવાના અને મારી પાછળ પડવાના તમારા ઉત્સાહમાં ક્યાંય કમી નથી રાખી. આજે દાઢી પાઘડી લગાડીને પંજાબી ડ્રાઈવર બનીને આવ્યો છે અને તે દિવસે જેણે બનાવટી સાધુનો વેષ લીધો હતો તે આ તમારો માણસ ગણેશ ગુહ જ છે ને? શ્રીવાસ્તવનો પીછો પણ એણે જ કરેલો અને પછી એને તમે મારી પાછળ લગાડ્યો. રેસિડેન્સીમાં મારા પર પથ્થર ફેંકવામાં અને ક્લૉરોફૉર્મ વડે અમને બેભાન કરવાની કોશિશમાં તથા મારા પર ધમકીના કાગળના ડૂચા ફેંકવામાં પણ તમે જ એને પ્રયોજ્યો હતો ને?'

'બધું કામ કંઈ એકલા હાથે તો ન જ થઈ શકેને, ફેલુરામ!' વનવિહારીબાબુએ જરા પણ ચલિત થયા વિના હસીને કહ્યું: 'કોઈ કોઈ કામ એવાં પણ હોય જે બીજા પાસે કરાવવાં પડે.' પછી વધુ ઉમેરતાં બોલ્યા: 'પણ તું એ તો જોઈ શક્યો હશે કે ગણેશની તબિયત બહુ સારી છે. એક જમાનામાં એ સર્કસમાં વાઘસિંહને હૅન્ડલ કરતો હતો. આવા હિંમતબાજ આરાડીઓ અમુક કામ બહુ સારી રીતે કરી શકે છે. મારા હુકમથી એણે કરેલાં એ બધાં કામને જો તું અપરાધ ગણતો હો તો તારો ગુનો પણ કંઈ કમ નથી. કારણ, જેના પર તારો કોઈ અધિકાર જ નથી એ અંગૂઠી તેં છુપાવી રાખી છે. એ મારી ચીજ છે, અને મારે એ પાછી જોઇએ જ, આજે અને અત્યારે જ.'

છેલ્લું વાક્ય બોલતાં તો વનવિહારીબાબુ લગભગ બરાડી જ ઊઠ્યા હતા. હું મારી હિંમત ટકાવી રાખવા ઘણી મહેનત કરતો હતો, પણ મારા હાથપગ ઠંડાગાર બની ગયા હતા. પણ ફેલુદાએ એમને જવાબ આપ્યો ત્યારે એના અવાજમાં પોલાદી રણકો હતો : 'ખૂનનો આરોપ જ્યારે તમારા પર આવશે એ પછી એ અંગૂઠી તમને શા ખપની રહેશે, વનવિહારીબાબુ?'

પણ એ સાંભળી વનવિહારીબાબુ ક્રોધથી કંપતા ખુરશીમાંથી ઊભા થઈ ગયા : 'બેઅદબી ન કર, છોકરા! તું મને ખૂની કહે છે?'

'મને ખાતરી છે કે હું એક ખૂનીને જ ખૂની કહું છું.' જરાય થડક્યા વિના ફેલુદાએ કહ્યું : 'અને પ્યારેલાલે મરતી વેળા જે 'સ્પાઇ'નો ઉલ્લેખ કરેલો તેના વિષે ચોખવટ કરશો? પરમ દિવસે તમારી વાતો સાંભળ્યા પછી મને લાગે છે કે તમે એ અંગે કંઈક જરૂર જાણો છો.'

શુષ્ક હસીને વનવિહારીબાબુ બોલ્યા : 'વેરી સિમ્પલ. એમાં ચોખવટ કરવા જેવું કંઈ નથી. અંગૂઠી વિષેની માહિતી એકઠી કરવા મેં એની પાછળ માણસો રોક્યા હતા. કદાચ પ્યારેલાલને ખબર પડી ગઈ હશે અને એ વિષે એ કંઈ કહેવા માગતા હશે.'

'અને જો હું એમ કહું કે પ્યારેલાલ બોલેલા તે 'સ્પાઇ' શબ્દ સાથે જાસૂસનો કોઈ સંબંધ નથી, તો?'

'એટલે? તું શું કહેવા માગે છે?'

'પ્યારેલાલને બીજો હાર્ટ ઍટૅક આવ્યો તે દિવસે સવારે તમે એમને ઘેર ગયા હતા, ખરું?'

'તેમાં શું થયું? મારા જવાથી એમને હાર્ટ ઍટૅક આવેલો? અગાઉ પણ હું એના ઘેર ગયો હતો'.

'હા, પણ ત્યારે તો તમે ખાલી હાથે ગયા હશો.'

'ખાલી હાથે એટલે?'

'એટલે કે તમે છેલ્લી વાર ગયા ત્યારે ખાલી હાથે નહોતા ગયા. તમારી સાથે એક બૉક્સ હતું, અને એ બૉક્સમાં હતો તમારો પેલો ઝેરીલો આફ્રિકન કૅરેબિયો બ્લૅક વિડો સ્પાઇડર. પ્યારેલાલ કહેવા

માગતા હતા 'સ્પાઈડર', પણ ગભરાટભરી હાલતમાં તેઓ એ શબ્દ પૂરો બોલી ન શક્યા. એથી 'સ્પાઈડર'માંથી માત્ર 'સ્પાઇ' જ સંભળાયું'.

આ સાંભળતાં વનવિહારીબાબુનો ચહેરો જાણે ફિક્કો પડી ગયો. ખુરશી પર બેસી પડતાં એમણે કહ્યું : 'પણ મારે પ્યારેલાલને સ્પાઈડર બતાવવાની શી જરૂર?'

'એકાદ વાંદો જુએ તો યે પ્યારેલાલનું હૃદય ગભરાટથી કંપી ઊઠતું હતું એ તમે કદાચ નહિ જાણતા હો. ઝેરી સ્પાઈડરની બીક બતાવીને તમે કદાચ એમની પાસેથી અંગૂઠી પડાવી લેવા માગતા હશો. પણ પ્યારેલાલ પર એની ઊંડી અસર પડી ને એથી એમને હાર્ટ ઍટૅક આવ્યો ને એમાં જ એમનું અવસાન થયું. આ મોત માટે તમે જ જવાબદાર છો, વનવિહારીબાબુ. અને તમે જે અંગૂઠી ખરીદ્યાનું કહો છો તે હકીકતે પ્યારેલાલે ખરીદી હતી, તમારે ત્યાંથી ચોરી નહોતી. કલકત્તામાં અઢાર વર્ષ પહેલાં તમે એમને નહિ પણ એમણે જ તમને એ બતાવી હતી, અને ત્યારથી જ તમને એ અંગૂઠી હાથ કરવાની તલપ લાગી હતી. પુરાણી વસ્તુઓમાં તમને રસ નથી એમ તમે ભલે કહો, પણ મને ખાતરી છે કે તમારા મકાનમાં પેલા તાળું મારેલા કમરામાં આવી અનેક જૂની-પુરાણી ચીજો તમે સંઘરી રાખી છે. અને એ બધી કિંમતી ચીજો ચોરી જવા કોઈ હિંમત ન કરે એટલા સારુ જ તમે તમારો આ હિંસક અને ઝેરીલા પ્રાણીના સંગ્રહનો ભય ઊભો કર્યો છે.'

'બીજી પણ શી શી ખાતરી છે તને એ કહીશ?'

'જરૂર કહીશ.' મને ખાતરી છે કે પ્યારેલાલની એ અંગૂઠી તમે કદી જોઈ નહિ શકો. અને એ પણ ખાતરી છે કે તમારા આ અપરાધની સજા તમને જરૂર મળશે.'

'ગણેશ!' વનવિહારીબાબુએ એકદમ ઊભા થઈ જઈ બૂમ મારી એના અવાજથી આખો કમરો ગાજી ઊઠ્યો. ફેલુદાએ એકમદ મને કહ્યું ? 'મોં પર રૂમાલ ઢાંકો દે, તોપસે' એમના એ સૂચનનું કારણ તો મન ન સમજાયું પણ મેં તુરત એમણે મને ટૅક્સીમાં આપેલો રૂમાલ મારા મોં પર ડાબી દીધો. એ જ વખતે ગણેશ કમરામાં દોડી આવ્યો. એના હાથમાં એક બૉક્સ પણ હતું. મેં જોયું કે ટેપ રેકૉર્ડર ઉપાડી લઇને વનવિહારીબાબુ પાછલા પગે બારણા તરફ ખસી રહ્યા હતા. તુરત ફેલુદાએ પણ ખિસ્સામાંથી રૂમાલ બહાર કાઢ્યો. સાથે એના હાથમાં એનો પેલો ડબ્બો પણ હતો—એ જ પેલો 'હરશમ્ સંસ્કારચૂર્ણ'નો.

ગણેશ ગુહે પેલું બૉક્સ જમીન પર મૂક્યું ને તેનું ઢાંકણ ખોલી નાખી એ પણ પાછો જવા ફર્યો. બરાબર એ જ પળે ફેલુદાએ પેલી ડબ્બી ખોલી તેમાંનો ભૂકો ગણેશ અને વનવિહારીબાબુના મોં પર ફેંક્યો. ને તુરત પોતાનો રૂમાલ મોં પર ઢાંકી દીધો.

ભૂકો ફેંકાતાં મને જે વાસ આવી એ કાળાં મરીના જેવી મને લાગી. પણ પેલા બંનેની આંખ અને નાકમાં જતાં એણે જે અસર નિપજાવી તે હું નહિ વર્ણવી શકું. આ અણધારી આપત્તિથી આંખો ચોળતા ને છીંકો ખાતા વનવિહારીબાબુ બહાર તો નાઠા, પણ પછી જે અવાજ સંભળાયો તે પરથી હું સમજી ગયો કે એ પેલી સીડી પરથી ગબડી પડ્યા હતા. અહીં ગણેશના પણ એવા જ હાલ હતા, પરંતુ નાસતાં નાસતાં એ કમરાનું બારણું બંધ કરી અમને બંદી બનાવી ગયો.

એકાએક મારી નજર પેલા ખુલ્લા બૉક્સ પર પડી. જોયું તો એ-માંથી વનવિહારીબાબુનો પેલો ઝેરી રૅટલ સ્નૅક પોતાની ડબ્લ લબકારતો બહાર આવી રહ્યો હતો. કિર્‌ર્‌ર્‌—કિટ કિટ કરતો એનો અવાજ સાંભળી મારાં હાંજા ગગડવા લાગ્યાં.

એકદમ ફેલુદાએ મારું બાવડું પકડી મને બાંકડા પર ઊભો કરી દીધો ને એ પોતે પણ મારી પાસે ઊભા રહી ગયા.

અતિશય ભયમાં આવી પડતાં એક અદ્‌ભુત સ્થિતિ સર્જાય છે એ મને ત્યારે સમજાયું. જેનો ડર હોય તેના તરફ જ આપણી નજર ખેંડાઈ જાય છે, અથવા કદાચ આ સાપમાં હિપ્નોટાઈઝ કરવાની શક્તિ હોતી હશે. ભયથી હું એ સાપ તરફ એકીનજરે તાકી રહ્યો હતો. કિર્‌ર્‌ર્‌... કિટ્...કિટ્ કરતો એ જરા આઘોપાછો થયો અને પછી અમારી તરફ ટાંપી રહ્યો. પળ બે પળ પછી એ પાછો સરક્યો અને વાંકોચૂંકો થતો ધીરે ધીરે અમારા બાંકડા તરફ આગળ વધવા લાગ્યો. મને લાગ્યું કે મારી આંખે હવે અંધારાં આવવા માંડ્યાં હતાં.

એ જ વખતે કમરામાં એક ઝબકારા સાથે ધડાકો થયો. ને તુરત દારૂની વાસ ફેલાઈ જતી લાગી. જોયું તો પેલા રૅટલ સ્નૅકનું માથું છૂંદાઇને શરીરથી અલગ પડી ગયું હતું. કિર્‌ર્‌ર્‌...કિટ જેવો એના શરીર ઘસાવાનો મંદ અવાજ એકાદ વખત સંભળાઇને તદ્દન શાંત થઈ ગયો. એ પછી મને કશું યાદ આવતું નથી.

જ્યારે હું ભાનમાં આવ્યો ત્યારે જોયું તો ખુલ્લામાં એક વૃક્ષની નીચે શેતરંજી પર હું પડ્યો હતો. ડૉ. શ્રીવાસ્તવ મારા મોં-માથા પર પાણી છાંટી રહ્યા હતા. બાજુમાં જ બાપુજી પણ ઊભા હતા.

'કેમ છે હવે, તપેશબાબુ?'

અવાજ સાંભળી મેં પડખું ફેરવી બાજુમાં નજર કરી. મહાવીરબાબુ! પણ એમણે આ ભગવો વેષ કેમ પહેર્યો હતો?

'ટ્રેઈનમાં બરેલી સુધી તમારી સાથે જ હતો પણ તમે મને ઓળખી ન શક્યાને?' ગજબ મેકઅપ કરે છે આ માણસ! દાઢી લગાડેલી એટલે ચહેરો ન ઓળખાયો હોય, પણ આમણે તો પોતાનો અવાજ અને બોલવાની ઢબ પણ બદલી નાખી હતી.

'મારી રિવૉલ્વરનું નિશાન જોયુંને?' મહાવીરબાબુએ કહ્યું. અને પછી ઉમેર્યું : 'મૂળ તો તે દિવસે ભુલભુલૈયામાં હું મળ્યો, ને વનવિહારીબાબુએ મને નહિ ઓળખતા હોવાનું કહ્યું ત્યારથી જ મને એમના પર શક હતો. કલકત્તામાં તેઓ અમારા ઘેર ઘણી વાર આવતા. મારી સાથે પણ વાતો કરતા. એક દિવસ મારા બાપુજી સાથે એમને બહુ રકઝક પણ થએલી એ યે મને પછી યાદ આવી ગયું હતું.'

પછીની વાત બાપુજીએ ઉપાડી લીધી. કહે : 'તમને આવતાં વાર લાગી એટલે અમે લક્ષ્મણ ઝૂલાથી ગાડી પાછી વાળી, અને ટાયરનાં નિશાનોના આધારે આ તરફ વળીને અહીં પહોંચ્યા. જો કે મહાવીરબાબુએ તો બંને ગાડી વચ્ચે અંતર વધી ગયું ત્યારે જ ગાડી વાળવાનું સૂચન કરેલું.'

'અને પેલા બે જણ ક્યાં ગયા?' મેં પૂછ્યું.

'પોલીસના હવાલામાં છે. ફેલુદાના બ્રહ્માસ્ત્ર જેવી મરીની ભૂકીએ તો અજબ રંગ રાખ્યો.'

'પોલીસ? પોલીસ અહીં ક્યાંથી?' મને નવાઈ લાગી.

'અરે, એ તો આપણી સાથે જ હતા! આ વિલાસબાબુ જ ઊંડે ઈન્સ્પેક્ટર ગરગરી. એમણે પણ શો વેષ ભજવ્યો! પામિસ્ટ બનીને એ પણ આપણી જોડે કમાલના ભળી ગયા હતા.'

બાદશાહી અંગૂઠીની ઘટના એકાએક આવો સુખદ વળાંક લેશે એવી તો કલ્પના યે નહોતી. એકાએક મને ફેલુદા યાદ આવ્યા. એમને ખોળવા મેં આજુબાજુ નજર ફેરવવા માંડી.

એકાએક મારી આંખો પર એક ઝબકારો પડ્યો. જ્યાંથી એ ચમકારો થએલો તે તરફ જોયું તો થોડે દૂર ખુલ્લી જગ્યામાં વૃક્ષોની વચ્ચેથી આવતા સૂર્યપ્રકાશને પોતાની આંગળીમાં બેરવેલી અંગૂઠી પર ઝીલીને એ મારી આંખો પર પરાવર્તિત કરતા હતા! એની આંગળીમાં એ જ અંગૂઠી હતી—પેલી ઔરંગઝેબની હીર જડિત અંગૂઠી. એમની આંગળી-માં એ બરાબર બંધ બેસતી આવતી હતી એ એમણે કહેલું ને? ને આ સમગ્ર રહસ્યનો ઉકેલ લાવવામાં એ જ તો બાદશાહ હતા! (સંપૂર્ણ)

કુન્દ

લેખક · પ્રા. શંકરદેવ વિદ્યાલંકાર



ચમેલી પરિવારના એક આગવા સદસ્ય તરીકે કુંદ પુષ્પનો મહિમા સાહિત્ય અને પુષ્પવિદ્યામાં ખૂબ ગવાયો છે. સરસ્વતી, અન્ય દેવતાઓ અને ઉદાત્ત પાત્રોની સ્તુતિઓમાં એની ધવલ સુષમાનાં વર્ણનોમાં કુંદનો ઉલ્લેખ અચૂક આવે છે. 'યા કુન્દેન્દુ તુષાર-હાર ધવલા' અને 'ભાસા કુન્દેન્દુ-શંખ સ્ફટિક-પ્રભા' વગેરે સરસ્વતી સ્તુતિમાં કુંદ પુષ્પનો ઉલ્લેખ જાણે કે અનિવાર્ય બની ગયો છે.

'हिम-कुंद-मृणालाभम् दैत्यानां परमं गुरुम्
सर्वशास्त्र प्रवक्तारं भार्गवं प्रणमाम्यहम् ॥'

આમ, નવગ્રહ-સ્તોત્રમાં દૈત્યગુરુ શુક્રાચાર્ય (ભાર્ગવ)ની દેહપ્રભાને કુંદની ધવલિમા સાથે સરખાવી છે.

'कुन्द इन्दु सम देह उमारमन करुणा अयन'

કવિવર ગોસ્વામી તુલસીદાસજીએ મહાદેવજીના ગૌર વર્ણને કુંદ પુષ્પ સાથે સરખાવ્યો છે. એ જ રીતે રામાયણના કિષ્કિંધાકાંડમાં લક્ષ્મણજીના દેહસૌંદર્યને વર્ણવતાં ફરી કુંદનો ઉલ્લેખ કરતાં કહે છે:

'कुन्देन्दीवर-सुंदरौ अतिबलौ विज्ञान-धामो उभौ'

ભાવપ્રકાશમાં કુંદનું વર્ણન કરતાં કહ્યું છે:

'कुन्दं तु कथितं माध्यम् सदापुष्पं च तत् स्मृतम् ॥'

—તો 'મદનપાલ નિઘંટુ' પ્રમાણે:

'कुन्दः शुक्लः सदापुष्पः भृंगबन्धुः मनोरमः'

અને 'રાજનિઘંટુ'માં—

'कुन्दस्तु मकरन्दश्च महामोदो मनोरमः ।
मुक्तापुष्पः सदापुष्पः तारपुष्पोऽट्टहासकः ॥
दमनो वनहासश्च मनोज्ञो रुद्रसंमतः ॥'

આ કુંદને સંસ્કૃતમાં માધ્ય, સદાપુષ્પ, ભૃંગબંધુ, મકરન્દ, મહામોદ, મુક્તાપુષ્પ, અટ્ટહાસક, વનહાસ, મનોરમ, મનોજ્ઞ, રુદ્રસંમત વગેરે નામો આપ્યાં છે. મરાઠીમાં તે 'રાનમોગરા' નામે પણ ઓળખાય છે. હિંદી-ગુજરાતીમાં કુન્દ. તેનું વૈજ્ઞાનિક નામ છે જસ્મિનમ-પ્યુબિસેન્સ (Jasminum-Pubescens).

કુંદના લતા જેવા છોડ ભારત અને બ્રહ્મદેશનાં ઉદ્યાનો, પુષ્પવાટિકાઓ અને ગૃહઆંગણોમાં સર્વત્ર ઉગાડાય છે. ગિરનાર અને કોંકણ આદિ પ્રદેશોમાં તે વન્ય રૂપમાં પણ જોવા મળે છે. એના છોડ બહુધા છ સાત ફૂટ ઊંચા ને ઝાડી જેવા હોય છે. આશ્રય આપવામાં આવે તો દસ-પંદર ફૂટ સુધી પણ એ વધી શકે છે. ચતુર માળી અવારનવાર કાપકૂપ કરીને કુંદછોડને વ્યવસ્થિત ને શોભાયમાન રાખે છે. વર્ષા ઋતુમાં દાબકલમથી તેનું સંવર્ધન કરવામાં આવે છે.

કુંદનાં પાન ઘેરાં લીલાં, દોઢથી સાડાત્રણ ઈંચ લાંબાં ને એકથી દોઢ ઈંચ પહોળાં, લંબગોળ ને છેડે અણીદાર હોય છે. શાખા પર તે સામસામાં ઊગે છે. પાનની દૃષ્ટિએ બંને તરફ રુવાંદાર પાનવાળી અને લીસાં પાનવાળી એવી એની બે જાત છે.

કુંદનાં ફૂલ ડાળીઓના અગ્રભાગે ગુચ્છાના રૂપમાં આવે છે. પોતાની શ્વેતિમા અને રમ્યતાના લીધે અમાસની રાતે ચળકતા તારાઓ જેવાં એ શોભે છે. આથી જ એને સંસ્કૃતમાં 'તારપુષ્પ' નામ આપ્યું છે.

સાહિત્યમાં એની અણિયાળી કલિકાની ઉપમા દાંત સાથે અપાય છે. આ કલિકાઓ પોણા ઇંચ જેટલી લાંબી હોય છે. 'શિશુપાલ-વધ'માં કવિ માઘે શ્રી કૃષ્ણના દાંતોને કુંદકલિકાઓ સાથે વર્ણવતાં કહ્યું છે:

'दयोतितान्तः समैः कुन्दकुडमलाग्रतः स्मितैः ।
स्निथितेवा भवत् तस्य शुद्धवर्णा सरस्वती ॥

તુલસીદાસજીએ પણ શ્રી રામની દંતપંક્તિઓને 'વરદન્ત કી પંગતિ કુન્દકલી' કહી વર્ણવી છે. સાહિત્યશાસ્ત્રમાં હાસ્યનો રંગ શ્વેત મનાયો છે. તેથી કુંદનાં વર્ણનોમાં 'અટ્ટહાસક', 'વનહાસ', 'સદ્સ્મિત' વગેરે જેવાં નામો પણ તેને આપ્યાં છે.

શીતકાલમાં અન્ય પુષ્પોનો અભાવ હોય છે ત્યારે માગશરથી ફાગણ દરમિયાન ઉદ્યાનો અને વનનિકુંજોને શોભાવતાં કુંદ પુષ્પોનું એક નામ માઘ માસ પરથી 'માઘ્ય' પણ પડ્યું છે. એ સમયે તે પુર બહારમાં હોય છે: 'માઘે ભવમ્ માઘ્યમ'. આ કાળમાં વેણીશૃંગારમાં એનો બહોળો ઉપયોગ થાય છે. 'અલકે બાલ કુન્દાનુ વિદ્ધમ' કહી કાલિદાસે મેઘદૂતમાં તેનો ઉલ્લેખ કર્યો છે.

કુંદ પુષ્પમાં પાંચ થી છ અણીદાર પાંખડી હોય છે, જેનો અધોભાગ આછી ગુલાબી ઝાંયવાળો લાગે છે. શીતકાલ સિવાય અન્ય ઋતુઓમાં પણ કુંદ ખીલે છે, પણ ઓછા પ્રમાણમાં. આથી એને 'સદાપુષ્પ' કહ્યું છે. મધુકરને પ્રિય હોઈ કુંદને 'ભૃંગબન્ધુ' નામ પણ અપાયું છે. જો કે કુંદ પુષ્પમાં બહુ આછી સુગંધ હોય છે, અને કેટલેક ઠેકાણે તો તે સાવ નિર્ગંધ પણ હોય છે. એથી સુશ્રુતસંહિતાના ટીકાકાર ડલ્હનાચાર્યે એને 'નિર્ગન્ધમ્ શ્વેતપુષ્પમ' પણ કહ્યું છે.

રાજનિઘંટુ પ્રમાણે કુંદ મધુર, શીતળ, કષાય, કેશ માટે હિતકારી, સારક, દીપક, પાચક અને કફપિત્ત વિનાશક ગુણવાળું ગણાયું છે. મુખપાકમાં કુંદપાનના ક્વાથના કોગળા હિતકારી છે. વ્રણપાક માટે કુંદનાં પાનને વાટીને તેની પોટીસ બાંધવામાં આવે છે. □

(વિચાર-વિશેષ અનુ પૃ ૪૪થી) સત્તાધીશો માટે સાચી વાત છે.

આનો અર્થ એ છે કે અભય બનવા માટે અહિંસક બનવું અનિવાર્ય છે. જેના મનમાં હિંસાનો જન્મ થયો નથી એના મનમાં કદી ડરનો જન્મ થતો નથી. ગૌતમ બુદ્ધ, મહાવીર અને જીસસ ક્રાઈસ્ટ અભય બની શક્યા, કારણ કે એ અહિંસક હતા. જે ડરાવી શકતો નથી એ જ નીડર બની શકે છે, જે ભય પેસાડતો નથી એ જ નિર્ભય થઈ શકે છે અને જે ભયને જન્મ આપતો નથી એ જ અભયનું અમૂલ્ય શસ્ત્ર ધારણ કરી શકે છે. □





પશ્ચિમ સૌરાષ્ટ્રમાં 'નાગદમન'નાં શિલ્પ

લેખક
મણિભાઈ વોરા

શ્રીમદ્ ભાગવતના દશમ સ્કંધમાં શ્રીકૃષ્ણની બાળલીલાનાં વર્ણનોમાં નાગદમનનો જે પ્રસંગ વર્ણવ્યો છે તેનાથી આપણે લગભગ બધા જ પરિચિત છીએ. બાલ કૃષ્ણએ કરેલા કાલિયમર્દનના આ પ્રસંગને કથા-વાર્તા, કાવ્ય, ચિત્ર ને શિલ્પમાં ઉતારવાના પણ અનેક પ્રયત્નો થયા છે. પશ્ચિમ સૌરાષ્ટ્રના સોરઠ જિલ્લામાં અનેક મંદિરોનાં સમતલ વિતાનોમાં નાગદમનનાં સુંદર શિલ્પ કંડારેલાં છે. અહીં કેટલાંક જોઈએ.

શીલનું નાગદમન-શિલ્પ

પશ્ચિમ સૌરાષ્ટ્રની કંઠાર પરના શીલ ગામમાં ભીડભંજન મહાદેવના નામની એક જગ્યા છે. તેના મંદિરમાં પશ્ચિમ તરફની ભીંતમાં નાગદમનનું એક શિલ્પાંકન છે. મૂળ એ કોઈ વિષ્ણુ મંદિરના વિતાનનો મુખ્ય ભાગ હશે એમ લાગે છે, કારણ શીલમાં વિષ્ણુમંદિરના અવશેષો અને વિષ્ણુમૂર્તિઓ પણ મળી આવેલ છે. શીલના આ નાગદમન શિલ્પમાં નાગરાજની પુચ્છને જમણી તરફથી લંબાવીને ડાબી બાજુ ઉતારીને એક પૂર્ણ વર્તુલ રચી એ પુચ્છના છેડાને નાગરાજના શરીર પાછળથી લઈને છેક શ્રીકૃષ્ણના માથા સુધી ઉંચકાએલા જમણા હાથમાં પકડાએલો દર્શાવ્યો છે. જ્યારે કૃષ્ણનો ડાબો હાથ આધીન કરેલા નાગને નાથવાની મુદ્રામાં કંડારેલો છે. મહાત થએલા નાગના મસ્તક ઉપર મુકુટ ન હોય તેમ કલ્પીને જ કદાચ શિલ્પીએ તે દર્શાવ્યો નથી, જ્યારે કૃષ્ણના માથે પણ માત્ર બાંધેલા વાળનો જ શિરટોપ બતાવ્યો છે. નાગરાજના જમણા સ્કંધ પર વિજયી કૃષ્ણનો જમણો પગ મૂકેલો છે, જ્યારે ડાબા પગ વડે એમણે નાગરાજની પુચ્છ દબાવી છે. આમ, કૃષ્ણની ગતિશીલ દેહભંગિ દ્વારા શિલ્પીએ તેમના પરાક્રમ ને વિજયના આનંદને સચોટતાથી રજૂ કર્યાં છે. આવી જ સચોટતા આધીનતા સ્વીકારી હાથ જોડી સ્થિર રહેલા નાગના કંડારણમાં છે. શિલ્પવિષયના આ મુખ્ય કંડારણ પછી બાકી રહેલા બંને બાજુના ગાળામાં દરેક બાજુ ત્રણ ત્રણ મળી કુલ છ નાગિણીઓ બતાવી છે. તે દરેક પોતાની પુચ્છ વડે નાગરાજના દેહને વળગી રહેલી અને હાથ જોડી કૃષ્ણને વિનવણી કરતી મુદ્રામાં રજૂ કરી છે. તે દરેકના માથા પરના પંચ-ફેણ મુકુટ તેમના પદના સૂચક છે. આમ, વર્તુલાકારમાં પાત્રોને સંયોજવામાં શિલ્પીએ પોતાની કલાચાતુરીનો સુંદર પરિચય આપ્યો છે. પાત્રોના આ કંડારણ પછી યે બચતી જગ્યામાં શિલ્પીએ નાનાંનાનાં મત્સ્ય વગેરે મૂકીને આ પ્રસંગ નદીજલની અંદર બન્યાનો નિર્દેશ પણ કરી દીધો છે. છેલ્લે ગોળાકાર શિલ્પને ચોરસ ચોકાના વિતાનમાં ગોઠવવા ચાર ખૂણે સિંહમુખ મૂકી તેમનાં મુખમાંથી કલ્પલતા જેવી જ્વાળા નીકળતી દર્શાવી છે. આ ઢબ અહીં લગભગ બધે જોવા મળે છે, જે નવમી સદીના શિલ્પમાં કનોજની શિલ્પકળાની સ્પષ્ટ અસર સૂચવે છે. સોમનાથના ધ્વંસ પહેલાંના મંદિરની છતના પ્રતિહાર સમયના નાગદમનના સુંદર શિલ્પના અવશેષો પ્રભાસ પાટણના મ્યૂઝિયમમાં છે.

ઓડદરનું નાગદમન

પોરબંદર પાસે ઓડદર ગામ છે. ત્યાં ગોરખનાથની જગ્યાના મંદિર-સમૂહમાં મૈત્રક અને ગુપ્તકાલીન શિલ્પ-સ્થાપત્યના અવશેષો છે. અહીં પ્રવેશતાં ડાબા હાથ પર એકાંડક લતીન શિખરવાળું નાનું વિષ્ણુમંદિર છે. આ પશ્ચિમાભિમુખ મંદિરના મંડપની છતમાં નાગદમનનું સુંદર શિલ્પ છે. ચોરસ સમતલ છતમાં વચ્ચે ગોળાકારમાં પથ્થરની બે પાટમાં કંડારેલા આ શિલ્પમાં વિશિષ્ટ પ્રકારની ગતિ અને ભાવ શિલ્પીએ ઉતાર્યા છે તેમાં સપ્તફેણ નાગના મસ્તક અને કાંધ ઉપર કૃષ્ણને કૂદીને બેઠલા બતાવ્યા છે. કૃષ્ણના મસ્તક ઉપર કિરીટ મુકુટ છે. તેમનો ડાબો હાથ નાગને નાથવાની મુદ્રામાં તથા જમણા હાથમાં વજ્ર જેવું કોઈ આયુધ લાગે છે. નાગરાજની પુચ્છ ડાબી બાજુથી વળાંક લઈને જમણી તરફ થઈને એની કમર પર આંટી લઈને પૂરું વર્તુળ રચે છે. છ નાગપત્નીઓ પોતાની પૂંછડીથી પતિના શરીરને વળગી કૃષ્ણની કૃપા પ્રાર્થતી સ્થિર ઊભી છે. એમનાં મસ્તકો ઉપર પંચ ફેણ મુકુટો છે. બાકી રહેલા ગાળામાં

△ મથાળે ડાબી બાજુ : સોરઠમાં શીલ મુકામે ભીડભંજન મહાદેવની જગ્યાના મંદિરમાંનું શિલ્પ. (જમણી બાજુ) પોરબંદર પાસે ઓડદર ગામમાં ગોરખનાથની જગ્યામાંના મંદિરસમૂહમાંના વિષ્ણુમંદિરમાંનું નાગદમનનું શિલ્પ. (બંને ફોટો : મણિભાઈ વોરા)



જૂનાગઢ નજીક વંથલી ગામમાં આવેલી ભાણાવાવ નામની એક જૂની વાપીમાંનું નાગદમનનું શિલ્પ. (ફોટો મણિભાઈ વોરા)

અહીં પણ શિલ્પીએ જળચર જીવો કંડારીને જમુનાજળનું સૂચન મૂક્યું છે. આ ગોળાકાર શિલ્પના ચારે ખૂણે સિંહમુખ અને જ્વાળાવાળું શોભન મૂકી આકારને ચોરસ બનાવ્યો છે અને વધુમાં તેની ચારે બાજુ લતાનું સુંદર શોભન ઉમેર્યું છે. આ શિલ્પ નવમી સદીના અંત ભાગનું લાગે છે. તેમાંનાં આઠેય પાત્રોનું શિલ્પાંકન ઇલોરાના જેવું લાગે છે.

વંથલી (સોરઠ)નું નાગદમન

જૂનાગઢ નજીક વંથલીમાં ભાણાવાવ નામની એક જૂની વાપી છે. તેની ચોકીની છતમાં નાગદમનનું શિલ્પ જરા પ્રગતિ બતાવે છે. અહીં છતમાં ઊંડાણ બતાવતી સીમાપટ્ટી રાખીને તેમાં ચાર ખૂણે ચાર કીર્તિમુખ અને કલ્પલતાના શિલ્પથી વચ્ચે ગોળાકાર રાખીને તેમાં નાગદમનનું કંડારણ કર્યું છે. આ શિલ્પાંકનમાં નાગના મસ્તક ઉપર ફણાનો મુકુટ છે. નાગપુચ્છને જમણી તરફથી વાળીને ડાબી બાજુ ઉતારી વર્તુળાકાર પૂરો કર્યો છે. અહીં આધીન બની હાથ જોડી ઊભેલા નાગની ઉપર જમણા હાથમાં કોઈ આયુધ લઇને પ્રહાર કરવાની મુદ્રામાં કૃષ્ણને વીરરસની ગતિમાં કંડારેલા છે. નાગના ડાબા ખભા પર પોતાનો ડાબો પગ રાખી બતાવેલા કૃષ્ણ અહીં ચતુર્ભુજ છે. અહીં કૃષ્ણને વીનવી રહેલી આઠ નાગણીઓની દેહભંગિ ને વેષભૂષા પણ વિધવિધ છે, આ શિલ્પાંકનમાં નાગણીઓ માનવરૂપમાં ને કૃષ્ણ ભગવાન રૂપે દર્શાવ્યાં છે. સંભવતઃ આ શિલ્પ દસમી સદીનું છે.

આ ઉપરાંત માંગરોળની જામી મસ્જિદના અંદરના ચોકમાં ડાબી બાજુ પાણીના હોજ અને વાવ પાસે ચોકીની છતમાં પણ નાગદમનનું એક શિલ્પાંકન છે, જે માધવપુરના નાગદમન શિલ્પની પ્રતિકૃતિ હોય તેમ લાગે છે. તેના કંડારણમાં શિલ્પીએ વધુ બારીકાઈ કરીને કંઈક વધુ કરી બતાવવાની ચેષ્ટા કરી હોય તેવું લાગે છે. શ્રી કઝિન્સે આ શિલ્પની નોંધ લીધી છે. માંગરોળનું વિતાન બારમી સદીનું લાગે છે.

માધવપુર-ઘેડનું નાગદમન

પશ્ચિમ સૌરાષ્ટ્રના ઘેડ પ્રદેશના માધવપુર ગામથી એકાદ માઈલ દૂર મૂળ માધવપુર ગામ છે. ત્યાં અગિયારમી સદીનું એક વૈષ્ણવ મંદિર ભગ્ન સ્થિતિમાં ઊભું છે. આ મંદિરના મુખમંડપની છતમાં ઉન્નત કહી શકાય તેવું નાગદમનનું સુંદર શિલ્પ છે. શિલ્પના મર્યાદિત વિસ્તારમાં શિલ્પીએ અહીં ઘણું બધું બતાવી દેવા જાણે પ્રયાસ કર્યો લાગે છે, ને તેમાં તે સફળ પણ થયો છે. નાગરાજે અહીં પોતાની પુચ્છને સુભગ ગ્રંથિમાં વાળીને ડાબી બાજુથી ઉપર જઈ જમણી તરફ વળાંક લઇને શિલ્પવિસ્તારની સીમા બાંધતું વલય પૂરું કર્યું છે. પણ આમ કરતાં આઠે ય દિશા પર એકએક ગાંઠ પાડીને શિલ્પીએ અનન્ય નાગબંધ રચી બતાવ્યો છે. આ આઠ ગ્રંથિ એ આઠ દિગ્પાલનાં સ્થાન, નીચે 'અનંત' અને ઉપર 'બ્રહ્મ'–શ્રીકૃષ્ણ બતાવીને દશેય દિગ્પાલને શ્રીકૃષ્ણના વિજય-નૃત્યમાં મંદ મધુર ગતિમાં લીન થએલાં કલ્પીને હૃદય નાચી ઊઠે છે. નાગરાજના મસ્તક ઉપર સપ્ત ફણાનો મુકુટ છે. નાગના જમણા ખભા ઉપર પોતાનો જમણો પગ મૂકી વિજયાનંદમાં નૃત્યરત સમા લાગતા કૃષ્ણના મસ્તક ઉપર બાંધેલા કેશમાં પુષ્પમાળા ધારણ કરેલી છે. કૃષ્ણ-પગને ટેકવવા એક કિન્નર વૃક્ષની શાખા વડે ટેકો આપે છે. કૃષ્ણનો ડાબો હાથ નાગદમનની મુદ્રામાં છે, જ્યારે તેમના હાથમાં આયુધ તરીકે વૃક્ષની શાખા ધારણ કરેલી છે. આ શાખાના વલયાકાર છેડામાં કપિ બેઠેલો છે. આજુબાજુના વચ્ચેના ગાળામાં નમણી નાગિણીઓ વિવિધ મુદ્રામાં શ્રીકૃષ્ણને પ્રાર્થના કરતી બતાવી છે નાગબંધથી રચાતા વર્તુળની અંદર કલ્પલતાના અંકુરોથી રચાએલા નાના વર્તુળાકારોમાં જળચર, સ્થળચર જીવો તેમ જ રત્નો મૂકીને મનોહર રચના કરેલી છે. આ સમગ્ર શિલ્પની ચોપાસ ફરતી પદ્મપાંદડી અને તેની ઉપર ક્ષિપ્ત કાંગરી કરી કિનાર ઉપસાવી છે. ચાર ખૂણે પરિપાટી મુજબ કીર્તિમુખ અને કલ્પલતાનું કંડારણ કરી વિતાનની ચોરસ આકૃતિ સાથે મેળ સાધ્યો છે. બહારથી લતા અને અર્ધફૂલની શોભન-પટ્ટિકાઓથી મઢી મંદિરના સમગ્ર મંડપને છાવરતું વિતાન બનાવ્યું છે. અગિયારમી સદીના શિલ્પનું આ એક અનન્ય ઉદાહરણ છે. □

અનુસંધાન] **ગુજરાતી સાહિત્યનો આસ્વાદ** [પૃ. ૫૪ થી

કવિની ફરિયાદ છે:

ચોટામાં લુંટાણી મહારાણી ગુજરાતી વાણી.

'સંપ લક્ષ્મી સંવાદ'ની કથનરીતિ શામળનું સ્મરણ કરાવે. કવિએ સંપ અને લક્ષ્મી બંનેનાં મુખમાં સદૃષ્ટાન્ત સચોટ દલીલો મૂકી છે તેમાં તેમની કુશળતા પ્રતીત થાય છે. એમાં કથારસ છે અને વિનોદ ઉપજાવે તેવા તરંગ પણ છે. શંકરે વિષપાન શા માટે કર્યું? સંપના મુખે કવિએ દલીલ ઉચ્ચારાવી છે:

હરના ઘરમાં હરઘડી થતું હશે તોફાન;
સંપ ન દેખી શંકરે કીધું હશે વિષપાન.

કવિની આ એક સુશ્લિષ્ટ અને દીર્ઘ છતાં આકર્ષક કાવ્યરચના છે. 'વેઠે કામ ન કરવા વિશે'માં અંગ્રેજી રાજ્યના ભક્ત તરીકે વગોવાએલા દલપતરામ અંગ્રેજી રાજ્યઅમલનાં અનિષ્ટો પ્રત્યે આંગળી ચીંધે છે. 'ફાર્બસ વિલાસ'માં છે તેમ આ કાવ્યમાં પણ ગદ્યના ખંડ આવે છે. તેમાં એ યુગમાં તેમણે કલ્પેલું 'પરોપકારી'નું પાત્ર ભાવિ લોકસેવકની આગાહી કરે છે. (ચાલુ)

સાહિત્યસંપર્ક

'મીસાવાસ્યમ'

સુકન્યા ઝવેરી

બહુ સમય પછી, 'ગુજરાતી સ્મૃતિકથા-સાહિત્યમાં ઘણી રીતે સમૃદ્ધ એવું એક પુસ્તક જોવા મળ્યું: 'મીસાવાસ્યમ્'. 'ઈશાવાસ્યમ્ ઇદમ્ સર્વમ્'નો તેમાં વિપરીત ધ્વનિ લાગે. લેખકને જે કહેવું છે તે એ છે કે ઈ. ૧૯૭૫થી ૧૯૭૭ સુધીમાં આવી પડેલી કટોકટી અને તેને આનુષંગિક મીસા, સેન્સરશિપ વગેરે—સંવેદનશીલ લોકો માટે કેવો ઉત્પાત મચાવનારાં હતાં! આનું વર્ણન અહીં 'મીસા'ને કેન્દ્રમાં રાખીને કરવામાં આવ્યું છે.

એક રીતે જોઈએ તો આ તવારીખી દસ્તાવેજ છે; પણ માત્ર દસ્તાવેજ જ હોત તો એમાં મારા જેવાં ઘણાંને રસ પડયો ન હોત. લેખકે પોતે પોતાના સામયિક 'સાધના' દ્વારા સેન્સરશિપ વિરુદ્ધ યુદ્ધે ચડી મીસા હેઠળ જે કારાવાસ ભોગવ્યો એ રુદ્ધ દીવાલો વચ્ચેની સંવેદનશીલ જિંદગીનો આ અહેવાલ છે. પણ એમાં સર્વત્ર કવિનો સ્પર્શ છે. જે. પી. વિષેની કવિતાઓ, જેલમાં વાસંતિક વિષાદ, 'મુક્ત' શબ્દનું યુદ્ધ ને ડાયરીનાં થોડાંક પાનાં, આટલી સામગ્રી સર્જકપ્રતિભાને અભિવ્યક્ત કરે છે.

પુસ્તકનું આવરણ જ પુસ્તકની કથા વિષે ઉદ્‌ઘોષણા કરી દે છે. પુસ્તકના લેખક 'મીસા'-ની પકડમાં સપડાઈ ચૂક્યા છે. એ પછી પહેલા પાના પરનું સુકવિ શ્રી નરેન્દ્રનાથ ચક્રવર્તીના બંગાળી કાવ્ય 'નગ્ન રાજવી'નો સુચારુ અનુવાદ છે: 'રાજા ઓ રે...રાજા! તારાં વસ્ત્રો ક્યાં?' (આ કાવ્ય પણ એ દિવસો દરમિયાન પ્રતિબંધનો ભોગ બનેલું) આ જાણે મીસાવાસ્યમ્‌ની કથાનું એક દૃષ્ટિએ જોતાં પ્રતીક છે. લેખકે પ્રસ્તાવનામાં નોંધ્યું છે તે પ્રમાણે આ ઈ. સ. ૧૯૭૫ના ઉત્તરાર્ધથી ૧૯૭૭ના પ્રારંભ સુધીની કથા છે. લોકતંત્રના અર્વાચીન આદર્શોને હજુ ભારતની ધરતીમાં જડ મૂળ વિસ્તારવાનો મોકો મળે તે પહેલાં જ આંતરિક કટોકટીની ઘોષણા થઈ. એ સમય દરમિયાન અંધકાર અને અકળામણના વાતાવરણ વચ્ચે સંઘર્ષના ને જયપરાજયના જે ઝંઝાવાત આવ્યા એને મૂર્ત કરવાનો લેખકનો ઉદ્દેશ સાર્થ થયો છે.

આ સ્મૃતિકથાનો એક લાભ એ છે કે તે માત્ર પત્રકારની દાસ્તાન નથી. પણ એક સિદ્ધહસ્ત લેખક, એક સંવેદનશીલ કવિ અને એક સહૃદય શિક્ષકની આ ગાથા છે, જેમાં એમણે પોતાની પ્રાસાદિક, સરળ અને માર્મિક ભાષામાં, પોતે જે પ્રત્યક્ષ નિહાળ્યું, શારીરિક ને માનસિક રીતે જે અનુભવ્યું એને તટસ્થ બની, ડંખ કે કડવાશ વિના વહેતા ગદ્યમાં રજૂ કર્યું છે.

'તેઓ આવ્યા, નામ પૂછ્યું ને મેં કહ્યું...' આ રીતે એક નવલકથાની જેમ શરૂઆત કરીને લેખક એક પછી એક પ્રકરણોમાં તત્કાલીન વ્યક્તિગત, સમૂહગત સંઘર્ષના એક પછી એક પ્રસંગો ઊખેળતા જાય છે. પ્રારંભમાં જ 'વાસંતિક વિષાદ' જેવું કવિહૃદયની ઊર્મિઓ વ્યક્ત કરતું પ્રકરણ, બંગાળી લેખક જરાસંધ કૃત 'લોહકપાટ'નાં પાત્રો જેવી અસામાજિક કેદીઓની ઝણઝણાવતી જીવનચર્યાનાં પ્રકરણો છે. તે પછી એક પ્રકરણ તેમના નિબંધસંગ્રહ 'હથેળીનું આકાશ'ને મળેલા ગુજરાત સરકારના પ્રાદેશિક પુરસ્કારને પાછો ઠેલવાના અને તે નિમિત્તે રાજપાલને લખેલા પત્રનું છે. ગુજરાતી સાહિત્યકાર પણ તે સમયે નિર્ભય નહોતો રહ્યો, તેનું પ્રમાણ એમાં છે. પણ મને જે વિશેષ ગમ્યું એ 'મુક્ત' શબ્દની લડાઈ વિષેનો વાર્તાલાપ. એમાં લેખકનું વિશાળ વાચન અને ગાઢ ચિંતન છતાં થાય છે, લેખકનું ઊંડાણ વ્યક્ત થાય છે. એ પછીનાં પ્રકરણોમાં રાજકીય રીતે ઘણી અજાણી વિગતોનો પણ લેખકે ઉલ્લેખ કર્યો છે તે રાજકારણના અભ્યાસી માટે મહત્ત્વનો બની રહેશે. શ્રદ્ધેય જયપ્રકાશજી પર લખાએલી ચિંતિત કવિ બર્નાર્ડ કૉપ્સની કવિતાનો અનુવાદ અત્યંત સુંદર છે.

આ સત્યકથા છે છતાં અંદર કેવળ સત્યની વજ્રસમી કઠોરતા જ નથી, ક્ષણેક્ષણે અનુભવાતા આનંદને પણ લેખકે ઝીલ્યો છે. વ્યથા છે, વેદના છે, છતાં લેખકની રમૂજી વૃત્તિ પણ ડોકિયાં કરી જાય છે. ક્યાંક લેખક મુક્તકંઠે હસાવે છે તો ક્યાંક હોઠમાં મલકાવે છે, ક્યાંક આંસુ તો ક્યાંક નિસાસા મુકાવે છે; ક્યાંક આપોઆપ 'વાહ!' તો ક્યાંક 'ઓહ!' સરી પડે છે. ક્યારેક સરાહવાનું તો ક્યારેક લેખકને બિરદાવવાનું મન થાય છે.

જેલજીવનના પ્રારંભિક દિવસોનું આ કાવ્ય.

'જીવન તો અહીં પણ છે.

ને વસંતનો ઋતુશૃંગાર થોડાંક ફૂલોમાં,

અનાયાસ સાંજની વેળા આવી ચડેલા દેવપખીની પાંખોમાં,

પણ લદાએલા એકાંતવાસને કોઈ આધાર નથી હોતો ન શબ્દોનો, ન દીવાલ પારના જીવનનો...

ને મારા હસ્તાક્ષરોમાં મિત્ર પરિચિતોની આંખો કંઈક પામવા, કંઈક અર્પવા આવી પહોંચશે. ત્યારે?'

પ્રશ્નાર્થનો પ્રત્યુત્તર આવી ને થડકે છે એકાદ ખારા આંસુમાં.

અને છેલ્લે: 'પાછળ જોયું તો દરવાજો ફરી

શબ્દકથા: આભલું · વાદળું

સં. अभ्रનો મૂળ અર્થ 'વાદળું', પછીથી 'આકાશ' પણ. પ્રા. अब्भ પણ આ બંને ધરાવે છે. તે પરથી ગુજ. आभ 'આકાશ', અને आलुंभ 'વાદળું.' आभलुं 'અરીસો'ના અર્થમાં તથા બોલીઓમાં 'કપડામાં ચોડાતું નાનકડું દર્પણ'ના અર્થમાં પણ વપરાય છે. અર્થ વિકાસ સ્પષ્ટ નથી. अभ्रक 'અબરખ' સાથે આ અર્થને કશોક સંબંધ હશે?

સં. वार्दल, वर्दल, वर्दलिकाનો મૂળ અર્થ છે 'વાદળઘેર્યો દિવસ, દુર્દિન'. પ્રા. वद्दल, वद्दलियाનો અર્થ પણ એ જ છે, પણ वद्दलનો 'વાદળું' એવો અર્થ પણ વિકસ્યો છે. તે ઉપરથી ગુજ. 'वादळ', 'वादळुं'. કોઈક બોલીમાં वादण 'આકાશ'ના અર્થમાં વપરાય છે. આ અર્થવિકાસ अभ्रના અર્થવિકાસને મળતો છે.

અપભ્રંશમાં अब्भनो 'આકાશ' તથા वद्दलનો 'વાદળુ' અર્થ પણ થતો હોવાનું હેમચંદ્રે ઉદ્‌ધૃત કરેલા બે અપભ્રંશ દુહામાં થયેલા તેમના પ્રયોગ ઉપરથી જોઈ શકાય છે:

हिअडा, जइ वेरिअ घणा, तो किं अब्भि चडाहुं ।

अम्हाहं बे हत्थडा, जइ पुणु मारि मराहुं ॥

સંકડામણમાં આવેલા કોઈ શૂરવીરની પોતાને સંબોધીને આ ઉક્તિ છે: 'હે હૃદય, વેરીનો પાર નથી, તેથી શું કૂદીને આકાશમાં ચડી જવું? આપણને પણ બે હાથ તો છે: જો મરીશું, તો પણ મારીને મરીશું.'

ओ गोरी-मुह-निज्झियउ, वद्दलि लुक्कु मियंकु ।

अन्नु वि जो परिहविय-तणु, सो किवं भवंइ निसंकु ॥

'જો તો! આ ગોરીના વદન પાસે હારી ગયેલો ચંદ્ર વાદળામાં સંતાઈ ગયો; અને જે જાત-પરાભવ પામ્યો હોય તે માનભેર હરીફરી પણ કેમ શકે?' **હરિવલ્લભ ભાયાણી**

વિવેચકપ્રવર આઈ. એ. રિચાર્ડ્ઝ

(૧૮૯૩-૧૯૭૯)

સૌન્દર્યશાસ્ત્રીય વિવેચનના આ શતાબ્દીના પ્રખર પુષ્ઠપોષક, આંગ્લ સાહિત્યના વિશ્વવિશ્રુત મીમાંસક, સાહિત્યચિંતક અને સુકવિ



આઈવર આર્મસ્ટ્રૉંગ રિચાર્ડ્ઝનું ૭મી સપ્ટેમ્બરે (૧૯૭૯) કેમ્બ્રિજમાં અવસાન થયું. ઓગણીસમી શતાબ્દીમાં જન્મેલા ઈટલીના પ્રખ્યાત અભિવ્યંજનાવાદી આચાર્ય બેનેદેત્ત ક્રોચે (૧૮૬૬-૧૯૫૨)ના સૌન્દર્યશાસ્ત્ર (એસ્થેટિક્સ) પરત્વે સ્વતંત્ર ચિંતન-મનન કરનારાઓમાં ને તેને વિશિષ્ટ સ્વરૂપ આપનારાઓમાં રિચાર્ડ્ઝનું કર્તૃત્વ મહત્ત્વનું ગણાય છે.

શ્રી રિચાર્ડ્ઝનો જન્મ ૧૮૯૩ (૨૬મી ફેબ્રુઆરી)માં ઇંગ્લૅન્ડના ચેશાયર પરગણામાં થયો હતો. એમણે કેમ્બ્રિજ વિશ્વવિદ્યાલયમાં નીતિશાસ્ત્રનું અધ્યયન કર્યું. ઈ. ૧૯૧૯માં એમને કેમ્બ્રિજ સ્કૂલ ઑવ ઇંગ્લિશમાં આલોચનાના સિદ્ધાન્તો પર વ્યાખ્યાનો આપવાનું નિમંત્રણ મળ્યું. અહીં એમને પોતાનાં ભાવિ સમીક્ષાત્મક પુસ્તકો માટે સારી સાધન-સામગ્રી પ્રાપ્ત થઈ. તે ઉપરાંત એક સારા અને આશાસ્પદ વિદ્યાર્થી ફ્રૅંક રેમંડ લેવિસ (૧૮૯૫-૧૯૭૮) મળી ગયા, જેમના ઉપર એમની વિદ્વત્તા અને અધ્યાપનની ઘણી સારી છાપ પડી.

ઈ. ૧૯૨૨ થી ૧૯૨૯ સુધી રિચાર્ડ્ઝ કેમ્બ્રિજમાં અંગ્રેજી સાહિત્ય અને મનોવિજ્ઞાનના પ્રાધ્યાપક રહ્યા. આ સમય દરમ્યાન એમની ત્રણ ઉત્તમ કૃતિઓ પ્રકાશમાં આવી: ૧૯૨૩માં 'મીનિંગ ઑવ મીનિંગ' (અર્થતત્ત્વનું એક ઉત્તમ પુસ્તક), ૧૯૨૪માં 'પ્રિન્સિપલ્સ ઑવ લિટરરી ક્રિટિસિઝમ' અને ૧૯૨૬માં 'પ્રૅક્ટિકલ ક્રિટિસિઝમ' પ્રસિદ્ધ થઈ.

ઈ. ૧૯૨૯માં રિચાર્ડ્ઝ ચીનના પેકિંગ વિશ્વવિદ્યાલયમાં પર્યટક તરીકે પ્રાધ્યાપક નિમાયા. અહીં એમણે અંગ્રેજી ભાષાના ૮૫૦ શબ્દોને આધારે 'બેઝિક ઇંગ્લિશ' (બુનિયાદી અંગ્રેજી)નો વિકાસ કર્યો. ઈ. ૧૯૪૨માં એમણે ગ્રીક તત્ત્વવેત્તા પ્લેટોના રીપબ્લિકનું બેઝિક ઇંગ્લિશમાં સંપાદન કર્યું. એમની ભાવના હતી કે વિશ્વમાં એક વિશ્વભાષા દ્વારા ઐક્યની સ્થાપના થવી જોઇએ. ઈ. ૧૯૪૩માં એમણે 'બેઝિક ઇંગ્લિશ ઍન્ડ ઈટ્સ યૂસીઝ' નામનો ગ્રંથ લખ્યો.

પોતાના જીવનના છઠ્ઠા દશકમાં રિચાર્ડ્ઝ કાવ્યલેખન માટે પ્રવૃત્ત થયા. એમાં એમની 'ગુડ આઈ અર્થ' કૃતિને લીધે એમને સારી ખ્યાતિ મળી. ત્યાર પછી 'ધ સ્ક્રીન', 'ટુ મૉરો મૉર્નિંગ', 'ફાઉસ્ટ્સ' અને 'ઇંટર્નલ કૉલરિજ' કાવ્યકૃતિઓ પ્રકાશમાં આવી. ઈ. ૧૯૬૩માં રિચાર્ડ્ઝ અમેરિકાની હાર્વર્ડ યુનિવર્સિટીમાં સેવાયુક્ત પ્રાધ્યાપક તરીકે નિયુક્ત થયા. ઈ. ૧૯૭૮માં એમને રૉયલ સોસાયટી ઑવ આર્ટ્સ દ્વારા બેન્જામિન ફ્રૅંકલિન ચંદ્રક મળ્યો.

રિચાર્ડ્ઝના અવસાન સાથે આંગ્લ સાહિત્યનો માત્ર એક જ્વાજ્વલ્યમાન નક્ષત્ર જ અસ્ત નથી થયો, તેનો એક યુગ જ સમાપ્ત થયો છે. એમની અન્ય પ્રમુખ રચનાઓ આ પ્રમાણે છે: ૧) સાયન્સ ઍન્ડ પોએટ્રી-૧૯૨૫; ૨) બેઝિક રૂલ્સ ઑવ રીઝન-૧૯૩૩; ૩) કૉલરિજ ઑવ ઇમૅજિનેશન-૧૯૩૪; ૪) સ્પેક્યૂલેટિવ ઇન્સ્ટ્રુમૅન્ટ-૧૯૫૫; ૫) કૉમ્પ્લીમેન્ટરીઝ-૧૯૭૬.

—શંકરદેવ વિદ્યાલંકાર

ચરિત્રકાર ન. ર. ફાટક

(૧૮૯૩-૧૯૭૯)

ઇતિહાસજ્ઞ, ચરિત્રકાર, પત્રકાર તથા પ્રાધ્યાપકના રૂપમાં યશસ્વી એવા શ્રી નરહર રઘુનાથ ફાટક ૨૧મી ડિસેમ્બરે (૧૯૭૯) ૮૬ વર્ષની ઉંમરે દિવંગત થયા. એમનું શાળા અને કૉલેજનું શિક્ષણ પુણે, અજમેર, અલ્લાહાબાદ વગેરે સ્થળોમાં થયું ઇતિહાસ તથા સંત-વાઙ્મયના વિશેષ અનુશીલન પછી એમણે ચરિત્રકાર તરીકે સારી નામના મેળવી હતી. તેઓ 'વિવિધ જ્ઞાન વિસ્તાર', 'ઇન્દુપ્રકાશ', 'વિવિધ-વૃત્ત', 'નવાકાળ' વગેરે મરાઠી સામયિકોમાં નિયમિત લખતા હતા. કર્વે વિદ્યાપીઠ ને રૂઈયા કૉલેજ-મુંબાઈમાં તેઓ મરાઠી સાહિત્યના વરિષ્ઠ પ્રાધ્યાપક હતા. અમરાવતીમાં ભરાએલા વિદર્ભ સાહિત્ય-સંમેલનના તેઓ પ્રમુખ હતા. પછી ૧૯૪૭માં મળેલા મરાઠી સાહિત્ય-સમ્મેલનના હૈદરાબાદ અધિવેશનના તેઓ સભાધ્યક્ષ હતા. લોકમાન્ય તિલકની છાયામાં પત્રકારત્વની તાલીમ લેનારા તેજસ્વી પત્રકારોમાં એમની ગણના થાય છે.

એમણે લખેલી લો૦ તિલક, મહામના ગોખલે, ન્યાયમૂર્તિ રાનડે અને કેટલાક મરાઠી સંતોની જીવનકથાઓ મરાઠી સાહિત્યમાં નમૂનેદાર મનાય છે. એક વાર ભારતીય વિદ્વાનોનું એક મંડળ રશિયા ગયું હતું ત્યારે મૉસ્કોમાં સંગીતાચાર્ય પંડિત ઓંકારનાથ ઠાકુરના કંઠસંગીત સાથે પ્રો. ફાટકે તાનપુરાની સંગત કરી હતી. એમને શાસ્ત્રીય સંગીતનો પણ છન્દ હતો. 'ભારત ઇતિહાસ સંશોધક મંડળ' પુણે, 'પ્રાજ્ઞ પાઠશાળા' વાઈ, 'મુંબાઈ મરાઠી સાહિત્ય સંઘ', 'મુંબાઈ મરાઠી ગ્રન્થ સંગ્રહાલય', 'મહારાષ્ટ્ર સાહિત્ય પરિષદ' વગેરે અનેક સંસ્થાઓમાં તેઓ પદાધિકારી અને સદસ્ય હતા.

—શંકરદેવ વિદ્યાલંકાર

બંધ થઈ ગયો હતો. લોકતંત્રના ઇતિહાસમાં અચાનક આવી ચડયા હતા મીસાવાસ્યમ્‌ના હસ્તાક્ષરો. તેનું અસ્તિત્વ ધીરે ધીરે લોપ થઈ રહ્યું હતું. પણ તેની પ્રકૃતિનું?'

આ વેધક પ્રશ્નાર્થ સાથે સમાપ્ત થતી આ સ્મૃતિકથા, તેની શૈલી અને શિલ્પના કારણે વધારે આકર્ષક લાગે છે, ગદ્યનું શિલ્પાયતન છે તવારીખ અને કાવ્યનો સુભગ આવો સંયોગ અપવાદ રૂપ હોઈ શકે. મુદ્રણદોષો નિવારી શકાયા હોત તો તેને વધુ ન્યાય મળ્યો હોત એમ પણ લાગે છે. પૂજનીય દુર્ગાબાઈ ભાગવતની અવતારિકા કથાની કલગી સમ છે.

(લેખક: વિષ્ણુ પંડયા; આર. આર. શેઠની કંપની, મુંબઈ-૨ અમદાવાદ-૧, પાકું પૂઠું, પૃ. ૨૭૧, કિ. રૂ. ૨૨-૫૦.)

સાહિત્ય સંગમ

બાવાસીદી • ગોપીપુરા • સુરત-૧

રોગપરિચયમાળા: રોગના ઉપચાર કરતાં તેનું નિદાન ખસૂસ મહત્ત્વનું છે, એ ન્યાયે પ્રસ્તુત પુસ્તકશ્રેણીમાં પ્રસિદ્ધ વૈદ્ય લાભશંકર ઠાકર 'પુનર્વસુ'એ લખેલી ૧૨ પુસ્તિકાઓ પ્રકટ થઈ છે તે આ પ્રમાણે છે: અમ્લપિત્ત, બ્લડપ્રેશર, ચામડીના રોગો, સન્ધિવા-આમવાત, આર્તવવિકાર, વંધ્યત્વ, કૅન્સર, શરદી સળેખમ, શુક્રસ્રાવ, દમ-સસણી, ડાયાબિટિસ અને આહાર-આરોગ્ય. પ્રથમ અગિયાર પુસ્તિકાઓમાં રોગનાં કારણો, તેનાં લક્ષણો, તે રોગની આંતરિક પ્રક્રિયાનું નિરૂપણ, સામાન્ય માણસને પણ સમજવું સહેલું પડે તેવી સહજ ભાષાશૈલીમાં કરવામાં આવ્યું છે. (પ્રત્યેકનું કાચું પૂઠું, પ્રત્યેકનાં પૃ. ૩૮ થી ૫૬, પ્રત્યેકની કિં. રૂ. ૨, સેટના રૂ. ૨૪.)

ઘરઘરનો આયુર્વેદ: રોજબરોજના સામાન્ય તેમજ ગંભીર રોગોનાં કારણો, લક્ષણો, ઉપચારોની વૈદકીય પદ્ધતિએ છણાવટ કરતો શ્રી 'ચિકિત્સક'નો આ ગ્રંથ આયુર્વેદમાં શ્રદ્ધા ધરાવનાર સહુ કોઇને ઉપયોગી થઈ પ-

આવકાર

ભગવાન સ્વામીનારાયણ દ્વીશતાબ્દી મહોત્સવ
પ્રકાશન સમિતિ, શાહીબાગ, અમદાવાદ

બ્રહ્માનંદ પદાવલી: પૃ. ૧૨૬, કાચું, રૂ. ૪.

મુક્તાનંદની અક્ષરઆરાધના: લે. રઘુવીર ચૌધરી. પૃ. ૩૨, કાચું, રૂ. ૦-૬૦.

દેવાનંદની અક્ષરઆરાધના: લે. અમૃતલાલ યાજ્ઞિક. પૃ. ૩૨, કાચું, રૂ. ૦-૬૦.

અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામી: લે. શાસ્ત્રી ઈશ્વરચરણદાસ. પૃ. ૩૨, કાચું પૂઠું, રૂ. ૦-૬૦.

સદ્૦ પ્રેમાનંદ સ્વામી: લે. શાસ્ત્રી અનુપમ ભગત. પૃ. ૩૨, કાચું, રૂ. ૦-૬૦.

ભગવાન સ્વામીનારાયણ-સમાજ સુધારક: લે. શ્રી ગુણવંત દાણી. પૃ. ૩૨, કાચું પૂઠું, રૂ. ૦-૬૦.

સદ્૦ મુક્તાનંદ સ્વામી: પૃ. ૩૨, કાચું પૂઠું, રૂ. ૦-૬૦.

અમે ના ભૂલીએ તમને: પૃ ૨૮, કાચું પૂઠું, રૂ. ૨-૨૫.

સ્વામીનારાયણ પ્રકાશ અંક-૯: સપ્ટેમ્બર ૧૯૭૯.

Thus Speak Swaminarayan: પૃ. ૯૦, કાચું પૂઠું, રૂ. ૧-૨૫.

ભગવાન સ્વામીનારાયણ (હિન્દી): લે. હરીન્દ્ર દવે. પૃ. ૩૨, કાચું, રૂ. ૦-૬૦.

એન. એમ. ઠક્કરની કંપની
૧૪૦, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબાઈ-૨

અનુભવસિદ્ધ ઔષધિઓ: લે. હકીમ સાહેબ ગરાંબશા બાપુશા તથા ત્ર્યંબકરાય

ત્રિવેદી. પૃ. ૨૦૮, પાકું, રૂ. ૧૬.

સાચું નામ શ્રીરામનું: લે. અનુભવાનંદજી. પૃ. ૧૫૨, પાકું, રૂ. ૧૨-૫૦.

એંશી સુધી યુવાની: લે. અનુભવાનંદજી. પૃ. ૧૩૬, પાકું, રૂ ૧૨-૫૦.

એન. એમ. ત્રિપાઠી પ્રા. લિ.
પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૨

જાતને ઉંઘાડનારા (પુનર્મુદ્રણ): લે. સ્વામી આનંદ. પૃ. ૨૭૧, પાકું, રૂ. ૧૮.

જૂની મૂડી: લે સ્વામી આનંદ. પૃ. ૨૬૪, પાકું પૂઠું, રૂ ૨૨.

અન્ય પ્રકાશકોનાં

મોન્ટા-કૉલાજ: લે. જગદીશ જોષી. પ્ર. વોરા ઍન્ડ કંપની, અમદાવાદ ૧. પૃ. ૭૫, કાચું પૂઠું. રૂ. ૧૫.

પોલિયો બાળલકવા: લે. ડૉ. આર. ટી. આચાર્ય, આરામ ફાર્મા., લાલ દરવાજા, સુરત-૩. પૃ. ૬૨ કાચું પૂઠું, રૂ ૪.

આપણો વિદેશવેપાર (પ. પુ. ૫૦૩): લે. જિતેન્દ્ર સંઘવી પ્ર. પરિચય ટ્રસ્ટ, મુંબઈ-૨. પૃ. ૩૨, કાચું પૂઠું, રૂ ૦-૭૫.

ગાંધીજીની સંસ્થા-નવજીવન: (પ. પુ. ૫૦૪): લે. જિતેન્દ્ર દેસાઈ. પ્ર. ઉપર મુજબ, પૃ. ૩૨, કાચું, રૂ. ૦-૭૫.

આધુનિક વિચારધારાઓ: લે. જયંતી કે. પટેલ. પ્ર. યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ-૬. પૃ. ૩૪૪, પાકું, રૂ. ૧૧.

પાશ્ચાત્ય સાહિત્ય મીમાંસાના સીમાસ્તંભો: લે. ડૉ. બહેચરભાઈ ૨. પટેલ. પ્ર. ઉપર મુજબ. પૃ. ૪૧૯, પાકું, રૂ. ૧૪.

રચના-૨: લે. ચંદ્રકાન્ત હિંમતલાલ શાહ. પ્ર. ઉપર મુજબ. પૃ. ૯૬૦, પાકું પૂઠું, રૂ ૫૩.

વિનોબા: જીવન અને કવન: લે. કાન્તિ શાહ. પ્ર. યજ્ઞ પ્રકાશન, ભૂમિપુત્ર, હુઝરાત પાગા, વડોદરા-૧. પૃ. ૨૧૬, કાચું, રૂ ૭.

અમૃત પુરુષ જયપ્રકાશ: સં. ગિરધર તલાટી. પ્ર. વિશ્વમાનવ સંસ્કાર શિક્ષણ ટ્રસ્ટ, વડોદરા-૫. પૃ. ૨૨૦, કાચું, રૂ. ૧૦.

માર્ક્સવાદ-અવૈજ્ઞાનિક અભિગમ: અનુ. ભોગીલાલ ગાંધી. પ્ર. ઉપર મુજબ. પૃ. ૧૧૫, કાચું, રૂ. ૮.

ગુલાબી આરસની લગ્ગી: લે. હરિકૃષ્ણ પાઠક પ્ર. ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ. પૃ. ૧૬૨, પાકું, રૂ. ૭.

દે તાલ્લી: લે. રમેશ પારેખ. પ્ર. ઉપર મુજબ. પૃ. ૪૮, કાચું, રૂ. ૨-૫૦.

તુફાં: લે. યૉસેફ મેકવાન. પ્ર. ઉપર મુજબ. પૃ. ૩૬, કાચું, રૂ. ૨.

હાઉક: લે. રમેશ પારેખ. પ્ર. ઉપર મુજબ. પૃ. ૩૨, કાચું, રૂ. ૨.

આનંદ: લે. હરજીવન થાનકી. પ્ર. પોતે. આર્યકન્યાગુરુકુળ, પોરબંદર. પૃ. ૧૦૯, પાકું, રૂ. ૮.

અવહેલના: લે. વ્રજ માતરી. પ્ર. રાકેશ પ્રિન્ટર્સ, ૧૬૫, મોરીવાડ, રાયપુર, અમદાવાદ ૧. પૃ. ૬૩, કાચું પૂઠું, રૂ. ૧૭.

ગાંધીજીનો અક્ષરદેહ-૫૪: પ્ર. નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ ૧૪. પૃ. ૫૧૦, પાકું, રૂ. ૨૦.

જન્યપ્રાણી સૃષ્ટિ: લે. કનૈયાલાલ રામાનુજ. પ્ર. ઉપર મુજબ. પૃ. ૨૦૫, કાચું, રૂ. ૮.

નિમિષ: લે. પિયુષ પંડયા. પ્ર. રૂપાલી પબ્લિકેશન, ધીકાંટા ક્રૉસિંગ, રીલિફ રોડ, અમદાવાદ ૧. પૃ. ૯૨, કાચું પૂઠું, રૂ. ૭.

ડચે. (પાકું પૂઠું, પૃ. ૩૧૨, રૂ. ૧૩-૫૦.)

ગીતાદર્શન: ભારતીય તત્ત્વજ્ઞાનના અકંસમી ગીતાના અઢાર અધ્યાયનું અહીં મુદ્દાસર વિશ્લેષણ કરી શ્રી યોગેશ્વરે ગીતાના વક્તવ્યનું સરળ શૈલીમાં નિરૂપણ કર્યું છે તે સંસ્કૃતથી અનભિજ્ઞ વાચકને તેના મર્મ સુધી લઈ જવામાં સહાયભૂત થાય તેવું છે. (પાકું પૂઠું, પૃ. ૮૮૦, રૂ. ૩૫.)

પંચામૃત: જીવનનાં વિવિધ ક્ષેત્રોના પ્રશ્નોને કેન્દ્રમાં રાખી લખાએલા આ કટારલેખો તેના લેખક શ્રી પ્રીતમલાલ મજમુદારની જીવનદૃષ્ટિના દ્યોતક છે. જીવન એ મંગલમય છે અને એને કેમ ઉન્નતોન્નત બનાવી શકાય એ પ્રત્યેક મનુષ્યની સાધના હોઈ શકે. વ્યક્તિગત આવી

૬૪ ('કુમાર' અંક ૬૭૪)

સાધના સામૂહિક સ્તરે સામાજિક ઉન્નતિ તરફ આગળ વધે એ એની અનિવાર્ય ઈષ્ટ પરિણતિ છે એવી જીવનલક્ષી—સમાજલક્ષી ભાવના આ લેખો પાછળ રહેલી છે તે અછતું રહેતું નથી. જીવનોપયોગી લેખોનો આ સંચય વાચકને પ્રેરક સામગ્રી પૂરી પાડશે, (કાચું પૂઠું, પૃ. ૧૨૮, રૂ. ૮.)

ગાંધીજીવન ભાગ-૭મો: ગાંધીજીની જન્મશતાબ્દી નિમિત્તે એમના જીવન અને વિચારને કેન્દ્રમાં રાખી શ્રી રતિલાલ અધ્વર્યુએ અગાઉ જે છ ભાગો પ્રકટ કર્યા હતા તે માળામાં આ સાતમો અને છેલ્લો મણકો. (કાચું પૂઠું, પૃ. ૨૫૬, રૂ. ૫.)

નવી મુકેશ ગીતમાલા: સિનેમા જગતના આ યુગના પ્રસિદ્ધ પાર્શ્વગાયક સદ્‌ગત મુકેશનાં લોકપ્રિય ગીતોનો સંચય (પાકું પૂઠું, પૃ. ૧૯૨, રૂ. ૭).

લેજાબાદ ભગાભાઈ: શ્રી હરિપ્રસાદ વ્યાસે બાળકો માટે સર્જેલા પાત્ર ભગાભાઈને કેન્દ્રમાં રાખી બાલવાર્તારૂપે નિરૂપાએલાં ચાર સચિત્ર પુસ્તકો પ્રકટ થયાં છે તે આ પ્રમાણે છે: ભગાભાઈનાં કારસ્તાન, ભગાભાઈએ ભાંગ પીધી, ભગાભાઈના કૂજેતા અનેઅક્કલનું અપમાન. (પ્રત્યેકનું રંગીન પાકું પૂઠું, પ્રત્યેકના પૃ. ૧૦૦, પ્રત્યેકની કિં. રૂ. ૪-૫૦)

લોકશાહીના રક્ષકો: ભૂતપૂર્વ વડાં પ્રધાન ઇન્દિરાબેન ગાંધીના કટોકટીકાળ દરમિયાન જે જે નેતાઓએ લોકશાહીના રક્ષણ

માટે એક યા બીજા પ્રકારે લડત આપી તેમાંથી ૬ મહાનુભાવોના જીવનકાર્યને કિશોરભોગ્ય રીતે રજૂ કરતી શ્રી 'અભય'ની આ પુસ્તિકાઓ છે: 'લોકનાયક જયપ્રકાશ', 'મોરારજીભાઈ દેસાઈ', 'રાષ્ટ્રપતિ સંજીવ રેડ્ડી', 'અટલબિહારી બાજપેયી', 'યંગ ટર્ક ચંદ્રશેખર' ને 'બાબુભાઈ પટેલ'. (પ્રત્યેકનું કાચું પૂઠું, પ્રત્યેકનાં પૃ. ૩૨, પ્રત્યેકની કિં. ૧-૫૦.)

યજ્ઞ પ્રકાશન

ભૂમિપુત્ર, હુઝરાતપાગા, વડોદરા-૩૯૦૦૦૧

પંચામૃત: 'ભૂમિપુત્ર' દશવારિકમાં 'પંચામૃત' કટારમાં જીવનના વિવિધ ક્ષેત્રોને લગતા પૂછાએલા પ્રશ્નોના વિનોબાજીએ આપેલા ઉત્તરો પ્રકટ થતા રહે છે. એ પ્રશ્નોમાંથી આધ્યાત્મિક જીવનને લગતા પ્રશ્નો પસંદ કરી તેના ઉત્તરો અહીં સંગૃહીત કરવામાં આવ્યા છે. આ ઉત્તરોમાં અગમ્ય એવા સ્હસ્યવાદ કરતાં બુદ્ધિગમ્ય નિરસનવાદ તરફનો ઝોક જિજ્ઞાસુને તર્કજન્ય સંતોષ આપવામાં સહાયભૂત થાય તેમ છે. કેવળ અંધશ્રદ્ધાથી દૂર રહી સમ્યક્ શ્રદ્ધાથી અપાએલા આ ઉત્તરો વિનોબાની બહુશ્રુતતા, તર્કશુદ્ધતા અને રજૂઆતની સચોટતા દર્શાવી જાય છે. (કાચું પૂઠું, પૃ. ૧૫૫, રૂ. ૩-૫૦.)

બહેનો અને ક્રાંતિ: સદીઓથી પુરુષપ્રધાન સમાજમાં બહેનોની જે ગુલામસહજ જીવનદશા છે તેની સામે બહેનોએ જ ક્રાંતિ કરવાનો કાળ પાકી ગયો છે, એ વિચારબીજની આસપાસ દાદા ધર્માધિકારીએ આપેલું આ પ્રવચન એ દિશામાં વિચાર કરવા પ્રેરે તેવું છે. (કાચું પૂઠું, પૃ. ૨૦, ૫૦ પૈસા.)

જીવવાનો ચાન્સ ૫૦૦માં-૧: 'સૅટરડે રિવ્યુ'ના સંપાદક મંડળમાંના એક શ્રી નૉર્મન કઝિન્સના બે લેખો—'જીવવાનો ચાન્સ ૫૦૦માં ૧' અને '૨૦૦૦ ડૉક્ટરો પાસેથી હું શું શીખ્યો?'—આ પુસ્તિકામાં સંગૃહીત કરવામાં આવ્યા છે. આ લેખો બીમારીમાં ખમીર દાખવી તબીબોને હેરત પમાડે તેવી નવી ચિંતન ક્ષિતિજ ઉઘાડનાર દર્દી નૉર્મન કઝિન્સની આપવીતી (કે આપજીતી?) છે, જે અનેકને એ પરિસ્થિતિમાં પ્રેરણા આપી જીવનની સર્વોપરિતા સમજાવી જાય છે. (કાચું પૂઠું, પૃ. ૫૬, રૂ. ૧-૧૫.)

રાષ્ટ્રભાષા પુસ્તક મંદિર

૪/૭૭૩, ટાવરરોડ, સૂરત


લીલી નાઘેર: સૌરાષ્ટ્રના સોરઠ વિસ્તારનો આ પ્રદેશ એની લીલીકુંજારતા માટે અને તદ્જન્ય સૌન્દર્ય માટે પ્રસિદ્ધ છે. એ ભૌગોલિક વિગતોને અહીં સરસ શૈલીમાં પ્રાણભાઈ ભટ્ટે રજૂ કરી છે. વિદ્યાર્થીઓને વાર્તારસ સાથે ભૂગોળનું જ્ઞાન આ રીતે મળે તો કેટલાક શાસ્ત્રીય નીરસ વિષયો કેટલા બધા રસમય બની જાય?! બાળકોને આ રીતે જ્ઞાન આપવાની શિક્ષણ પદ્ધતિનો આ એક સફળ સુચારુ પ્રયોગ કહેવાય તેમ છે. (કાચું પૂઠું, પૃ. ૫૨, રૂ. ૨-૭૫).

સંસ્કાર ખાતર: બુકર ટી. વૉશિંગ્ટને પોતાના શિક્ષણકાળની જીવનકથા 'ફાઈટ ફૉર એડયુકેશન' લખી છે તે આપણા કિશોર છાત્રોને સંસ્કાર સિંચન માટે ઉપયોગી હોઈ તેનો શ્રી વિજય શાસ્ત્રીએ કરેલો આ ગુજરાતી અનુવાદ અવશ્ય વાંચવા જેવો છે. (કાચું પૂઠું, પૃ. ૮૬, રૂ. ૩-૭૫)

રણમેદાને રૂમઝુમલાલ: જાણીતા આંગ્લ લેખક જુલે વર્નની હાસ્યપ્રધાન લઘુનવલ આપણા જાણીતા લેખક ધનસુખલાલ મહેતાએ કરેલું આ રૂપાંતર સુવાચ્ય છે. (કાચું, પૂઠું, પૃ. ૬૮, રૂ. ૩-૫૦).

ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ: ઇતિહાસપ્રસિદ્ધ ભારતીય વીર નારી લક્ષ્મીબાઈનાં ત્યાગ અને પરાક્રમની આ લઘુ જીવનકથા ઊગતી પેઢીના માટે પ્રેરણાદાયક હોઈ વાંચવાવસાવવા યોગ્ય છે. (લે. ઉપર મુજબ, કાચું પૂઠું, પૃ. ૩૬, રૂ. ૨-૨૫).

શતરંજના-કોયડા-૨



સફેદે રમવાનું અને બે ચાલમાં મ્હાત કરવાનું.

આ વખતે આપણે બે ચાલનો Direct-mate કોયડો જોઇએ. આ કોયડામાં સફેદે રમવાની શરૂઆત કરવાની છે. કાળાના બધા જ બચાવ સામે બે ચાલમાં મ્હાત થાય તેવો ઉકેલ શોધવાનો છે. ચાવીની ચાલ પછી ધમકી હોય તો તે શક્ય તેટલા વિકલ્પો વગેરેનો ઉકેલમાં સમાવેશ થવો જોઇએ.

આપના ઉકેલ ૧૫ માર્ચ પહેલાં નીચેના સરનામે મોકલો.

Suresh M. Mody
H-6 Saraswati Society, Govandi Road, Chembur, Bombay-400071

સાચો ઉકેલ, ભાગ લેનારનાં નામ અને તેમણે મેળવેલા ગુણ મે ૧૯૮૦ના અંકમાં આપવામા આવશે.

અનુસંધાન] **પચ્ચીસ વર્ષ પહેલાં** [પૃષ્ઠ ૬૭થી

તેના નિર્દોષ શબ્દો શ્રવણ કરીને, આજે આ મૂરખ સારો લાગમાં આવ્યો છે એવા વિચારથી આનંદ પામી રહેલા તે ચતુર્ભુજે કહ્યું, 'હે બંધુ, અમે અલંકારો તો કોઇને આ ભાવે આપતા નથી પરંતુ તમારો અત્યંત આગ્રહ છે તેથી તમને થોડાક વધુ આપીશું.'

આ રીતે અત્યંત નિર્દોષ હોવાનો તથા છેતરાયાની ખબર નહિ પડી હોવાનો ઢોંગ કરી રહેલા તે તલકચંદે ત્યાર પછી વધુ પૈસા મળવાની આશાએ લાલચમાં સપડાએલા તે ચતુર્ભુજને પોતાની સાથે લીધો અને બજારમાં પહોંચતાં જ એકદમ જોર કરીને પકડીને તેને પોલીસ થાણામાં ઘસડી ગયો. 'હે નાગરિક! તું કોણ છે અને આ કોને પકડી લાવ્યો છે?' એવા ઈન્સ્પેક્ટરે પૂછેલા પ્રશ્નના જવાબમાં આખી હકીકત કહેવાઈ છે જેનાથી એવા તે તલકચંદ વડે તે ઈન્સ્પેક્ટરની મદદ મગાઈ, ને તે મળતાં રાહ જોતા બેઠેલા પેલા સોનીના સાથીદારો પણ પકડાયા.

ત્યાર બાદ જ્યારે લાંબી તપાસ થઈ ગઈ હતી, ન્યાયાધીશ વડે જજમેન્ટ વંચાઈ ગયું હતું, આરોપીઓને જેલમાં લઈ જવામાં આવતા હતા તથા તલકચંદને પોતાનું ધન પાછું મળતું હતું ત્યારે તે વણિક વડે આ પ્રમાણે વિચારાયું, 'અહો! ભાગ્યના પ્રભાવે જ હું આજે બચી જવા પામ્યો છું. હવે મારાથી આ પ્રમાણે અનીતિના માર્ગે ધન પ્રાપ્ત કરવાનો પ્રયાસ કદી પણ થશે નહિ.'

ત્યાર પછી તે પ્રમાણે કરતાં તે વણિક પ્રામાણિક માર્ગોએ વેપાર કરવાને લીધે સંપત્તિને પામ્યો. તેથી જ કહ્યું છે કે......

બકરીના ગળાનું આંચળ નકામું છે, ચૂંટણી વખતે ઉમેદવારોએ આપેલાં વચનો નકામાં છે, મહા મહિનાનો વરસાદ નકામો છે તથા અનીતિનું ધન નકામું છે...(૯)

સાર: સારાસારનો વિચાર કર્યા વિના લોભમાં પડી. ને અજાણ્યાનો વિશ્વાસ કરવો નહિ. □

પચ્ચીસ વર્ષ પહેલાં

ફેબ્રુઆરી ૧૯૫૫ : સળંગ અંક ૩૭૪



લોકોનાં સામાજિક દૂષણો, રાજકીય બદીઓ તથા વ્યક્તિગત વિચિત્રતાઓ ઉપર કટાક્ષ કરતી વાર્તાઓના અનેક પ્રકાર જુદાજુદા દેશમાં જુદાજુદા કાળે લખાય છે. **ભાઈ નવનીત સેવકે એ જ** રીતે આપણી પ્રાચીન 'પંચતંત્ર'ની બોધકથાઓની ઢબે આધુનિક જીવન પર હળવી શૈલીમાં 'સ્વતંત્ર'ની કથાઓની માળા આજથી પચ્ચીસ વર્ષ પહેલાંના અંકથી શરૂ કરેલી. તેની કથનશૈલી આપણી પ્રાચીન કથાઓની ઢબે તેમ જ આપણા પુરાણીઓના કથાવાચનની શૈલીએ યોજેલી અને વચ્ચે આવતાં બોધકથનો 'પંચતંત્ર'ના તેવા શ્લોકની ઢબે જ આધુનિક યુગ પરના કટાક્ષો રચેલા. અહીં નીચે એ 'લોભી અને ધુતારાની કથા' ઉતારીએ :

કોઈ એક વેળાએ ગુજરાત નામે દેશમાં લુણાદ નામે ગામને વિષે તલકચંદ નામનો વણિક વસતો હતો. બાપદાદાના વખતથી ખેડૂતોમાં ધીરધાર કરવાનો ધંધો છે જેનો, એવો તે તલકચંદ ત્યાર બાદ પૂર્વજોના પગલે ચાલીને એકના એકવીસ ગણા ધનને પામ્યો. ત્યાર પછી વર્ષાઋતુને સમયે જ્યારે ખેતરોમાં પુષ્કળ ધાન્ય પાક્યું હતું, ખેડૂતો અનાજથી થનારી આવક વિષે વિચાર કરીને આનંદ પામતા હતા, ત્યારે જેના મનમાં ચિંતાએ વાસ કર્યો છે એવા તે તલકચંદ નામે વણિકે વિચાર્યું, 'અહો ! મારા દેણદાર સઘળા ખેડૂતો ધનવાન થઈ જવાના ! હવે તો મારા માગતા બધા પૈસા મને મળી જવાના ! એકનાં એકવીસ ગણાં વ્યાજ હું હવે ક્યાંથી ચઢાવીશ ? હા ! હવે હું મૂઓ !'

કહેવામાં આવ્યું છે કે—ડૉકટરો રોગચાળાને ઈચ્છે છે, વકીલો લડાઈ-ઝઘડાને ઇચ્છે છે. સંઘરાખોરો અછતને ઈચ્છે છે અને (ધીરધારવાળા) વણિકો દુષ્કાળ ઇચ્છે છે...(૧)

ત્યાર પછી નાનાં ગામોમાં ધીરધારના ધંધામાં લાભ દેખાયો નથી જેને, એવા તે તલકચંદ નામે વાણિયા વડે પોતાના બધા દેણદારો પાસેથી માગતા પૈસા ઉઘરાવી લેવાનું ઇચ્છાયું. અને એ વણિકપુત્ર અનાજનાં ગાડાં ભરાવતા ખેડૂતો પાસે ગયો અને બોલ્યો, 'હે બંધુઓ ! અનાજના ઢગલા પરથી તમે સારું એવું ધાન્ય ઉત્પન્ન કર્યું હોય એમ લાગે છે. માટે, જો તમે એ વેચવાથી યોગ્ય ધન મેળવો તો મને મારી માગતી રકમ પાછી આપી દેશો.'

ત્યાર પછી તેમ કરવામાં આવતાં તે અત્યંત પ્રસન્ન થયો અને મનમાં જ બોલવા લાગ્યો, 'આહા ! મારા પૂર્વજોમાંથી કોઈની પણ પાસે આટલા પૈસા સામટા નહિ આવ્યા હોય, માટે લાવ મને કોઈ મોટા શહેરમાં જઇને કોઈ એક ઉત્તમ ધંધામાં મિલકત રોકવા દે ! કેમકે......

હાથમાં રહેલું ધન નિષ્ક્રિય રહેવાથી તે મોજશોખમાં કે શબ્દરચના-હરીફાઈઓમાં નાશ પામે છે માટે સુખી જીવન ગાળવા ઇચ્છનારે તેને કોઈ ધંધામાં રોકવું......(૨)

આ પ્રમાણે વિચાર કરેલો છે જેણે, એવા તે તલકચંદ નામે વણિકે ત્યાર બાદ સો સો રૂપીઆની થોડી નોટો બંડીના ખિસ્સામાં મૂકીને તેના પર બે ડગલા પહેર્યાં અને મુંબાઈ નામે નગર તરફ પ્રયાણ કર્યું.

ત્યાર પછી, રેલગાડી જ્યારે ગડગડાટ કરતી દોડતી હતી, સેવચેવડા તથા પીપરમીટવાળા ફેરિયાઓની બૂમો સંભળાતી હતી, ભજિયાં ખાઈને નંખાએલાં કાગળિયાં આમતેમ ઊડતાં હતાં ને ખડખડ અવાજ કરતો પંખો ફરતો હતો ત્યારે ડબ્બામાં બેઠેલા તલકચંદ પાસે સામેની જગા પર બેઠેલો એક માણસ આવ્યો અને બોલ્યો, 'હે ભાઈ ! તમે ધીરધાર કરનારા હો એમ લાગે છે. માટે જો એમ હોય તો કૃપા કરીને મારી પાસે આ બટન છે તે સોનાનાં છે કે કેમ તે જુઓ.'

તેનું આ પ્રમાણેનું બોલવું સાંભળીને તે તલકચંદ તેના પ્રતિ બોલ્યો, 'હે મિત્ર ! તમે કોણ છો અને આ બટન શા માટે મારી પાસે તપાસાવડાવો છો તે કહો.'

તેનું કથન શ્રવણ કરીને મુસાફર બોલ્યો, 'ભાઈ ! મારી વાત હું તમને કહું છું; પણ લ્યો, આ બીડી સળગાવો !'

પરંતુ તેણે વારંવાર આગ્રહ કર્યો છતાં પણ તે વણિકે બીડી લીધી નહિ. કહ્યું છે કે......

દુશ્મનનું, બેવફા થએલી સ્ત્રીનું, જ્ઞાન વિનાના વૈદ્ય-ડૉકટરોનું, દ્રવ્ય-હરણ કરવાની ઇચ્છાવાળા મિત્રનું કે રેલગાડીમાં મળેલા અજાણ્યાનું આપેલું કંઈ જ ખાવું કે પીવું નહિ......(૩)

વારંવાર આગ્રહ કર્યો છતાં પણ જ્યારે તલકચંદે બીડી ન લીધી ત્યારે તે મુસાફર પોતે જ એક બીડી સળગાવીને પોતાની વાત કહેવા લાગ્યો.

મુસાફરની વાત

'હે ભાઈ ! મારી વાત તો (ઘણી) લાંબી છે. હું નડિયાદ નામે શહેરનો નિવાસી ચતુર્ભુજ નામે સોની છું. નાનપણમાં જ મારા પિતા મારા માટે પુષ્કળ સંપત્તિ મૂકીને મરી ગયા હતા. મારી નાની ઉંમર જોઇને મારી સંપત્તિ હસ્તગત કરી લેવાની ઈચ્છાવાળાં અનેક સગાંઓએ ટ્રસ્ટી તરીકે કામ કરવાની ઇચ્છા દર્શાવી. કહ્યું છે કે

આખી વિનાનું મધ, આશરા વિનાની સ્ત્રી, કાંટા વિનાનું ગુલાબ અને રક્ષક વિનાનું ધન લેવા સહુ ઇચ્છે છે...(૪)

સગાંઓની ઈચ્છા સમજી ગએલી છે જે, એવી મારી માતાએ તે પછીથી કોઇને મિલકત નહિ સોંપતાં પોતે જ તે સાચવવાનું નક્કી કર્યું.

ત્યાર બાદ પૈસા છૂટથી મળતા હોવાને કારણે નાનપણથી જ હું છૂટા હાથવાળો બન્યો, અને મોટો થતાં પણ સારાસાર બુદ્ધિને પામ્યો નહિ. જેના વડે આ મિલકતને હું ભોગવી રહ્યો હતો એવી તે સોની-વિદ્યાને પણ મેં પ્રમાદથી કરીને મેળવી નહિ તથા આળસુ બનીને હું દ્રવ્યનો વ્યય કરવા લાગ્યો. એ પછીથી ઉંમરલાયક થતાં મારી માતાએ બધી મિલકત મને સોંપી દીધી. સારાસાર-બુદ્ધિને નહિ મેળવેલો એવો હું પણ, 'હવે મારે કોઇને ખર્ચ અંગે જવાબ આપવાનો રહ્યો નહિ' એવો વિચાર કરીને આનંદમાં આવ્યો.

તે પછીથી જેમજેમ સમય વીતતો ગયો તેમતેમ મારા મિત્રોની સંખ્યા વધતી જવા લાગી, તથા ધન ઘટતું જવા લાગ્યું. કહ્યું છે કે—

સાઠ વર્ષ ગયાં પછીની બુદ્ધિ, અભિનેત્રીની ઉંમર, પૈસા ગયા પછીનો વિવેક અને (સ્વાર્થી) મિત્રોની સોબતમાં ધન, એ ચારે સમય વીતતાં ઘટયા કરે છે......(૫)

આ પ્રમાણે થતાં, ધન અને મિત્રોની મૈત્રી નાશ પામી ગઈ છે જેની, એવો હું તે પછીથી ઘણા સંકટને વિષે આવી પહોંચ્યો, અને જેવી રીતે ભારતને સ્વાતંત્ર્ય આપીને અંગ્રેજો પસ્તાયા તેવી રીતે પસ્તાવા લાગ્યો.

ત્યાર પછી, ઘરમાં જ્યારે ખાવા અનાજ પણ ન રહ્યું ત્યારે મારી માતાએ મને બોલાવીને કહ્યું, 'હે પુત્રક ! તારા વડે કરીને તારા પિતાએ ઉપાર્જન કરેલી સઘળી મિલકત ખવાઈ ગઈ છે, તો હવે ગુજારો ચાલુ રાખવા માટે તું કાંઈક ધંધો શોધી કાઢ વગેરે.

તેને આમ કહેતી જોઇને મેં પશ્ચાત્તાપ કરતાં કહ્યું, 'હે માતા ! મારા પિતાની સર્વ સંપત્તિ મેં મૂર્ખાએ વેડફી નાખી છે. હવે હું શું કરું ?'

ત્યારે માતા બોલી, 'હે વત્સ ! અમદાવાદ નામે નગરમાં જઈને મનુષ્યો દ્રવ્યોપાર્જન કરે છે એવું મેં સાંભળ્યું છે, માટે તું ત્યાં જા અને

ધન તથા કીર્તિને મેળવ!'

તેની આજ્ઞા મેળવીને એ પછી હું અમદાવાદ ગયો, પરંતુ અનેક અરજીઓ કર્યા છતાં પણ કંઈ નોકરી ધંધો મેળવી શક્યો નહિ. ત્યાર બાદ આમ થવાથી અત્યંત નિરાશ થએલો એવો હું મારે ગામ પાછો ગયો, તથા કોઈ ધંધો કરવા માટે પ્રયત્ન કરવા લાગ્યો. કહ્યું છે કે...

નોકરી એ ઉત્તમ છે, વેપાર એ મધ્યમ છે અને ખેતી એ કનિષ્ઠ છે; માટે સૌ પ્રથમ નોકરી, તે ન મળે તો વેપાર અને છેવટે કંઈ ન મળે તો ખેતી કરવી......(૬)

આ પ્રમાણેનો વિચાર કરીને મેં મારા પિતાજીના એક મિત્ર પાસેથી કજીના કરીને પૈસા લીધા તથા જાતજાતના વેપાર કરવાની યોજના ઘડી; પરંતુ તેમાં કંઈ નફો નહિ મળતાં ઉદાસ થઈ ગયો. મને આ પ્રમાણે નિરાશ થઈ ગએલો જોવાથી દિલ દુભાયું છે જેનું, એવા મારા એક મિત્રે કહ્યું, 'હે બંધુ! તું આમ માથે હાથ દઈને કેમ બેઠો છે? શું તેં સાંભળ્યું નથી, કે શાન્ત રહીને તથા ધીરજ રાખીને રાહ જોવાથી રૅશનિંગની જેમ નિષ્ફળતા પણ જતી રહે છે! માટે હે વયસ્ક! શાન્ત મગજ રાખીને તારે શી મૂંઝવણ છે તે મને કહે.'

તે મિત્રનાં આવાં વચન શ્રવણ કરીને, 'આ મારા માટે માર્ગ શોધી કાઢશે' એવા વિચારથી મન શાન્ત થયું છે જેનું, તેવા મારા વડે તેને સઘળી વાત કહેવાઈ, અને તે સાંભળીને તે પણ મારા પ્રત્યે બોલ્યો, 'હે મિત્ર! તો પછી તું ચોરીનો માલ સંઘરવાનો ધંધો કેમ કરતો નથી? કેટલાક સોનીઓ તો આ ધંધામાં સારું ધન પેદા કરે છે. તો તું પણ તેમના માર્ગને અનુસર.'

તે બાદ તેની સલાહને અનુસરીને હું ચોરીના માલને સંઘરવાનો તથા વેચવાનો ધંધો કરીને ઉન્નતિને પામ્યો, તથા સારું એવું ધન પેદા કરીને આનંદમાં કાળ નિર્ગમન કરવા લાગ્યો. આજે આ બટન પણ એવી જ રીતે લીધેલાં છે તથા રાત્રે મને બરાબર સૂઝતું ન હોવાને લીધે મેં તમને બતાવ્યાં છે.'

આ પ્રમાણે પોતાની વાત પૂરી કરીને તે ચતુર્ભુજ નામે સોનીએ તે તલકચંદને આ પ્રમાણે પૂછ્યું. 'મિત્ર! હવે તમે કોણ છો અને કયા સ્થાનને વિષે પ્રયાણ કરો છો તે કૃપા કરીને મને કહો.'

તેનાં આવાં વચન સાંભળીને તલકચંદ નામે તે વણિકે તેને પોતાની વાત કરી અને બોલ્યો, 'હે ચતુર્ભુજ! મારે પણ મારું ધન કયા ધંધામાં રોકવું તેની મને ખબર પડતી નથી. માટે જો તમારા ધંધામાં સારી આવક થાય એમ હોય તો મને પણ થોડોઘણો વેપાર કરવા દો, અને તે કેમ થાય તે મને બતાવો!'

તે પરથી તે ચતુર્ભુજ નામે સોનીએ કહ્યું, 'હે મિત્ર! અનુભવ વડે ઘડાઈ ગએલો હોવાથી હું કોઇનો વિશ્વાસ કરીને ધંધાની રીત બતાવતો નથી. કહેવાય છે કે......'

સ્ત્રીને મનની વાત, નોકરને તિજોરીની ચાવી અને અજાણ્યાને ધંધાની રીત બતાવી દેનાર મૂર્ખમાં ગણાય છે......(૭)

તે છતાં પણ હે તલકચંદ! તમે મારી સાથે આટલી સારી રીતે વર્ત્યા છો તો હું તમોને મારી પાસેનો થોડોઘણો માલ આપીશ જેથી કરીને તમે પણ મારી જેમ પુષ્કળ ધનને પામશો. પરંતુ વયસ્ક! તમારે એમાંથી મને પોતાને નામનું પણ કમિશન પ્રદાન કરવું પડશે.'

તે બાદ પોતાનાં નાણાં સારા ધંધામાં રોકાયાં છે એ જાણીને અત્યંત હર્ષ પામતો એ તલકચંદ તેમ કરવાને ખુશી થયો. ત્યાર પછીથી નડિયાદનું સ્ટેશન આવી લાગતાં જ્યારે ઊતરી જનાર મુસાફરોની તૈયારીઓ ચાલતી હતી, બૅગ-બિસ્તરા બંધાતા હતા, વેરવિખેર થઈ ગએલા બૂટ-ચંપલો શોધાતાં હતાં તેમ જ ઊંઘી ગએલાં સંબંધીઓને જગાડાતા હતા ત્યારે તે ચતુર્ભુજ નામે સોનીએ તે તલકચંદને કહ્યું, 'હે ભાઈ! તમારો કોઈ ઓળખીતો મળે તો પણ તમો આપણે શા કામે જઇએ છીએ તે જણાવશો નહિ કારણ કે ચોરીના માલનો વેપાર કરવો તે ગુનો ગણાય છે.'

તે પછીથી ચતુર્ભુજ નામે સોનીની પાછળ જતા વણિકથી વિચારાયું, 'અહો! આજે તો મારા ભાગ્યનો વેગ અત્યંત વધી ગયો હોય એમ લાગે છે! જો આ સોની પાસેથી લીધેલા માલના મને સારા પૈસા ઊપજશે તો હું પણ મારા લુણાદ નામે ગામમાં જઇને આવો જ ચોરીનો માલ સંઘરવાનો તથા વેચવાનો ધંધો કરીશ તથા આબાદીને પામીશ!'

આ પ્રમાણે વિચાર કરીને હર્ષ પામતો તથા અત્યંત રાજી થઈ ગએલો તે તલકચંદ ત્યાર બાદ તે ચતુર્ભુજને અનુસરતો નડિયાદ નામે ગામની ભાગોળે આવી પહોંચ્યો. ગામનો છેડો આવી ગએલો જોઇને વ્યાકુળ થઈ ગએલા ચિત્તવાળો તલકચંદ ચતુર્ભુજને આ પ્રમાણે પૂછવા લાગ્યો, 'હે ભાઈ! હવે તો ગામનો છેડો આવી પહોંચ્યો, આપ મને આમ દૂર દૂર ક્યાં લઈ જવા માગો છો તે કૃપા કરીને સમજાવશો.'

તેનાં આ વચન શ્રવણ કરીને ચતુર્ભુજ બોલ્યો, 'મિત્ર! મારો ધંધો ગુપ્ત હોવાથી તથા સરકારના રાજસેવકોથી છૂપો રાખવાનો હોવાથી મેં મારું સ્થળ ગામથી દૂર રાખ્યું છે; માટે તમે કોઇ પણ જાતનો ડર રાખ્યા વિના મારી પાછળ પાછળ ચાલ્યા આવો.'

તેથી શંકા નિર્મૂળ થઈ જવાથી તે વણિક તેને અનુસરતો ગામને છેવાડે આવેલા એક મકાનમાં આવી પહોંચ્યો, તથા તે સોનીએ આગ્રહ કરીને આપવા માંડેલ ચા તથા નાસ્તાને તેમ જ પાણીને પણ નહિ સ્વીકારતાં ત્યાં બેઠો. તે પછીથી 'હું ગામમાં જઇને માલ લઈ આવું' એમ કહીને તે સોની પેલા વણિકને ત્યાં જ બેસાડીને ગામ તરફ રવાના થયો.

તેના ગયા પછીથી, 'હમણાં તે સોની માલ લઇને આવશે તથા હું અત્યંત સસ્તા ભાવે સુવર્ણ વગેરે કીમતી ધાતુઓને મેળવીને સંતોષ પ્રાપ્ત કરીશ.' એવા વિચારો કરતો તે સોની ત્યાં બેઠો. ત્યાર બાદ જ્યારે સંધ્યાનો સમય થયો હતો, આખા ગામમાં ફરીને કાગળ, એંઠવાડ વગેરે ખાઇને ગાયો વગેરે પાછી ફરી રહી હતી, પાણીમિશ્રિત દૂધ વેચાઈ જતાં રાજી થતી રબારણો ઘેર જતી હતી ત્યારે તે સોની પાંચ છ જણને સાથે લઇને તે વણિક પાસે આવ્યો અને તેને સુવર્ણના કહીને કેટલાક પિત્તળના અલંકારો વેચવાની વાત કરવા લાગ્યો.

આ પરથી, 'હું છેતરાયો છું' એવા વિચારથી અત્યંત પસ્તાતો તે તલકચંદ વિચારવા લાગ્યો, 'અહો, મેં લોભમાં પડીને મારું બધું જ ધન ગુમાવવાનો ધંધો કર્યો છે. કહ્યું છે કે...

ગરજથી મનુષ્ય અક્કલ ગુમાવે છે, ધનથી વિવેક ગુમાવે છે, અને વિલાસથી ધન ગુમાવે છે; પરંતુ લોભ તો અક્કલ, વિવેક અને ધન ત્રણેનો નાશ કરે છે......(૮)

ત્યાર બાદ પિત્તળના અલંકારો સુવર્ણના ભાવે ખરીદવાનો આગ્રહ કરવામાં આવ્યો છે જેને, એવા તે તલકચંદે કહ્યું, 'ભાઇઓ! ખરેખર તમે જે સુવર્ણના અલંકારો મને આપો છો તેમાં મને મોટો નફો મળે એવું છે. આવો સરસ ધંધો તમે મને બતાવ્યો એ માટે હું તમારો આભાર માનું છું, અને તમારા બધા જ અલંકારો ખરીદ કરી લઉં છું.'

આ પ્રમાણે તે વણિકનું બોલવું સાંભળીને અત્યંત આનંદ પામતા તે ચતુર્ભુજે તેને અલંકારો આપી દીધા. પછી તે તલકચંદે કહ્યું, 'હે બંધુ! મારો વિચાર તો હજી પણ વધુ અલંકારો લેવાનો છે, માટે રસ્તો જોએલો નથી એવા મને જો તમે બજાર સુધી મૂકી જાઓ તો હું મારા ઓળખીતાની દુકાનેથી વધુ ધન લાઉં અને તમારા બીજા સુવર્ણને ખરીદ કરીને અત્યંત સંપત્તિને પામું.'


(અનુસંધાન પૃષ્ઠ ૬૫ પર)

ૐ

ઓમકાર એટલે કે પ્રણવ એ હિંદુધર્મની એક સ્વીકૃત સંજ્ઞા છે. જેના વડે ઈશ્વરને અસરકારક રીતે ભજી શકાય તે પ્રણવ. એનો એક અર્થ 'જે સદાય નવું છે' એવો પણ છે. અનેક ધર્મગ્રંથોમાં પ્રણવનું માહાત્મ્ય વર્ણવેલું છે. ઓમ એ પરબ્રહ્મ જ છે એમ કઠોપનિષદ કહે છે. ઓંકારના જપ કરીને આત્મા (સ્વ) અને બ્રહ્મ (ઈશ્વર)નું આધ્યાત્મિક ઐક્ય સાધવાનું મુંડકોપનિષદમાં કહ્યું છે. ગીતામાં શ્રીકૃષ્ણે શબ્દોમાં પોતે ઓમકાર હોવાનું કહ્યું છે. પતંજલિના યોગસૂત્ર પ્રમાણે ઓમકાર એ સ્વયં ઈશ્વરની સંજ્ઞા હોઈ એના જપથી સમાધિ પ્રાપ્ત કરી ઈશ્વરને સમજાય છે. સામવેદી સ્તોત્રવિશેષનું નામ 'ઉદ્‌ગીથ ભક્તિ' છે. ઓમકાર તેનો અંશ હોઈ એને ઉદ્‌ગીથ પણ કહે છે.

હિંદુઓના સર્વ વૈદિક ને લૌકિક ધર્મકાર્યોમાં મંત્રોચ્ચારોની સાથોસાથ ઓમકારનું ઉચ્ચારણ કરવામાં આવે છે. પ્રણવને મંત્રરાજની ઉપમા પણ અપાઈ છે. ઈસ્વીસનના છઠ્ઠા શતક પછીના જે હસ્તલિખિત ધર્મગ્રંથો મળે છે તેમાં મંગળ ઉદ્દેશ માટે પ્રણવપૂર્વક ગ્રંથારંભ કરેલો જોવા મળે છે. બૌદ્ધ ને જૈનોમાં ઓમકારનો સ્વીકાર થએલો છે. બૌદ્ધ દર્શનોમાં શૂન્યમાંથી પ્રણવ અને તેમાંથી વિશ્વની ઉત્પત્તિ થવાનું જણાવ્યું છે. શિવપુરાણમાં તેને પંચમુખ શિવનું પ્રતીક કહ્યો છે. વૈષ્ણવ પુરાણો ત્ર્યક્ષરાત્મક પ્રણવને વિષ્ણુ, શ્રી અને ભક્ત એ ત્રણનો તથા ત્રણ વેદ, ત્રણ લોક, ત્રણ અગ્નિ અને વિષ્ણુના ત્રણ સ્વરૂપોનો દ્યોતક કહ્યો છે. વેદ, છંદ, ઇતિહાસ પુરાણો, ગીત નૃત્ય ઇત્યાદિ સર્વ કંઈ ઓમકારમાંથી ઉત્પન્ન થયાનું મનાય છે.

અ+ઉ+મ+ઁ મળીને ઓમકાર બને છે. જાગૃતિ, સ્વપ્ન, સુષુપ્તિ અને તુર્યા એ ચાર અવસ્થાનો, તેમજ વિશ્વ, તેજસ, પ્રાજ્ઞ ને આત્મા આ ચાર આત્મસ્વરૂપનો એ નિદર્શક છે. તે જ રીતે, અકાર તે વિષ્ણુ, ઉકાર તે મહેશ્વર, મકાર તે બ્રહ્મા એમ ત્રણે દેવતાઓનો ઓમકારમાં સમાવેશ છે. પ્રણવ એ ઈશ્વરનો વાચક હોઈ તેની પુનઃ પુનઃ આવૃત્તિ તથા તેના અર્થનું સતત અનુસંધાન કરવાથી તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિ થાય છે.



જીવ્યું ભલે તુજ સદા કુરુક્ષેત્ર થાયે,
એમાં જ પૌરુષની સિદ્ધિ ગણી બધાની.
તારો જ તું જય થજે, તું જ પ્રેરણા યે,
તું સારથિ, તું જ પરંતપ, વિશ્વજિત તું,
('સ્વપ્ન પ્રયાણ'માંથી) —હરિશ્ચન્દ્ર ભટ્ટ

શીલભદ્ર શ્રેષ્ઠી સ્વ. કસ્તૂરભાઈ લાલભાઈ

ભારતભરના ઉદ્યોગપતિઓમાં અગ્રસ્થાન મેળવી ગુજરાતને ગૌરવવંતુ કરનાર, અમદાવાદના કાપડઉદ્યોગમાં પોતાની કુશાગ્ર બુદ્ધિ, કુનેહ અને પ્રતિભાથી મિલોનું માતબર સંકુલ સ્થાપનાર, ભારતખ્યાત ઉદ્યોગપતિ અને શીલભદ્ર શ્રેષ્ઠી શ્રી કસ્તૂરભાઈ લાલભાઈનું તાજેતરમાં -ગઈ ૨૦મી ડિસેમ્બર ૧૯૭૯ના રોજ અવસાન થતાં ગુજરાતમાં અનેક ક્ષેત્રે પીઢ અને વ્યવહાર ચતુર માર્ગદર્શકની જે ખોટ પડી છે એ આજના યુગમાં ઝટ પુરાવી શક્ય નથી.

એમનો વિસ્તૃત પરિચય અગાઉ 'કુમાર' અંક ૫૫૫ (માર્ચ-૧૯૭૦)માં આવી ગયો હોઈ અમદાવાદ બહારના વાચકો પણ એમનાથી પરિચિત છે જ. ઈ. ૧૮૯૪ની ૧૯મી ડિસેમ્બરે અમદાવાદમાં એમનો જન્મ થયો. ગર્ભશ્રીમંત પરિવારમાં તેઓ બીજા પુત્ર હતા. દાદા દલપતભાઈ મનુભાઈ ઉદ્યોગક્ષેત્રે અગ્રેસર હતા. પિતા લાલભાઈ સ્થાનિક જૈન સમાજના મોવડી હતા. શિસ્તના તેઓ કડક આગ્રહી હતા અને પોતાનાં બાળકો પાસે પણ એવી જ અપેક્ષા રાખતા. ધર્મમાં શ્રદ્ધાવાન એમના પરિવારમાં ધાર્મિક નીતિઓનું ચુસ્ત પાલન થતું અને એના પૂરા સંસ્કાર માતા મોહિનીબેને પુત્રોમાં પણ ઉતાર્યા હતા.

સોળ વર્ષની વયે મૅટ્રિક્યુલેટ થઈ વધુ અભ્યાસ માટે કસ્તૂરભાઈ અમદાવાદની ગુજરાત કૉલેજમાં જોડાયા, પણ પિતાના અચાનક અવસાનથી અભ્યાસ ખોરંભાયો; પરિવારના વિસ્તૃત વહીવટની ઘણી જવાબદારી એમના પર આવી પડી. અને એમણે એ બહુ જ યશસ્વી રીતે ઉપાડી લીધી, એટલું જ નહિ, એને વધુ દીપાવીને સમગ્ર ભારતમાં દષ્ટિવંત સમ્માનનીય મહાજન અને ઉદ્યોગપતિ ગણાયા. મહાજન તરીકેની એમની અસાધારણ શક્તિઓ અને ગુણસંપત્તિ પાછળ એમની પોતાની બુદ્ધિ, ચાતુર્ય અને પુરુષાર્થ-પરાયણતા ઉપરાંત દસદસ પેઢીનો અખંડ અને ઉજ્જવળ સંસ્કારવારસો પણ સમાએલો છે. અમદાવાદ તેમજ સમગ્ર ગુજરાતને શિક્ષણ, ધર્મ, કળા સ્થાપત્ય તથા સંશોધનથી શણગારવાનો મોટો યશ એમને છે. આ બધાની પાછળ એમનાં અખંડ પરિશ્રમ, ખંત, કર્તવ્યનિષ્ઠા, કરકસરયુક્ત વ્યાપારી કુનેહ અને પરિણામસાધક દીર્ઘદષ્ટિ છે.



રાજમાન્ય અને પ્રજામાન્ય પોતાના વડવાઓની નામનાને એમણે વધારી હતી. જનહિતનાં જાહેર કાર્યોમાં તથા લોકોની મુશ્કેલીઓના સમયે અને વખતે એમણે માર્ગદર્શન આપ્યું હતું. ઈ. ૧૯૧૮માં ગુજરાતમાં વ્યાપેલા દુષ્કાળ વખતે એમણે ઘેર ઘેર ફરીને એ કાળે માતબર એવી ત્રણ લાખ જેટલી રકમ એકઠી કરી દીન દુઃખિયાઓને સહાય પહોંચાડી હતી. એ જ રીતે ૧૯૨૭માં રેલસંકટ વેળા પણ એમણે તારાજ થઈ ગએલાં ગામડાંઓને બેઠાં કરવામાં પ્રબળ પુરુષાર્થ કર્યો હતો.

પદ, હોદ્દા કે અધિકાર માટે એમણે કદી એષણા રાખવી ન હતી, છતાં જો કોઈ મોટી જવાબદારી એમને સોંપાય તો તેને કર્તવ્યધર્મ રૂપે સ્વીકારીને સંનિષ્ઠાપૂર્વક તે કાર્યને બહોશથી પાર પાડી આપતા. આ રીતે, રીઝર્વ બૅન્ક ઑવ ઇન્ડિયાના ડિરેક્ટર તરીકે, આઈ. એલ. ઓ.માં ભારતના પ્રતિનિધિ તરીકે, કંડલા પોર્ટ વિકાસના ચૅરમૅન તરીકે, સરકારની કરકસરનાં પગલાં સમિતિના અધ્યક્ષ તરીકે, હૈદરાબાદ, મૈસુર અને ત્રાવણકોરના ઉદ્યોગોના ધીરાણની મોટી રકમોની તપાસના એક-વ્યક્તિ-પંચ તરીકે, રશિયામાં પ્રતિનિધિ મંડળના મોવડી તરીકે, કાઉન્સિલ ઑવ સાયન્ટિફિક ઍન્ડ ઈન્ડસ્ટ્રીઅલ રીસર્ચ બોર્ડના કાર્યવાહક સભ્ય તરીકે, અટીરાના પ્રેરક તરીકે તથા અન્ય સંખ્યાબંધ લોકોપયોગી સંસ્થાઓમાં પોતાની સેવાઓ આપી છે.

રાણકપુર, દેલવાડા અને શત્રુંજયના જગવિખ્યાત જૈનમંદિરોના જીર્ણોદ્ધારનો પણ મોટો યશ એમને ઘટે છે. આ કાર્યમાં અનેકવિધ પ્રશ્નોનો એમને સામનો કરવો પડેલો પણ પોતાની કુશાગ્ર બુદ્ધિ અને ધીટતાથી એમણે એ કાર્યો પાર પાડ્યાં હતાં.

'અતુલ' એ એમનું રસાયણક્ષેત્રે સાકાર થએલું એક ભવ્ય સ્વપ્ન છે. રસાયણઉદ્યોગની અનેકવિધ જટિલતાઓને એમણે એના વિકાસમાં સફળતાપૂર્વક પાર પાડી બતાવીને દેશભરમાં તેને ખ્યાતિ અપાવી છે.

સરદાર પટેલના આગ્રહથી ઈ. ૧૯૨૩માં દિલ્હીની ધારાસભામાં પણ તેઓ જઈ આવેલા. પરંતુ સક્રિય રાજકારણ એ કદાચ એમને રુચે એવો વિષય નહોતો. પોતાની, પોતાના કુટુંબની અને પોતાની કંપનીઓની રૂ. બેએક કરોડની સખાવતોમાંથી રૂ. એક કરોડ તો કેળવણી માટે જ આપ્યા છે. અમદાવાદ એડ્યુકેશન સોસાયટી, ગુજરાત યુનિવર્સિટી અને બીજી અનેક શૈક્ષણિક સંસ્થાઓ માટે તેમણે ભારે જહેમત ઉઠાવી હતી.

આ ઉપરાંત પૂ. મુનિશ્રી પુણ્યવિજયજીની પ્રેરણાથી અને શ્રી કસ્તૂરભાઈના જ કુટુંબની સખાવતથી અમદાવાદમાં સ્થપાએલ 'લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર' એ દેશવિદેશના વિદ્યાર્થીઓ માટે વિદ્યાનું તીર્થધામ બની ગયું છે. ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑવ મૅનેજમૅન્ટની સ્થાપનામાં પણ તેમનો ફાળો મહત્વનો રહ્યો છે.

ગર્ભશ્રીમંત પરિવારના મોવડી હોવા છતાં તેમનું અંગત જીવન સાદગી અને કરકસરભર્યું હતું. તેઓ અત્યંત ચીવટવાળા હતા. તેમની લાયબ્રેરી ડિકન્સ, ડ્યૂમા, રસ્કિન, સ્ટીવન્સન, ચર્ચિલ, મૅકૉલેનાં પુસ્તકોથી ભરેલી રહેતી. તેઓ ખાસ કરીને અર્થશાસ્ત્ર, સમાજશાસ્ત્ર અને ઇતિહાસના વાચક હતા. પૌરાણિક ને ધાર્મિક હસ્તપ્રતોનો આગવો અને સમૃદ્ધ સંગ્રહ એમણે કર્યો હતો.

છેલ્લા થોડા સમયથી હૃદય મોટું થઈ જવાની તેમને બીમારી હતી અને તેઓ લગભગ નિવૃત્ત જ હતા. અવસાન અગાઉ ત્રણ દિવસ પર તેઓ અતુલની એક મીટિંગ માટે ગયા હતા ત્યાં તબિયત બગડી અને તરત અમદાવાદ આવ્યા બાદ ત્રીજે દિવસે તેમનું ૮૫ વર્ષ, ૧ માસ અને ૧ દિવસની અવધે અવસાન થયું. એમના જેવા ધર્મનિષ્ઠ માણસના આત્માને પરમ શાન્તિ જ હોય. ('સંદેશ' વગેરેના આધારે)

સૂકો મેવો

આપણે ત્યાંના લોકોની આર્થિક સ્થિતિ તદ્દન સામાન્ય છે. જ્યાં એક ટંક ખોરાક મળવો મુશ્કેલ હોય ત્યાં સૂકો મેવો ખાવાની સલાહ આપવી એ યોગ્ય નથી. છતાં જે લોકોની આર્થિક સ્થિતિ સારી છે, સુખ-સગવડ છે, તેવા લોકોએ સૂકો મેવો ખાવાની આદત રાખવી જોઈએ. સૂકા મેવામાં જે પોષક દ્રવ્યો કુદરતે મૂક્યાં છે તે આપણા શરીરને મળવાથી માંદગી આવતી નથી.

જે લોકોની આર્થિક સ્થિતિ સામાન્ય હોય તેમણે મગફળી, ગોળ, ખજૂર, કોપરું વગેરે આહારમાં લેવાં જરૂરી છે, જેથી શરીર નીરોગી ને તાજગીભર્યું રહે. કોપરું અને ગોળ પૌષ્ટિક છે. મગફળી અને ગોળ શક્તિ આપનારાં છે. ખજૂર પૌષ્ટિક છે. આવો સહેલાઈથી મળે તેવો ખોરાક લેવાથી ફાયદો થશે. આજે ખોરાકમાં ભેળસેળ થઈ રહેલી છે, ત્યારે શરીરને પોષણ આપનારાં તત્ત્વો એક અથવા બીજી રીતે મેળવવા. પ્રયત્ન કરવો જોઈએ. સૂકા મેવામાંથી એટલાં બધાં પોષક તત્ત્વો ભરપૂર મળે છે કે પછી બીજો અશુદ્ધ ખોરાક લેવાની જરૂર રહેતી નથી. સૂકો મેવો સ્વાદિષ્ટ, રુચિકર અને આરોગ્યપ્રાપ્તિ માટે ઉત્તમ છે.

સામાન્ય રીતે ખજૂર, ખારેક, સૂકાં અંજીર, કિસમિસ, કાળી દ્રાક્ષ, જરદાલુ, કાજુ, અખરોટ, પિસ્તાં, કોપરું, મગફળી વગેરે સૂકા મેવા તરીકે ગણાવી શકાય. આમાંથી જે પોસાય તે લઈ શકાય. સૂકા મેવામાં ક્યાં ક્યાં તત્ત્વો છે તે ટૂંકામાં જોઈએ.

સૂકા મેવામાં પ્રોટીન વધારે પ્રમાણમાં છે–ખાસ કરીને બદામમાં અને મગફળીમાં. મગફળી તો સૌ કોઈ ખાઈ શકે તેટલી સસ્તી છે. મગફળી સાથે ખજૂર ખાવાથી ઉત્તમ પ્રકારનું પોષક તત્ત્વ શરીરને મળી રહે છે. ઉપરાંત કાર્બોહાઇડ્રેટ અને ચરબી તત્ત્વો પણ એમાંથી મળે છે.

મેવામાં ચૂનો, લોહ, ફૉસ્ફરસ અને બીજાં તત્ત્વો હોય છે તે શરીરને નીરોગી રાખે છે. વળી મેવામાં પાણી ઓછું છે. એટલે લોહીમાં અમ્લતા વધતી નથી, પણ લોહીને શુદ્ધ કરે છે. મેવામાં ભેળસેળ થઈ શકતી નથી, એટલે તે શુદ્ધ રૂપમાં મળે છે, જેથી શરીરને ઉપયોગી કેટલાક ક્ષારો ને વિટામિન મળી રહે છે. મેવો કાચો ખાઈ શકાય છે. એને રાંધવાની જરૂર નથી. મેવો ખૂબ ચાવીને ખાવાથી દાંત મજબૂત બને છે અને પચવામાં હળવો બને છે. મેવામાં જે ગળપણ છે તે ઊંચા પ્રકારનું છે. એથી શક્તિ અને સ્ફૂર્તિ આવે છે. સૂકો મેવો માંસાહારની બરોબરી કરે છે. માંસાહાર કરતાં યે તે વધારે ગુણકારી છે. સરેરાશ ૫૦ ટકા ઉપરાંત ચરબીનું પ્રમાણ મેવામાં મળે છે.

સૂકો મેવો પચવામાં થોડો ભારે છે એટલે ખાનારે વિવેકપૂર્વક સહેલાઈથી પચે તેટલા પ્રમાણમાં સવારે કે બપોરે ખૂબ ચાવીને ખાવો લાભદાયક છે. ખજૂર કે સૂકાં અંજીર કફનાશક છે, રેચક છે. જે લોકોને કબજિયાત રહેતી હોય તેઓએ રાત્રે સુતી વખતે દૂધમાં એકથી બે સૂકાં અંજીર, ટુકડા કરીને નાખીને ઉકાળીને લેવાં, જેથી કબજિયાત નહિ રહે. જે લોકોને હોજરીમાં બળતરા થતી હોય તેઓએ ખજૂરની બે-ત્રણ પેશી ખૂબ ચાવીને ખાવી, જેથી બળતરા શાંત થશે અને થાક ઊતરી જશે. કાજુ, અખરોટ અને બદામમાં ચરબીનું તત્ત્વ વધુ છે, એટલે તે થોડા પ્રમાણમાં લેવાં. ખારેક અને જરદાલુ ગરમી વધારનારાં છે તથા પૌષ્ટિક છે, માટે ઓછા પ્રમાણમાં લેવાં જેથી કબજિયાત ન થાય. કિસમિસ અને કાળી દ્રાક્ષ મગફળી સાથે ખાવાથી વધુ ગુણકારી ને સ્વાદિષ્ટ લાગે છે તેમજ ઘી અને દૂધની ગરજ સારે છે.

સૂકો મેવો પૌષ્ટિક, શક્તિદાયક અને શરીરના વિકાસમાં મદદરૂપ થાય છે, માટે સૌ કોઈએ થોડા પ્રમાણમાં નિત્ય લેવાની ટેવ રાખવી, જેથી શરીર નબળું નહિ પડે. આખું યે વરસ શરીરને તાજગીભર્યું તંદુરસ્ત રાખવું હોય તો સૂકો મેવો ખાવાનો ચૂકશો નહિ.

(તંદુરસ્તી) —ધીરેન્દ્ર પાલડીવાળા

આમળાં

શરીરમાં કોઈ પણ ઠેકાણે લોહી પડે તો આમળાં ખાવાં. અમ્લપિત્તમાં આમળાંનું સેવન કરવું. આમળાંનું તેલ વર્ધક છે. આમળાંનું ચૂર્ણ પાણીમાં પલાળી નાહતી વખતે ચોળીને નાહવાથી શરીર ને વાળ મુલાયમ રહે છે. દૂધનો આહાર રાખી આમળાં પર રહેવાથી વૃદ્ધાવસ્થા આવતી નથી. ઘી-સાકર સાથે આમળાં લેવાથી રક્તપ્રદર મટે છે અને પેશાબમાં થતો દાહ શમે છે.

ઈંડાં–આરોગ્યની દૃષ્ટિએ

મરઘીનાં, ચકલીનાં, મોરનાં તથા બીજાં પક્ષીઓનાં ઈંડાં ખાવામાં લેવાય છે. આયુર્વેદે ઈંડાંના ગુણ આવા દર્શાવેલા છે: વીર્ય ક્ષીણ થઈ ગયું હોય, લાંબા વખતથી જે ખાંસીના રોગથી પીડાતા હોય. હૃદયના રોગોથી જે પીડાતા હોય, જેને ફેફસાંમાં ક્ષય ચાંદુ-કૅવીટી હોય અને લોહી પડતું હોય તેવાઓ માટે ઈંડાં સારાં છે. ઈંડાં રસમાં મધુર છે, એ સહેલાઈથી પચી જનાર છે અને જરા પણ ગરમ નથી. એનો વિપાક પણ મધુર છે. ઈંડાં તુરત જ બલ આપનારાં છે—સદ્યો બલકર છે.

ગર્ભનું પોષણ ઈંડાં છે. સંસ્કૃતમાં ઈંડાનું એક નામ 'આમગર્ભ' છે. જેમ રક્ત વધારવા માંસ રક્ત ખાવા કહ્યું છે તેમ ગર્ભ સ્ખલિત થતો હોય, બરાબર પોષાતો ન હોય તો ઈંડાં ખાવા સૂચવ્યું છે. વળી ઈંડાં વાજીકર પણ છે, ઈંડાં સંપૂર્ણ ખોરાક છે. પરંતુ હવે કોલેસ્ટરોલની ધાડ ઈંડાં ઉપર આવી છે. ઈંડામાં કોલેસ્ટરોલ વધારવાનો ગુણ છે એમ કેટલાક વૈજ્ઞાનિકો કહે છે અને અઠવાડિયામાં ફક્ત ૨ થી ૩ ઈંડાં જ ખાવા ભલામણ કરે છે. હાર્ટ ડિસિઝની ભડક અમેરિકામાં એવી પેસી ગઈ છે કે ડૂબતો માણસ જેમ તણખલાને વળગે છે તેમ આ ભડકથી ભડકેલા હવે ઈંડાં જેવા સ્વાભાવિક સરસ ખાદ્યથી પણ બીવા લાગ્યા છે. પરંતુ આ ભડક ખોટી છે. ઈંડાંમાં જે બધાં જ પદાર્થ વિદ્યમાન હોય તો કોલેસ્ટેરોલ બિચારું કંઈ જ કરી શકતું નથી. અલ્પાલ્પ પ્રમાણમાં આપણા શરીરને જે ટ્રેસએલિમેંટસ (ઝિંક, કૉબાલ્ટ, સેલેનિઅમ વગેરે)ની જરૂર છે તે કોલેસ્ટેરોલનો પણ ઉપયોગ શરીરના ભલા માટે કરી દે છે. ઈંડાંના કોલેસ્ટેરોલથી હાર્ટના રોગીઓએ બીવાનું પ્રયોજન નથી. ઈંડાંનું પ્રોટીન ઉત્તમ છે. (ફર્સ્ટ બાયૉલોજીક વેલ્યુ) એમાં બધાં જ એમિનો-ઍસિડો છે, જે શરીર માટે આવશ્યક છે. ઈંડાંમાં ચરબી (ફૅટ) બહુ નથી. વિટામિન 'એ' ઘણું સારું છે. કૅલોરીઝનું પ્રમાણ પણ નીચું છે.

ઈંડાંની જરદી-પીળો ભાગ (યૅાક)માં તમામ ખનિજો અને તમામ ઉપયોગી ખાદ્યો છે. જે બાળકો કૃશ હોય, શરીર વેતાં ન હોય, સુક્તાનથી પીડાતાં હોય, વારંવાર બીમાર પડતાં હોય તેમને આ જરદી આપવાથી એના શરીરને તમામ પદાર્થો મળી રહે છે. એમાં સલ્ફર, લોહ, અને અનેક જાતનાં ખનિજો છે જે સહેલાઈથી હજમ થઈ જાય છે અને બાળકનું શરીર વળીને વજન વધે છે. આ જરદી દૂધમાં કે મધમાં મેળવીને બાળકને આપી શકાય. બાળક જેમ શક્તિ મેળવતું થાય તેમ આગળ ઉપર એને આખું ઈંડુ શરૂ કરવું. નાનાં બાળકો, સગર્ભા માતાઓ, ક્ષયરોગીઓ તેમજ સર્વસાધારણ માટે ઈંડાં ખરેખર સરસ ખાદ્ય છે. કૃત્રિમ ઈંડાંમાં હિંસા નથી થતી, કારણ કે એમાંથી બચ્ચું નીકળતું નથી જ. ગાંધીજીએ એને અહિંસક ઈંડાં કહ્યાં છે. હિંસા અહિંસાની વંધ્ય ચર્ચા બાજુએ રાખી, બાળકોને તેમજ સગર્ભા માતાઓને ઈંડાં આપવાં જ જોઈએ. હા, ગાયનું દૂધ પીનારા બાળકો ભલે ઈંડાં ન ખાય. દૂધ ખાનારને માટે ઈંડાં આવશ્યક નથી. પરંતુ ઈંડુ—કૉન્સેન્ટ્રેટેડ ફૂડ—એક નાની જગ્યામાં તમામ ઉપયોગી ખાદ્ય પદાર્થો જ્યાં ભેગાં થઈને પડેલાં છે એવો ખોરાક છે. આપણા જેવા અલ્પ પોષણ અને અયોગ્ય પોષણવાળા દેશમાં ઈંડાંનો ઉપયોગ વધે એ અમને ઈસ્ટ લાગે છે. મરઘાં ઉછેર—પોલ્ટ્રી ફાર્મ આવશ્યક છે.


આપણા સમાજમાં ઈંડાં ગરમ પડે છે એ માન્યતા છે. પરંતુ એમાં કંઈ વજુદ નથી. ઉર-ક્ષત, કૅવિટીમાંથી લોહી પડતું હોય તેમાં ઈંડાં આપી શકાતાં હોય તે ઈંડાં ગરમ શે' હોય? સ્વચ્છ દૂધ મળતું હોય તો ઈંડાં સિવાય ચલાવી શકાય. આર્થિક પાસું જોઈએ તો દૂધ અને ઈંડાંની સરખામણી કરી યોગ્ય લાગે તે ગ્રહણ કરવું.

(ગુજરાતમિત્ર) —બાપાલાલ વૈદ્ય

પ્રાચીનતમ જીવંત વૃક્ષો

યુ. એસ. એ.માં કૅલિફૉર્નિયામાં વ્હાઈટ માઉન્ટન્સ વિસ્તારમાંનાં બ્રિસ્ટલકોન પાઈન નામનાં વીસેક જેટલાં ખખડધજ વૃક્ષો ૪૦૦૦ વર્ષોથી પણ વધુ વયનાં છે, મતલબ કે ઇજિપ્તના જાણીતા પીરામિડ બન્યા ત્યારે યે આ વૃક્ષો સોએક વર્ષનાં તો હતાં.

આમાં 'મેથુસેલાહ' નામથી ઓળખાતું એક વૃક્ષ તો ૪૬૦૦ વર્ષનું કોઈ પૃથ્વી ઉપર પ્રાચીનતમ જીવંત ચીજ ગણાય છે. જો કે એનું થડ તો હવે સાવ સૂકું ભઠ્ઠ થઈ ગયું છે. છતાં આ વૃક્ષ હજી જીવતું છે. ઈ. ૧૯૬૪માં નેવાડામાં કાપી નાખેલું આવું એક વૃક્ષ તો આનાથી યે વધુ જૂનું હતું. એ જ્યારે કપાયું ત્યારે ૪૯૦૦ વર્ષનું તો હતું. આ ઉપરાંત, મૃત બ્રિસ્ટલકોનનાં એવાં પણ થડિયાં મળ્યાં છે જે એમની ઉંમર ૮૦૦૦ થી યે વધુ વર્ષની હતી એવું સૂચવે છે.



જાદુઈ અંક-ત્રિકોણ · ગત વર્ષ ૧૯૭૯ની, આ વર્ષ ૧૯૮૦ની અને આવતા વર્ષ ૧૯૮૧ની સંખ્યા લક્ષમાં રાખીને રચેલા આ ત્રણ અંક-ત્રિકોણોમાં ૩૯૦થી ૪૦૪ સુધીની પંદર સંખ્યાઓને ચાતુરીપૂર્વક એવી રીતે ગોઠવવામાં આવી છે કે તેમાં પહેલા ત્રિકોણની બહારની ત્રણે બાજુઓનાં પાંચપાંચ વર્તુળોમાંની સંખ્યાઓનો સરવાળો ૧૯૭૯, બીજામાં ૧૯૮૦ અને ત્રીજામાં ૧૯૮૧ થાય છે. વળી, વિશેષ ખૂબી એ છે કે આ ત્રિકોણોમાં વચ્ચેનાં ત્રણત્રણ વર્તુળોમાંની સંખ્યાઓ ભિન્ન હોવા છતાં તેમનો સરવાળો એક સરખો જ—૧૨૦૧ થાય છે. —કિશોર ગોરધનદાસ

મૈસુરની સેન્ટ્રલ ફૂડ ટેક્નોલૉજિકલ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટે કેળ, ખજૂરી પલાસ (ખાખરો) વગેરેનાં સૂકાં પાનનાં દડિયા અને પતરાળાં બનાવે એવું એક યંત્ર બનાવ્યું છે. એક કલાકમાં વિવિધ આકાર અને કદના લગભગ ૨૫૦ દડિયા, એટલે કે દિવસના લગભગ ૨૦૦૦ દડિયા બનાવવાની તેની ક્ષમતા હોઈ રોજના ૧૮-૨૦ રૂપિયાની કમાણી થાય.

શુક્ર વિષે નવી માહિતી

ઈ. ૧૯૭૮ના મે ને ઑગસ્ટમાં અમેરિકાએ અવકાશમાં મોકલેલા પાયોનિયર ઑર્બિટર સ્પેસક્રાફ્ટ દ્વારા પ્રાપ્ત થએલી છબીઓના પૃથક્કરણ પરથી શુક્ર ગ્રહ વિષે કેટલીક નવી માહિતી મળી છે, તે પ્રમાણે આ ગ્રહના વિષુવવૃત્ત પાસેની ભૂમિ સપાટ છે, જ્યારે ઉત્તરમાં ગંજાવર પર્વતો અને દક્ષિણમાં એવાં જ મોટાં ક્રેટર્સ છે. આ ઉપરાંત પહેલી જ વાર જણાયું છે કે, (૧) એના વિષુવવૃત્ત વિસ્તારમાં લગભગ ૭૧૬૮ ચો. કિ મી. જેટલો વિશાળ એક ઊંચો ઉચ્ચ પ્રદેશ છે જે આસપાસની સપાટ ભૂમિથી લગભગ ૫.૬ કિ. મી. ઊંચો છે. આ ઉચ્ચ પ્રદેશના પૂર્વ ભાગમાં ૧૦,૨૯૦ મીટર જેટલું ઊંચું એક પર્વતશિખર છે. (પૃથ્વી પરનું સર્વોચ્ચ શિખર એવરેસ્ટ ૮,૭૦૮ મી. ઊંચુ છે.) બીજું એક ૪,૭૧૦ મી. જેટલું ઊંચુ શિખર પણ છે. (૨) વિષુવવૃત્તની નીચે ૨૮૬ કિ. મી. જેટલા વ્યાસવાળાં બે ક્રેટર છે જેનો મધ્ય ભાગ ઝળહળતો લાગે છે. બંનેની ઊંડાઈ ૪૫૦ થી ૬૩૦ મીટર જેટલી હોવાનો અંદાજ છે. (૩) શુક્રના વાતાવરણનું દબાણ દર ચો. સેન્ટીમીટરે ૭૦ કિ. ગ્રા. જેટલું છે, જ્યારે પૃથ્વી પર એનું પ્રમાણ ૦.૯૮ કિ. ગ્રા. જેટલું છે. એટલે માનવ વસવાટ માટે આ ગ્રહ યોગ્ય નથી જ. વળી, ત્યાંનું ઉષ્ણતામાન પણ ૪૨૫° સે થી ૪૮૫° સે. ની વચ્ચે જેટલું છે.

ઈ. ૧૮૩૦ની રેલગાડી

બાજુમાં આપેલી બ્રિટનની પાંચ હારબંધ ટપાલ-ટિકિટના લાંબા વિસ્તારનો ચાતુરીભર્યો ઉપયોગ કરીને તેના પરનાં ચિત્રોના આલેખક ડેવિડ જેન્ટલમૅને ઈ. ૧૮૩૦ના સમયની એ પૂરી રેલગાડી બતાવી છે એટલું જ નહિ, પણ પાંચેય ટિકિટ પર એ ગાડીના વિવિધ ભાગ દર્શાવી એ સમયમાં માલ અને માણસોની હેરફેર કઈ રીતે થતી તે દર્શાવ્યું છે. આ ઉપરાંત, દરેક ટિકિટ પર બતાવેલા રેલગાડીના ડબાની પાછળની પશ્ચાદ્ભૂમાં લિવરપુલથી માંચેસ્ટર સુધીના એ રેલમાર્ગમાં જોવા મળતાં ખાસખાસ સ્થાન-સ્થળો આલેખ્યાં છે.

ઈ. ૧૮૩૦માં જ્યારે આ રેલગાડી ચાલુ થઈ ત્યારે તેને તે સમયનું વિખ્યાત 'રૉકેટ ઍન્જિન' જોડવામાં આવતું. પહેલી ટિકિટમાં એ ઍન્જિન તથા જ્યાંથી આ રેલમાર્ગ આરંભાતો હતો તે લિવરપુલ નજીકના એક બાગદાની વિખ્યાત મૂરિશ કમાન દર્શાવી છે. બીજી ટિકિટમાં એ ગાડીના પહેલા અને બીજા વર્ગના ડબા ને તેની પાછળ ઑલિવ માઉન્ટનું આલેખન છે. ત્રીજી ટિકિટમાં ત્રીજા વર્ગના પ્રવાસીઓનો ખુલ્લો ડબો અને તેની પાછળ ઘેટાંની હેરફેર માટેના પાંજરા જેવો ડબો છે. પશ્ચાદ્ભૂમાં ચૅટ મૉસ નામનો વિસ્તાર બતાવ્યો છે. ચોથી ટિકિટમાં ખુલ્લા ભારખાના પર તેના પ્રવાસીઓ સાથે ખુલ્લી ઘોડાગાડી ને તેની આગળ તેના ઘોડાને પાંજરા જેવા ખાસ ડબામાં બતાવ્યો છે. પશ્ચાદ્ભૂમાં આ માર્ગમાં વચ્ચે આવતી બ્રિજવૉટર કૅનાલ પાસેનો ગ્રામપ્રદેશ દર્શાવ્યો છે. છેલ્લી પાંચમી ટિકિટમાં ગાડીના છેલ્લા બે ડબા છે, જેમાંના આગલામાં કદાચ હેરફેર માટેનો માલસામાન ભરી તેના ઉપર તાડપત્રી ઢાંકેલી બતાવી છે અને છેલ્લો ડબો તો ગાર્ડનો જ હોય ને? તેમાં સમગ્ર ગાડી પર નજર રાખતો ગાર્ડ દેખાય છે. ટપાલ પણ આ ડબામાં જ લઈ જવાતી પશ્ચાદ્ભૂમાં માંચેસ્ટરનાં કારખાનાં બતાવ્યાં છે.

ટિકિટ સંગ્રહ ઈ. ૧૮૩૦ની ૧૨મી માર્ચે લિવરપુલ અને માંચેસ્ટર વચ્ચે નવા જ ખૂલેલા રેલમાર્ગ પર દુનિયામાં પહેલી જ વાર રેલગાડીમાં પ્રવાસીઓ અને ટપાલની હેરફેર ચાલુ થઈ. આ બનાવને ૧૫૦ વર્ષ થયાં એ નિમિત્તે આવતી ૧૨મી માર્ચે બ્રિટનનું ટપાલખાતું આ પાંચ બહુરંગી ખાસ ટિકિટો બહાર પાડશે. બાર પેન્સની એક સરખી કિંમતની આ પાંચે ટિકિટો એક હારમાં જોડાએલા સ્વરૂપે (se-tenant) બહાર પડશે. બ્રિટનની ટપાલ ટિકિટો માટે ૧૯૬૨થી અત્યાર સુધીમાં પચ્ચીસથી યે વધુ વાર ડિઝાઈન કરનાર વિખ્યાત ચિત્રકાર ડેવિડ જેન્ટલમૅને આ ટિકિટોનું ડિઝાઈન કર્યું છે. આજે તો બ્રિટિશ રેલમાં રજાના દિવસો બાદ કરતાં રોજ લગભગ બસો ત્રીસ લાખ જેટલી ચીજો ને પત્રોની હેરફેર થાય છે, પણ ૧૫૦ વર્ષ પહેલાંની જે રેલગાડી એમણે આલેખી છે તેમાં એમણે રજૂ કરેલી વિગતોનો ખયાલ બાજુમાં આ પૃષ્ઠ પર આપ્યો છે. આ પરથી માત્ર દોઢ જ સદીમાં આ ક્ષેત્રે થએલી પ્રગતિ સમજાશે.

(પ્રેષક : રમણિકલાલ સોલંકી-લંડન)



આકાશદર્શન

મધ્યાકાશે સહેજ દક્ષિણે દેખાતું 'મૃગ' તારામંડળ હાલના આકાશમાં સૌથી વધુ ધ્યાન ખેંચે છે. એનું દર્શન જેટલું ભવ્ય છે એટલી જ ભવ્ય એની સમૃદ્ધિ પણ છે. આ મૃગ તારામંડળમાં 'મૃગશીર્ષ' એ પ્રાચીન ભારતીય ગણના પ્રમાણેનાં ૨૭ ચાંદ્ર નક્ષત્રોમાંનું પાંચમું નક્ષત્ર છે. આપણા બાર મહિનાઓનાં નામ આ ચાંદ્ર નક્ષત્રોનાં નામ પરથી પડેલાં છે. પૂર્ણિમાને દિવસે ચંદ્ર જે નક્ષત્રમાં હોય તે નક્ષત્રના નામ પરથી તે માસ ઓળખાય છે. આ રીતે માગશર (માર્ગશીર્ષ) માસ મૃગશીર્ષ નક્ષત્ર પરથી ઓળખાય છે. વેદકાળમાં વસંત સંપાતથી* વર્ષનો આરંભ ગણાતો, અને એ કાળે મૃગશીર્ષમાં વસંત સંપાત થતો, એટલે ત્યારે માગશર માસ એ વર્ષનો પ્રથમ માસ—અગ્ર માસ હોઈ એને 'અગ્રહાયન' નામ અપાએલું. અગ્ર માસ હોઈ શ્રી કૃષ્ણે પણ ગીતામાં કહ્યું કે માસોમાં હું માર્ગશીર્ષ છું. વસંતસંપાતથી વર્ષના આરંભની ગણના પ્રાચીન ગ્રીસ અને જર્મનીમાં પણ પ્રચલિત હતી. એક સમયે ઉત્તર ધ્રુવ પ્રદેશમાં વસતી આર્ય પ્રજા ત્યાંના વધુ ને વધુ શીત થતા હવામાનના કારણે દક્ષિણ તરફ ખસતી જઈ જેમ ભારત તરફ ઊતરી આવી તેમ ગ્રીસ–જર્મની બાજુ પણ ગઈ હોવાની માન્યતાને પણ ટેકા મળ્યા છે.

વેદકાળમાં મૃગશીર્ષ નક્ષત્રમાં વસંત-સંપાત થતો હતો તે હવે ઉત્તરા ભાદ્રપદા નક્ષત્રમાં થાય છે. બંને નક્ષત્રો વચ્ચે ૮૩ અંશનું અંતર છે. સંપાતના એક અંશ જેટલાં સ્થળાંતરને ૭૨ વર્ષ લાગે છે. આ રીતે ૮૩ × ૭૨ = ૫૯૭૬ વર્ષ થાય એમ ગણતરી કરીને લોકમાન્ય ટિળકે વેદકાળને ઈસ્વી સન પૂર્વે ૪૦૦૦ વર્ષ પહેલાંનો સમય ઠરાવ્યો હતો.


મૃગશીર્ષના ત્રણ તારામાંનો સૌથી વધુ ચળકતો દેખાતો તારો (અંગ્રેજી નામ Meissa) યુગ્મ તારો છે. એ યુગ્મ એટલે કે તારકજોડીમાં એક પીળો ને બીજો રતુમડો તારો છે. મૃગમંડળની તારા સમૃદ્ધિ પણ સારી એવી છે ને તેમા આવાં સિત્તેર જેટલાં તારાયુગ્મ છે. ઝડપી અને ટૂંકો પથ કાપનારી ઉલ્કાઓના ઉદ્ભવ સ્થાન તરીકે પણ મૃગમંડળ બધાં તારામંડળોમાં અગ્ર સ્થાન ધરાવે છે.

આર્દ્રા (Betelgeuse), બાણરજ (Rigel) ને મૃગના પેટાળમાં હારબંધ દેખાતા ત્રણ તેજસ્વી તારાથી રચાતું 'બાણ' અને તેની દક્ષિણે મૃગપુચ્છ (Iota orionis) તથા તેની જ પાસે નરી આંખે પણ એક તેજઆભા રૂપે વરતાતી 'મે–૪૨' (M-42)ની સંજ્ઞાથી ઓળખાતી મૃગની શ્વેત નિહારિકા એ મૃગમંડળનાં આગવાં આકર્ષણો છે.

આર્દ્રા રતાશ પડતો દેખાતો તેજસ્વી તારો છે. હકીકતે એ એક પ્રચંડ સૂર્ય છે. પૃથ્વી કરતાં સૂર્ય ૧૩ લાખ ગણો મોટો છે અને સૂર્ય કરતાં આર્દ્રા સાડા ત્રણ કરોડ ગણો મોટો છે. પણ એનું કદ સંકોચાતું-ફૂલતું રહે છે એટલે એની આપણને દેખાતી તેજસ્વીતામાં પણ વધઘટ જણાય છે. આમ, એ એક રૂપવિકારી તારો છે. આકાશમાંના કોઈ પણ તારા કરતાં આર્દ્રા આપણને વધુ ગરમી આપે છે. એ ગરમી ૫૧,૦૦૦ વર્ષે માંડ સૂર્યની એક મિનિટની ગરમી જેટલી થાય છે.

મૃગમંડળનો બીજો આકર્ષક તારો બાણરજ. આર્દ્રા કદમાં મહાન છે તો બાણરજ મહાપ્રભામાં. આપણા સૂર્ય કરતાં ૬૦,૦૦૦ ગણો એ તેજસ્વી તારો છે. વળી, એ તો યુગ્મ તારો છે. આ યુગ્મમાં પણ એક તારો યુગ્મ છે. આમ બાણરજ એ કુલ ત્રણ તારા છે.

મૃગના પેટમાંનું બાણ, તેમાં આડી હારમાં ગોઠવાએલા લગભગ એકસરખા તેજસ્વી ત્રણ તારાના કારણે તુરત ઓળખાઈ જાય છે. આ બાણનો વચલો તારો અનિરુદ્ધ (Alnilam) નામે ઓળખાય છે. તેની પશ્ચિમ તરફ સહેજ ઊંચે ચિત્રલેખા (Mintaka) અને પૂર્વમાં જરા નીચે ઉષા (Alnitak) નામના તારા છે. આ બંને તારા પણ યુગ્મ તારા છે. ચિત્રલેખાનું વિષુવવૃત્ત પરનું સ્થાન એ તેની વિશિષ્ટતા છે. જ્યારે



ઉષાની પાસેની અશ્વશીર્ષ (The horse-head) નામની શ્યામ નિહારિકા એ એની વિશિષ્ટતા છે. વળી, ઉષાની નીચે એક બહુલ એટલે કે બે કરતાં વધુ તારાઓવાળો તારો હોવાનું પણ જણાયુ છે.

આર્દ્રા નક્ષત્રમાં ૨૧મી જૂનથી ૫મી જુલાઈ દરમિયાન સૂર્ય પ્રવેશે ત્યારે વરસાદ થાય છે. આ પરથી આ નક્ષત્રને આર્દ્રા કહ્યું છે.

એક કથા છે કે પ્રજાપતિના સ્ખલનથી કોપિત થએલા દેવોએ પશુપાન નામે એક રાક્ષસ ઉત્પન્ન કર્યો. એનાથી બચવા પ્રજાપતિએ હરણીનું રૂપ લઈ નાસવા પ્રયાસ કર્યો પણ પશુપાને ત્રિખંડ બાણથી એનો વધ કર્યો. એ હરણી આકાશમાં મૃગમંડળ રૂપે અમર થઈ. (ગામડાંમાં લોકો આ તારામંડળને હરણીના નામે જ ઓળખે છે.) તેના પેટમાં હારબંધ દેખાતા ત્રણ તારા તે ત્રિખંડ બાણ, અને એ બાણ મારનાર (શિકારી) તે 'વ્યાધ'. આ વ્યાધ તારો તે નરી આંખે આકાશમાં દેખાતા બધા તારાઓમાં સૌથી વધુ તેજસ્વી તારો છે. મૃગ તારામંડળમાં પ્રજાપતિની માનવસદૃશ આકૃતિ કલ્પીને બાણના તારાઓને એનું ઉપવિત ગણવામાં પણ આવે છે. ગ્રીક પુરાણના એક સુંદર મહાકાય અને શક્તિશાળી શિકારીને પશ્ચિમના દેશોએ આ તારામંડળના આકારમાં ગોઠવ્યો છે. એમના મતે બાણના તારા તે એનો કમરબંધ અને મૃગપુચ્છ એ એમાં ખોસેલી કટાર છે, અને આ શિકારીના નામ પરથી આ તારામંડળને તેઓ Orion કહે છે.

—બિ.

* **સંપાત** ક્રાંતિવૃત્ત અને આકાશી વિષુવવૃત્તની (કાલ્પનિક) રેખાઓ એકબીજાને સામસામા બે બિંદુમાં છેદે છે. આ બિંદુઓને સંપાત બિંદુઓ કહે છે. માર્ચ માસની ૨૨મી તારીખે ક્રાંતિવૃત્ત પર ફરતો ફરતો સૂર્ય આ બેમાંના એક બિંદુ પર આવે છે. આ યોગને 'વસંત સંપાત કહે છે. આ દિવસે પૃથ્વી પર ખગોળની દૃષ્ટિએ દિવસ ને રાત બરાબર સરખાં—બારબાર કલાકનાં થાય છે. જો કે પ્રકાશના વક્રીભવનના કારણે સૂર્ય ક્ષિતિજથી સહેજ નીચે હોય તોપણ આપણને તે બે મિનિટ વહેલો ઊગતો અથવા મોડો આથમતો દેખાય છે. એટલે સાધારણ દૃષ્ટિએ તો તે દિવસ છ મિનિટ વધુ મોટો લાગે છે. ખગોળની દૃષ્ટિએ દિવસ અને રાત બરાબર સરખાં થવાનો બીજો યોગ ૨૩મી સપ્ટેમ્બરે આવે છે. ત્યારે સૂર્ય બીજા સંપાત બિંદુ પર આવે છે. આ યોગને શરદ સંપાત કહે છે. વેદકાળમાં વસંત સંપાત મૃગશીર્ષ નક્ષત્રમાં, વરાહમિહિરના કાળમાં મીન રાશિમાં રેવતી નક્ષત્રમાં અને હાલ ઉત્તરા ભાદ્રપદામાં થાય છે. વસંત સંપાત દર વર્ષે ૨૦ મિનિટ વહેલો આવતો જાય છે. આ જ રીતે દક્ષિણાયન, શરદ સંપાત અને ઉત્તરાયણ પણ.

આગામી માસ (માર્ચ) ઇતિહાસમાં

તા. ૨/૧૯૪૯ પોતાની કાવ્યગાથારા અને કવિત્વસભર વાક્છટા વડે 'હિંદના બુલબુલ' તરીકે વિખ્યાત તથા સ્વાતંત્ર્ય સંગ્રામમાં હિંદી નારીના અગ્રણી પ્રતિનિધિ સરોજિની નાયડુનું અવસાન.

તા ૪/૧૮૮૨ દુનિયામાં સૌ પહેલી વાર વીજળીના ટ્રામગાડીઓના વહેવાર ચાલુ થયો.

તા ૧૧/૧૭૦૨ દુનિયાનું સૌ પહેલું અંગ્રેજી દૈનિક સમાચાર પત્ર 'ડેઈલી કરન્ટ' પ્રસિદ્ધ થયું.

તા ૧૪/૧૯૪૮ હિંદી કારીગરીનું પ્રથમ જહાજ ૮૦૦૦ ટનનું 'જળઉષા' તરતું મુકાયું.

તા. ૧૮/૧૮૭૧ પોતાના સમયના એક સુખ્યાત ચિત્રકાર રાવ બહાદુર વિશ્વનાથ ધુરંધરનો મુંબાઈમાં જન્મ. અંગ્રેજોના શાસન પછી ચિત્રકળાનું પદ્ધતિસરનું શિક્ષણ આરંભાયું તેમાં મુંબાઈની સર જે. જે. સ્કુલ ઑવ આર્ટનું મહત્ત્વનું સ્થાન રહ્યું છે. મૅટ્રિક થઇને ધુરંધર આ કળાશાળામાં ચિત્રકળા શીખવા જોડાયા. વિદ્યાર્થી તરીકે ઘણી જ ઉજ્જ્વળ કારકિર્દી સાથે એ કાળે એમણે બૉમ્બે આર્ટ સોસાએટીનો સુવર્ણચંદ્રક મેળવેલો. અભ્યાસ કર્યા પછી ત્યાં જ એમણે અધ્યાપક, ઈન્સ્પેક્ટર, વાઈસ પ્રિન્સિપલ વગેરે જુદા જુદા સ્થાને રહીને એ શાળા દ્વારા ચિત્રકાર તથા ચિત્રશિક્ષક તરીકે ઘણી સારી કીર્તિ મેળવી હતી. ઈ. ૧૯૨૮માં એમને રાવબહાદુરનો ખિતાબ મળેલો. આ માન મેળવનાર તેઓ પહેલા હિંદી ચિત્રકાર હતા. પોતાની કલાકામગીરી માટે તો એમણે અનેક સુવર્ણચંદ્રકો મેળવ્યા હતા. સેવાનિવૃત્ત થયા પછી યે, ત્યારે હિંદીઓને ક્વચિત જ પ્રાપ્ય એવા ઓફિશીએટિંગ ડાયરેક્ટર બનવાનું માન પણ એમને મળેલું.




એમના સમય દરમિયાનનાં મરાઠી, ગુજરાતી અને અંગ્રેજી પ્રકાશનોમાં ધુરંધરનાં ચિત્રો અગત્યનાં આકર્ષક અંગ ગણાતાં. પરદેશમાં રજૂ થતા ભારતીય કલાના નમૂનાઓમાં એક યા બીજી રીતે ધુરંધરની સહાય અવશ્ય રહેતી. હિંદી કળા વિષેના પરદેશમાં પ્રકટ થએલાં જર્નલોમાં પણ એમની ઘણી કૃતિઓ સંઘરાએલી છે. આજે તો અત્યંત મૂલ્યવાન ને અપ્રાપ્ય ગણાતા ગ્રિફિથનાં અજંતા વિષેના ગ્રંથોમાં ધુરંધરની પણ ઘણી સહાય લેવાઈ હતી. નવી દિલ્હીમાં ઈમ્પીરીઅલ સેક્રેટરીએટમાં પણ એમણે ચિત્રો કરેલાં. એમણે સકુટુંબ વિદેશયાત્રા પણ કરેલી. ઈ. ૧૯૩૨માં લંડનમાં એમનાં ચિત્રોનું પ્રદર્શન થએલું અને એક ચિત્ર રાણી મેરીએ બકિંગહામ પૅલેસમાં રાખેલું. એમને રૉયલ સોસાએટી ઑવ આર્ટના ફેલો પણ બનાવાયા હતા.

ચિત્રકળામાં એમને ચિત્ર સંયોજનો દ્વારા વધુ ખ્યાતિ મળી હતી. સ્ત્રી પાત્રોથી ભરપુર ધાર્મિક, ઐતિહાસિક કે સામાજિક વિષયો પર એમનું પ્રભુત્વ સવિશેષ સુંદરતાથી રજૂઆત પામતું એમણે કેટલાંક પુસ્તકો પણ પ્રકટ કરેલાં. ઈ. ૧૯૪૪માં એમનું અવસાન થયું.

તા. ૨૨/૧૯૪૪ નેતાજી બોઝની આઝાદ હિંદ ફોજનો હિંદની ધરતી ઉપર ઈમ્ફાલમાં પ્રવેશ.

તા. ૨૩/૧૯૩૧ લાહોર કાવતરા કેસ અંગે ભગતસિંહ અને અન્ય ક્રાંતિકારોને ફાંસી અપાઈ.

તા. ૨૪/૧૬૦૩ ઇંગ્લૅન્ડ અને સ્કૉટલૅન્ડનું જોડાણ. લગભગ બધી જ રીતે એકબીજાથી ભિન્ન એવા ઇંગ્લૅન્ડ અને સ્કૉટલૅન્ડ અલગ મુલક જ ગણાતા હતા. બંને પ્રજા અને એમની સંસ્કૃતિનાં મૂળ જ અલગ અલગ હોઈ એ બંને વચ્ચે હમેશાં ઝઘડા અને રાજદ્વારી કાવાદાવા ચાલતા જ રહેતા. સ્કૉટલૅન્ડની રાણી મેરીને ઇંગ્લૅન્ડની રાણી ઇલિઝાબેથ પહેલીએ ભિહાલ કરી મારી હતી, તો ઇંગ્લૅન્ડની કુંવારી રાણી એ જ ઈલિઝાબેથના મરણ પછી નજીકમાં નજીકના હક્કદાર ગાદીવારસ તરીકે સ્કૉટલૅન્ડનો જ રાજા જેમ્સ ચોથો જેમ્સ પહેલાના નામે ઇંગ્લૅન્ડની ગાદી પર આવ્યો. વર્ષોના વિગ્રહોથી પણ જે સિદ્ધ નહોતું થઈ શક્યું તે ઇંગ્લૅન્ડ અને સ્કૉટલૅન્ડનું જોડાણ આમ સરળતાથી પતી ગયું. આ જેમ્સ પહેલામાં ઈલિઝાબેથ જેટલી રાજદ્વારી ચતુરાઈ નહોતી. રાજાના દૈવી હક્કના સિદ્ધાંતમાં એ માનતો. પાર્લામેન્ટ પ્રત્યે પણ તેને અણગમો હતો. એના સમયમાં જ ઇંગ્લૅન્ડના અણનમ પ્રોટેસ્ટંટોએ ધર્મ માટે વતન છોડી 'મે ફ્લાવર'માં આટલાંટિક પારની નવી અજાણ ભૂમિ પ્રતિ પ્રયાણ કર્યું હતું. આ જેમ્સનો પુત્ર ચાર્લ્સ પહેલો પણ પોતામાં દૈવી અંશ હોવાનો ઘમંડ સેવતો. પ્રજાએ તેની સામે બંડ કરી એનો શિરચ્છેદ કરેલો. ગમે તેમ, પણ ઇંગ્લૅન્ડની ગાદી પર સ્કૉટ રાજા આવવાથી એ બંને પ્રદેશો જોડાયા ખરા. જો કે ઇંગ્લૅન્ડની પાર્લમેન્ટમાં સ્કૉટ પ્રતિનિધિઓતો છેક ઈ. ૧૭૦૭ પછી બેસતા થયા.



'આવી તો અનેક ભેંસો છે. એમાંથી તેં તારી ભેંસ કેવી રીતે ઓળખી કાઢી ?' જજે ફરિયાદીને પૂછ્યું.

'એમાં તે શી મોટી વાત છે સાહેબ ? આપની કોર્ટમાં કાળો કોટ પહેરેલા અનેક વકીલ બેઠા છે, એમાંથી હું મારા વકીલને ઓળખી કાઢી શકું કે નહિ ?'

પ્રકાશનના ધંધા સાથે સંબંધ ધરાવતા ત્રણ માણસો એક અકસ્માતમાં એકસાથે માર્યા ગયા. પહેલો લેખક હતો, જે પોતાની પાછળ બસો રૂપિયા મૂકતો ગયો હતો. બીજો પ્રકાશક હતો જે પોતાની પાછળ દસ હજાર રૂપિયા મૂકતો ગએલો. ને ત્રીજો પોતાની પાછળ એક લાખ રૂપિયા મૂકતો ગયો હતો. એ હતો પસ્તી વાળો.

દરદી ડાક્તરના ક્લિનિકમાં તેમને પોતાના દર્દનું બયાન આપતો હતો. પણ જેવો તે પોતાની વાત શરૂ કરે તેવી જ ટેલિફોનની ઘંટડી વાગે અને ડાક્તર 'માફ કરજો' કહીને ટેલિફોન સાંભળવા ગયા. આમ ઉપરાઉપર ચારપાંચ વાર બન્યું એટલે દરદી ઊઠીને ઊભો થઈ જવા લાગ્યો. ડાક્તરે તેને કહ્યું : 'અરે, તમે ક્યાં ચાલ્યા ? તમારી બીમારી તો ગંભીર છે.'

દરદીએ કહ્યું : 'નજદીકના ટેલિફોન બૂથ પર જાઉં છું એ રીત આપણા બંને માટે વધારે અનુકૂળ રહેશે.'



(જનસત્તામાં સ્વ. 'શિવ')

ગાંડી માથે બેઠલું મરકટ કોટે હાર,
જુગારી ગાંઠે લક્ષ્મી ટકે કેટલી વાર?

આઠે અંગોથી વાંકા અને હાસ્યાસ્પદ દેખાવના છતાં મહાજ્ઞાની મુનિ અષ્ટાવક્ર ફરતા ફરતા જનકરાજાના દરબારમાં જઈ ચડયા જ્યાં મહાજ્ઞાની ઋષિમુનિઓ બિરાજતા હતા. અષ્ટાવક્રના દિદાર જોઈ હસી પડેલા મુનિઓ સામે જોઈ અષ્ટાવક્રે ગુસ્સે થઈ જનકને કહ્યું આ તારા મહાપંડિતો જેને તું જ્ઞાની કહે છે તે જ્ઞાની નહિ પણ ચમારો છે, જે મારા ચામડા-દેહ સામે જુએ છે. જો બ્રહ્મજ્ઞાની હોત તો મારા મસ્તિષ્ક-જ્ઞાન સામે જોત. અષ્ટાવક્રના આ સત્યકપાલંભથી શરમિંદા બની સૌએ એનો સત્કાર કર્યો અને પછી તો રોજ ચાલતી તેમની જ્ઞાનચર્ચાથી પ્રભાવિત થઈ જનકે એક દિવસે તેમનું બહુમાન કરવાનું જાહેર કર્યું. પણ બીજે દિવસે અષ્ટાવક્રજી ત્યાં ન હતા, જતાં જતાં સંદેશો મૂકતા ગયા હતા કે 'માનાપમાનથી પર તે જ જ્ઞાની.'

અનેકાર્થી શબ્દ : અમલ = અધિકાર, સત્તા; અનલવણી, અમલ કરવો; અફીણ, કસૂંબો, નશો, ઘેન; કાર્યપદ્ધતિ; શુમાર, આશરો; અસર; ટેવ; આડત; ઉદ્યમ, ધંધો; હોદ્દો; હુકમ; મંત્ર; સમય; વ્યસન; સાધના; અમરખ; સાતલાનું ઝાડ; છંદનું એક નામ; અશ્વિની નક્ષત્રનો સૌથી વધુ ચમકતો તારો; નિર્મળ.

હિંદમાં પહેલવહેલું વર્તમાનપત્ર પ્લાસીના યુદ્ધ પછી ત્રીજે વર્ષે ૧૭૬૦ની ૨૯મી જાન્યુઆરી ને શનિવારે કલકત્તાથી જે. ઑગસ્ટસ હીકીએ 'બેંગાલ ગેઝેટ'ના નામથી પ્રગટ કરેલું.

आपद्-गतः खलु महाशय-चक्रवर्ती
विस्तारयत्यकृत – पूर्वमुदार – भावम् ।
कालागरू-दहन–मध्यगतः समन्तात्
लोकोत्तरं परिमलं प्रकटी-करोति ॥

વિપત્તિમાં આવી પડેલા હોવા છતાં ચારિત્ર્યશાળી મહાનુભાવો પોતાના ઔદાર્ય વગેરે ગુણોને અદ્ભુત રીતે પ્રકટ કરે છે. અગ્નિમાં હોમેલું અગરનું કાષ્ઠ અતિશય રમ્ય પરિમલને પ્રસરાવે છે.

ગણિતગમ્મત

તમારા મિત્રને ચાર આંકડાની કોઈ પણ એક રકમ લખાવવા કહો; તેનો દરેક આંકડો ૯ની સંખ્યામાંથી બાદ કરી બીજી રકમ તૈયાર કરવી. તેવી જ રીતે મિત્રે જણાવેલી ચાર આંકડાવાળી ત્રીજી રકમ પરથી ચોથી રકમ બનાવવી. ચારે રકમોનો સરવાળો ૧૯૯૯૮ જ આવશે. (કશ્યપ ઠાકર)

કહેવતો : 'કાકીડાની જમીનગીરી.'—ક્ષણે-ક્ષણે રંગબદલનાર કાકીડા—કાચંડા જેવા બિનભરોસાપાત્ર વ્યક્તિની જામીનગીરી જેમ સધ્ધર લેખાતી નથી તેમ ભરોસો ન રાખી શકાય તેવા પાત્ર કે સ્થિતિ માટે વપરાતી કહેવત.

અંકસંદર્ભ–નવ : નવ સ્થાયી ભાવ (મનોવૃત્તિ)–પ્રેમ, ઉત્સાહ, શોક, વિસ્મય, ભય, હાસ્ય, જુગુપ્સા, ક્રોધ, નિર્વેદ.



કલાકલિકા : સત્તરમી સદીની, સુંદર વેલબુટ્ટીના બારીક જડતરકામ અને અંદર છૂપાં ખાનાવાળી ઈંગ્લૅંડની હાથીદાંતની આભૂષણપેટી

તમારી જાત સિવાય બીજું કશું તમને શાંતિ આપી શકે નહિ.

ટિકિટકથા : ઑસ્ટ્રેલિયન ઍન્ટાર્કટિક ટેરીટરી ને મૅક્વારી આઇલૅન્ડના ટપાલ વ્યવહાર માટે ઈ. ૧૯૫૭માં પાંચ ટિકિટોની એક માળા બહાર પડેલી, જેના પર દક્ષિણ ધ્રુવ ખંડની શોધસફરોમાં મહત્ત્વનો ભાગ ભજવનાર પાંચ વિખ્યાત જહાજોનાં ચિત્રો હતાં. એમાંની આ એક ટિકિટ ઉપર સર અર્નેસ્ટ શૅકલ્ટનના જહાજ 'એન્ડયોરન્સ'નું ચિત્ર છે. આ જ રીતે



એક ટિકિટ પર ડૉ. નાનસેનના જહાજ 'ફ્રામ'નું ચિત્ર છે. દ. ધ્રુવના પોતાના સફળ શોધ-સાહસમાં આમુંડસેને ઈ. ૧૯૧૧માં આ 'ફ્રામ'-નો ઉપયોગ કરેલો. બીજી એક ટિકિટ પર કૅપ્ટન સ્કૉટના 'ડિસ્કવરી'નું ચિત્ર છે. આજે એ જહાજ ટેમ્સ એમ્બાર્કમેન્ટમાં પ્રદર્શનાર્થે નાંગરી રાખેલું છે. આ ટિકિટો ઑસ્ટ્રેલિયામાં પણ ચાલતી હતી. આ પ્રદેશની આ પછી લગભગ ૪૦ જેટલી જુદીજુદી ટિકિટો બહાર પડી ચૂકી છે અને સંગ્રાહકો એનો એક અલગ સંગ્રહ કરી શકે એટલી વાજબી કિંમતમાં તે બધી પ્રાપ્ય છે.

આરોગ્ય-જળ : ચોથો ભાગ બાકી રહે ત્યાં સુધી જે પાણી ધીમા તાપે ઉકાળ્યું હોય, તેને આરોગ્ય-જળ કહે છે. એ ઉધરસ અને દમ નાબૂદ કરે છે, પથ્ય છે, તેમજ વાયુને દૂર કરે છે, તાવને તત્કાલ મટાડે છે, મળનું ભેદન કરે છે. કફનો નાશ કરે છે. સળેખમને પકવે છે, શૂળ, ગોળો અને હરસને મટાડે છે. આ જળ જઠરાગ્નિને પ્રદીપ્ત કરે છે, પાંડુરોગ, સોજાનો રોગ અને ઉદર રોગ દૂર કરે છે. નહી પચેલા અન્નને તરત પચાવી દે છે. (નિરામય)

દાદર કે ખરજવા પર અજમાને ચૂનાના નીતારેલા પાણીમાં લસોટી તેનો લેપ કરી પાટો બાંધવો. જૂનામાં જૂનું ખરજવું મટશે.

અનુસંધાન] વાચકો લખે છે [પૃષ્ઠ ૪૨થી

Ten $10^1=10$

Ten Ten is Hundred=$10^2=100$

Ten Hundred is Thousand=$10^3=1000$

Thousand-Thousond is Million= $10^3 \times 10^3 = 10^6$

Million-Million is Billion $10^6 \times 10^6 = 10^{12}$

Million Billion is Trillon : $10 \times 10^{12} = 10^{18}$

સદરહુ લેખમાં બિલિયન ને અબજ ગણાવ્યું છે અને સંખ્યા 10^3 ગણી ઓછી દર્શાવેલ છે.

મીટ્રિક પદ્ધતિમાં પણ આ માટે ધન-ઋણ ઘાતાંકો દર્શાવતા શબ્દો છે.

Deci : one tenth દસમો ભાગ 10^{-1}

Centi : one hundredth સોમો ભાગ 10^{-2}

Milli : one thousandth 10^{-3}

Micro : onc millionth 10^{-6}

Micro-Micro or Pico=10^{-12}

Deka : Ten times=10^1 દસ ગણું

Hecto:Hundred times 10^2 સો ગણું

Kilo : હજાર ગણું 10^3

Mega : દસ લાખ ગણું 10^9

Mega-Mega is Billion time=10^{12}

આ બધા શબ્દોનું ગુજરાતીકરણ કરતાં પહેલાં ગણિતશાસ્ત્ર, ભાષાશાસ્ત્ર અને સંસ્કૃત-ભાષાના જ્યોતિષ અને ગણિતશાસ્ત્રના અભ્યાસીઓએ રસ લેવો પડે.

(રાજકોટ) —મનસુખ શિલુ

ટીપુ સુલતાન

ટીપુ સુલતાન : (અશોક હર્ષ; ડિસેમ્બર, ૧૯૭૮.) 'મ્હૈસુરનો વાઘ!' હા, ટીપુ જીવતા અને કાષ્ઠના વાઘનો શૉખીન હતો, તેના ધ્વજ પર વાઘનું પ્રતીક હતું. તેનું સિંહાસન વાઘ-સિંહાસન હતું. ટીપુએ શ્રીરંગપટ્ટમના મહેલમાં સારી સંખ્યામાં વાઘ રાખ્યા હતા. ટીપુના મૃત્યુ સાથે વિજેતા લુંટારાઓએ જીવતા વાઘોને ગોળીએ દીધા; વાઘ સિંહાસનને લૂટયું, પીંખ્યું, હરરાજી કરી.

ટીપુના મહેલમાં વાઘના કદનું કાષ્ઠ-રમકડું હતું. રમકડાનો વાઘ જમીનદોસ્ત માનવીને જાણે કે ભક્ષતો હતો. રમકડાને ચાવી આપતાં વાઘની ગર્જના અને માનવીની કરુણ ચીસો કાને પડે. અંગ્રેજ વિજેતાઓએ આ વાતને વિશાળ પ્રસિદ્ધિ આપી. ટીપુ કેવો ક્રૂર, નિષ્ઠુર અને ઘાતકી હતો એનું પ્રદર્શન કરી ટીપુને બદનામ કરવાનો હિચકારો પ્રયત્ન કર્યો.[1] (પૃ. ૧૯૭, ૧૯૯.) ટીપુને કુલ ત્રણ બેગમો, ૧૨ પુત્રો. અલબત્ત મોટું ઝનાનખાનું પણ હતું. (પૃ. ૨૭૩) અંગ્રેજ ઑફિસર ટીપુ વ્યભિચારી હોવાનો પરોક્ષ આક્ષેપ કરે છે.[2] કેટલુંક ઝનાનખાનું ટીપુને વારસામાં આવેલું.

ટીપુના હરેક અમલદારે નોકરીમાં જોડાતી વખતે પોતાની તમામ મિલ્કત જાહેર કરવી પડતી.[1] (પૃ. ૨૧૮) અને ત્યાર બાદ પણ.

ટીપુએ સોનું, તમાકુ, મરી, હાથી, નારિયેળ, ચંદનનું લાકડું વગેરેનો વેપાર પોતાની સરકારને હસ્તક રાખેલો State Trading. (પૃ. ૨૩૦.) ટીપુ વિષે મોહિબુલ હસનખાન લિખિત 'History of Tippu Sultan' પ્રમાણભૂત ગણાય છે પરંતુ ઉપલબ્ધ નહિ હોવાથી વાંચેલું નથી. (જુઓ છેલ્લે સંદર્ભસૂચિ)

(મુંબાઇ) —વી. બી. ગણાત્રા

હૈદર અને ટીપુ

ટીપુ (૧૭૫૦-ડિસેમ્બર ૧૦-૧૭૯૯) મર્દ બાપનો (૧૭૨૧-૧૭૮૨) મર્દ બેટો હતો. ટીપુ એક મર્દ તરીકે સમરાંગણમાં મૃત્યુને ભેટયો.

અંગ્રેજોની આંખે લખાએલા ઇતિહાસે હૈદર અને ટીપુને ભારોભાર અન્યાય કર્યો છે. તેમને ક્રૂર અને ઘાતકી તરીકે ચીતર્યા છે. તેમના કથન મુજબ ટીપુ ભીરુની માફક નાસવા જતો હતો, પરંતુ નાસી શકયો નહિ. શ્રી અશોક હર્ષે ટીપુને આબાદ ન્યાય આપ્યો છે. ('કુમાર', ડિસેમ્બર ૧૯૭૮.)

ઈસ્ટ ઇન્ડિયા સર્વિસના એક અંગ્રેજ અમલદારે ઈ. ૧૭૯૯માં એટલે ટીપુની શહાદતના વર્ષમાં પુસ્તક લખ્યું જેનું પુનર્મુદ્રણ ૧૮૦ વર્ષ બાદ હાલમાં પ્રસિદ્ધ થએલ છે.[2] પુસ્તક પર લેખકનું નામ નથી. લેખકનો દાવો છે કે ઈ. ૧૭૯૯માં ટીપુની હાર, મોત ને અંગ્રેજોની જીતના ખબર તેણે પહેલવહેલા ઇંગ્લાંડમાં પહોંચાડયા. લેખક કટ્ટો સામ્રાજ્યવાદી છે અને છતાં યે મને કમને તેનાથી હૈદર અને ટીપુને આંશિક ન્યાય અપાઈ ગયો છે. તેના કથનનું તાત્પર્ય છે : 'હૈદર શ્રેષ્ઠ યોદ્ધો હતો. પ્રખર મુત્સદ્દી હતો. એશિયા કે યુરોપમાં (તત્કાલીન) તેના જેવો રાજનીતિજ્ઞ મળવો મુશ્કેલ. હૈદરે મુઘલ સામ્રાજ્ય જેવું સામ્રાજ્ય સ્થાપવાનાં તથા એક અદ્વિતીય નૌકાદળ ખડું કરવાનાં સ્વપ્નાં સેવ્યાં હતાં. ટીપુ યોદ્ધા તરીકે બાપથી સવાયો હતો, પરંતુ બાપ જેવો મુત્સદ્દી ન હતો.'

હૈદર અનપઢ, અંગૂઠા છાપ. હૈદરનો સિતારો ૧૭૪૯માં ચમકયો, ક્લાઈવનો ૧૭૫૭માં. ક્લાઈવના જીવનચરિત્રના લેખક પર્સિવલ સ્પીઅર હૈદરને તત્કાલીન શ્રેષ્ઠ રાજનીતિજ્ઞ, રાજ્યકર્તા અને યોદ્ધા તરીકે બિરદાવે છે.[3]

ટીપુ ધર્માંધ હતો કે? કૅનેરાના ખ્રિસ્તી લોકોએ ટીપુ વિરુદ્ધ અંગ્રેજોને સાથ આપ્યો. ટીપુએ આવા હજારો ખ્રિસ્તીઓને સ્થળાંતર કરાવીને તેમને પાયમાલ કર્યા. ટીપુના જીવનચરિત્રના લેખક પ્રેકસી ફર્નાન્ડિસ[1] આ ખ્રિસ્તીઓના જ વંશજ છે. તેમના કથન મુજબ ટીપુ ધર્માંધ ન હતો. ટીપુએ આ ખ્રિસ્તીઓને કરેલી સજા રાજકીય સજા હતી.

મલબારના નાયર લોકો અને ટીપુ એકબીજા સામે વર્ષો સુધી ઝઝૂમ્યા. નાયર લોકોને શિકસ્ત આપવામાં ટીપુએ પાછી પાની કરી નહિ. કેરળના ઇતિહાસના લેખક શ્રી કે. એમ. પણિક્કરના (જે ખુદ નાયર હતા) કથન મુજબ ટીપુ ધર્માંધ ન હતો. ટીપુએ નાયરોને કરેલી સજા રાજકીય સજા હતી.

બીજી બાજુ મરાઠા ઇતિહાસના સુપ્રસિદ્ધ લેખક શ્રી ગોવિંદ સખારામ સરદેસાઈ ટીપુને ધર્માંધ તરીકે વગોવે છે.[4] ટીપુએ હજારો લોકોને વટલાવ્યાની કિંવદંતી પ્રચલિત હતી. હકીકતમાં ૧૭૯૦-૯૨નાં યુદ્ધ દરમિયાન ટીપુએ નહિ પરંતુ ટીપુ પર વેર વાળવા રઘુનાથરાવ પટવર્ધને શૃંગેરી મઠને જમીનદોસ્ત કર્યો. સરદેસાઈના કથન મુજબ કૉર્નવૉલિસે અંગ્રેજ-મરાઠા-નિઝામના ત્રિપંખી હુમલાથી ટીપુને શિકસ્ત આપ્યા બાદ ટીપુની સાન ઠેકાણે આવી. (ટીપુ શુકન-અપશુકન, દોરાધાગામાં માનતો) ટીપુએ કાંચીના મંદિરમાં પૂજાપાઠ કરાવ્યાં, દાનવિધિ કરી.[4] (પૃ. ૧૮૯-૧૯૦.)

સરદેસાઈના કથન મુજબ ટીપુએ નારગુંડ જીતીને (જુલાઈ, ૧૭૮૫) નારગુંડના રાજકર્તા વૅંકટરાવ ભાવે, તેના દીવાન કાલોપંત, કસ્કર અને રૂપાળી યુવતીઓને કેદ કર્યા, યુવતીઓની માનમર્યાદાનો ક્રૂર રીતે ભંગ કર્યા અને એક યુવતીને ઝનાનામાં ધકેલી[4]. (પૃ. ૧૭૮.)

નાના ફડનવીસે (૧૭૪૨-૧૮૦૦) હૈદરને તા. ૭ ફેબ્રુઆરી, ૧૭૮૦ના રોજ લખેલા પત્રમાં[4] (પૃ. ૯૬) જણાવ્યું કે 'હું અંગ્રેજોના કાવાદાવા-પ્રપંચોથી પરિચિત છું. તેઓ ભારતની સત્તાઓને અંદરોઅંદર લડાવીને પૂના, નાગપુર, મહીસુર અને હૈદરાબાદનાં રાજ્યો ચાઉ કરી જવા માગે છે. અફસોસ! દસ વર્ષ બાદ એ જ નાના ફડનવીસે અને મરાઠાઓએ ટીપુને સાથ આપવાને બદલે અંગ્રેજોને સાથ આપ્યો! કૉર્નવૉલિસે ટીપુને શિકસ્ત આપી, ટીપુએ અર્ધું રાજ્ય ગુમાવ્યું, ત્રણ કરોડથી વધારે દંડ ભરવાનું કબૂલ્યું, બાનમાં પોતાના બે કુમારો આપ્યા. તા. ૨૬ ફેબ્રુ. ૧૭૯૨ની એ સંધિએ ટીપુની કેડ ભાગી નાખી. આ યુદ્ધમાં મરાઠાઓએ અંગ્રેજોને સાથ આપવાને બદલે ટીપુને સાથ આપ્યો હોત તો ભારતનો ઇતિહાસ જુદો

જ વળાંક લેત. એકલી અંગ્રેજ સત્તા, એકલી મરાઠી સત્તા અને અંગ્રેજોના પ્યાદા નિઝામને પહોંચી વળવાનું ટીપુ સામર્થ્ય ધરાવતો હતો. નાના ફડનવીસ મુત્સદ્દી ખરો, પણ યોદ્ધો નહિ ભીરુ હતો, તે રણસંગ્રામમાં લડ્યો ન હતો.

પ્રસ્તુત સંધિને પરિણામે ટીપુએ તો માર ખાધો, સાથેસાથે 'Balance of Power' અંગ્રેજોની તરફેણમાં અને મરાઠાની વિરુદ્ધ ગયું. સંધિ બાદ ટીપુ મરાઠા સેનાપતિ હરિપંત ફડકેને મળ્યો અને કહ્યું : 'હું તમારો દુશ્મન નથી. અંગ્રેજો તમારા કટ્ટા દુશ્મન છે. ચેતતા રહેજો.'[૪] (પૃ. ૧૯૨). દિલ્હી સલ્તનત તથા ઉત્તર અને મધ્ય ભારતને હથેળીમાં રાખનાર મરાઠા સત્તાનો મહાન યોદ્ધો મહાદજી સિંધિયા તા. ૧૨ ફેબ્રુઆરી, ૧૭૯૪ના રોજ મૃત્યુ પામ્યો. મરાઠા સત્તાનાં વળતાં પાણી શરુ થયાં. નાના ફડનવીસના પ્યાદા સમાન ૨૧ વર્ષના પેશ્વા સવાઈ માધવરાવે તા. ૨૭ ઑક્ટોબર, ૧૭૯૫ના રોજ આત્મહત્યા કરી. પેશ્વાઈ માટે અંદરો-અંદર કાવાદાવા-પ્રપંચોનું રમખાણ ચાલ્યું. નાના ફડનવીસ કેદમાં પુરાયો, છૂટ્યો ટીપુ ફરીથી ઊભો થાય, માથું ઊંચકે તે પહેલાં રિચર્ડ વેલેસ્લીએ કૂટ નીતિથી શ્રીરંગપટ્ટમ જીત્યું. તા. ૪ મે, ૧૭૯૯ના રોજ ટીપુ શહીદ થયો.

અરધી સદી સુધી દક્ષિણ ભારતમાં અંગ્રેજ સત્તાને ખાળનાર હૈદર-ટીપુનું કર્યુંકારવ્યું જમીનદોસ્ત થયું. તા. ૧૩ માર્ચ, ૧૮૦૦ના રોજ નાના ફડનવીસનું મૃત્યુ થયું. અંગ્રેજો માટે મેદાન મોકળું હતું. મરાઠા સત્તામાં ન તો કોઈ મહાન યોદ્ધો રહ્યો. ન તો કોઈ મુત્સદ્દી. અઢાર વર્ષમાં (ઈ. ૧૮૧૮) મરાઠા સત્તા જમીનદોસ્ત થઈ, અંગ્રેજ સલ્તનત સર્વોપરી બની, ભારતે સ્વાતંત્ર્ય ગુમાવ્યું. ઈ. ૧૮૫૭ના પહેલા સ્વાતંત્ર્યયુદ્ધમાં ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ સમરાંગણમાં ૧૮ જૂન, ૧૮૫૮ના રોજ શહીદ બની.

શ્રી અશોક હર્ષ કહે છે કે નેપોલિયને ટીપુને 'ઈ.૧૭૯૮ના ફેબ્રુઆરીમાં ઇજિપ્તના પાટનગર કાહિરાથી પત્ર લખી આ દેશને અંગ્રેજોની ધૂંસરી નીચેથી છોડાવવાની ઈચ્છા વ્યક્ત કરેલી. પરંતુ નેલ્સને (૧૭૫૮-૧૮૦૫) નાઈલના નૌકા યુદ્ધમાં ફ્રેન્ચ નૌકાદળને તા. ૧ ઑગસ્ટ ૧૭૯૮ના રોજ શિકસ્ત આપી. નેપોલિયનને વીલે મોઢે ફ્રાન્સ પાછા ફરવું પડ્યું'[૫-૬] ટીપુએ ફ્રાન્સ પર વધારેપડતો મદાર બાંધ્યો હતો. નેપોલિયન પરગજુ ન હતો.

સંદર્ભસૂચિ

૧ Storm over Seringapatam (The Incredible Story of Hyder Ali & Tippu Sultan.), Praxy Fernandes, 1969. P. 21, 23, 70, 193-4. લેખકની કલમમાં થનગનાટ છે.

૨ Authentic Memoirs of Tipoo Sultan, 1799, Takshila Ed. 1979. પુસ્તકમાં કેટલાંક વિધાનો વાહિયાત છે.

૩ Master of Bengal: Clive and His India-Percival Spear, 1975, P. 148.

૪ New History of The Marathas, VOL. III. 1772-1848: Govind Sakharam Sardesai, 1968. Ch. V. VI.

૫ Nelson-Ernle Bradford, 1977, P. 195-205. પ્રસ્તુત યુદ્ધમાં નેલ્સન સારીપેઠે ઘાયલ થયો. નેલ્સનને લાગ્યું કે તે બચશે નહિ. તેના ઉદ્‌ગાર હતા, 'હું માર્યો ગયો. મારી પત્નીને અલવિદા!' નેલ્સન બચી ગયો.૧૮૦૫ના ટ્રફાલગરના નૌકાયુદ્ધમાં નેલ્સન જીવલેણ રીતે ઘાયલ થયો અને મૃત્યુ પામ્યો. પૃ. ૩૪૪.

૬ The French Revolution-A Concise History-Norman Hampson. 1975, P. 170.

શ્રી ભગવાન ગિદવાણી લિખિત ઐતિહાસિક નવલકથા 'The Sword of Tipu Sultan' અને ડૉક્ટર યશવંત નારાયણ દેવધર લિખિત 'નાના ફડનવીસ' (નૅશનલ બુક ટ્રસ્ટ, નવી દિલ્હી ૧૯૬૮) પણ વાંચવાલાયક છે.

(મુંબઇ) —વી. બી. ગણાત્રા

અર્વાચીન ગુજરાતી સાહિત્યનો આસ્વાદ

પ્રો. ડૉ. મધુસૂદન પારેખનું કથન છે : (સપ્ટેમ્બર, ૧૯૭૯, પૃ. ૨૭૯) 'રાજા રામમોહન રાય જેવા પ્રખર સમાજસુધારકે પણ અંગ્રેજી ભાષા દ્વારા શિક્ષણની હિમાયત કરી હતી.'

સૌમ્યેન્દ્રનાથ ટાગોર 'ભારતીય સાહિત્યના નિર્માતા' શ્રેણી તેમજ 'અર્વાચીન ભારતના ઘડવૈયા' શ્રેણીમાં રાજા રામમોહન રાયના ચરિત્રના લેખક છે. રાજા રામમોહન રૉય વૈજ્ઞાનિક શિક્ષણના હિમાયતી હતા, પરંતુ અંગ્રેજી ભાષા દ્વારા શિક્ષણના હિમાયતી હોવાનો ઉલ્લેખ નથી. ઈ. ૧૮૨૨માં રામમોહન રૉયે સ્થાપેલી 'High English School'માં વિજ્ઞાન બંગાળી ભાષામાં શીખવવામાં આવતું હતું, જ્યારે અન્ય શાળાઓમાં વિજ્ઞાન અંગ્રેજીમાં શીખવવામાં આવતું હતું. (પૃ. ૨૮-૨૯. આ પુસ્તકો અંગ્રેજીમાં છે.) કયા સાહિત્યના આધારે પ્રો. પારેખે ઉપરોક્ત વિધાન કરેલું છે?

સહજાનંદ સ્વામીની છબિ 'કુમાર' કલા અંકમાં (સળંગ અંક ૫૨૮, ડિસેમ્બર ૧૯૧૭, પૃ. ૪૭૦) પ્રસિદ્ધ થએલી. આ અંકમાં અલબત્ત વધારે સ્પષ્ટ છે. શ્રી કિશોરલાલ મશરૂવાળાના શબ્દોમાં 'સહજાનંદ સ્વામીનાં વચનામૃતોનો સંગ્રહ એ તો ગુજરાતી ભાષાનું એક રત્ન છે.' (સહજાનંદ સ્વામી, બીજી આવૃત્તિ પુનર્મુદ્રણ, પૃ. ૮૪; 'અરે, ડુંગળી, લસણ અને હિંગ જેવી વસ્તુઓનો પણ ત્યાગ રાખવો-એ સ્વામીનારાયણીય સંસ્કારો હતા.' પૃ. ૪૭; તથા જાહેરખબર ગોરવ ગાથા ૧૧.)

ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ (ગ્રંથ ૩, પૃ. ૧૮) કહે છે કે સહજાનંદ સ્વામીની 'ભાષા ગુજરાતી ન હતી, છતાં લોકસમાગમથી જે ગુજરાતી એમણે આત્મસાત્ કરી હશે તેમાં ઉદ્‌ગારાએલા તેમનાં 'વચનામૃતો 'અંગ્રેજીની અસર પૂર્વેનું તત્ત્વચર્ચાનું ઉત્તમ ગદ્ય પૂરું પાડે છે.

પ્રો. પારેખની શ્રેણી રસપ્રદ છે, વધારે રસપ્રદ બનશે. તેઓ શ્રી 'અર્વાચીન ગુજરાતનું રેખાદર્શન'ના લેખક છે (પૃ. ૨૮૫) કે સંપાદક? (પૃ. ૨૭૮) અહીં ઉપલબ્ધ નથી.*

(મુંબઇ) —વી. બી. ગણાત્રા

[*સંપાદક છે. મૂળ ૩ ગ્રંથોનું એક ગ્રંથમાં એમણે સંપાદન કર્યું છે. મૂળ ગ્રંથોના લેખક એમના પિતા હીરાલાલ ત્રિભુવનદાસ પારેખ. તેઓ ગુજરાત વર્નાક્યુલર સોસાયટી (હાલ ગુજરાત વિદ્યાસભા)ના ઉપમંત્રી હતા. મળવાનું સ્થાન ગુજરાત વિદ્યાસભા, ભદ્ર, અમદાવાદ ૧]

ઉત્ક્રાન્તિનાં સોપાન

'પાંચ લાખ વર્ષો પૂર્વે આના પછી પ્રથમ સસ્તન પ્રાણીઓનો વંશ અસ્તિત્વમાં આવ્યો. ઉત્તરોત્તર એનો વિકાસ થતો રહી વાનર અને એમાંથી આદિ માનવ ઉત્પન્ન થઈ એમાંથી આખરે માનવ થયો (પૃ. ૨૮૭).

પ્રસ્તુત વિષય પર 'National Geographic Magazine' (એપ્રિલ ૧૯૭૯, પૃ. ૪૪૬-૪૫૭)માં રસપ્રદ લેખ પ્રસિદ્ધ થયો છે: '3.6 million years old footprints in The Ashes of Time.' એ મુજબ 'Hominids walked erect balf a million years earlier than indicated by previous fossil evidence.' ૩૬ લાખ વર્ષો પૂર્વેની પગલીઓ ઉત્ક્રાન્તિમાં ક્રાન્તિ સર્જે છે.

(મુંબઇ) —વી. બી. ગણાત્રા

હિંગ

હિંગમાં વિટામિનો અને લોહ છે કે? શ્રી ચંદુલાલ દવેનું કથન છે: 'હિંગમાં રહેલા તેલની ઉગ્ર વાસ જંતુનાશક છે. આહારશાસ્ત્ર પ્રમાણે હિંગમાં સ્નાયુને પોષક પ્રોટીન શરીરમાં ગરમી આપનાર કાર્બોહિત, હાડકાં બાંધનાર ચૂનો તથા ફૉસ્ફરસ અને લોહીમાં લાલ કણો બનાવનાર લોહ તેમજ બધાં વિટામિનો થોડાં થોડાં છે.' ('કુમાર સપ્ટેમ્બર, ૧૯૭૯, પૃ.

૨૯૩; 'સ્વસ્થ માનવ'માંથી ઉદ્ધૃત.)

'મગનો મહિમા'ના લેખમાં શ્રી બાપાલાલ વૈદ્યનું કથન છે કે ઊંચામાંની હિંગમાં લોહનો ભાગ હોય છે. ('કુમાર'નો એ જ અંક, પૃષ્ઠ ૨૯૨.) પરંતુ શ્રી બાપાલાલ વૈદ્યના જ 'નિઘંટુ આદર્શ'માં હિંગમાં લોહ કે વિટામિન હોવાનો ઉલ્લેખ નથી, તેવી જ રીતે આચાર્ય પ્રિયવ્રત શર્માનાં 'દ્રવ્યગુણ વિજ્ઞાન'માં કે વૈદ્ય જાદવજી ત્રિકમજી આચાર્યના 'દ્રવ્યગુણ વિજ્ઞાન'માં પણ હિંગમાં લોહ કે વિટામિન હોવાનો ઉલ્લેખ નથી.

હિંગનાં દ્રવ્યો અને તેના પૃથક્કરણ વિષે 'જર્નલ ઑાવ સાયન્ટિફિક ઍન્ડ ઈન્ડસ્ટ્રિયલ રીસર્ચ'ના ઑગસ્ટ ૧૯૫૪ અને ડિસેમ્બર ૧૯૫૫ના અંકોમાં તેમજ ભારત સરકારની મહીસુર મધ્યેની સેન્ટ્રલ ફૂડ ટેકનૉલૉજિકલ રીસર્ચ ઇન્સ્ટિટ્યૂટના બુલેટિનમાં (૧૯૫૫, પુસ્તક ૫, નં. ૨, પૃ. ૨૭) લેખો પ્રસિદ્ધ થયા છે. પરંતુ તે લેખોમાં કે હિંગનાં દ્રવ્યો અને પૃથક્કરણ વિષેના સાહિત્યમાં હિંગમાં લોહ ને વિટામિન હોવાનો ઉલ્લેખ નથી. અલબત્ત ઉલ્લેખના અભાવથી તેમની બિનહસ્તી સાબિત થતી નથી. બનવાજોગ છે કે હિંગમાં લોહ અને વિટામિનની હસ્તી યા બિનહસ્તી વિષે પ્રયોગો કરવામાં આવેલા ન હોય. પરંતુ સવાલ છે હસ્તીનો, બિનહસ્તીનો નહિ. મસાલામાં સામાન્યરીતે લોહ હોય છે એટલે હિંગમાં લોહ હોવાનું અનુમાન કરવામાં આવેલ છે કે? કયાં પૃથક્કરણ અને સાહિત્યના આધારે શ્રી ચંદુલાલ દવેએ ને શ્રી બાપાલાલ વૈદ્યે ઉપરોક્ત વિધાનો કરેલાં છે?

ભારતમાં હિંગની આયાત અફઘાનિસ્તાન અને ઈરાનમાંથી કરવામાં આવે છે. હિંગનો રસ કેવી રીતે તેના છોડમાંથી કાઢવામાં આવે છે તેની લૅટિન ભાષાના ઈ. સ. ૧૭૧૨ના એક પુસ્તકમાંના ચૂડ કટની પ્રતિકૃતિ 'Textbook of Pharmacognosy'-T. E. Wallis (૫મી આવૃત્તિ, ૧૯૬૭, પૃ. ૫૦૩) માં આપવામા આવેલી છે.

હિંગમાં ગંધકનું કુલ પ્રમાણ ૧·૬ થી ૩·૧ ટકા છે. ઉડ્ડયનશીલ તેલનું પ્રમાણ ૪ થી ૨૦ ટકા છે. પ્રસ્તુત તેલમાં ગંધકનાં દ્રવ્યોનું પ્રમાણ ૧૫·૩થી ૨૯ ટકા છે, જેને પરિણામે હિંગનું તેલ જંતુનાશક છે.

હિંગમાં પ્રોટીનનું પ્રમાણ ૫·૬ થી ૭·૯ ટકા, ગુંદર તેમજ કાર્બોહાઇડ્રેટ્સનું પ્રમાણ ૩૬·૩ ટકાથી ૫૧·૮ ટકા છે. (ઉપરોક્ત લેખો તેમજ The Wealth of India-Raw Materials, Vol. IV, 1956, P. 20.)

હિંગ અને હિંગડા માટે અંગ્રેજીમાં એક જ શબ્દ છે: Asafoetid'a'. એટલે સાહિત્ય હિંગ વિષે છે કે હિંગડા વિષે તે બાબતમાં સજાગ રહેવું ઘટે છે.

ખાદ્ય પદાર્થ ભેળસેળ પ્રતિબંધક નિગમ ન. અ.૦૪ હેઠળ હિંગ અને બાંધાની હિંગની વ્યાખ્યા તેમજ ધોરણો આપવામાં આવેલાં છે. હિંગ ખૂબ મોંઘી હોવાથી ઘરગથ્થુ વપરાશ માટે સામાન્યરીતે બાંધાની હિંગ વપરાય છે.

(મુંબઇ) —વી. બી. ગણાત્રા

કલાપીની જન્મ-તારીખ

કલાપીનો જન્મ ઈ. ૧૮૭૪માં થયો, ૧૮૭૨-માં નહિ. તા. ૨૬ (આ માસ-ફેબ્રુઆરી-ઇતિહાસમાં. જિતેન્દ્ર હરિકૃષ્ણ વ્યાસ, ઑક્ટોબર, ૧૯૭૯, પૃ. ૨૯૯) પરંતુ માસ જાન્યુઆરી કે ફેબ્રુઆરી એ વિષે મતભેદ છે.

દરબાર શ્રી વાજસુરવાળાના કથન મુજબ 'મારો જન્મ ૧૮૭૩ની ૩૦મી જાન્યુઆરીને દિવસે, સુરસિંહનો (કલાપીનો) જન્મ ૧૮૭૪-ના ફેબ્રુઆરીની ૨૬મી તારીખે, એ હિસાબે મારા કરતાં એ તેર માસ નાના હતા.' ('કલાપી, સુજાન અને મિત્રમંડળ', ૧૯૭૮, પૃ. ૪.)

પરંતુ 'કલાપી-એક અધ્યયન'ના લેખક ડૉ. ઈન્દ્રવદન દવેના કથન મુજબ કલાપીનો જન્મ તા. ૨૬ જાન્યુઆરી, ૧૮૭૪ના રોજ થયો હતો. (સં. ૧૯૩૦, મહાસુદ ૮. ('કલાપી દર્શન, ૧૯૭૫, ખંડ ૩, પૃ. ૭૯; ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ, ગ્રંથ ૩, ૧૯૭૮, પૃ. ૫૫૨.)

શ્રી સુન્દરમના કથન મુજબ કલાપીનું (૧૮-૭૪-૧૯૦૦) 'કવન કોઈ ખાસ ગહનતાએ પહોંચતું નથી. કલાપી આ મસ્ત જીવનમાં હજી બાલદશાનો કવિ છે. એ ગહનતાનો સ્પર્શ કરવાની ભૂમિકાએ તેનું જીવન પહોંચ્યું ન પહોંચ્યું ત્યાં તો એનો અંત આવી ગયો. અર્વાચીન કવિતા, ત્રીજી આવૃત્તિ, ૧૯૬૫, પૃ. ૧૭૯.) ઉપર્યુક્ત પુસ્તકો વાંચવા અને વસાવવા લાયક છે.

(મુંબઈ) —વી. બી. ગણાત્રા

મગનો મહિમા

શ્રી બાપાલાલ વૈદ્યનું કથન છે: 'બધી જાતની દાળોમાં મગની દાળને ઉત્તમ ગણી છે... મગને દાળોમાં-કઠોળમાં ઉત્તમ ગણવાનું કારણ તેના ગુણો છે... મગની દાળ કરતાં આખા મગ જ વાપરવા ગુણકારક છે. કારણ ફોતરાંવાળા મગ વધુ સુપાચ્ય અને ઈસબગુલની પેઠે ઝાડો સાફ લાવે છે, વળી એમાં ઘણાં ખનિજો પણ હોય છે. આપણે 'પ્રોટીન' તરીકે ઓળખીએ છીએ તે એમિનો એસિડનાં બને છે. આ એમિનો એસિડ ઉપર જ પ્રોટીનનું મૂલ્ય અંકાય છે. મગનું પ્રોટીન સારું બલ્ય છે.' (સપ્ટેમ્બર, ૧૯૭૯ પૃ. ૨૯૨). કથન યથાર્થ છે. નિમ્નદર્શિત કઠોળનાં દ્રવ્યો આ પ્રમાણે છે:

કઠોળ	પ્રોટીન ટકા	ચરબી ટકા	ખનિજ દ્રવ્યો ટકા	અન્ય કાર્બોહાઇડ્રેટ્સ ટકા	કેલરી	કેલ્સિયમ મિલિગ્રામ	ફૉસ્ફરસ મિલિગ્રામ	લોહ મિ. ગ્રા.	વિટામિન એ ઇ.યુ.
મગ: આખા	૨૪.૦	૧.૩	૩.૫	૫૬.૭	૩૩૪	૧૨૪	૩૨૬	૭.૩	૧૫૮
મગ: દાળ	૨૪.૫	૧.૨	૩.૫	૫૯.૯	૪૫૧	૭૫	૪૦૪	૮.૫	૮૩
અડદ: દાળ	૨૪.૦	૧.૪	૩.૨	૫૯.૬	૩૪૭	૧૫૪	૩૮૫	૯.૧	૬૪
ચણા: આખા	૧૭.૧	૫.૩	૩.૦	૬૦.૯	૩૬૦	૨૦૨	૩૧૨	૧૦.૨	૩૧૬
ચણા: દાળ	૨૦.૮	૫.૬	૨.૭	૫૯.૮	૩૭૨	૫૬	૩૩૧	૯.૧	૨૧૬
મસુર	૨૫.૧	૦.૭	૨.૧	૫૯.૦	૩૪૩	૬૯	૨૯૩	૪.૮	૪૫૦
તુવેર	૨૨.૩	૧.૭	૩.૫	૫૭.૬	૩૪૫	૭૩	૩૦૪	૫.૮	૨૨૦
સોયાબીન	૪૩.૨	૧૯.૬	૪.૬	૨૦.૯	૪૩૨	૨૪૦	૬૯૦	૧૧.૫	૭૧૦
મઠ	૨૩.૬	૧.૧	૩.૫	૫૬.૫	૩૩૦	૨૦૨	૨૩૦	૯.૫	૧૬

(Pulse Crops of India: ઇન્ડિયન કાઉન્સિલ ઑાવ એગ્રિકલ્ચરલ રિસર્ચ નવી દિલ્હી, ૧૯૭૦, પૃ. ૧૪૮. એ જ પૃષ્ઠ પર આવશ્યક એમિનો ઍસિડનું કોષ્ઠક પણ આપવામાં આવેલ છે.)

—વી. બી. ગણાત્રા

ઝાંઝર-વાવ

ઝાંઝર વાવ. કેવું સોહામણું નામ! 'ચતુર્વિંશતિ પ્રબંધ'માં મારા વાંચવામાં આવ્યું હતું કે મહામંત્રી વસ્તુપાલની પત્ની અનુપમાદેવીએ 'ઝિંઝિરિઆ' ગામે વાવ, જિનાલય ને સરોવર બંધાવ્યાં હતાં:

(झिंझिरिआ ग्रामे प्रासाद, सरोवर वापी च ... अनुपमदेव्या ... १२९२ वर्षे पंचमी)

એક વાર પરમારોની રાજધાની ચંદ્રાવતીના અવશેષો જોવા જવાનું થયું. બસ રસ્તે જતાં માર્ગમાં અમીરગઢ નજીક ઝાંઝરવા ગામ આવ્યું. 'ઝિંઝિરિઆ'નું ઝાંઝરવા બન્યું હશે? જો વાવ વગેરેના અવશેષો મળી આવે તો પ્રબંધનિર્દિષ્ટ સ્થળ આ જ છે તેમ નક્કી થાય. અનુપમાદેવી પણ ચંદ્રાવતીના પ્રાગ્વાટવંશી શ્રેષ્ઠીની પુત્રી હતી. ચંદ્રાવતી નજીકના ગામે વાવ બંધાવે તે સંભવિત છે.

ઝાંઝરવા ગામમાં જઈ તપાસ કરતાં, થોડે દૂર રસ્તાની બાજુમાં વાવના અવશેષ જોવા મળ્યા. ગામનું નામ પણ ઝાંઝરવાવને આધારે 'ઝાંઝરવા' પડયું છે તેવું ગામજનોનું માનવું હતું. જેવું સુંદર નામ છે તેવા તેના ગુણ હશે? રાણીની વાવ કે અડાલજની વાવ જેવી અલંકૃત કલાત્મક હશે? તે તો ખોદકામથી જ જાણી શકાય.

(પાલણપુર) —યશવંત રાવલ

સૂર્યમૂર્તિ

'કુમાર' સળંગ અંક ૬૬૯માં શ્રી ભૂપેન્દ્ર ધોળકિયાના પત્રના અનુસંધાને કંચનલાલ છાયાએ ઉત્તર ગુજરાતમાંથી પ્રાપ્ત સૂર્યમૂર્તિ વિષેની એક વિશિષ્ટતા પ્રતિ નિર્દેશ કર્યો છે. શિલ્પની પરંપરામાં ક્યાંક શિલ્પીઓની પ્રાદેશિક છાંટ પણ દૃષ્ટિગોચર થાય છે, તે તો સંભવિત છે જ. યતિભંગ કરતો કવિ ક્યાંક વિરામ લઈને જેમ કાવ્યની ઈમારતને નવો આકાર આપે છે તેમ શિલ્પીની છીણીએ પથ્થર પર કવિતા કોતરી ત્યાં ક્યાંક પરંપરાને ઉલ્લંઘવાનો અભિગમ રાખ્યો. આ પરંપરાનો વિરોધ એ સનાતન સમસ્યા છે. પણ તે પરિવર્તિત નૂતન પરંપરા ક્યારેક વૈશિષ્ટ્ય ઊભું કરે છે. એ દૃષ્ટિએ ઉત્તર ગુજરાતની સૂર્યમૂર્તિઓમાંનું આ વૈશિષ્ટ્ય ઉલ્લેખનીય બને છે. અલબત્ત એકાદ એવા નમૂનારૂપની પ્રતિમાનો ફોટો શ્રી કંચનલાલ છાયા રજૂ કરશે તો વિશેષ માર્ગદર્શકરૂપ બનશે.

પરંતુ 'તેથી એ સૂર્યમૂર્તિ હોવાની મને શંકા છે' એમ નોંધતા શ્રી છાયાએ એ મૂર્તિ શેની છે એ પ્રતિ મૌન સેવ્યું છે. આ સૂર્યમૂર્તિ નથી એમ માનવાથી કઈ પ્રતિમા હશે એવો નવો પ્રશ્ન ઉપસ્થિત થાય છે. મૂર્તિ રજૂ કરનાર શ્રી રણજિતસિંહ ચાવડા ને શ્રી કમલેશ વિસાણીએ 'આસપાસના લોકો તો આ મૂર્તિને અન્નપૂર્ણા માતાજી માને છે!' એવી પ્રચલિત લોકોક્તિ રજૂ કરીને દેવીમૂર્તિ હોવા પ્રતિ નિર્દેશ કર્યો છે તે પણ વિચાર માગી લે છે.

સામ્બનો સંબંધ સૂર્યમૂર્તિપૂજા સાથે હોવાનું મનાય, પરંતુ એથી સામ્બલક્ષ્મણ મંદિર પાસેથી મળેલી આ આયુધ વિનાની પ્રતિમા સૂર્યની માનવાનું વલણ સુયોગ્ય નથી.

મહદ્ અંશે ઈરાનમાંથી સૂર્યમૂર્તિપૂજા આવી હોવાની પ્રચલિત માન્યતા પર વિચાર કરતાં આર્ય સંસ્કૃતિ સાથે સૂચક સામ્ય ધરાવતી પરંતુ મૂર્તિપૂજામાં ન માનતી ઈરાનની આદિમ પ્રજામાં મૂર્તિપૂજા કેવી રીતે પ્રવેશી એ પ્રશ્ન ઉદ્ભવે છે! સૂર્યમૂર્તિપૂજાની વિભાવના અર્થે ઈરાન પર દૃષ્ટિ કરતાં એ વિભાવનાનાં મૂળ ક્યાં છે તે પર હજુ પાયાનો વિચાર થયો નથી.

પશ્ચિમ હિંદુસ્તાનમાંથી પ્રાપ્ત સૂર્યમૂર્તિમાંના હોલબૂટ કોઈ દરિયાઈ પ્રજાના દેવ હોવાની સંભાવના કરવા પ્રેરે છે! શ્રી ધોળકિયાનો તર્ક એ દૃષ્ટિએ વિચાર માગી લે તેવો છે. વસ્તુતઃ ગુજરાતમાંથી પ્રાપ્ત સૂર્યમૂર્તિઓનો તુલનાત્મક અભ્યાસ કરવો ઘટે. આજ સુધી ઉપલબ્ધ મૂર્તિઓના સંદર્ભે શિલ્પશૈલીનો ઊંડાણથી અભ્યાસ થાય તો જ મૂળ વિભાવનાનો તાગ મેળવી શકાય. અલબત્ત એ હજુ અન્વેષણ છે!

(વીરમગામ) —પ્રફુલ્લ રાવલ

સત્યજિત રાય

'કુમાર'ના ઑક્ટોબર અંકમાં શ્રી સત્યજિત રાય વિષે શ્રીમતી સુકન્યા ઝવેરીનો લેખ આવ્યો છે, તેમાં એક વિગતદોષ પ્રત્યે લક્ષ ખેંચું છું.

તે લેખમાં પાન ૩૦૬ ઉપર જણાવ્યું છે કે 'ઈ. સ. ૧૯૪૨માં શાંતિનિકેતન તરફથી દેશભરનો પ્રવાસ યોજાયો હતો. તેમાં જોડાઈને સત્યજિત કોણાર્ક, જગન્નાથપુરી, શાંચી, એલિફન્ટા વગેરે જોઈ અજંતા-ઇલોરા પહોંચ્યા. ભારતીય કલાનો ઇતિહાસ અને આમવો અભિગમ એમની નજર સમક્ષ ઉન્મોચિત થયો. ત્યાંથી તેઓ ખજુરાહો જવા ઝાંસી પહોંચ્યા એ વખતે જાપાને અમેરિકાના પર્લહાર્બર પર પ્રચંડ બૉમ્બવર્ષા કર્યાના સમાચાર આવ્યા. શિક્ષણપ્રદ પ્રવાસ છોડી દઈ તેઓ મા પાસે દોડી આવ્યા ને એમના શાંતિનિકેતનના છાત્રજીવનની ત્યાં પૂર્ણાહુતિ થઈ.'

મારી સરતચૂક થતી ન હોય તો પર્લ હાર્બર ઉપર હુમલો જાપાને સાતમી ડિસેમ્બર ૧૯૪૧ના રોજ વહેલી સવારે કર્યો હતો. પર્લ હાર્બર (હવાઈ ટાપુ)નું ભૌગોલિક સ્થાન (આંતરરાષ્ટ્રિય દિનરેખાની પશ્ચિમે) ખ્યાલમાં રાખતાં ત્યાં કદાચ ૮મી ડિસેમ્બર હોય અથવા તો ત્યાં ૭મી ડિસેમ્બર હોય અને અહીં ૬ઠ્ઠી ડિસેમ્બર હોય. મારા ખ્યાલ મુજબ તે હુમલાના સમાચાર દુનિયાભરમાં તે જ દિવસે અથવા બીજે દિવસે પ્રસરી ગયા હતા, એટલે કે આ હુમલાના સમાચાર મોડામાં મોડા ૧૦મી ડિસેમ્બર ૧૯૪૧ સુધીમાં ફેલાઈ ગએલા હોવા જોઇએ. જો ઉપરોક્ત પ્રવાસ ૧૯૪૨માં થયો હોય તો પર્લ હાર્બર ઉપર જાપાને કરેલા હુમલાની શ્રી રાય ઉપર પડેલી અસર વિષેનું લેખમાં કરેલું વિધાન હકીકત સાથે સુસંગત નથી. જો શ્રી રાય પ્રવાસમાંથી ઉપરોક્ત કારણસર કલકત્તા પાછા ફર્યા તે વિધાન બરાબર હોય તો પ્રવાસ ઈ. સ. ૧૯૪૧ના ઑક્ટોબર કે નવેમ્બરમાં શરૂ થએલો હોવો જોઇએ, કારણ કે જેટલાં સ્થળો ફર્યા પછી ઝાંસી પહોંચવાનું લખ્યું છે તે જોતાં પ્રવાસમાં એકાદ મહિનો તો નીકળી ગયો હોવો જોઇએ. તે શ્રીમતી ઝવેરી યથાયોગ્ય ખુલાસો કરશે એવી આશા છે.

(અમદાવાદ) —એમ. જી. દીક્ષિત

દયાનંદ સરસ્વતી અને ગુરુકુળ

નવેમ્બર '૭૯ના અંકમાં પ્રો. ડૉ. મધુસૂદન પારેખ લિખિત 'અર્વાચીન ગુજરાતી સાહિત્યનો આસ્વાદ' પ્રકરણ : ૨માં દયાનંદ સરસ્વતી વિષે 'તેમણે ગુરુકુળો સ્થાપ્યાં અને હિંદુ ધર્મનો મહિમા પ્રસાર્યો' એમ જે લખ્યું છે તેના સંદર્ભમાં પ્રશ્ન થાય છે કે મહર્ષિ દયાનંદ સરસ્વતીએ સ્વયં કોઈ ગુરુકુળો સ્થાપ્યાં હોય તેની કોઈ ઐતિહાસિક પ્રમાણભૂત નોંધ તેમની પાસે (લેખક પાસે) કોઈ છે? મહર્ષિ દયાનંદજીએ કોઈ ગુરુકુળો સ્થાપ્યાં હોય તેનો લેખક શ્રી નામોલ્લેખ જણાવશે તો અત્યાનંદિત થઈશ. મહર્ષિ દયાનંદજી સ્થાપિત કોઈ ગુરુકુળ આજે અસ્તિત્વ ધરાવે છે? હોય તો તે કયું?

જાણવા મળે છે કે વર્તમાનમાં જે ગુરુકુળો કાર્યરત છે તેના કલ્પનાશિલ્પી એવં પ્રેરણાસ્રોત દયાનંદજી હતા. અને તેમના પટ્ટશિષ્ય સ્વામી શ્રદ્ધાનંદજીએ ગુરુકુળોની મૂર્ત રચના કરી હતી. સ્વામી શ્રદ્ધાનંદજીએ ઈ. સ. ૧૯૦૨માં ગુરુકુલ વિશ્વવિદ્યાલય, હરદ્વાર (કાંગડી)ની સ્થાપના સૌપ્રથમ કરી હતી. મહર્ષિ દયાનંદ સ્મારક : સૂપા' (જિલ્લો : વલસાડ)નું ઉદ્ઘાટન પણ સ્વામી શ્રદ્ધાનંદજીના હસ્તે મહાશિવરાત્રિના પવિત્ર દિવસે ઈ. સ. ૧૯૨૪ની ૨૮મી ફેબ્રુઆરીએ થયું હતું.

પ્રો. ડૉ. મધુસૂદનભાઈ કે અન્ય મહાનુભાવ મહર્ષિ દયાનંદ સરસ્વતીએ ગુરુકુળો સ્થાપ્યાં હતાં તે અંગે ઉક્ત વિગતને ધ્યાનમાં લઈ પ્રમાણભૂત માહિતી આપશે યા મોકલશે તો ઉપકૃત થઈશ.

(ગુરુકુલ-સૂપા) —ઠાકોરભાઈ ર. મિસ્ત્રી

'મહર્ષિ દયાનંદ સરસ્વતીનો ફોટો-બ્લૉક'

'કુમાર'ના નવેમ્બર '૭૯ના અંકમાં પ્રો. ડૉ. મધુસૂદન પારેખ લિખિત 'અર્વાચીન ગુજરાતી સાહિત્યનો આસ્વાદ' પ્રકરણ : ૨ના લેખમાં, પાના નં. ૩૫૬ના મથાળે જે ફોટાઓ છપાયા છે તે પૈકીમાં 'મહર્ષિ દયાનંદ સરસ્વતી'નો ફોટો પણ છપાયો છે. તેના સંદર્ભમાં જણાવવાનું કે મહર્ષિ દયાનંદજીનો પ્રસ્તુત ફોટો 'મહર્ષિ દયાનંદ સ્મારક : ગુરુકુળ સૂપા' (જિ. વલસાડ)ના ત્રિમાસિક મુખપત્ર 'આર્યદર્શન'ના ઑક્ટોબર '૭૯ના 'દીપોત્સવી અંક'ના મુખપૃષ્ઠ પર છપાએલો ફોટો છે. આ ફોટાનો મૂળભૂત ફોટો નવસારીના કલાકાર શ્રી અંબારામ કહારે ચીતર્યો છે અને તેની મૂળ પ્રત પણ મારી પાસે છે. 'કુમાર'માં છપાએલ ફોટાને મેં આ મૂળ પ્રત સાથે સરખાવ્યા પછી જ આપને આ પત્ર પાઠવી રહ્યો છું. 'આર્યદર્શન'ના ઉક્ત અંકમાં કલાકાર શ્રી અંબારામનો સંપાદક સ્થાનેથી 'હૃદયભીનો આભાર' પણ લખવામાં આવ્યો છે.

'કુમાર' પ્રત્યે અને આપશ્રી પ્રત્યે મને અત્યંત અહોભાવ છે. 'કુમાર'માં ઉક્ત ફોટો છાપી આપશ્રીએ પ્રશસ્ય પ્રસાર કાર્ય કર્યું જ છે પરંતુ શામાંથી આ ફોટો લીધો છે અને તેના કલાકાર કોણ છે તેની નોંધ કેમ ન લેવાય તે ન સમજાયું!

(ગુરુકુલ સૂપા) —ઠાકોરભાઈ ર. મિસ્ત્રી

[* મૂળ એ ચિત્ર શ્રી રવિશંકર રાવળે ઈ. ૧૯૨૬માં તત્કાલીન પ્રચલિત ચિત્રોને આધારે તૈલરંગમાં તૈયાર કરેલું અને એ વખતના 'કુમાર'ના અંકમાં છપાએલું. તે પછી અનેક સ્થળે તેની પ્રતિકૃતિઓ થઈ. તદનુસાર આ પ્રતિકૃતિ પણ એવી જ કોઈ પ્રતિકૃતિ ઉપરથી તૈયાર કરી હોવાનો સંભવ છે. આથી તેમનો નામોલ્લેખ કરવાની જરૂર લાગી નથી. —તંત્રી]

સહજાનંદ સ્વામીનો જન્મદિન

'કુમાર'માં સ્વામી સહજાનંદની જન્મ તારીખ અંગે ચર્ચાઓ ચાલે છે તે આવકાર્ય છે. નવેમ્બર '૭૯ના અંકમાં શ્રી પલાણે જન્મ દિવસ ફેરવી નાખવાની ધર્મગ્રંથોની છૂટછાટની વાત રજૂ કરી તે બરાબર નથી. પ્રથમ તો આ અંગે આપણે તે વિષે બરાબર સંશોધન કરવું ઘટે. મારી પાસે શ્રી સ્વામીનારાયણ સંપ્રદાયનો એક સચિત્ર ઇતિહાસ છે. તેમાં સ્વામી સહજાનંદની જન્મ તારીખ અને અગત્યની સાલવારી પણ છે. તેમની જન્મ તારીખ, સ્થળ-સમય વગેરેની નોંધ છે, જે આ પ્રમાણે છે :

'સહજાનંદ સ્વામીનો જન્મ અયોધ્યા પાસે છપૈયા ગામમાં સંવત ૧૮૩૭ના ચૈત્ર સુદી ૯ તા. ૨-૪-૧૭૮૧ના રોજ રાત્રી દશ ઘડી થઈ ત્યારે થયો. ઉત્તરના સૂર્ય તથા પુષ્ય નક્ષત્ર, પક્ષ શુક્લ હતો. સુખરૂપ સોમવાર છે. તેમના પિતા હરિપ્રસાદ અને માતા પ્રેમવતી હતાં.'

ભાઈશ્રી રાજેન્દ્ર શાહની કૃતિ 'સોળમે' ને સીમંતિની ઘણાં જ ઘણાં ગમ્યાં. શ્રી શાહને અભિનંદન.

[રતનપુર (ઈડર)]—ખાતુભાઈ જો ઉપાધ્યાય

ઋગ્વેદમાં વિમાન

હું અમદાવાદથી નવસારી ગણપતિ-ઉત્સવ પ્રસંગે મારા ચિ. અરવિંદ રિસવડકરના ઘેર ગયો હતો. તે વખતે જૂનાં માસિકો વગેરે તપાસતો હતો, તેમાં આપના 'કુમાર' માસિકના સપ્ટેમ્બર ૧૯૭૪ના અનસૂયા અંક ૬૦૯ વાચવામાં આવ્યા હતો. તેમાં પાના નંબર ૩૦૧ ઉપર 'વિમાન પહેલું ભારતમાં શોધાએલું' આ હેડિંગ નીચે માહિતી આપી હતી કે ઈ. સ. ૧૮૯૫માં મુંબાઈના ચોપાટીના રેતીમાંના મેદાનમાં શિવકર બાપુજી તળપદેનું સાહસ જોવા હજારો માણસો ભેગાં મળ્યાં હતાં શિવકર બાપુજી મુંબાઈના ચીરા બજારની ડુકર વાડીમાં રહેતા હતા. પોતે સંસ્કૃત ભાષાના વિદ્વાન હતા. વેદવિદ્યાના સારા જાણકાર હતા. એમનું માનસ વૈજ્ઞાનિક પદ્ધતિથી વિચાર કરનાર હોવાથી ઋગ્વેદના ૧૦-૧૯૦ મંત્રોના આધારે એમણે એક યંત્ર 'મરુત્સખા'ની રચના કરી હતી. યંત્ર તૈયાર થયું એટલે ચોપાટી પર લઈ ગયા અને ૧૫૦૦ ફૂટ ઊંચે ઉડાડ્યું અને પછી ચોપાટીના મેદાનમાં પાછું ઉતારવામાં પણ આવ્યું. આ હકીકતમાંથી અમુક વાત સાચી છે. ઉપરની હકીકત મરાઠી મૅગેઝીનમાં આવેલી છે. ડૉ. જોષીની વિજ્ઞાનમાળામાં (મરાઠીમાં) પણ આ વાત આવેલી છે.

ઉપરની હકીકત વાંચ્યા પછી મેં ઋગ્વેદ અને તેમાં બતાવેલા નંબરોમાં બે ત્રણ વાર તે હકીકતની તપાસ કરી, પણ વેદગ્રંથમાં તે હકીકત છે જ નહિ. મેં ડૉ. જોષી જોડે તે બાબત પત્રવ્યવહાર પણ કર્યો. તેઓશ્રીએ જવાબમાં લખ્યું કે મેં ઋગ્વેદમાં શોધખોળ વગેરે કરી નથી પણ એક માસિકમાંથી તે હકીકત વાંચીને તે મેં મારા પુસ્તકમાં લીધી છે. તે બાબત મેં સંશોધન કર્યું નથી. એટલે તે ખરું છે કે ખોટું તેની મને જાણ નથી. પછી મેં ડૉ. વણીકરજીના પિતાશ્રી પાસેના ઋગ્વેદની કૉપી મંગાવી અને ફરી વાર આખા ઋગ્વેદમાં તપાસ કરી પણ કોઈ ઠેકાણે તેનો સંબંધ મળતો નથી.

શ્રી શિવકરભાઈએ બીજા કોઈ પુસ્તકના આધારે શોધ કરી હોય, પણ ઋગ્વેદના આધારે તો નથી જ. આપ પણ તપાસ કરી ખાત્રી કરી ભૂલ સુધારી લેશોજી. વિમાન બનાવ્યું અને ઉડાડ્યું એટલી હકીકત માત્ર ખરી છે.

(અમદાવાદ-૮) —વિ. દ. રિસવડકર